# પ્રકરણ ૩

# પસંદ કરેલી ગુજરાતી લોકપ્રિય નવલકથાઓ

# પ્રકરણ : ૩ : પસંદ કરેલી લોકપ્રિય નવલકથાઓ

## ૩.૧ : સાત પગલાં આકાશમાં

**- કુન્દનિકા કાપડિયા**

કુન્દનિકા કાપડિયા ગુજરાતી ભાષાના અગ્રગણ્ય વાર્તાકાર, નવલકથાકાર અને નિબંધકાર હતા. 'સાત પગલાં આકાશમાં' અને પરમ સમીપે તેમનાં બહુ જ વખણાયેલા અને વંચાયેલા સર્જનો છે. આ ઉપરાંત પણ તેમના અન્ય સર્જનો પ્રકાશિત છે. તેમની નવલકથા 'સાત પગલા આકાશમાં' ખૂબ જ લોકપ્રિય અને લોકચર્ચિત કૃતિ છે. જેને લોકપ્રિય નવલકથા તરીકે તપાસવાનો ઉપક્રમ આ પ્રકરણમાં રહેલ છે.

- **સર્જન :**

**નવલિકા**

- પ્રેમના આંસુ
- વધુને વધુ સુંદર
- જવા દઈશું તમને
- કાગળની હોડી
- મનુષ્ય થવું

**નવલકથા**

- પરોઢ થતા પેહલા
- અગન પિપાસા
- સાત પગલાં આકાશમાં

**નિબંધ**

- દ્વાર અને દીવાલ
- ચંદ્ર તારા વૃક્ષ વાદળ

**પ્રાર્થના**

- પરમ સમીપે

**અનુવાદ**

- પુરુષાર્થને પગલે
- કિશોર ડીરેકટીવ
- વસંત આવશે
- પૂર્ણ કુંભ
- જીવન એક ખેલ
- હિમાલયના સિદ્ધયોગી

સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત 'સાત પગલા આકાશમાં' એક નારીકેન્દ્રી નવલકથા છે. જેથી તેનો સ્ત્રી-વાચકવર્ગ બહોળા પ્રમાણમાં હોય તે સ્વભાવિક છે. ૧૯૮૨ના જુલાઈથી શરૂ થઈ ૪૦ અઠવાડિયા સુધી આ નવલકથા ધારાવાહિક રૂપે 'જન્મભૂમિ-પ્રવાસી'ની રવિવારીય આવૃત્તિમાં પ્રગટ થઈ. ૩૮૪ જેટલી પૃષ્ઠ સંખ્યા ધરાવતી આ નવલકથાની પ્રથમ આવૃત્તિ ૧૯૮૪માં પ્રગટ થઈ. ત્યાર પછી તેની ૧૮ જેટલી આવૃત્તિ આવી ચૂકી છે. ખૂબ લોકપ્રિય અને લોકચર્ચિત આ નવલકથા ઉહાપોહ જગાડે તેવી છે. લેખિકા પ્રસ્તાવનામાં જ જણાવે છે કે – 'તેમને જેલમાં મોકલવા જોઈએ'થી માંડી 'તમને નોબેલ પારિતોષિક આપવું જોઈએ' સુધીની પ્રતિક્રિયાઓનો તેમને સામનો કર્યો છે. ઘણા બધા સ્ત્રીપાત્રો દ્વારા સ્ત્રીઓની વેદના, તેમનો દબાઈ ગયેલો આક્રોશ, અનિચ્છાએ કરવા પડતા કાર્યો વગેરેનો ઉલ્લેખ કરી આ નવલકથાનો લોકપ્રિય નવલકથા તરીકે અભ્યાસ કરતા પહેલા તેની કથાવસ્તુ જોઈએ.

**કથાવસ્તુ :**

આ નવલકથામાં મુખ્ય નારી પાત્ર વસુધા અને અન્ય ઘણા સ્ત્રીપાત્રો દ્વારા લેખિકા સ્ત્રીવિષયક મુદ્દા રજૂ કરે છે. જેમાં સ્ત્રીને સામાજિક, ધાર્મિક, કૌટુંબિક, શારીરિક, રીતે શોષણનો ભોગ બનવું પડે છે. આવી ઘણી બાબતોને કથામાં જુદી જુદી રીતે પાત્રની જીવન કથા તરીકે વણી લેવામાં આવી છે. કથામાં નિરૂપિત સ્ત્રીઓની અવદશા અને તેની પાછળ રહેલો હેતુ સમજવા માટે લેખિકા કથાની શરૂઆત થતાં પહેલાં જ ૪૫ પૃષ્ઠ સંખ્યા ધરાવતી પ્રસ્તાવના વાંચવાનો આગ્રહ રાખે છે. જેનું શીર્ષક "સ્ત્રીની યાત્રાઃ કારાગારથી કૈલાસ સુધી" રાખેલ છે. પ્રસ્તાવનાની શરૂઆતમાં જ કુન્દનિકા બહેન કહે

છે કે - "દુનિયામાં બધા અસમાન છે પણ સ્ત્રીઓ વધુ અસમાન છે." આ વાતને પુરવાર કરવા તેમણે 'વસુધા' જેવા પાત્રનું સર્જન કર્યું છે.

કૃતિનો આરંભ આનંદગ્રામના 'ફુલઘર'થી થાય છે ત્યાં વસુધા દ્વારા એક પ્રશ્ન પૂછાય છે. "માણસ જે રીતે જીવવા માગે તે રીતે જીવી શકે ખરો ?" (પૃષ્ઠ-૦૧) વસુધા અઢાર વર્ષની નાની ઉંમરે અભ્યાસ અધૂરો મૂકીને વ્યોમેશ સાથે લગ્ન કરે છે. લગ્નના એક દિવસ પહેલા જ સંધ્યા સમયે આકાશમાં નજર માંડતી વસુધા મનથી લગ્ન માટે તૈયાર નથી. તેના મનમાં ક્યાંકને ક્યાંક આદિત્ય વસેલો છે. સામાજિક દબાણને કારણે તે પરણી તો જાય છે પરંતુ ખુલ્લા આકાશની સાક્ષીએ મનોમન તે પોતાની જાતને એક વચન આપે છે. "આજે ભલે હું લગ્ન કરું, સંસાર વસાવું, દૂર-સૂદુરના કોઈક દિવસે હું મારી ઈચ્છા પ્રમાણે મારા લયમાં જીવીશ. હા પાડવી હસે તો હા પાડીશ ના પાડવી હશે તો ના પાડીશ. કોઈ દબાણ હેઠળ હું નહીં જીવું. હું મારું પોતાનું એક ગીત રચીશ અને હું પોતે ગાઈશ."[૧] કથાના અંતમાં વસુધાનું બીજું રૂપ જોવા મળશે તેવા એંધાણ કથાની શરૂઆતમાં જ જોવા મળે છે.

વસુધાના લગ્ન પછી તેનું ઘર દેખીતી રીતે 'નાનુ કુટુંબ સુખી કુટુંબ' જણાય છે. સાત વર્ષના લગ્નજીવનમાં તે ત્રણ સંતાનની માતા બને છે. આર્થિક રીતે સુખી છે. વ્યોમેશની કમાણી સારી છે. પરંતુ લગ્ન કર્યા ત્યારથી 'પતિ' તરીકે નું પુરુષસત્તાક વર્તન-વ્યવહાર કરતો પતિ અને સાસુ ની ગરજ સારતી ફૈબા સાથે સમાયોજિત જીવન જીવતી વસુધાનું મન રોજ ઘવાય છે. તે અગાસીમાં જઇ ખુલ્લું આકાશ નીહાળી શકતી નથી, ઈચ્છા પ્રમાણે પિયર જવાની છૂટ નથી, ગીતો ગાઈ શકતી નથી, તેના મન પ્રમાણે છૂટથી ચાલી પણ શકતા નથી, તેની મનગમતી મલાઈવાળી કોફી પણ પીવાતી નથી, બહેનપણીઓને પત્ર લખી શકતી નથી. કદી હિસાબ રાખવાની ટેવ ન હોવા છતાંય, ઘર ખર્ચનો હિસાબ રાખવો પડે છે અને આપવો પડે છે. દરેક વાતમાં ફૈબાની ટક-ટક સહન કરવી પડે છે. વસુધા હંમેશા મનમાં જ વ્યોમેશ અને ફૈબા સાથે તર્ક-વિતર્ક કરી લે છે. કદીય પ્રત્યક્ષ રીતે તર્ક કરી શકતી નથી. જેથી આ ભીરુ વસુધાના મનમાં વિદ્રોહ-વિરોધ કરવાની હિંમત ધીમે ધીમે જમા થતી જાય છે. જે છેક પચાસ વર્ષની ઉંમરે બહાર આવે છે. બાગમાં મળેલી સુમિત્રા અને તેના સ્વતંત્ર વિચારો તેના પરિચયમાં આવેલી વાસંતી, ઉર્મિલા, રંજના, લલીતા જેવી સ્ત્રીઓ અને તેનું પુરુષ અધિપત્ય વાળુ જીવન, રંજના ની પુત્રી આશાના આત્મહત્યાની ઘટના, ફૈબાની સાદડી પ્રસંગે વ્યોમેશ નો ખોટો દંભ વગેરે જેવી ઘટનાઓ તેના મનને જાગૃત કરે છે. તેમજ વારંવાર તેને પોતાને આપેલા વચનની યાદ અપાવે છે. આખરે ત્રણ પુત્રોને મોટા કર્યા બાદ, બે પુત્રવધૂના આગમન પછી લગ્નના 35 વર્ષે વસુધાને હવે સ્વતંત્ર જીવવું છે.' 'સાચી સ્ત્રી બનવું છે.' આવો મક્કમ નિર્ણય લીધા પછી વસુધા તેના કામ તેની ઠોકી બેસાડેલી ફરજો તેની અત્યાર સુધીની દરેક રોજિંદી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લે છે. સાથોસાથ પરિવર્તનના પડાવ પર આવી પહોંચે છે. પતિ સાથેના પોતાના ખંડમાં ફેરફાર કરે છે. વહેલી સવારનો આનંદ માણે છે. પોતાના માટે ગુજરાતી વર્તમાનપત્ર બંધાવે છે. પોતાના ઘરેણા પુત્રવધૂને આપે છે.

ફૈબાની સાદડીના ખોટા દંભની સામે વિરોધ કરે છે. પુત્રવધુ સુશીલાના પક્ષમાં રહી વ્યોમેશ સાથે વાત કરે છે, સલીનાને ઘરે રહેવાની મંજૂરી આપે છે. આમ પોતાની ઈચ્છા પ્રમાણે વસુધા જીવન જીવવાનું નક્કી કરે છે. ત્યારે સામે પક્ષે મળતા વ્યોમેશના પ્રતિભાવ અને તેની જડતા વસુધાના નિર્ણયને વધુ મક્કમ બનાવે છે. અંતે પતિનો માર અને પતિની છૂટાછેડાની માગણી પછી આખરે તે ૫૦ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી આનંદગ્રામમાં જઈને વસે છે.

આનંદગ્રામમા સ્વતંત્ર વિચારસરણી ધરાવતા અને સ્વૈચ્છિક જીવન જીવતા લોકો વસે છે. ત્યાં દરેકના વિચારોને અવકાશ મળે છે. આનંદગ્રામમાં એના, અલોપા, ઈશા, મિત્રા ઉર્ફે સુમિત્રા, વિનોદ, સ્વરૂપ, આભા, અગ્નિવેશ, ગગનેન્દ્ર આદિત્ય, જરુલ, જયાબહેન અને 'અ' રહેતા હતા. આ દરેકના જીવનની અલગ-અલગ કથા ઉલ્લેખિત છે. આનંદગ્રામમાં આવીને વસવાના કારણ પણ દરેકના જુદા જુદા છે. પરંતુ હેતુ અને ઈચ્છા એક જ છે. સત્ય સામે અવાજ ઉઠાવવો અને ખોટું સહન નહીં કરવાનો ઉદ્દેશ અહીં જોવા મળે છે. અહીં સ્ત્રી હોય કે પુરુષ દરેક સરખા ભાગે કામ કરે છે. રસોઈ ઘરમાં પણ કામ કરવાનું હોય છે. પોતાને મનગમતી પ્રવૃત્તિ કરી શકાય છે. અને ઘરના એટલે કે પ્રકૃતિના અદ્‌ભૂત સાનિધ્યમાં આ લોકો જીવન પસાર કરે છે. વસુધાને પણ આ આનંદગ્રામમાં રહેવાનો અને મોકળાશથી જીવન જીવવાનો આનંદ મળે છે. કથાના અંતમાં તો તેના મનમાં રહેલો પ્રેમ એટલે કે આદિત્ય પણ તેને મળે છે. તેની સાથે હિમાલય તરફ પ્રયાણ કરે છે. આમ, વસુધાના જીવનની કથામાં 'HAPPY ANDING' રચાય છે. ટૂંકમાં આનંદગ્રામ એ દરેક વ્યક્તિનું કલ્પના જગત જણાય છે.

આમ, આ નવલકથામાં વસુધા અને તેના જીવનના અનેક પ્રશ્નો તેની માનસિક સ્થિતિ તથા એ જ રીતે અન્ય ગૌણ સ્ત્રી પાત્રોના જીવનની વેદના, તેમની સંવેદના અને તેમના અસ્તિત્વને પ્રગટ કરતી કથાઓ આલેખિત છે. જેના દ્વારા લેખિકાએ સ્ત્રી સામેના અન્યાયને અવાજ આપવાનો પ્રયત્ન કર્યો છે. પ્રસ્તાવનામાં લેખિકા જણાવે છે. તેમ આ નવલકથામાં આલેખાયેલા મુદ્દા સત્યઘટનાઓને આધારીત છે. આથી એ રીતે 'સાત પગલાં આકાશમાં' દસ્તાવેજી કથા પણ બને છે.

**પાત્રપરીચય :**

આ નવલકથામાં પણ અશ્વિની ભટ્ટકૃત 'ઓથાર' નવલકથાની જેમ પાત્રોનું નિરૂપણ થયું છે. મોટાભાગે સ્ત્રીપાત્રો પર આધારીત આ કથાનું મુખ્ય પાત્ર વસુધા છે. જેનો આછળતો પરિચય કથાવસ્તુમા તો કરવામાં આવ્યો જ છે. વસુધા ઉપરાંત પુરુષપ્રધાન વિચાર ધરાવતો તેનો પતિ વ્યોમેશ, સાસુપણું કરતાં ફૈબા, વસુધાના પાડોશી, રંજના અને લલીતા તથા તેમના હવસખોર અને હિંસક તેમજ શંકાશીલ પતિ દીપક અને સુધીર, લલીતાની દીકરી ઇલા, રંજનાની દીકરી આશા

દહેજ પ્રથા સામે લડતી સુમિત્રા, વાસંતી અને સુગતીને પ્રેમ કરતો તેનો પતિ સતીષ, સુશીલા, લીના, પ્રેમિલા, શોભા, નલિની, ઉર્મિલા, સુમિત્રા સાથે દગો કરનાર અનિમેષ તથા તેની પત્ની શારદા, એના-વિપુલ તથા તેમના સંતાન આભા અને અગ્નિવેશ જયાબહેન, વિમળાબહેન, અમિત-અવલા, વન્યા-બંકિમ, બેલા-નિશાંત, અનીતા-આલોક, કથક ઈશા-સ્વરૂપ, વિદેશી રોબ, વિનોદ-મલ્લિકા, દહેજ નો ભોગ બનેલ રમ્યા, આશા નો પતિ ગગનેન્દ્ર વસુધાની પુત્રવધુ કમલ અને સુનિલા, કમલની ભાણી સલીના, બળાત્કાર ની પીડા વેઠતી રત્ના, બહાદુર કાવેરી, અને આભાની નાની દીકરી જરૂલ વગેરે જેટલા અનેક પાત્રો આ કથામાં સમાવિષ્ટ છે. દરેક પાત્ર દ્વારા લેખિકા અલગ મુદ્દો પ્રસ્તુત કરે છે.

વસુધાને લગ્ન પછી ઘણું બધું કામ તથા વ્યોમેશ અને ફૈબાનું વર્તન ગમતું નથી. તેમાંથી જ એક છે. દંભી જીવન જીવવું. ફૈબાના મૃત્યુના સમાચાર આવ્યા ત્યારે ઘરમાં પાર્ટીનો માહોલ હોય છે. વ્યોમેશ તાર વાંચી, તેના ચહેરા ઉપર સહેજ પણ દુઃખ નો ભાવ કળવા દેતો નથી. અને પાર્ટી પૂરી થયા પછી તે વસુધા ને આ સમાચાર કહે છે. આમ તો વસુધા વ્યોમેશની દરેક વાત માથે ચડાવી લે છે પરંતુ આ ખોટો દંભ સહન ન થતા તે શાંત અવાજે કહે છેઃ "આ દલીલનો વિષય નથી હું તો માત્ર એટલું જ કહું છું કે મારી અંદર ખરેખર તીવ્ર દુઃખ હોય તો તે વખતે પાર્ટીના હાસ્ય-હિલ્લોળ માણવાનું મારાથી ન બને."[૨] આથી વધારે વસુધા દલીલ કરી શકતી નથી. જોકે આ દલીલ સામે વ્યોમેશે ઉઠાવેલા પ્રશ્નો ખોટા નથી. "તો શું તું તારી બધી લાગણીઓનો જેવી હોય તેવી પ્રકટ કરે છે ? હૃદયમાં જે ઊગે તેમ જ વર્તે છે ? તું શું આખેય વખત જેવી અંદર છે તેવી જ બહાર દેખાય છે ?"[૩] વ્યોમેશની આ દલીલ વસુધા ના બાબતે સાચી છે. વસુધા પોતાના મન પ્રમાણે ક્યારેય જીવી નથી. આ ઉપરાંત મામીની બહેનની દીકરી ગુજરી જતા ફૈબા વસુધાને સાદડીમાં જવા કહે છે તથા વળતી વેળાએ મોહનથાળનો માવો લાવવા કહે છે. ત્યારે પણ મૃત્યુનો શોક અને મોહનથાળનો માવો આ વિરુદ્ધ પરિસ્થિતિને જોડે નિભાવવાનું વસુધાને ખૂંચે છે.

વસુધા પોતાની જાતને સોનાના પાંજરામાં પૂરાયેલ પોપટ સાથે સરખાવે છે. દેખતી રીતે તેને કોઈ જ દુખ નથી. પરંતુ તે પોપટને પાંખો છે. અને એને ઊડવાનું મન થાય છે. એમ કહીને તે પોતાની મહેચ્છાઓ ને મનમાં જ વ્યક્ત કરે છે. નાની ઉંમરે લગ્ન, ત્રણ બાળકો તેમજ ઘરકામના સીમિત થઈ ગયેલ જીવન જીવવામાં વસુધાને ધીમે ધીમે ખૂબ જ કંટાળો આવવા લાગે છે. નાના પુત્ર અશેષને કારણે ઢોળાયેલી ગરમ ચા અને ફૂટેલો કાચનો કપ ઉઠાવતી વેળાએ અશેષની ચિંતા કરતાંય વ્યોમેશની ધારદાર નજર તેને વધુ સતાવે છે. આ ઘટનાનો અપરાધભાવ અનુભવતી વસુધા વ્યોમેશની નજર દ્વારા જ અશબ્દ ઠપકો સંભાળે છે. ત્યારે તે મનથી વ્યોમેશના સાથની આશા રાખે છે કે કાચ વીણી, ચા લૂછી રડતા અશેષને છાનો રાખી શક્યો હોત. પરંતુ આ વાત પતિ સામે બોલી શકતી નથી. ઘરકામમાં પતિનો સાથ-સહકારની આશા રાખતી વસુધા 'રાજકુમાર ઝાકળનું પાણી ભરી રાજકુમારી માટે લાવે'. આ વાર્તા અને વાસ્તવિકતા વચ્ચે તુલના કરી થોડી દુઃખી થાય છે. તો ક્યારેક થોડી ગુસ્સે

થાય છે. બાગમાં બનેલી બહેનપણી સુમિત્રા જ્યારે ગૃહત્યાગ કરી વસુધા ના ઘરે રહેવા આવે છે ત્યારે અચાનક આવી પડેલી આ પરિસ્થિતિનો સામનો કરતી વસુધા ખૂબ જ ગભરાઈ જાય છે. વ્યોમેશ અને ફૈબાથી હંમેશાં ડરતી વસુધાને પહેલાં તો એક જુઠાણાનો સહારો લેવો પડે છે. પરંતુ પછીથી હકીકત જણાવતા સુમિત્રાને બહારનો રસ્તો બતાવવો પડે છે. આવા સમયે મિત્રને મદદ ન કરી શકવાનો વસવસો વસુધાના મનમાં જ રહી જાય છે. એ જ રીતે પાડોશી મિત્ર રંજના ને 500 રૂપિયાની મદદ ન કરી શકતા વસુધા પોતાને ખૂબ લાચાર અનુભવે છે. અને રંજનાની દીકરી આશાની આત્મહત્યા માટે પોતાને જવાબદાર ગણે છે. એકવાર ફૈબાને કારણે જ તે પોતાની માને તેમના અંતિમ દિવસોમાં મળી શકતી નથી. વ્યોમેશને કહીને જવાનો ફૈબાનો આગ્રહ તેમજ તેના ઉચાટને કારણે ઉતાવળે ચાલતાં ફૈબા પડી જતા વસુધાને માને ભૂલી જઈ ફૈબાની સેવામાં રોકાવું પડે છે. આ રીતે વસુધાની દરેક મનગમતી પ્રવૃત્તિ, લગ્ન પહેલાની તેની આદતો જેમ કે પુસ્તકો વાંચવા, મલાઈવાળી કોફી પીવી, અગાસીમાં બેસવું, વહેલી સવારે પ્રકૃતિનો આનંદ માણવો વગેરે સામે વ્યોમેશ અને ફૈબાને હંમેશા વાંધો જ રહેતો. તેમની સામે એક પણ પ્રશ્ન તર્ક કે દલીલ કર્યા વગર કહ્યાગરી ગૃહિણી બની વસુધા 'રોબોટ' જેવું જીવન જીવે જાય છે. આમ, સમાજે સ્ત્રી માટે નક્કી કરેલા ચોકઠા પ્રમાણેનું વસુધાનું વર્તન-વ્યવહાર તેના વાસ્તવિક અને સચોટ વિચારો કરતા સાવ ભિન્ન જણાય છે. વસુધા ના સ્વતંત્ર અને સાચા-સચોટ વિચારો પ્રમાણેનું વર્તન પચાસ વર્ષની ઉંમરે બહાર આવે છે. તે ઘરમાં પોતાની નિવૃત્તિ જાહેર કરે છે. અને સાચી સ્ત્રી બનવાનો નિર્ણય કરે છે. ત્યારે ઘરના સભ્યોને નવાઈ લાગે છે : "સતી સ્ત્રી હોય. વીરાંગના હોય, વિદુષી નારી હોય....પણ સાચી સ્ત્રી એટલે શું ? ઈતિહાસમાં આવો કોઈનો દાખલો છે ?" આખરે, તેના આ ચોંકાવનારા નિર્ણય અનુસાર તે જીવન જીવવાનું શરૂ કરે છે. હવે તે વ્યોમેશ સામે પોતાનો નિર્ણય અને વિચાર મૂકે છે. વ્યોમેશની ખોટી વાતનો વિરોધ કરે છે. વ્યોમેશને પણ જાણે તેના આ વર્તનનું બહાનું મળ્યું હોય તેમ છૂટાછેડાની વાત કરી વસુધાને ઘર છોડવા કહે છે. સલીના દ્વારા પૂછાયેલ પ્રશ્ન : "તમારી અને પપ્પા વચ્ચે પ્રેમ છે ? તમારા પ્રેમની કલ્પના એમના સંબંધમાં પૂરેપૂરી, ઠીક પુરેપુરી નહીં તો ઘણીખરી, સાકાર થઈ છે !"[૫] આ પ્રશ્નથી વસુધાનું મન ચકડોળે ચડે છે. વ્યોમેશના હાથનો તમાચો ખાધા પછી વ્યોમેશ તરફથી લાગણી અને હૂંફની આશા રાખે છે. વ્યોમેશ રૂમમાં આવે છે ત્યારે પ્રસન્ન થઈ મનમાં જ કહે છે - "હું નહોતી કહેતી ! હૃદયમાં તો લાગણી હોય જે ને." આમ, મંગળસૂત્રમાં આરોપેલી ભાવનાઓને ભ્રમણા કહેનારી વસુધા ફરી એકવાર વ્યોમેશના હૃદયમાં લાગણી ની આશા રાખી ભ્રમણા સેવે છે. અને તેથી જ જ્યારે વ્યોમેશ કહે છે કે - 'હવે હું તારી સાથે રહી શકું તેમ નથી' ત્યારે વસુધાને એક મોટો આંચકો લાગે છે. નેવુંમાં માળ પરથી નીચે પડવા જેવો અનુભવ થાય છે. પછી તો રોષની જ્વાળા ભભૂકી, બદલો લેવાનું મન થયું અને હજુ હમણાં જ વ્યોમેશના પ્રેમ માં ફરી આશ્વસતતા શોધતું વસુધાનું મન આઘાતમાં સરી ગયું. છેવટે થોડા સમય પછી વસુધાનું મન હળવાસ અનુભવે છે. અને તે

ગૃહત્યાગ કરે છે. આમ, સાચી સ્ત્રી બનવા મથતી વસુધા ગૃહત્યાગ પણ ત્યારે જ કરે છે. જ્યારે વ્યોમેશ તેને ઘરમાંથી નીકળી જવા કહે છે. હંમેશા બેવડું જીવન જીવવાની રીતનો વિરોધ કરનાર વસુધા પોતે પણ બેવડુ જીવન જીવતી નજરે પડે છે.

કથામાં સ્ત્રી કેન્દ્રમાં છે. તો વસુધાનાં ઘરમાં પુરુષકેન્દ્રમાં છે. ફૈબા પણ પોતે એક સ્ત્રી છે છતાં વસુધાને પોતાની સત્તા હેઠળ રાખવા મથે છે. તેમણે પણ કેટલાંકય વર્ષોથી વ્યોમેશનીની આદત પ્રમાણે જ જીવન જીવ્યું છે. તેથી જ ઘરમાં વ્યોમેશને જ મનગમતી વાનગીઓ બનાવવી જોઈએ એવો આગ્રહ રાખે છે. કે તે વ્યોમેશને કહ્યા વગર બીમાર માને મળવા જતી વસુધા ને રોકવા મથે છે. વ્યોમેશ પણ વસુધા માટે કંઈ ખાસ કરતો નથી. તે આગ્રહી પતિ છે. ઓફિસેથી ઘરે આવે ત્યારે વસુધા દરવાજે ઊભી હોવી જોઈએ, તરત ચા જોઈએ, સવારે દાઢી માટે ગરમ પાણી, રૂમાલ કપડાં તૈયાર હોવા જોઈએ, દરેક વસ્તુ હાથમાં તૈયાર લેવાની વ્યોમેશની આદત વસુધા ને હેરાન કરી મૂકે છે. વ્યોમેશના નિત્યક્રમ પ્રમાણે વસુધા હાજર ન હોય તો વસુધા ને ઠપકો સાંભળવો પડે. તેનો પ્રેમ પણ શારીરિક તૃપ્તિ પૂરતો મર્યાદિત જણાય છે. તેથી જ ઘરકામ કરવા અને શારીરિક તૃપ્તિ માટે તેમજ ઘરનો વંશ વેલો વધારવા માટે વ્યોમેશે પોતાની સાથે લગ્ન કર્યા હોય તેમ વસુધા વારંવાર અનુભવે છે.

પ્રથમવાર ગર્ભાવસ્થા દરમિયાન પિયર જવાનો વિરોધ કરતો વ્યોમેશ ત્રીજી વખત દિપાંકર ના જન્મ સાથે વસુધા ની તબિયત લથડતાં "તેને કાંઈ થયું હોત તો-તો મારું શું થાત ? ત્રણ છોકરાને હૂં કેમ કરીને સંભાળત ?"[૬] ત્યાર પછી તે ડોક્ટરની સલાહ પ્રમાણે બીમાર વસુધાને હવાફેર કરવા માથેરાન જેવી જગ્યાએ ફરવા લઇ જવાને બદલે આરામ માટે પિયર મોકલી દે છે. આમ, વ્યોમેશ સ્વાર્થી પતિ પુરવાર થતો દેખાય છે. વ્યોમેશના કેટલાક પુરુષસત્તકી અને રૂઢી સમાજવાદી વિચારો જોઈએ : સુમિત્રાના નક્કી થયેલ લગ્નમાં દહેજ મુદ્દે તે કહે છે. "આખી જિંદગી બીજાની દીકરીનું ભરણપોષણ કરે એના બદલામાં થોડા પૈસા માંગે તો ખોટું શું છે ? છોકરો ડોક્ટર છે. એ કમાશે, પ્રતિષ્ઠા મેળવશે ત્યારે બધામાં એની પત્ની ભાગીદારી નહી બને ?"[૭] વસુધા રંજનાની મદદ અર્થે ૫૦૦ રૂપિયા વ્યોમેશ પાસે માગે છે. ત્યારે તે કહે છે - "પૈસા કાંઈ એમ ઝાડ પર ઉગતા નથી, આખો દિવસ મહેનત કરી પરસેવો પાડું છું ત્યારે પૈસા મળે છે. એ કંઈ મફતમાં આવતા નથી કે તારા કહેવાથી જેને-તેને આપી દેવાય."[૮] એ જ રીતે વસુધાના ઘરેણા પુત્રવધુ તથા કરીને આપવા બાબતે વ્યોમેશ ગુસ્સે થઈ વસુધાના ગાલ પર તમાચો ઝીંકી દે છે. અને કહે છે, "હદથી બહાર જવું સારું નથી વસુધા ઘરેણા તારા ક્યાંથી આવ્યા મેં તને આપ્યા છે મેં કમાઈને ખરીદ્યા છે. નાનપણથી મહેનત કરીને, પરસેવો પાડીને હું કમાયો છું. આ ઘરની દરેક વસ્તુ મારી કમાણી છે."[૯] વસુધા પર આટલી સત્તા દાખવ્યા પછી, તેને માર્યા પછી તેને ઘરમાંથી બહાર કાઢ્યા પછીય જાણે ધરાતો ના હોય તેમ ઇજાગ્રસ્ત વસુધાની ખબર કાઢવા ગયેલો વ્યોમેશ 'કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી' જેવું વર્તન કરે છે અને વસુધા ને કહે છે, "પોતાની ઈચ્છા પ્રમાણે કરવા જતા શો સાર કાઢ્યો ? સરખી રીતે ઘરમાં રહ્યા

હોત તો માથું ફૂટવાનો વારો ન આવત ને ?" આટલેથી પત્યું ન હોય તેમ ઘર તૂટવાનું દોષારોપણ પણ તે વસુધા પર પર જ થોપે છે. "મેં કેટલું બધું વિચારી રાખેલું રિટાયર થવાને હવે બહુ વાર ન હતી. પછી શું કરવું, કેમ રહેવું બધી વ્યવસ્થા મેં મનમાં નક્કી કરી રાખી હતી. તે મારા બધા ક્રમનો ભંગ કરી નાખ્યો."[૧૦] આમ સત્તાપ્રિય, સ્વાર્થી, સ્વચ્છંદી, અભિમાની, દંભી વ્યોમેશની જેમ બેલાના પતિ નિશાંત અને એના નોકર દ્વારા પણ પુરુષ-સત્તાકીય વિચારો પ્રદર્શિત થયા છે. નિશાંત બેલા સાથે હિંસા આચરી ને કહે છે કે – 'પુરુષ સ્વભાવથી જ આક્રમક હોય છે.' એના નોકરનું કામ એક સ્ત્રી કરે તે ઘરકામનું જ છે. છતાય તે પોતાના ઘરે તો પત્નીને ક્યારેય મદદ કરતો નથી. આ ઉપરાંત દિપક, સુધીર, અમિત વગેરે જેવા પાત્ર હવસખોર, શંકાશીલ અને પત્નીને મારે તેમાં મર્દાનગી સમજનારા છે. અમિત તો લગ્ન પહેલાં જ કમલાને 'લેટ્સ ગો ટુ બેડ' ની ઓફર મૂકે છે. કારણ કે તે થનાર પત્ની ની પવિત્રતા તપાસવા ઈચ્છે છે. બંકિમ પણ એમાંનો જ એક છે. સુમિત્રાનો બોયફ્રેન્ડ અગ્નિવેશ પણ પોતાની શારીરિક તૃપ્તિ માટે જ સુમિત્રાનો ઉપયોગ કરે છે.

આ કથામાં સ્વરૂપ, અગ્નિવેશ, ગગનેન્દ્ર, આદિત્ય જેવા મૃદુ, શાંત અને પ્રારબ્ધ પુરુષ પાત્ર પણ સમાવિષ્ટ છે. જે તેમની પત્નીને સમજે છે, સાચવે છે અને દરેક કામમાં મદદ પણ કરે છે. જેમના સાનિધ્યમાં તેમની પત્નીઓને શાંતિ મળે છે, હૂંફ મળે છે, જરૂલના જન્મ પછી વધી પડેલા કામ અંગે ગગનેન્દ્ર આભાની ચિંતા દૂર કરી દે છે. તે કહે છે. "હું પુરુષ છું. એ હકીકત છે, પણ હું દાણા સાફ ન કરી શકું એ માન્યતા છે. બાળકને હું જન્મ ન આપી શકું તે હકીકત છે, પણ તેના બાળોતિયા ન ધોઈ શકું કે તેના હાલરડા ગાઈ સુવડાવી ન શકું એ માન્યતા છે."[૧૧] અગ્નિવેશનો ઉછેર જ રાજ એનાએ સમાનતાના ધોરણે કર્યો છે.

આ ઉપરાંત રંજના, લલીતા જેવી સ્ત્રીઓ સહન કરીને સમાધાન કરીને જીવન જીવે છે. તો વાસંતી, સુમિત્રા, એના, અલોપા, રત્ના, સલીના, કાવેરી વગેરે જેવી સ્ત્રીઓ અન્યાય સામે અવાજ ઉઠાવે છે. ખોટા સામે લડત આપે છે. અને બળજબરીના બંધનોમાંથી મુક્ત થવાની માંગણી કરે છે. આ દરેકની જીવનકથા પૂરી દર્શાવાઈ છે. પરંતુ નરેશ વેદ કહે છે તેમ "આ સિવાયનાં પાત્રોનું શું ? લિના, અદિતિ, શોભા, નલિની, શૈલા, બેલા, અમલા, વન્યા, અનિતા, વિમળાબહેન વગેરેનું પાત્રત્વ સિધ્ધ થતું નથી, અલબત્ત એ બધા પાત્રો preseniational saresની વસ્તીરૂપ પાત્રો છે. એવો બચાવ થઈ શકે ખરો."[૧૨]

## 'સાત પગલાં આકાશમાં' - લોકપ્રિય તત્ત્વો :

મોટાભાગની લોકપ્રિય નવલકથામાં રહસ્ય, ષડયંત્ર, ચોરી, છળકપટ, ખૂન-મારામારી, બળાત્કાર, ખુલ્લા વર્ણન જેવા તત્ત્વો દ્વારા કથાને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ

'મીરાંની રહી મહેક', અને 'કૃષ્ણાયન' નવલકથાની જેમ આ નવલકથા પણ સામાન્ય તત્ત્વોથી જુદી તરી આવે છે. અહીં ષડયંત્ર, રહસ્ય, ખૂન, આત્મહત્યા, બળાતકાર, સંઘર્ષ, કરુણતા જેવા તત્ત્વો આલેખિત તો છે. પરંતુ તેને એક ચર્ચિત મુદ્દા તરીકે વણી લેવામાં આવ્યા છે. જે આ કથામાં નારી કેન્દ્રી મુદ્દા એટલે કે સ્ત્રી પર થતા અત્યાચાર, દાંપત્ય જીવનનો અધરુપો, સ્ત્રી-પુરુષ વચ્ચે ઉઠતા સંવેદનશીલ મુદ્દા, સ્ત્રી- પુરુષ સમાનતાનો અધિકાર માટેના મુદ્દા, વિદ્રોહ-વિરોધ પ્રદર્શન, ચર્ચા(ડીબેટ), પ્રણય, પ્રણયત્રિકોણ તેમજ સ્ત્રીઓનો હિંમત-ધગશ પુરી પાડતી સંઘર્ષમય ઘટનાઓ જોવા મળે છે. જેને કારણે વાચક કથા વાંચવા માટે પ્રેરાય છે. અને પોતાની વિચારસરણી અનુસાર  અલગ-અલગ મત દર્શાવે છે. અને તેમાંય સ્ત્રી-વાચકો વધુ હોય તે સ્વાભાવિક બાબત ઠરે છે.

## 'સાત પગલાં આકાશમાં' - રહસ્ય, ષડયંત્ર, ખૂન, આત્મહત્યા :

લોકપ્રિય નવલકથાઓમાં કોઈપણ કથા કહેવાની હોય કે કોઈ પણ ઘટનાનું આલેખન થતું હોય તેને એ જ રીતે રજૂ કરવામાં આવે છે કે વાચકને તાલાવેલી જાગે, કુતુહલ જાગે. કથામાં રહસ્ય એ જ કામ કરે છે. રહસ્ય ક્ષણિક હોય કે લાંબા ગાળાનું હોય ભાવકના મનને આગળની કથા વાંચવા માટે મજબૂર કરે છે. આ કથામાં પણ રહસ્યનું તત્ત્વ જોવા મળે છે. પ્રકરણ-૨માં વસુધાના મનમાં રહેલી ઈચ્છા વિષયક વાત કરવામાં આવે છે. "દરેક વખતે ઈચ્છાને એવી ને એવી જ્વલંત જોઇને પ્રસન્ન થતી; પણ પાછી એને ગુપ્તતાની ડબ્બીમાં બંધ કરી મૂકી દેતી."[૧૩] અહીં વસુધાની આ રહસ્યમય ઈચ્છા કઈ હશે ? તે જાણવાની ઉત્સુકતાથી ભાવક આગળ વધે છે. ત્યાં જ "ઈચ્છાનું એક પંખી સામાન્યઓના બંદીગૃહમાં વર્ષોથી ચૂપ બેઠું હતું તે સાથે શું સળિયા તોડીને બહાર ઉડી આવ્યું હતું?"[૧૪] આ પ્રકારના વાક્યો તેમજ પ્રકરણ ના અંતમાં 'આવતીકાલે...' જેવા અધુરા શબ્દો દ્વારા લેખિકા વસુધા હવે શું કરવાની છે ? તે જાણવા માટે ઉત્સુક કરે છે. લેખિકા વસુધાના વર્તમાન-ભૂતકાળ-વર્તમાન જીવનમાં એટલે કે બાયોફોકલ રીતે પ્રવેશ કરાવે છે. જેથી વસુધાના જીવન અને તેની સમસ્યાઓ જાળવવાની કૂતુહલતા જળવાઈ રહે છે. વસુધાની પાડોશી રંજના અને તેની 15 વર્ષની કુમળી દીકરી આશા અગાસી પરથી નીચે પડતું મૂકી આપઘાત કરે છે. અચાનક ઘટેલી આ ઘટના વસુધાને આઘાત આપે છે. તથા આશાને કોઈકે ફસાવી હશે આવી અટકળો સાથે આત્મહત્યા પાછળનું કારણ રહસ્યમય રહે છે. પરંતુ આ ચોંકાવનારી ઘટના દ્વારા રંજનાને વસુધા પાસેથી ૫૦૦ રૂપિયાની મદદ કેમ જોયતી હતી ? તે રહસ્યસ્ફોટ થાય છે. ત્યારબાદ ઘરેથી ભાગીને આવેલી સુમિત્રા વસુધાનું ઘર છોડી પોતાના ઘરે પરત ફરે છે. ત્યારે તેનું ઘરે પરત ફરવું અને ચૂપ રહેવું – આ તેની યોજના છે. તેણે ઘડેલા ષડ્યંત્રનું પહેલું ચરણ છે. આ અધૂરી માહિતી સુમિત્રાના રહસ્યમય ષડ્યંત્રને જાણવા માટેની તાલાવેલી જગાડે છે. તેના આ રહસ્યમય ષડ્યંત્રોનો સાર પ્રકરણના અંતે જોવા મળે

છે. સુમિત્રા પોતાના લગ્નમાં પોલીસને બોલાવીને દુલ્હા અને તેના પરિવારજનોને દહેજપ્રથા જેવા ગુનાહિત કાર્યના અપરાધ હેઠળ પકડાવે છે. અને તે પોતે તક મળતા ત્યાંથી પલાયન થઈ જાય છે. ત્યારપછી તેના જીવનમાં અનિમેષ પ્રવેશે છે. અનિમેષ પાત્ર જ રહસ્યમય બની રહે છે. તે પોતાના લગ્નજીવનનું જુઠાણું કહી સુમિત્રાને ફસાવે છે. અને અનિમેષ પરિણીત પુરુષ છે.- આ સત્ય સુમિત્રા માંડ સ્વીકારે છે. ત્યાં જ તેને બીજો આંચકો લાગે છે. અનિમેષે પૂછેલા રહસ્યનો અર્થ સમજાય છે. શારદા અને અનિમેષ ના બાળક ના સમાચાર તે માટે ની મીઠાઈ જોઈ સુમિત્રાના પગ નીચેથી જમીન ખસી જાય છે. આમ, અનિમેષના જીવનના  રહસ્યો સુમિત્રાના જીવનને નવો વળાંક આપે છે.

વિપુલ ના મૃત્યુ પછી રોબ સાથે પાર્ટીમાં ગયેલ એના, રોબ અને રોબના ગ્રુપ પાત્રોના પરિચય સમયે ભાવકને લાગે છે કે એના હવે ખોટા રસ્તે ચડી જશે. તે રોબ સાથે સંબંધ બાંધશે. પરંતુ ભાવકની આ ધારણા ખોટી પડે છે. એના ભારત આવી આનંદગ્રામમાં એક સારું જીવન જીવે છે. એ જ રીતે આનંદગ્રામના પાત્રોના પરિચય સમયે ‘અ’ પાત્રનો સ્પષ્ટ પરિચય થતો નથી. ત્યારે પ્રશ્ન થાય છે કે આ ‘અ’ કોણ હશે ? ‘અ’ નામનું કોઈ પાત્ર હોય ખરું ? તે કોઈ મિથ હશે ? પ્રકરણ ૨૪ માં ઊભા થતાં પ્રશ્નનો ઉત્તર પ્રકરણ સત્તાવીશમાં મળે છે. ‘અ’ કોઈ મિથ નથી પણ એક વ્યક્તિ જ છે. નામ વગર રહેવામાં મુક્તિ અનુભવે છે. તેવી તેના નામ અંગેની સ્પષ્ટતા પર કરવામાં આવી છે.

આ ઉપરાંત પ્રકરણ ચોત્રીસમાં વસુધાના ઘરમાં રહેલી સલીનાના જીવનમાં પણ કોઈ રહસ્ય છુપાયેલું છે. તે કોઈને પ્રેમ કરે છે. તેવી અધુરી માહિતી આલેખિત છે. જેની સ્પષ્ટતા એ જ પ્રકરણના અંતમાં થઈ છે. પરંતુ વસુધા અને વ્યોમેશના જીવનની વાત શરૂ કરી લેખિકા સલીનાના જીવનને જાણવા માટે રાહ જોવડાવે છે. ત્યારપછી પણ સલીના કૃષ્ણને પ્રેમ કરે છે. અને એ બંને કોઈ ગુપ્ત ક્રાંતિકરી સંસ્થા સાથે જોડાયેલ છે. સલીનાના હાલ સુધીના સ્થાપિત ચરિત્ર વિરુદ્ધની આ રહસ્યમય માહિતીથી ભાવકની આંખો પહોળી થાય છે. ત્યારબાદ પ્રકરણ છત્રીસના અંતે વસુધાને મળવા માટે આવેલી સલીના વ્યગ્રતાથી કહે છે. ‘માં, બહુ ભયંકર વાત બની છે.’ ત્યારે વસુધાના હૃદયમાં ફાડ પડે છે. અને ભાવક પણ T.V. સીરીયલના એપિસોડની જેમ નવું પ્રકરણ વાંચવા ઉત્સુક બને છે. પ્રકરણ સાડત્રીસમાં આ વાતનો રહસ્યસ્ફોટ રત્ના નામની છોકરીના બળાત્કારની ઘટના તરીકે સામે આવે છે. અને કથા એક અલગ મુદ્દા તરફ ફંટાય છેઃ અને આનંદગ્રામના સ્ત્રી પાત્રો દ્વારા એક ઝુંબેશની શરૂઆત થાય છે. તેમની આ ઝુંબેશની સફળતાનું પરિણામ રત્ના પર બળાત્કાર કરનાર પ્રધાનપુત્રની આત્મહત્યા દ્વારા મળે છે. જોકે તેમાં સુમિત્રાના જીવનનું બલિદાન ચડે છે.

આ ઉપરાંત, અહીં અશેષ અને સુનીલાની ઘર છોડીને જવાની વાત અને આનંદગ્રામમાં અચાનક આદિત્યની પધરામણી જેવા ક્ષણિક રહસ્યનો ઉપયોગ પણ થયો છે. જે કથાની રોચકતામાં વધારો કરે છે.

## 'સાત પગલાં આકાશમાં' - નારી તેમજ અન્ય સામાજિક મુદ્દા :

આ નવલકથાનો કેન્દ્રીય હેતુ જ નારીકેન્દ્રી મુદ્દા દર્શાવવાનો છે. તેમજ અન્ય સામાજિક મુદ્દાઓને પણ અલગ અલગ પાત્રો દ્વારા નિરૂપિત કરવામાં આવ્યા છે. જેમાં સામાજિક કુરિવાજો પણ સમાવિષ્ટ છે. સુમિત્રાનાં પાત્ર દ્વારા દહેજપ્રથા વિરુદ્ધ અવાજ ઉઠાવવાનો પ્રયત્ન થયો છે. તે પોતાના જ લગ્નનું કાવતરું ઘડી સાસરિયા પક્ષને ગુનાહિત કાર્ય બદલ સજા અપાવે છે. તે પહેલા પણ વર પક્ષ અને કન્યાપક્ષની પ્રથમ મુલાકાત દરમિયાન જરાય શરમ સંકોચ વગર તે દહેજપ્રથાનો વિરોધ કરતાં કહે છે. "તમારા મા-બાપે તમારા પાછળ ખર્ચા કર્યો હોય તેનો બદલો તમે મારા મા-બાપ પાસેથી લેવા માંગો છો ? તો શું મારા માં-બાપે મારે માટે કોઈ ખર્ચ નથી કર્યો ? એના પૈસા તમારા મા-બાપ મને આપશે ?"[૧૫] ત્યારબાદ દહેજપ્રથાનો ભોગ બનેલી રમ્યાનું મૃત્યુ તેને હચમચાવી મૂકે છે. અને એકવાર ફરી દહેજપ્રથા માટેનો તેનો આક્રોશ જાગી ઊઠે છે. તે મૃત રમ્યાને ન્યાય અપાવે છે. તેમજ દહેજપ્રથાને કારણે 'ડાયરીડેથ' અને 'બ્રાઈડ બર્નિકા' નાં કિસ્સાઓ સામે લડત આપે છે.

આ સિવાય અહી વિધવા સ્ત્રીઓની સમસ્યા પણ ઉલ્લેખિત છે. એનાનાં દૂરના માલતી માસી સાથેના વર્તનનો એના વિરોધ કરે છે. કુટુંબમાં કોઈ લગ્નપ્રસંગે માલતીની આવડત, તેના કામગરા સ્વભાવ નો પૂરો ઉપયોગ થતો પરંતુ લગ્નની વિધિ દરમિયાન તેને દૂર મોકલી દેવામાં આવતી. આ રૂઢિવાદી વિચારો-વર્તન જોઈને એનાથી રહેવાતું નથી. અને તે એક વિધુર મામાને પૂજાવિધિમાં દાખલ થતાં રોકે છે અને કહે છે : "અરે અરે, મામાને ત્યાં જવા ના દેતા-અપશુકન થશે."[૧૬] એના દ્વારા પણ આ અંગે વિરોધ નોંધાવ્યો છે. હૃદયહુમલાને કારણે વિપુલના મૃત્યુ પછી પણ એના કપાળમાં લાલ ચાંદલો કરી ઘરની બહાર નીકળે છે. સાસુ જયાબહેન જ્યારે આ બાબતે ટકોર કરે છે. ત્યારે તે સ્પષ્ટ કરે છે "કોઈ શાસ્ત્રમાં એવું લખ્યું છે કે વિધવાથી ચાંદલો ન કરાય ?"[૧૭] ત્યારપછી તે વિધવા સાસુ ને પણ ચાંદલો કરી આપે છે. ઘણી દલીલો પછી તે સાસુના રૂઢિવાદી વિચારો બદલવામાં સફળ રહે છે. પરંતુ હંમેશની જેમ 'ચાર લોકોના ટોણા' તેને વિદેશમાં પણ સહન કરવા પડે છે. આખરે તે અને જયાબહેન ભારત આવીને વસે છે.

આનંદગ્રામમાં વસતા 'અ' પાત્ર દ્વારા ધર્મભેદનો મુદ્દો પણ મુકાયો છે. 'અ' પોતાના નામ વિષયકની સ્પષ્ટતા એના સમક્ષ રજૂ કરતાં કહે છે - "ધારો કે મારે નામ હોય, આનંદ હોય તો કોઈને થાય કે હું હિંદુ છું, અબ્દુલ હોય તો મુસ્લિમ લાગુ, એડવર્ડ હોવ તો ખ્રિસ્તી લાગુ, પણ હું આમાંનો કંઈ જ નથી..... હું ગઈકાલે જે હતો તે આજે નથી, આજે છું તે આવતીકાલે નહિ હોઉં. 'આઈડેન્ટી ક્રાઈસિસ' નો બહુ મોટો પ્રશ્ન મેં ઉકેલી નાખ્યો ?"[૧૮]

આ ઉપરાંત અનેક મુદ્દા(Topic) સ્ત્રી જીવનની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને મૂકવામાં આવ્યા છે. વસુધાની મનોવાણી દ્વારા સ્ત્રીના જીવનમાં પ્રેમ, ઘર અને સલામતી અંગે પ્રશ્ન મૂકવામાં આવ્યા છે:

"સ્ત્રીને પ્રેમ જોઈએ છે. પણ ઘેઘૂર આંખોનો લાલ રંગ, તે શું પ્રેમનો જ રંગ છે ?" "સ્ત્રીને ઘર જોઈએ છે પણ એ તેનું ઘર બને છે ? પુરુષ ગુસ્સે થાય તો કહે છેઃ મારા ઘરમાં અત્યારે ને અત્યારે ચાલી જા." "સ્ત્રીને રક્ષણ જોઈએ છે. રક્ષણ આપતી દીવાલ તેની આસપાસ ઊભી થાય છે એ દીવાલને બારી નથી હોતી. તેમાંથી આકાશ દેખાતું નથી."[૧૯]

દંભી જીવન વિષયક ચર્ચા થતાં એનાને એક મુદ્દો સૂઝે છે. "સવાલ એ છે કે એમની( પુરુષની) જગ્યાએ કોઈ સ્ત્રી હોત તો પતિના મૃત્યુ નો તાર એણે આમ શાંતિથી પર્સમાં મુકી દઇ પોતાનું કામ ચાલુ રાખ્યું હોત ?"[૨૦] પછી તો જો આવુ હોય તો સમાજ સ્ત્રી ઉપર તૂટી જ પડે, પુરુષ માટે સમાજના ધોરણો જુદા છે. વગેરે જેવી ચર્ચા(Debate) શરૂ થઇ જાય છે.

બાળકના નામ પાછળ પિતાનું નામ જ હોય તેની સામે પણ અહીં વાંધો નિર્દેશિત છે. વંશના ચલાવનારને જે જન્મ આપે છે અને વર્ષના ઇતિહાસમાં જેનું નામ ક્યાંય આલેખાતું નથી. તે મા થવાનો આ આનંદ શાનો આનંદ છે !"[૨૧] આ સાથે જ 'પુત્રવતી ભવની' સામે 'પુત્રવતી ભવ'ની આશીર્વચનના અસ્તિત્વનો પણ પ્રશ્ન મૂકાયો છે. સ્ત્રીની ઓળખ પણ પતિના નામથી જ થાય છે. તેમાં અસંમતિ દર્શાવતી વસુધા કહે છે "સ્ત્રી ગુજરી જાય તો 'અમુક ની પત્ની' કે 'અમુક ની વિધવા' તરીકે તેની ઓળખ અપાતી. પુરુષ ગુજરી જાય તો 'અમુક નો પતિ' એવું કદી ન લખાતું.'અમુકનો વિધુર' - એવો તો શબ્દપ્રયોગ અસ્તિત્વમાં જ નહોતો."[૨૨] આ બાબતે પરિવર્તન લાવવા લેખક ફિલિપ જોન બેકરનું ઉદાહરણ આપે છે.- ફિલિપ જોન બેકરે લગ્ન બાદ પત્નીનું નામ ઉમેરી 'ફિલિપ નોએલ બેકર' નામ રાખ્યું હતું. આમ, પુરુષસત્તાક સમાજની નિંદા કરવામાં આવી છે. પુત્ર જન્મ તો હરખ અને પુત્રી જન્મે તો નિરાશા ઘેરી વળે તેવા સમાજને બદલાવવાની જરૂર છે. તેવી આંગળી ચીંધી છે દુઃખની વાત આપણા દેશમાં એ છે કે શિક્ષિત ઘરમાં પણ આ સમસ્યાએ તેનું સ્થાન જમાવ્યું છે.

સુમિત્રા ના પાત્ર દ્વારા ભાઈ-બહેન એટલે કે દીકરા-દીકરી વચ્ચે થતાં ભેદભાવનો પણ ઉલ્લેખ છે. અને તેની સામે સુમિત્રાને વાંધો પણ છે. તે કહે છે - "ભાઈઓને તો કોઈ દિવસ ઘરનું કામ કરવાનું ન રહે તો એ લોકો કઈ દેવના દીધેલ છે ?"[૨૩]

એનાના ઘેર મગન નામનો નોકર કામ કરે છે. તેના દ્વારા પુરુષસત્તાક વિચારો અને તેમનો ઠાઠ પ્રદર્શિત થયો છે. મગન એનાના ઘરમાં ઝાડુ, વાસણ, કપડાં, પાણી દરેક ઘરકામ કરવાનું કામ કરે છે. પરંતુ તેની પત્ની માહી બીમાર હોય ત્યારે તે પોતાના ઘરની ઓરડી પણ સાફ કરતો નથી. "એ માનતો હતો કે, એ તો ઊતરતું કામ છે. એ કામ તેની પત્નીએ જ કરવું જોઈએ. પોતે તો 'કુટુંબ નો રોટલો રળનાર' છે." પરંતુ આવા વાતાવરણમાં ઉછરેલ એના, તેના સંતાનો આભા અને અગ્નિવેશની વચ્ચે સમાનતા રાખવામાં કુશળ રહી છે. તથા વિપુલ 'મદદ' શબ્દનો વિરોધ કરતાં તે કહે છે - "પુરુષો બહારનું કામ કરતાં હોય ત્યારે સ્ત્રીઓ ઘરનું કામ કરે, અને બંને એકબીજાને કામમાં મદદ

કરે, તે સરસ વ્યવસ્થા ગણાય."[૨૪] એનાએ કહેલી નિખિલ તથા ટ્રેસીની વાત 'કી એન્ડ કા' ફિલ્મની યાદ અપાવે છે.

પુરુષ કરતાં સ્ત્રી વધુ કમાતી હોય, વધુ હોશિયાર હોય કે કોઈ કળામાં વધુ પારંગત અથવા લોકપ્રિય હોય તો પુરુષ આ વાત સહન કરી શકતો નથી. જોકે ઘરવ્યવસ્થા સંભાળવામાં સ્ત્રી કુશળ ગૃહિણી હોય તો પુરુષએ વાતનું ગૌરવ લે છે. આ મુદ્દો એનાના જીવનમાં પ્રવેશે છે. તે તેનો વિરોધ કરતાં કહે છે : "હું વિપુલથી બે વેંત નીચે હોઉ તો જ એ મને ચાહીં શકે, મારી સાથે શાંતિથી રહી શકે ? એવો શરતી પ્રેમ, એવો શરતી સંબંધ શું એને માટે શોભાસ્પદ છે ?"[૨૫] આમ, એના શરતી પ્રેમ અને શરતી સંબંધનો વિરોધ કરે છે. પ્રેમની સામે બ્લેકમેલ થઇ, ઝૂકી જવું તેને સ્વીકાર્ય નથી. જોકે આ મુદ્દાનો ભોગ એનાના સાસુ જયાબહેન પણ તેમના વૈવાહિક જીવન દરમિયાન બન્યા હતા. અને તેમને આ વેદના મૂંગા મોઢે સહન કરી સમાધાનથી જીવન જીવ્યું હતું. પરંતુ તેમની પુત્રવધૂ એમના સમયમાં પરિવર્તન નજરે પડે છે.

અલોપા દ્વારા છોકરીને જ સાસરે જવાની રીત ઉપર પ્રશ્નો ઉઠાવાય છે. છોકરી જ શા માટે સાસરે જાય ? છોકરો કેમ નહિ ? છોકરીને પારકી કેમ કહેવાય ? વગેરે પ્રશ્નો નિર્દેશિત થયા છે. "સોડમાં લીધા લાકડી, આંખ ભરી પીધા લાડકડી" જેવી પંક્તિઓ સામે અલોપા રોષ ઠાલવે છે. તે કન્યાવિદાયને અન્યાયનો પ્રસંગ ગણાવે છે. લેખિકા પરિવર્તન થવા બાબતે વિદેશના રીત-રિવાજના ઉદાહરણ પણ આપે છે. તે જણાવે છે કે - દક્ષિણ અમેરિકા, વેસ્ટઇન્ડીઝની કેરેબિયન જાતિઓમાં પ્રાચીન મેક્સિકોમાં બ્રાઝીલની તુપી જાતિઓમાં પુરુષ જ પરણીને સ્ત્રીને ઘેર જાય છે. ત્યાર પછી તે દીકરો જ મા-બાપ ની સંભાળ રાખી શકે આવી દઢ માન્યતાઓનો પણ વિરોધ કરે છે. અને "છોકરીઓના માતૃ-પિતૃ દુઃખી ભવ" જેવા પ્રશ્ન દ્વારા કટાક્ષ પણ કરવામાં આવ્યો છે. અલોપા કહે છે, "વિધવા માનો એકનો એક દીકરો મરણ પામે તો એ દુઃખની પરાકાષ્ઠા કહેવાય, વિધવા માં-ની એકની એક દીકરી પરણીને ચાલી જાય તો નિરાંત થઈ કહેવાય."[૨૬] કુટુંબનો વંશ ચલાવવા એક બાળક જરૂરી છે તે પણ એક પુત્ર. અલોપાના સસરા પ્રદીપ સામે કારખાનાના ત્રણ લાખ રૂપિયા પાછા માગે છે. કારણ કે પ્રદીપ-અલોપા તેમને વારસ નથી આપી શક્યા. અલોપા આ વાતનો સખત વિરોધ કરે છે. અને વારસની જગ્યાએ પ્રદીપને છૂટાછેડાની જ ભેટ આપી દે છે.

આ નવલકથામાં સ્ત્રીની પતિ પાસે રાખવામાં આવતી આકાંક્ષાઓ અને ધાર્યું ન થતા દુઃખી થવું- આ મુખ્ય મુદ્દો ગણાવી શકાય તેવો છે. વસુધા હોય, અલોપા હોય, વાસંતી હોય, કે કોઈ પણ અન્ય સ્ત્રી હોય તેમના હૃદયમાં એક કલ્પિત પતિ ની આકૃતિ કોતરાયેલ હોય છે. એ પ્રમાણેનો પતિ ન મળતા તે પોતાના જીવનને વ્યર્થ માનવા લાગેછે. વસુધા વ્યોમેશ પાસેથી સાચો પ્રેમ, ઘરકામમાં મદદ, માન-સન્માનની આશા રાખે છે. તેમ અલોપા પણ પ્રદીપ તેના સમક્ષ વારસની બાબતે મક્કમ રહે તેમ ઈચ્છે છે. એ જ રીતે વાસંતી ને બ્રેસ્ટ કેન્સર જેવી બીમારી થાય છે. તે દરમિયાન પતિ પાસેથી સમય,

લાગણીભર્યા શબ્દો અને તેની હૂંફ મળે તેવી આકાંક્ષા સેવે છે પરંતુ આમાનું કઈ જ થતું નથી. અલબત્ બીમાર વાસંતીથી કંટાળીને સતીશ સુગતી તરફ વળે છે.

એક ગૃહિણી પણ આર્થિક રીતે ઘરના પુરુષ સભ્ય પર નિર્ભર હોય છે. ખાસ કરીને તે પોતાના પતિ પર વધુ નિર્ભર રહે છે. ગૃહિણી હંમેશાં પોતાનું ઘર, પોતાનો પતિ, પોતાના બાળકોને પોતાની ફરજ સમજી સંભાળે છે. પણ એક સ્ત્રી જ્યારે 'હક'ની વાત કરે છે. તો તેમાં 'પોતાનું' શબ્દ જ ભૂંસાઈ જાય છે. અહીં વસુધા દ્વારા આ મુદ્દાને વિસ્તારિત કરવામાં આવ્યો છે. વ્યોમેશ પાસે રંજના ને આપવા પાંચસો રૂપિયા માંગતી વેળાએ તેમજ તેના ઘરેણાંના હિસાબ અર્થે વ્યોમેશે આપેલા જવામાં 'આ ઘરની એક એક વસ્તુ મારી કમાઈની છે.' 'પૈસા કાઈ ઝાડ પર ઉગતા નથી.' વગેરે જેવા વાક્યપ્રયોગ થયા છે જે ઉપરોક્ત મુદ્દાને વધુ સ્પષ્ટ કરે છે.

આ ઉપરાંત કથામાં અન્ય ઘણી ગૌણ સ્ત્રીઓ દ્વારા અલગ-અલગ સ્ત્રી સમસ્યા અંગેના મુદ્દા રજૂ થયા છે. તેના પર ચર્ચા કરવામાં આવી છે. જેમકે રંજના દ્વારા પતિ જમે પછી જમવું, ઘરમાં જમવાનું વધ્યું હોય તો ખાઈ લેવાનું જેથી બગાડ ન થાય. અને ઘટ્યું હોય તો ચલાવી લેવાનું. પતિ કામવાળી લક્ષ્મીબાઈ સાથે આડસંબંધ રાખે તોય આંખ આડા કાન કરવાના વગેરે જેવી દેખીતી રીતે સામાન્ય પણ ગંભીર બાબતો રજુ થઇ છે. તે ઉપરાંત લીના દ્વારા વિનયશીલ સ્ત્રીની સમાજે ઠોકી બેસાડેલી વ્યાખ્યા પર કટાક્ષ થયો છે. તો ઉર્મિલા, શોભા, નલિની વગેરે જેવા પાત્રો સાસરીના મહેમાનની આગતા-સ્વાગતા અને પિયરના મહેમાનની મહેમાનગતિ વચ્ચેનો ભેદ, લગ્ન પછી પોતાના શોખનું પોટલુ માળીયા મૂકી દેવા બાબત, સાસરીમાં દરેક કામની જવાબદારી બાબત વગેરે જેવા નાના પણ રોજિંદા મુદ્દાઓને આવરી લેવાયા છે. આમ આવી નાની પળોજણ વેઠનારી સ્ત્રી રોજ થોડી-થોડી દુ:ખી જ થતી હોય છે. તેમની આ મનોવેદના ને લેખિકા અઢળક પાત્રો દ્વારા પ્રદર્શિત કરે છે.

નવલકથાના અંતમાં બળાત્કાર જેવા ગુનાહિત કાર્ય ના વિરોધમાં તો ભારે ઝુંબેશ આંદોલનનું આલેખન થયું છે. પીડિત રત્નાને ન્યાય અપાવવા વસુધાના નેતૃત્વ હેઠળ આનંદગ્રામની દરેક સ્ત્રીને લડત આપે છે. જેમાં પોલીસની લાઠીમારને કારણે વસુધા, સલીના અને અન્ય સ્ત્રીઓ ઘાયલ પણ થાય છે. સુમિત્રા તો પોતાનો જીવ ગુમાવે છે. છતાંય કોઈ હથિયાર નીચે મૂકતા નથી, હિંમત હારતા નથી આખરે આરોપી કંટાળીને આત્મહત્યા કરે છે. આ રીતે અન્યાય સામે અવાજ ઉઠાવવો જ જોઇએ, ખોટું સહન ન જ કરવું જોઈએ, સમાજમાં કેટલાક પરિવર્તનની જરૂર છે. વગેરે જેવા લેખિકાના ઉદ્દેશ્ય તેમજ અસંખ્ય ચર્ચિત મુદ્દા અહીં રજૂ થયા છે. કલમ દ્વારા તેમણે પણ ન્યાય માટે, અધિકાર માટે અવાજ બુલંદ કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉપરાંત આ કથામાં પુરુષો તો કટાક્ષ, કવેણના અધિકારી બન્યા જ છે. પરંતુ લેખિકા દેશની હાલત પર પણ કટાક્ષ કરવાનું ચૂક્યા નથી. "...આભા અને અગ્નિવેશે પહેલા તો ગંદકી, ગરમી, ગરીબીને માનવવસ્તીથી ઊભરાતાં દેશમાં જવાની આનાકાની કરી પછી પૂર્વજોના દેશમાં, એક નવા દેશમાં નવી રીતે વસવાટ કરવાનો પડકાર તેમના યુવાન લોહીને

આકર્ષી ગયો."[૨૭] આમ, આ કથામાં લગભગ દરેક નારી સમસ્યાઓ નિરૂપિત છે તેમજ અન્ય સામાજિક મુદ્દા પણ આલેખિત છે. જેથી મોટાભાગના વાચકોમાંથી ખાસ તો સ્ત્રીઓ ક્યાંકને ક્યાંક પોતાની વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિને કથામાં નિરૂપિત પાત્રની સ્થિતિ સાથે સરખાવે છે. અને પ્રસ્તાવનામાં લેખિકાને 'રેખા જોષી' નામની સ્ત્રી લખે છે તેમ 'વસુધાનું પાત્ર મને લાગે છે કે હું એને મળી છું, એને ઓળખું છું. ખૂબ યાદ કર્યા પછી ખ્યાલ આવ્યો એ હું જ છું.' આમ, વાચકનો પાત્ર સાથે આત્મીય સંબંધ બંધાઈ જાય છે. અને કથામાં રસ દાખવે છે.

## 'સાત પગલાં આકાશમાં' - સંઘર્ષ અને કરુણતા :

આ નવલકથામાં આલેખિત દરેક મુદ્દામાં સંઘર્ષનું તત્ત્વ ભરપૂર છે. અને જ્યારે સ્ત્રી સંઘર્ષ શબ્દોનું રૂપ લઈને આવે ત્યારે તે અચૂક લોકપ્રિય થાય છે. અહીં બાહ્ય સંઘર્ષની સાથોસાથ આંતરિક સંઘર્ષનો પણ ઉલ્લેખ છે. જે સૌથી વધુ વસુધાના પાત્ર થકી બતાવવામાં આવ્યું છે. વસુધાના આંતરિક વિચારો સ્વતંત્રતા ધરાવે છે. પરંતુ તેના વિચારો કરતાં સાવ ભિન્ન રીતે તે તેના જીવનના સત્યને સ્વીકારી લે છે. તેને ઘણી બધી વાર ફૈબાને ના કહી દેવાની ઈચ્છા થાય છે. વ્યોમેશ સામે વિરોધ કરવો છે. પરંતુ વસુધા ડરે છે. ડરને કારણે તે કશું જ કરી શકતી નથી. બહારથી ભીરુ બનીને રહેતી વસુધાના મનમાં જ્વાળામુખી વિકસી રહ્યો છે. હંમેશા પોતાની મનગમતી પ્રવૃત્તિઓનું બલિદાન આપતી વસુધા જ્યારે પોતાને જન્મ આપનારી માને અંતિમ સમયે જોઈ શકતી નથી ત્યારે તેનું હૃદય દ્રવી ઊઠે છે. તેના આ દુઃખનું કારણ એક સ્ત્રી જ છે. તેમ વિચારી તે વધુ દુઃખી થાય છે. લગ્ન કરીને આવી ત્યારથી ખૂબ જ માનસિક સંઘર્ષ વેઠતી વસુધા લગ્નના ૩૫ વર્ષ પછી બાહ્ય સંઘર્ષ ખેડે છે. મનનું મનમાં નહીં રાખવાનું નક્કી કરે છે. એક સાચી સ્ત્રી બનવાનું પસંદ કરે છે. બે પુત્રવધૂના આગમનથી ઘરકામ તો ઓછું થઈ ગયું છે. પરંતુ તે વ્યોમેશ ની દાદાગીરી હવે સહી લેવા માગતી નથી. 'હેડ ઓફ ધ ફેમિલી'ની જેમ પોતે જ નિર્ણય લેવાનું શરૂ કરે છે. હવે તે વ્યોમેશને કોઈ પણ વાત પૂછતી નથી. તેને વહેલી સવારે ફરવું ગમે છે તો એ ફરવા જાય છે. પોતાને વાંચવું ગમે છે તો એ ગુજરાતી વર્તમાનપત્ર બંધાવે છે. દેખાડો અને ખોટો દંભ રાખવા માટે ફૈબાની સાદડીના કાર્યક્રમનો વિરોધ કરે છે. સાદડીના દિવસે પુત્રવધુ સુનિલા નાટકનું રિહર્સલ હોવાથી વ્યોમેશ શું કહેશે ? તેની ચિંતા કર્યા વગર વહુને તેના કામ માટે બહાર જવાની છૂટ આપે છે. નાના દીકરાની વહુને પણ અલગ રહેવાની પરવાનગી આપે છે. તેના ઘરેણા વહેંચતી વખતે પણ એ વિશે વ્યોમેશને વાત કરવી જરૂરી સમજતી નથી. આ દરેક પ્રસંગે તેને વ્યોમેશના કટાણા શબ્દો, ઠપકો અને ગાલ ઉપર તમાચાનો સણસણાટ સહન કરવો પડે છે. છતાં હવે તે હાર માનવા તૈયાર નથી. પરિણામ સ્વરૂપે વર્ષોથી

કુશળતાપૂર્વક સાચવેલું પોતાનું ઘર તેને છોડી દેવું પડે છે. જોકે આનંદગ્રામમાં સારું અને સાચું જીવન જીવવાની તક મળે છે.

કથાનું મુખ્ય પાત્ર ભલે વસુધા છે. પરંતુ અન્ય ગૌણ સ્ત્રીઓના સંઘર્ષ વસુધા કરતાં વધુ મોટા છે. રંજના અને લલીતા ના પતિ હિંસક અને હવસખોર છે. તેમને દરરોજ સંઘર્ષભર્યું જીવન જીવવું પડે છે. રંજના તો પોતાની 15 વર્ષની બાળકી પણ ગુમાવે છે. વાસંતીના પ્રણય લગ્ન હોવા છતાં તેનો પતિ વાસંતીની બીમારી સમયે સુગતી સાથે સમય વ્યતીત કરે છે. સુમિત્રા સ્વતંત્ર રીતે જીવનારી છે. છતાં તેને અનિમેષ જેવા જુઠ્ઠા પુરુષનો સામનો કરવો પડે છે. અહીં ઉલ્લેખિત દરેક સ્ત્રી પાત્ર પુરુષના કારણે અનેક સંઘર્ષ વેઠી રહી છે. જેમાં રંજના, લલીતા જેવી સ્ત્રીઓ માનસિક-શારીરીક ત્રાસનો સ્વીકાર કરી દિવસો પૂરા કરે છે. જે છે તેવું જ સ્વીકાર્ય રાખે છે. જ્યારે વાસંતી, એના, અલ્પા, સુમિત્રા, સલીના, કાવેરી, રત્ના, જેવા પાત્રો તેમના જીવનનો માર્ગ પોતે જ પસંદ કરે છે. બાહ્ય સંઘર્ષ કરીને પણ પરિસ્થિતિ સામે લડવા તૈયાર થાય છે. અને અન્યાય સામે વિદ્રોહ કરે છે. તેનો વિરોધ કરે છે. વસુધાની જેમ લગ્નના બંધનમાંથી મુક્ત થવું પસંદ કરે છે. પરંતુ ઝૂકી જવું તેમને સ્વીકાર્ય નથી.

કથાના અંતમાં રત્નાનો બળાત્કારની ઘટના વખતે સૌથી મોટો અને કષ્ટદાયક સંઘર્ષ જોઈ શકાય છે. ન્યાય માટે આનંદગ્રામની દરેક સ્ત્રી પોલીસ સામે થઈ જાય છે. લાઠીમાર સહન કરી લે છે. પરંતુ પાછી પાની કરતી નથી. સુમિત્રા તો આ ધમાલમાં મૃત્યુ પામે છે. છતાં અન્યાય સામે ચલાવેલી ઝુંબેશનો કોઈનેય રતિભર રંજ નથી.

સુમિત્રાના મૃત્યુના સમાચાર આંચકો આપે છે. કરુણ વાતાવરણ સર્જે છે. આનંદગ્રામના સભ્યો જેટલું જ દુઃખ ભાવક અનુભવે છે કેમકે વસુધા તો પછીથી સાચી સ્ત્રી બનવાનું નક્કી કરે છે. સુમિત્રા તો પહેલેથી જ છે. એજ પ્રમાણે જીવી છે. દહેજ જેવી કુપ્રથા વિરુદ્ધ લડત આપે છે. જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે. આ ઉપરાંત પણ એવા કેટલાક પ્રસંગો છે જેમાં કરુણતાનું તત્ત્વ જોવા મળે છે. ભાવક પાત્રના દુખે દુઃખી થાય છે લાગણી અનુભવે છે. એમના પતિનું હ્રદયરોગના હુમલાને કારણે અચાનક થયેલું મૃત્યુ એનાના જીવનને કરુણામય બનાવી દે છે. સાસુ તો વિપુલના મૃત્યુ માટે એનાને જ જવાબદાર ગણે છે. બહાર જતા લોકોના 'મહેણાં-ટોણાં' તેમજ આર્થિક પરિસ્થિતિ નબળી થતા એના તૂટી જાય છે. ત્યારે જયાબેનના ખોળામાં માથું મૂકી ડૂસકે ડૂસકે રડતી એનાને જોઈ વાચકની આંખ ભીની થયા વગર રહેતી નથી. જોકે એના પરિસ્થિતિ સામે લડે છે. સાસુ ના વિચાર બદલવામાં પણ સફળ રહે છે. પછી તો સાસુ-વહુ વચ્ચે આત્મીય સંબંધ બંધાય છે. જયાબહેન એના અને વિનોદના સંબંધને પણ સ્વીકૃતિ આપે છે. અને આમ તો, સૌથી મોટી કરૂણ ઘટના રત્ના બળાત્કારની કહેવાય પરંતુ એથી વધુ દુઃખ સુમિત્રાના મૃત્યુનું થાય છે.

## 'સાત પગલાં આકાશમાં' - પ્રણય :

વસુધાના પાત્ર પરિચયમાં તેની મનોવાણી વધુ પ્રગટ થઈ છે. ઘણી બધી વાતો તથા વિચારો તેના મનમાં દફન છે. આદિત્ય પણ તેમાંથી જ એક છે. લગ્ન પહેલા તેના પડોશમાં રહેતો હિમાલયપ્રેમી આદિત્ય વસુધા સમક્ષ હિમાલય ની વાતો કરતો એ સાંભળવું તેને ખૂબ ગમતું. આદિત્યની આ વાતોએ તેને મોહી લીધી હતી જોકે આ વાતનો ખ્યાલ તેને બહુ મોડો આવ્યો હતો. ત્યાં સુધી તો તેના લગ્ન વ્યોમેશ સાથે નક્કી થઈ ગયા હતા. લગ્ન પછી વસુધાના વ્યસ્ત ગૃહસ્થ જીવનમાં તેના હ્રદયમાં ઘરોબાઈ રહેલા પ્રેમ એકાદ-બે વાર ડોકિયું પણ કરે છે. આદિત્યનો વિચાર આવતા જ તેના મુખ પર સ્મિત ફરકી જાય છે. વસુધા તેના મન સાથે વાતો કરતા કહે છે. 'કોઈક વાર મળીશ તને આદિત્ય, તારા ખબર કાઢીશ, તારી પાસેથી હિમાલયની વાતો સંભાળીશ....કોઈ વાર....' હમેશ મન મારીને જીવતી તેમજ ના ખુશ રહેતી વસુધાને કથાના અંતમાં યોગાનુયોગ આદિત્યનો ભેટો થાય છે. અને જીવનના પાછલા વર્ષોમાં તેને આદિત્યનો સાથ મળી રહે છે. ત્યાર પછી હંમેશા આકાશને નિરખતી વસુધા તેના પ્રેમી સાથે હિમાલયની વાદીઓમાં હરહંમેશ માટે પહોંચે છે.

વાસંતી અને સતીશનો પ્રણય લગ્નસંબંધ સુધી પહોંચે છે. પહેલા તો ક્યારેક વાસંતીને પન્નાલાલ દોષની પંક્તિ "બજાતે બજાતે ઠાકુર મિલ જાયેંગે" 'યાદ આવતી તો ક્યારેક સતીશ કબીર ની પંક્તિ ફેરવી ફેરવીને ગાતો "તારી આંખોમાં તું મને બંધ કરી લે" લગ્નના થોડા વર્ષો પછી વાસંતીની બ્રેસ્ટ કેન્સરની બીમારી તેમજ સતીશનો સુગતી તરફનો વળાંક બંનેને છૂટા કરે છે. બીમારી સમયે વાસંતીને હૂંફ આપવાને બદલે સુગતીના પ્રેમમાં વિહાર કરતા સતીશ તેની પંક્તિનો ખરો અર્થ સમજાવે છે. તું બીજા કોઈને ન જુએ અને બીજું કોઈ તને ન જુએ પરંતુ પોતે તો બીજાને જોઈ શકે છે.

સુમિત્રા ટ્રાવેલ બ્યુરોના જાહેર સંપર્ક વિભાગમાં નોકરી કરતી હતી. ત્યાં તેની મિત્રતા દિલ્હીની ટિકિટ લેવા આવનાર અનિમેષ સાથે થાય છે. ધીમે ધીમે આ મિત્રતા પ્રેમમાં પરિણમે છે. બંને વચ્ચે નિકટતા વધતી જાય છે. અને માથેરાન જેવા સુંદર સ્થળ પર ફરવા ગયેલ આ યુગલ વચ્ચે બધી જ સીમાઓ તૂટી જાય છે. પરંતુ ફક્ત સુમિત્રા તરફથી રહેલ આ પ્રણય અનીમેષનું છળ કપટ બની રહે છે. અનિમેષ શારદા અને સુમિત્રા વચ્ચે રચાયેલ ત્રિકોણમાંથી સુમિત્રા આપોઆપ છૂટી જાય છે.

બેલા અને નિશાંત પણ પ્રેમ લગ્ન કરે છે. બેલા નૃત્ય કલા માં તો નિશાંત ચિત્રકલામાં પારંગત છે. પરંતુ બંને કલાપ્રેમીના પ્રણયની શરૂઆત "પ્રેમ તો અમે બંને એ કરેલો કલાને બંને ચાહતા હતા તો સ્ત્રી માટે જ પ્રેમનો અર્થ ત્યાગ કેમ ?"[૨૮] આ વાક્ય સાથે પૂરી થાય છે. અનિતા એક ડોક્ટર છે તે આલોક સાથે પ્રેમ લગ્ન કરે છે સુંદર દેખાતા આલોક પાછળ અનિતા ઘેલી થઇ ગઈ હતી. પરંતુ દસ વર્ષના લગ્નજીવન પછી આલોક બીજી સ્ત્રીનાં પ્રેમમાં પડે છે. અને તેમના લગ્ન નિષ્ફળ રહે છે. એ જ

રીતે એના-વિપુલ તેમજ વિનોદ-મલ્લિકા ના પ્રેમ લગ્ન પણ સફળ થતા નથી. આનંદગ્રામમાં એના અને વિનોદ ની જોડી બને છે. બંને એકબીજાને સમજી શકે છે. જેથી અકંઠ લાગણીથી જોડાય છે. ક્રાંતિકારી અલીના દૂર રહીને પણ કૃષ્ણન સાથે પ્રણય સંબંધ નિભાવી રાખે છે. ઈશા-સ્વરૂપ તેમજ આભા-ગગનેન્દ્રનો પ્રણય પણ સાચો અને નિષ્ઠાવાન જણાય છે. વ્યોમેશના જીવનમાં પણ વસુધા ઉપરાંત કોઈ સ્ત્રીનો પ્રવેશ થાય છે. પરંતુ વ્યોમેશના આ ચરિત્રને જાણે વસુધા અને આદિત્યના મિલનને યોગ્ય બતાવવા માટે ઘડવામાં આવ્યું હોય તેમ લાગે છે.

આમ આ કથામાં કોઈ ફિલ્મી પ્રેમ કે 'ઓથાર'માં નિરૂપિત સેજલ જેવો ગાંડો પ્રેમ કે અતૂટ અજોડ પ્રેમ જોવા મળતો નથી. પરંતુ મોટાભાગે કહેવાતા વાસ્તવિક પ્રેમની છબી પ્રગટ કરવામાં આવી છે. જેનો અંત હંમેશા સુખદાયક નીવડતો નથી. પ્રેમમાં નિષ્ફળતા અને છળ-કપટનો પણ સામનો થાય છે. તેવી વાસ્તવિકતા અહીં નજરે પડે છે.

## 'સાત પગલાં આકાશમાં' - કલ્પના જગત :

માનવીનું મન વાસ્તવિક જીવન કરતા અલગ જ ઝંખના ધરાવતું હોય છે. એ પ્રમાણે તેના મનમાં એક કલ્પનાસૃષ્ટિ રચાય છે. આ નવલકથામાં પણ વસુધા તેમજ અન્ય ત્રાસિત પાત્રોના મનને શાંતિ મળે તેવી આનંદગ્રામની રચના કરવામાં આવી છે. જ્યાં ખુલ્લું આકાશ જોવા મળે છે. પ્રકૃતિનો પરિચય કરાવતું અને દરિયા નજીકનું આનંદગ્રામ એક દ્વીપ જેવું સૌંદર્ય ધરાવે છે. સ્વરૂપે બનાવેલ 'ફૂલઘર'માં બેઠક યોજાતી અને દરેકને પોતાના વિચારો વ્યક્ત કરવાની તક મળતી દરેકને પોતાના આગવા ખંડ હતા. જેમાં તેમની પસંદગી અનુસાર ગોઠવણી થઇ હતી. સ્વરૂપના રૂમમાં પુસ્તકો દિવાલમાં સરસ રીતે ગોઠવાયા હતા. એશાએ નાની-માટીની એક કુટીર બનાવી હતી. અલોપાએ પોતાના રૂમમાં એક નાનકડી તખ્તી બારણા પર લગાડીને લખ્યું - "ઘરને સાચવવા-સમજાવવામાં ગળા લગી ડૂબી જતા નહીં, નહીં તો તમે તમારું અસ્તિત્વ ખોઈ બેસશો."[૨૯] અગ્નિવેશને બેકરી બનાવી હતી. રાસાયણિક ખાતર વાપર્યા વગર ફળ-ઝાડ ઉગાડ્યા હતા. તેમાથી તે જાતજાતના મોરબ્બા બનાવતો રસોઈઘરમાં દરેકના વારા હતા. કોઈનું અધિપત્ય કોઈના પર ન હતું. દરેક પાસે સ્વતંત્રતા નામનું ઘરેણું હતું. જયાબહેનના મૃત્યુ પછી તેમના રૂમમાં પહેલીવાર વસુધાને પોતાની ઇચ્છાનુસાર જીવવાનુ મન થાય છે. જયાબહેન કરતાય વધુ રોમાંચ વસુધા પોતાનો આગવો રૂમ પ્રાપ્ત કરીને અનુભવે છે. આમ, ફક્ત સ્ત્રીને જ નહીં પુરુષને પણ ઘણી વખત આવા જગતમાં રહેવાનું મન થાય છે. દરેકના જીવનમાં એવી કેટલીક પળો આવે છે. જયારે તે પોતાના મન પ્રમાણે ઉડવાની ઝંખના સેવે છે. આવી ઝંખનાની તૃપ્તિ માટે લેખિકા આનંદગ્રામની સ્થાપના કરે છે.

વસુધાના જીવનમાં ગૃહત્યાગ પછી યોગાનુયોગ ઘટનાઓ પણ લેખકની કલ્પનાસૃષ્ટિનું જ પરિણામ છે. જે આનંદ ગ્રામને કારણે જ શક્ય બન્યું છે. જ્યારે વસુધાનો ભેટો વર્ષો પહેલાં છૂટી પડેલી પોતાની બહેનપણી સુમિત્રા સાથે થાય છે ત્યારે તેના આનંદનો પાર રહેતો નથી. સુમિત્રાએ કહેલું વાક્ય – 'ફરી ક્યાંક જરૂર મળીશું'માં આ વાતનો અણસાર છુપાયેલો હતો. એ જ રીતે લેખિકા વસુધા અને આદિત્યનું મિલન પણ કરાવે છે. આમ, અહીં લેખિકાની ગોઠવણ સિદ્ધ થાય છે જે ઇચ્છા તૃપ્તિ માટે થયેલી જણાય છે.

## 'સાત પગલાં આકાશમાં' - વર્ણન :

આ નવલકથામાં લેખિકાનો હેતુ એટલે કે નારીકેન્દ્રી સમસ્યાઓ વિસ્તૃત રીતે આલેખિત થઈ જ છે. ઉપરાંત સ્થળ વાતાવરણ, વસ્તુ-વ્યવસ્થા નું વર્ણન પણ વિસ્તારિત રીતે જોવા મળે છે. તેમની વર્ણન કરવાની અનોખી રીત કથાની શરૂઆતમાં જ પ્રસ્તુત થઈ છે. "અમે બધા ત્યાં ટેબલ ફરતા બેસીને ચા પી રહ્યા હતા. સાંજ પડી ગઈ હતી સુરજ છેક દરિયા પર ઉતરી આવ્યો હતો. ક્ષિતીજ પરની નાની સફેદ વાદળીઓ સૂરજના તેજ થી ભડકી ઊઠી હતી. પણ સૂરજ તો કોઈનો સાદ સંભળાયો એમ ઝડપથી નીચે ખેંચાતો ગયો. અને જરાક વારમાં અદ્રશ્ય પણ થઈ ગયો. વાદળીઓ આશ્ચર્ય પામીને અચાનક આવી મળેલી ને તરત જ ખોઈ દીધેલી શોભા ડોક લંબાવીને શોધી રહી. દરિયો સહેજ ઉદાસ થઈ ગયો. વેગથી વહેવા લાગ્યો. આકાશમાંથી અંધારાએ ડોકિયું કર્યું."[30] આમ સુંદર સંધ્યા, સમય અને પ્રકૃતિની સુંદરતાને વ્યક્ત કરવામાં આવી છે.

લલિતાના ઘરની વ્યવસ્થા અને ગોઠવણનું વર્ણન જોઈએ : "સુઘડપણે ગોઠવાયેલા ઘરમાં સંપન્નતાની એક હળવી મુદ્રા હતી. ઝરૂખામાં જવાના બારણા પર ગાઢ લાલ રંગનો ભારે પડદો એટલી શાંત રીતે પડી રહેલો હતો કે તેને ક્યારેય ખસેડીને બારણું ઉઘાડવામાં આવતું નહીં હોય એમ લાગે. છતમાંથી બે સુંદર ઝુમ્મર લટકતા હતા. ખૂણામાં મોટા શેડવાળો ઊભો લેમ્પ હતો. દીવાલનો આછો પીળો રંગ નમેલી બપોરના અજવાળામાં સોનેરી અને જાજરમાન લાગતો હતો."[31] અહીં ઝરૂખાના પડદાની વાત કરી લેખિકા લલિતાની એ ઘરમાં સ્થિતિ પ્રતીકાત્મક રીતે સમજાવી દે છે. આગળ વધતા ખ્યાલ આવે છે કે લલીતા તેના પતિની ગેરહાજરીમાં ઝરૂખામાં પણ જઈ શકતી નહીં હોય.

આનંદગ્રામમાં મકાનોની વ્યવસ્થા તેમજ દરેકના આગવા રૂમની સજાવટ, સુંદરતા, અલગ અલગ ગોઠવણ જોઈએ : "આ મકાનમાં બહુ વસ્તુઓ કે અલંકાર નહોતા છતાં એક આગવી સુંદરતા હૂંફ અને શાંતિ તેમાં રહેલા હતા. તેની ઉપર વૃક્ષોની છાયા એવી રીતે ઝૂલી રહેતી જાણે ધરતી નો હાથ ઊંચો થઈને આશીર્વાદ આપતો હોય. સ્વરૂપના રૂમમાં પુસ્તકો દિવાલમાં એવી સરસ રીતે

ગોઠવાઈ ગયા હતા તે જાણે એ દીવાલ એમને માટે જ બની હોય. મેં વાસ-માટીની એક નાની કુટીર બનાવી હતી, ગારો લીધેલી ભોય, થોડા ફૂલ-છોડ, થોડા પુસ્તકો અને લેખનસામગ્રી અલોપા એ પોતાના રૂમમાં બહુ ઓછી વસ્તુઓ થી સુંદર સજાવટ કરી એક નાનકડી તકતી બારણા પર લગાડી લખ્યું - 'ઘર ને સાચવવા સમજવા-સમજાવવામાં ગળા લાગી ડૂબી જતા નહીં, નહીં તો તમે તમારું અસ્તિત્વ ખોઈ બેસશો."[૩૨] અલોપાનું આ વાક્ય સિમો-દ-બુવા નું હતુ. લેખિકાએ આ રીતે એક-બે ઠેકાણે સિમો-દ-બુવા લિખિત વાક્યનો ઉપયોગ કર્યો છે. જે પરિસ્થિતિને બંધ બેસે તેવા છે. ઘણી સ્ત્રીઓને સ્વતંત્ર-સ્વનિર્ભર થવાની આદત હોતી નથી. તેમને પહેલેથી જ એવી કોઈ તાલીમ હોતી જ નથી. આ અંગે લેખિકા કહે છે - "સિમો-દ-બુવાનું પહેલું પ્રસિદ્ધ વાક્ય એ બધા જાણતા હતા કે : સ્ત્રીઓ પુરુષોના આધિપત્ય સ્વીકારી લે છે. જેથી સ્વતંત્રપણે જીવન જીવવામાં જે સંઘર્ષ અને પરિશ્રમ કરવા પડે છે તે ટાળી શકાય."[૩૩] આ ઉપરાંત મુકત સહચારને સ્વાભાવિક ગણવા છતાં પતિ અને પત્નીને થતી ઇર્ષ્યા અને હતાશા સમજાવવા માટે પણ લેખિકા સિમો-દ-બુવા અને સાર્ત્ર તેમજ બર્ટ્રાન્ડ રસેલે અને તેમની પત્નીના ઉદાહરણ આપે છે.

આમ, લેખિકાની વર્ણન કરવાની રીત તેમજ ઉદાહરણ આપી વિસ્તાર રીતે કોઈ પણ મુદ્દા સમજાવવાની રીતને કારણે ભાવક સ્થળ-કાળ અને પરિસ્થિતિ તેમજ વિષયને સમજી શકે છે.

## 'સાત પગલાં આકાશમાં' - ભાષા :

સૌથી વધુ ફિલસુફી રીતથી લખાયેલ આ નવલકથામાં શુદ્ધ ગુજરાતી ભાષાનો ઉલ્લેખ જોવા મળે છે. તેમાં કોઈ બોલી સમાવિષ્ટ થતી નથી. પરંતુ શિક્ષિત કે અભણ વ્યક્તિ પણ રોજિંદી ભાષામાં અંગ્રેજી શબ્દો તથા વાક્યોનો ઉપયોગ કરતો હોય છે. એમ સ્વાભાવિક રીતે આ કથામાં પણ અંગ્રેજી શબ્દો કે વાક્યોનો ઉલ્લેખ જોવા મળે છે.જેમકે રૂટીન, વિવેર ઓફપિટિ પ્રોટેસ્ટ નોટ, મૂડ પોટેન્શિયલ, વિશ યુ ધ બેસ્ટ લક, 'આઈ વિલ બી ધ ફર્સ્ટ રીડર ઓફ ધી બેસ્ટ ઇન ધ હોલ વર્લ્ડ, વિમેન્સ બિલ, નેશનલ ઇનકમ બેટરીંગ, સેક્સ, બાયોલોજીકલ એ ટ્રેજડી, પેઈનગેસ્ટ, વિમેન્સ હોસ્ટેલ, ટ્રાવેલ બ્યુરો, લવ ઈસ અ મેની સપ્લેન્ડર્ડ, લેટ્સ ગો ટુ બેડ, 'અ કિંગ કેન ડુ નો રોંગ, સેવન નાઈટ્સ હાયર, રેડ મેક્સ ફોર રેડ'(અંગ્રેજી પંક્તિ), હી વોઝ અ વિક્ટિમ ઓફ હિઝ ઓન બિલિફ, ન્યુ કિલર ફેમેલી, હેડ ઓફ ધ ફેમેલી, પીક એક્સપીરીયન્સ, ઇનવોલ્વિંગ કોનસેપટસ, 'આર વી ધ ડ્રીમર ઓફ ધ ડ્રીમ્સ ?', નોબેલ પ્રાઈઝ, એક્સ્પર્ટીઝ, સિનર્જિક, સેડિસ્ટિક, આઈડેન્ટિટી ક્રાઈસિસ, 'વોટ અ ફોલ વોઝ ધેર, માઈ કન્ટ્રીવુમન!, બ્લેસિંગ ઇન ડિસ્ગાઈઝ, 'ધ હાર્ટલી રીસ્પેક્ટ અવર ડિઝાયર ઓર લેક ઓફ ઇટ', બોડી-ઓરીએન્ટેડ, 'વાટ અ પોએટિક ડેથ!' વગેરે જેવા શબ્દો-વાક્યો દ્વારા અંગ્રેજી ભાષાનો ઉપયોગ જોવા મળે છે.

આ કથામાં કહેવત તથા રૂઢિપ્રયોગોનો ઉપયોગ પણ થયો છે. જેમ કે 'કમ ખાના ઓર ગમ ખાના', 'બૈરાની બુદ્ધિ પગની પાનીએ', 'ભાઈનું મન ખગોળ અને ભૂગોળ માં', 'બાઈનુ મન રસોડામાં'. 'એક ભવમાં બે ભવ કર્યા', 'ફૂલ બનતા પહેલાં જ કળી ખરી પડી' આ ઉપરાંત કાવ્ય તેમજ કાવ્યપંક્તિઓનો ઉલ્લેખ થયેલ છે.

પન્નાલાલ ઘોષની પંક્તિ : "બંસી બજાતે બજાતે ઠાકુર મિલ જાયેંગે"

કબીરની ફેરફાર થયેલ પંક્તિ : "તારી આંખોમાં તું મને બંધ કરી લે"

અંગ્રેજી પંક્તિ : "સેવન નાઈટ્સ હાયર, રેડ મેક્સ ફોર ડે"

ગુજરાતી ગીતની પંક્તિ : "સોડમાં લીધા લાડકડી, આંખ ભરી પીધા લાડકડી"

નરસિંહ મહેતાકૃત ભજનની પંક્તિ : 'અખંડ સૌભાગી અમને કીધા'

ધૂન : "ૐ શિવ ૐ શિવ પરાત્પરા ૐ કારા શિવ તવ શરણમ..."

ટાગોરની કવિતા : "રાન્નાર પોરે ખાબા, ખાબાર પેરી શન્ના." અર્થ-રાંધીને જમવું અને જમ્યા પછી વળી રાંધવું.....

આ રીતે એક ગૃહિણીની કથા કે તેને વ્યાખ્યા આપવાનો પ્રયત્ન પણ થયેલ છે.

આ નવલકથામાં સ્થાપિત મુદ્દા(Topic) સમજાવવા જે તે મુદ્દા પ્રમાણે ફિલસૂફી વાક્ય આલેખિત છે. થોડાક ઉદાહરણ જોઈએ :

"વસ્તુના ભોગવટામાં આનંદ છે, તેમ તેનો ત્યાગ કરવામાંયે એક પ્રકારનો સંતોષ હોય છે."[૩૪]

"સ્ત્રી-પુરુષનો સંબંધ સમાનતા અને સ્વતંત્રતાની ભૂમિમાં ઉગેલો ગુલાબનો છોડ નથી; એ શોષક અને શોષીતની રસહીન ધરતીમાં ઉગેલું કાંટાળું પુષ્પ છે."[૩૫]

"સ્વતંત્રતાની ઈચ્છા એક આદિમ ઈચ્છા છે અને પ્રેમની ઈચ્છા પ્રેમ આપવાની ને પામવાની ઈચ્છા-મનુષ્યના મનુષ્ય હોવાપણાના મૂળમાં છે."[૩૬]

"વાસણ તૂટે ત્યારે તેનો અવાજ થાય છે. હૃદય તૂટે ત્યારે અવાજ તો થતો હશે, પણ બધાને એ સંભળાતો નહીં હોય."[૩૭]

આમ, આવી ઘણી પ્રણય ફિલસૂફીનો ઉપયોગ પણ જોવા મળે છે. કથાની લોકપ્રિયતામાં વધારો થાય છે. આવા વાક્યો ભાવકને પસંદ પડે છે. અને જેમ ફિલ્મી ગીતો કે કાવ્યપંક્તિનો ઉપયોગ વ્યક્તિ રોજિંદા જીવનમાં કરતો હોય છે. તેમ ઘણીવાર આવા વાક્યોનો ઉપયોગ પણ પોતાના ભાવ સમજાવવા માટે કરે છે.

## ઉપસંહાર :

આમ, આ નવલકથામાં મુખ્ય પાત્ર વસુધા તેમજ અન્ય ગૌણ સ્ત્રી પાત્રો દ્વારા અનેક સમસ્યાઓને વર્ણવી છે. અઢળક પાત્રોનું નિરુપણ અને દરેક પાત્ર થકી એક સમસ્યાનું આલેખન સંઘર્ષની ભૂમિકા રજૂ કરે છે. પરંતુ દસ્તાવેજીકરણને કારણે કૃતિ સાહિત્યતા ગુમાવે છે. નરેશવેદ અધીતપર્વના પોતાના લેખમાં જણાવે છે કે "કળાની ભૂમિકાએ પ્રશ્ન અહીં ચર્ચા યોગ્ય છે. સ્ત્રીજીવનની સમસ્યાઓને મુદ્દા તરીકે ખપમાં લેવાય છે. વિષયવસ્તુ(Theme) તરીકે નહીં" આમ, સ્ત્રીસમસ્યાઓને પ્રકાશિત કરવા જતા લેખિકા કોઈ સત્ય સુધી પહોંચી શકતા નથી તેમ છતાં સ્ત્રી-પુરુષના પારસ્પરિક સબંધો તથા પારિવારિક સામાજિક પ્રશ્નો અને દરેક પ્રકારની, દરેક ઉંમરની સ્ત્રી ને લાગુ પડતા પ્રશ્નોને કારણે કથા લોકપ્રિયતા પામી છે. કેમકે આગળ જણાવ્યું છે. તેમ સ્ત્રી-વાચક પોતાના જીવનને કથામાં નિરૂપિત પાત્રના જીવન સાથે સરખાવી તેની સાથે આત્મીયતા કેળવે છે. અને ઘણીવાર સમસંવેદન પણ અનુભવે છે.

કથાના સમયની વાત કરીએ તો આ કથા ૧૯૮૨માં રચાઈ છે. ત્યાર પછી અત્યારના સમય સુધી દરેક ક્ષેત્રે ઘણું પરિવર્તન આવ્યું છે. તેથી તે સમયના વાચકોને કથાની સમસ્યાઓ પ્રસ્તુત રીતે યોગ્ય જણાય પરંતુ અત્યારના વાચકને કથાની કેટલીક સમસ્યાઓ અપ્રસ્તુત લાગે એમ બની શકે છે.

## પાદટીપ :

૧. 'સાત પગલાં આકાશમાં', કુન્દનિકા કાપડીઆ, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, અઢારમી આ. ૨૦૧૭, પૃ. ૧૩
૨. એજન, પૃ. ૦૮
૩. એજન, પૃ. ૦૮
૪. એજન, પૃ. ૦૧
૫. એજન, પૃ. ૩૧૪
૬. એજન, પૃ. ૫૪
૭. એજન, પૃ. ૭૮
૮. એજન, પૃ. ૧૦૭
૯. એજન, પૃ. ૩૦૯
૧૦. એજન, પૃ. ૩૭૫
૧૧. એજન, પૃ. ૨૪૬
૧૨. 'અધીત : પર્વ-૧', સં. જે. એમ. ચંદ્રવાડિયા અને અન્ય, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૨, પૃ. ૮૧

૧૩. 'સાત પગલાં આકાશમાં', કુન્દનિકા કાપડીઆ, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, અઢારમી આ. ૨૦૧૭, પૃ. ૦૬

૧૪. એજન, પૃ. ૧૦

૧૫. એજન, પૃ. ૭૬

૧૬. એજન, પૃ. ૧૭૮

૧૭. એજન, પૃ. ૧૯૫

૧૮. એજન, પૃ. ૨૪૩

૧૯. એજન, પૃ. ૩૦

૨૦. એજન, પૃ. ૩૩

૨૧. એજન, પૃ. ૫૧

૨૨. એજન, પૃ. ૮૩

૨૩. એજન, પૃ. ૭૩

૨૪. એજન, પૃ. ૧૮૨

૨૫. એજન, પૃ. ૧૮૯

૨૬. એજન, પૃ. ૨૨૦

૨૭. એજન, પૃ. ૨૧૩

૨૮. એજન, પૃ. ૧૭૪

૨૯. એજન, પૃ. ૨૩૨

૩૦. એજન, પૃ. ૦૧

૩૧. એજન, પૃ. ૯૩

૩૨. એજન, પૃ. ૨૩૨

૩૩. એજન, પૃ. ૨૦૮

૩૪. એજન, પૃ. ૨૦

૩૫. એજન, પૃ. ૧૫૬

૩૬. એજન, પૃ. ૨૨૩

૩૭. એજન, પૃ. ૨૫૩

## ૩.૨ : પીળા રૂમાલની ગાંઠ

**- હરકિશન મહેતા**

### સર્જક પરિચય :

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ઘણી લોકપ્રિય નવલકથાનું પ્રદાન કરનાર લોકપ્રિય લેખક હરકિશન મહેતાની પહેલી નવલકથા 'જગ્ગા ડાકુના વેરના વળામણાં' છે. આ ઉપરાંતનું તેમનું સાહિત્ય સર્જન આ પ્રમાણે છે :

- 'અંત આરંભ : ૧-૨,'
- 'લયપ્રલય : ૧-૨-૩',
- 'મુક્તિબંધ : ૧-૨',
- 'વંશ વારસ : ૧-૨-૩',
- 'પીળા રૂમાલની ગાંઠ : ૧-૨-૩',
- 'ડૉ. રોશનલાલ',
- 'જોગ-સંજોગ',
- 'ભેદભરમ',
- 'પ્રવાહ પલટાયો',
- 'સંસારી સાધુ',
- 'ભાગ્ય સૌભાગ્ય',
- 'ચંબલ તારો અજંપો : ૧-૨-૩',
- 'જડ ચેતન : ૧-૨',
- 'વેરનાં વળામણાં : ૧-૨-૩,'
- 'તરસ્યો સંગમ : ૧-૨,'
- 'શેષ-વિશેષ : ૧-૨',
- 'સંભવ-અસંભવ',
- 'પાપ પશ્ચાતાપ',
- 'દેવ-દાનવ',
- 'માણસ નામે ગુનેગાર',
- 'સાગરને ખોળે ૩૨ દિવસ',

- 'સ્વીડન સોનાનું પીંજર',
- 'વાદ-સંવાદ',
- 'વેદના-સંવેદના',
- 'સીયામી જોડીયા'.

'જગ્ગા ડાકુના વેરના વળામણાં' પછી હરકિશન મહેતાની 'પીળા રૂમાલની ગાંઠ : ૧-૨-૩' પણ બેસ્ટ સેલર (લોકપ્રિય) રહી ચૂકી છે. જેની લોકપ્રિયતાના તત્ત્વોને આધારે અહીં તપાસ કરવાનો ઉપક્રમ છે. હરકિશન મહેતાકૃત આ નવલકથા ત્રણ ભાગમાં વિસ્તારિત છે. 'ચિત્રલેખા'માં પ્રસ્તુત થયેલ આ ધારાવાહી નવલકથા ૯૯૨ જેટલી પૃષ્ઠસંખ્યા ધરાવે છે. તેની પ્રથમ આવૃત્તિ ૧૯૭૦ માં પ્રગટ થઈ હતી.

## 'પીળા રૂમાલની ગાંઠ' - કથાવસ્તુ :

બસો વર્ષ પહેલાંની એક હકીકતને આ નવલકથામાં સ્થાન મળ્યું છે. કેટલીક પરિસ્થિતિઓની કલ્પના કરી ઐતિહાસિક સત્ય ઘટનાને લેખકે વાચા આપી છે. કર્નલ મૅડૉઝ ટેલરના પુસ્તક 'કન્ફેશન ઓફ ઠગ'થી પ્રભાવિત થઈને તેમણે 'પીળા રૂમાલની ગાંઠ'ની રચના કરી છે. જેમાં અમીરઅલી નામના ઠગે પોતાના અપરાધોની કબૂલાત કરી છે. તેની જ જીવનકથાનું આલેખન આ નવલકથામાં છે. બસો વર્ષ પહેલા કેટલાય લોકો ઠગોનો ભોગ બનતા હતા. ત્યારે "અંગ્રેજો દેશ પર પોતાનું વર્ચસ્વ વધારવામાં પડ્યા હતા, અને રાજાઓ એમના રાજ્ય સાચવવાની ખટપટમાં ડૂબેલા હતાં. એવા નધણિયાતા અમલના અરસામાં તો ઠગ લોકોએ કાળો કેર વર્તાવ્યો હતો. ઈ.સ. ૧૮૦૦ થી ૧૮૨૫ વચ્ચેના ગાળામાં દર વર્ષે હજારોના હિસાબે જે ઠંડી કતલો થઈ હતી તેનો અંદાજ કાઢવાનું પણ અશક્ય બન્યું."[૧] આમ, પ્રસ્તુત નવલકથામાં આ વિષયનો આધાર ન લેવાયો હોત અથવા ઠગ એકરાર ન થયો હોત તો આવી ઐતિહાસિક કથા કાળના પ્રવાહમાં દબાઈ ગઈ હોત. તે સમયના રાજાઓ પણ પોતાનું નજરાણું લેવા ઠગના ધંધાને જાણતા હોવા છતાં આંખ આડા કાન કરતા. અને જ્યારે કોઈ ઠગ પકડાતો તો પ્રજાની વાહ-વાહી લેવા તેમને કારમી સજા ફટકારતા. અહીં જાલોન અને શિવપુરીના રાજા તેનું ઉદાહરણ છે. એક ઠગ હોવા છતાં પણ કથાનો નાયક અમીરઅલી છે. ગળામાં રૂમાલ નાખીને શ્વાસ રૂંધીને સેંકડો હત્યા કરનાર ઠગ ટોળકીના જમાદાર અમીરઅલીના જીવનને નિર્દેશતી તથા ભયાનક અને કરુણ ઘટનાઓનું આલેખન આ નવલકથામાં થયું છે, તે ભાવકના હૃદયને હચમચાવી નાખે. ભાગ-૩ માં તો આંખ ભીંજાયા વિના રહેતી નથી.

ભાગ-૧ અને ભાગ-૨ માં અમીરઅલી ક્યાંથી આવ્યો ? તેના ઠગ અને ઘાતકી બનવા પાછળના કારણો કયાં છે ? તે જાણવા મળે છે. એક રૂઆબદાર પઠાણ બનવાના ભવિષ્યમાંથી પળભરમાં જ તે એક ઠગ મુસલમાનમાં સરી પડે છે. આ ઠગ-જીવનની સફરમાં તેને કેટલું સાંપડ્યું ? કેટલું ગુમાવ્યું ? તેનો નિર્દેશ અહીં કરવામાં આવ્યો છે. ભાગ-૨ માં અફલા સાથેનો તેનો મનભેદ અને મતભેદ આગળ જતા કેવી પરિસ્થિતિનું સર્જન કરશે ?, પોતાનો દીકરો બનાવવા માટે નક્કી કરેલા માસૂમ બાળકના કટકે કટકા કરી નાખનાર અમીરઅલીનો સાથ તેનો મિત્ર અફલો ક્યારેય સ્વીકારશે કે નહીં ? વગેરે જેવા પ્રશ્નો જોવા મળે છે. અને એમ ભાવકના મનમાં અમીરઅલીની ખરાબ છાપ સાથે આ ભાગનો અંત આવે છે. જે ભાગ-૩ ની કથામાં ઉકેલાય છે. અમીર ઇસ્માઇલનો દીકરો નથી. એ રહસ્યની જાણ લેખક ભાવકને તો તુરંત જણાવી દે છે. પરંતુ અમીરઅલીને જણાવવા માટે ભાગ-૩ સુધી પ્રતીક્ષા કરાવે છે, કોઈ ઉતાવળ કરી નથી. આમ, સૌથી મોટું અને મુખ્ય આ અને આવા ઘણાં રહસ્યો કથાના અંતભાગ સુધી જુદી રીતે જળવાઈ રહ્યાં છે. અમીરઅલી તેના જીવનના કડવા સત્ય સુધી ક્યારે પહોંચશે ? પહોંચશે કે નહીં ? તેની રાહ જોતો ભાવક તે દરમિયાનના અનેક સંબંધો, અનેક હત્યાઓ, ઘાતકી કૃત્યો વગેરેમાંથી પસાર થઈ મૂળ સુધી પહોંચતો જાય છે. સૌથી કરુણ ભાગ-૩ માં અમીરઅલીની પશ્ચાતાપની પીડા, તેના કર્મોનું આખરી પરિણામ, તેના જીવનની અને કથાની અંતિમ ક્ષણો એવી કરુણામય રીતે આલેખાઈ છે કે અમીરઅલીનું ક્રૂર પાત્ર ભાવકના મનમાં દયનીય બને છે અને પોતાનું સ્થાન ઊભું કરી શકે છે

**પાત્ર પરિચય :**

આ નવલકથામાં અમીર, તેની નાની બહેન, અઝીમાં, ગણેશા, ઈસ્માઈલ, મરિયમ, ફાતિમા ડોશી, જોહરા, વિલિયમ સ્લીમન, શિરીન, ગુલબદન, અફલો, સ્લીમનની પત્ની એમિલી, યુસુફ, શંભુસિંહ, દેવીસિંહ, શબ્ઝીખાન, ગફુરખાં, રામદીન, ઉસ્માન, ચિત્તુ પિંઢારો, બટૂનાથ, મોતીરામ, મુનશી, પીરખા, રોશન વગેરે જેવા અઢળક પાત્રોનો અહીં સમાવેશ થયેલો છે. જેમાં અમીરને મુખ્ય નાયક તરીકેનું પાત્ર કહી શકાય. અમીરના જીવનની આસપાસ અઢળક ઘટનાઓનું આલેખન કરી કથાને ઓપ આપવામાં આવ્યો છે. અમીરના જીવનની મુખ્ય ઘટના પ્રથમ ખંડમાં, ચારેક વર્ષની ઉંમરે જ એના પઠાણ માતા-પિતાથી છૂટો પાડી દેવાયો. નાનું બાળક હંમેશા નિર્દોષ હોય છે. એના સ્વભાવમાં કપટ, ઈર્ષ્યા, ખુન્નસ આદિ દુર્ગુણો હોતા નથી. પરંતુ સગા મા-બાપનો સાથ છોડી તે ઈસ્માઈલને બાપ માની મોટો થાય છે. જ્યાં સુધી તે તેના બાપના ધંધામાં જોડાતો નથી ત્યાં સુધી તે યોગ્ય અને સંસ્કારી પુરવાર થાય છે. જે ગુલુ પ્રત્યેની લાગણી, શિરીનને બચાવતી ઘટના વગેરે પ્રસંગો

પરથી તારવી શકાય છે. પરંતુ આટલો સારો છોકરો ઠગ થવાના રસ્તે કેમ ચડી ગયો ?, તે તેના પિતાને ના કેમ ન પાડી શક્યો ? તેના માટે લેખકે તેના મનોજગતની સ્થિતિ વિષમ રીતે સર્જી છે. તેની માતા મરિયમનું મોત, તેનો પહેલો પ્રેમ-ગુલુનું મોત, શિરીનચાચીનું મોત અને તેની એકલતા. આ બધા નબળા પાસા તેને ભય તરફ ધકેલે છે. પિતા જ્યારે શરત મૂકે છે ત્યારે પિતાનો સાથ તેમની છત્રછાયા છૂટી જવાનો એક ડર છે. જે આ ખરાબ રસ્તો અપનાવવા માટે કામ કરી જાય છે. ગુલુનું હાથી થતા દ્વારા મોતની ઘટના સમયે જ અમીરના બે ગુણનો પરિચય લેખક કરાવી દે છે. એક તો ગુલુ પ્રત્યેનો પ્રેમભાવ અને હાથીને મારવા માટે કુદી પડેલો તેથી તેની શૌર્યતા. અમીરની વાત કરીએ તો જે અમીરનું દિલ ગફુરખાંના ક્રૂર કારનામાં જોઈને હચમચી જાય છે. અને તેને કાવતરું ઘડી મારી નાખે છે. તે અમીરનું દિલ જે બાળકને દીકરો બનાવવા માંગતો હતો એ જ બાળકના બેશરમીથી ટૂકડે ટૂકડા કરી નાખવામાં જરાય ખચકાતું નથી, ત્યારે તેના માટે જાગેલી વાચકની સંવેદનાને ફરી એકવાર ઠેંસ પહોંચે છે. અલબત્ત અંતને કરુણ સ્વરૂપ આપી લેખક ભાવકના હૃદયમાં અમીર માટે જગ્યા બનાવવામાં સફળ રહ્યાં છે. અમીરના પાત્રની ખાસિયત એ છે કે તે હિંસા અને ક્રુરતાની સીમા પાર કરી નાખે છે. છતાંય તેના હૃદયના ખૂણામાં પડી રહેલ સંવેદના કથામાં ક્યાંકને ક્યાંક ડોકિયું કરી દે છે, અને કથાને અંતે તો તેની સંવેદનાનું પૂર્ણ સ્વરૂપ જોવા મળે છે.

અમીર જેવો જ તેનો એક સાથી પીરખા નામના પાત્રનું ચિત્રણ પણ કંઈક આવું જ છે. કેટકેટલાયના ગળામાં રૂમાલ ભેરવનારનો ભાણેજ જ્યારે ચાર મુસાફરોના મૃત્યું જોઈ આઘાતથી મરી જાય છે ત્યારે તે ઠગગીરી છોડીને ખુદાની બંદગીમાં ચાલ્યો જાય છે. સરફરાજ નામનું પાત્ર પણ આ રીતે જ ફકીર બની જાય છે. જે કરીમાને તે પત્ની બનાવવા માંગતો હતો તેની જ હત્યા પોતાના હાથે થયા પછી તેને જીવનમાં કોઈ રસ રહેતો નથી.

અમીરની બહેન જેને બાળપણમાં અમીરે ઢબુ મોકલ્યો હતો. એ બહેનની હત્યા પણ અમીરના હાથે જ થાય છે. આમ તો તેનામાં ક્યાંકને ક્યાંક બહેનના નામની સંવેદના આછી-પાતળી દર્શાવાઈ છે. પરંતુ સગી બહેનની સામે અમીરની સંવેદના હારી જઈ તેનામાં રહેલો શેતાન જીતી જાય છે. આજ શેતાન બહેન માટેની પ્રીતિ જન્મવા દેતો નથી.

જોહરા-અમીરની પ્રેમિકાનું પાત્ર પણ અમીરના જીવન સાથે જોડાયેલ છે. અને અમીરનું પ્રેમ પ્રકરણ યોગ્ય રીતે ચાલ્યું જાય છે. પરંતુ સંજોગો એવા બને છે, કે બંને છૂટા પડે છે. પરંતુ તેના પેટમાં અમીરના પ્રેમની નિશાની છે. જોકે આ હકીકત છુપાવીને તે એક પઠાણને પરણે છે. એ જ પઠાણ, જોહરા અને તેના પુત્ર યુસુફ સફરે નીકળે છે ત્યારે અમીરની ઠગ ટોળકી તેમના શિકાર તરીકે પસંદ કરે છે. પઠાણને વાતોમાં લેવા માટે અમીર તેની કથની કહી સંભળાવે છે. જેથી પઠાણને ખ્યાલ આવી જાય છે કે યુસુફ તેનો દીકરો નથી. અને અમીરની ટોળકી એ લોકોનો શિકાર કરે તે પહેલાં પઠાણ જ

જોહરા અને યુસુફને બેરેહમીથી મારી નાખે છે. આ રીતે જોહરાના પ્રાણ ગયા પછી અમીરને હકીકતનો ખ્યાલ આવે છે. આમ, જોહરા એક ગાનારી અને જીવનના ગૂંચડામાં સપડાયેલું સ્ત્રીપાત્ર છે. જોહરાના ખૂનના બદલાનો ભાવ અને અંદર રહેલો ઠગ બંને ભેગા થઈ જોહરાના પતિ પઠાણને અમીર મોતને પાર ઉતારે છે, ત્યારે વિલિયમ સ્લીમનના હાથે એ પકડાઈ જાય છે.

કથાના ત્રીજા ભાગમાં સ્લીમનનું પાત્ર સતીપ્રથાના વિરોધમાં તેમજ ઠગોને પકડવાના સારા કામ માટે નિરૂપિત થયેલ છે. એમિલી નામની 20 વર્ષની યુવતી સ્લીમનના સાહસભર્યા કામ જોઈને પ્રભાવિત થાય છે અને બેવડી ઉંમરનો તફાવત હોવા છતાં તે સ્લીમનની પત્ની બને છે. સ્લીમન અને ફિરંગીઆ વચ્ચેનો સંઘર્ષ વિસ્તૃત રીતે આલેખી લેખકે સ્લીમનને એક હીરોના પાત્ર તરીકે વધારે ઉપસાવ્યું છે. તેને પાંચ વર્ષનો પુત્ર પણ છે. તેને જોઈને અમીરઅલી લાગણીશીલ બની જાય છે.

અમીરઅલીને ઉછેરનાર માં મરિયમનું પાત્રાલેખન નવલકથાના અંતભાગ સુધી જોવા મળતું નથી. થોડા સમય પૂરતું જ ભાગ ભજવતું આ પાત્ર પતિ ઠગ હોવાની ફતિમા ડોશી દ્વારા જાણ થતાં તેનું આઘાતથી મૃત્યુ થાય છે. તેને સંતાન નથી, તેથી જ્યારે ઈસ્માઈલ તેના ખોળામાં અમીરને મૂકે છે ત્યારે તેનું માતૃત્વ ઉભરાય છે. અને સગા દીકરાની જેમ જ અમીરને મોટો કરે છે. પોતાના પતિની કમાણી કોઈ સારા કામ થી જ થાય છે તેવા ભ્રમમાં જ તેનું જીવન પસાર થાય છે. પરંતુ સત્ય જાણતાં જ અંતે એ આઘાતનો ભોગ બને છે.

શિરીન એ મરિયમના ઘરમાં કામ કરતી નોકરાણી છે. તે પોતાના સારા સ્વભાવને કારણે મરિયમના ઘરની જ જણાય છે. તેના બે સંતાન છે ગુલબદન અને અફલો. જે સારી રીતે અમીર સાથે મિત્રતાના બંધનમાં બંધાયેલા છે. પરંતુ ગુલુ થોડા સમયમાં જ રાજાના પાગલ હાથીનો શિકાર બને છે. અફલો થોડા સમય પછી અમીર સાથે જ ઠગના ધંધામાં જોડાય છે. બંનેની દોસ્તીનો પાયો મજબૂત છે. પરંતુ અમીરની ક્રૂરતા વધતી જોઈ, એક બાળકની હત્યાની ઘટના સમયે એટલે કે બીજા ભાગના અંત સાથે અફલો અમીર સાથેની દોસ્તીનો પણ અંત આણે છે. અફલો દોસ્તીની સાથે ઠગનો ધંધો પણ છોડી જાય છે. અને બંનેની મિત્રતાને જ્યારે વાચક વીસરી જાય છે ત્યારે કથાના અંતભાગમાં અફલા અને અમીરનું મિલન લેખક શક્ય બનાવે છે.

મરિયમના મોત પછી શિરીન જ ઈસ્માઈલના ઠગ હોવાનું સત્ય જાણે છે. અમીરને શિરીન આ ધંધાથી દૂર રાખવા માંગે છે, પરંતુ વર્ષોથી ભીતરમાં પડી રહેલી સ્ત્રી-ઇચ્છાને વશ થઈ તે ઈસ્માઈલના ષડયંત્રનો શિકાર બની મોતને ભેટે છે.

ઈસ્માઈલને પણ તેના પાપ પોકાર્યા વગર રહેતા નથી. તેણે શિરીનની ઘરમાં હત્યા કરીને પોતાના જ ધંધાના નિયમનો ભંગ કર્યો હતો. આમ તો એ પહેલેથી જ અનીતિના માર્ગે હતો. પરંતુ

નિયમ તોડ્યાની સજા ભવાની માં આપશે એવી અંધશ્રદ્ધાને કારણે તેનું આંતરિક મનોબળ થોડું તૂટ્યું હતું. આ ઉપરાંત ઇસ્માઇલની ચતુરાઈ અને તેનો અભિનય બિરદાવી શકાય તેવો છે. અમીર સિંધિયાનો સેનાપતિ થવાની ઇચ્છા ધરાવે છે. પરંતુ તે દીકરા સામે એવો ભાવુક અભિનય કરે છે, જે પિતાના પ્રેમને તરછોડી શકતો નથી અને પિતા સાથે જ સામેલ થાય છે.

આમ, અહીં પાત્ર મુખ્ય હોય કે ગૌણ, થોડા સમય માટે હોય કે કથાના અંત સુધી એ કથાને ઘડવામાં, તેને આગળની દિશા ચીંધવામાં મદદરૂપ બન્યા છે.

## 'પીળા રૂમાલની ગાંઠ'માં રહેલા લોકપ્રિય તત્ત્વો :

આ નવલકથામાં રહસ્ય, હત્યા, આત્મહત્યા, બળાત્કાર, વિશ્વાસઘાત, આઘાત, ચોરી, લૂંટફાટ, ઘાતકી કૃત્યો, સામાજિક કુરિવાજો અને ખોટી માન્યતાઓ એટલે કે શ્રદ્ધા-અંધશ્રદ્ધા, કરુણતા વગેરે જેવા લોકપ્રિય તત્ત્વો સમાવિષ્ટ છે. જેને કારણે નવલકથા લોકપ્રિય બની શકી છે. નવલકથામાં દરેક ઘટના પ્રમાણે ઘટના દર્શાવતા ચિત્રનુ આલેખન પણ જોવા મળે છે. જે સૌથી મોટું આકર્ષિત તત્ત્વ બની રહે છે.

## રહસ્યો :

આ નવલકથામાં ઘણાય રહસ્યો એવા જણાય છે જેને કારણે ભાવકની ઉત્સુકતા ટકી રહે છે. અમીર કોનો છોકરો છે ? એવી ગામ લોકોની પૂછપરછ ઈસ્માઈલને અકળાવી મૂકે છે, ત્યારે ઠગ ઈસ્માઈલ ગામ છોડી 'મુરનાઇ' જવા તૈયાર થઈ જાય છે. મરિયમ પણ તેની વાતમાં સહમત થાય છે. ત્યારે લેખક એક વાત નોંધે છે : "મરિયમે રાજી થઈને સંમતિ આપી દીધી, પણ કોને ખબર હતી કે જિંદગીનો સૌથી મોટો આઘાત ત્યાં જઈને જીરવવાનો હતો ?"[૨] અહીં એવો તો કયો આઘાત જીરવવાનો આવશે ? આ પ્રશ્ન રહસ્યમય બની રહે છે, અને તેને પણ પ્રકરણના અંતમાં લેખક મૂકી આપે છે. પણ એ પહેલા આગળનુ પ્રકરણ વાંચવાની ભાવકને તાલાવેલી રહે છે. અને એ કયો આઘાત? તેનો સ્ફોટ કરવા માટે મરિયમની માસીબા ફાતિમા ડોશીને નિમિત્ત બનાવવામાં આવી છે. પરંતુ હજીય તે રહસ્ય મરિયમ અને શિરીન પૂરતુ સીમિત રહે છે. અને અમીર કોનો પુત્ર છે ? તેના માતા-પિતાની હત્યા કરનાર કોણ છે ? આ રહસ્ય ઈસ્માઈલ સફરેથી પાછો ફરે તે પહેલા જ મરિયમના મૃત્યુ સાથે તેની કબરમાં જ દટાઈ જાય છે. થોડા પ્રકરણમાંથી પસાર થતા વળી પાછું આ

રહસ્ય શિરીનના પાત્ર દ્વારા ડોકિયું કરે છે. પરંતુ ફરી તે તેની હત્યા હેઠળ દબાઈ જાય છે. ઈસ્માઈલ સફરેથી પાછો ફરે છે ત્યારે એ પણ વહેમમાં જ રહે છે કે મરિયમ પોતાની હકીકત જાણ્યા વગર જ અલવિદા કહી ગઈ. પરંતુ આ વાતને જાણનાર ફક્ત ફાતિમા અને મરિયમ જ નો'તા, શિરીન પણ તેમના સંવાદોની સાક્ષી હતી. અમીરને દીકરા જેવો માનનાર શિરીન ઇચ્છતી નથી કે તે પિતાના માર્ગ ઉપર ચાલે. અને તેનો એ નિષ્ફળ પ્રયાસ ઈસ્માઈલના હાથે પોતાના મોતનું કારણ બને છે. ત્યારબાદ અમીર પુરતું રહેલ રહસ્ય કે તેનો પિતા ઠગ છે અને પોતાને પણ ઠગ બનાવવા માગે છે, તેનો સ્ફોટ પ્રકરણ-૧૨માં થાય છે. અને ગેરસમજણમાં અમીરનું પોતાની માને આપેલું વચન 'હું મારા બાપુના રસ્તે ચાલીશ', અમીરને પણ ઠગ બનાવવા માટે નિમિત્ત બનાવે છે. આ પ્રકરણમાં પોતાનો બાપ ઠગ છે એ વાત જાણી અમીરને જેટલો આચકો લાગે છે તેટલો જ આચકો ભાવકને પણ લાગે છે. ધર્મ અને ફરજની આડમાં અમીરને સમજાવવાનો ઈસ્માઈલનો પ્રયાસ સફળ તો થાય છે. પરંતુ તેણે અત્યાર સુધી દાબી રાખેલું મુખ્ય રહસ્ય એનો પીછો છોડતું નથી. ક્યાંકને ક્યાંક તેની મુલાકાત એ રહસ્ય સાથે થઈ જાય છે, અને અમીર તે જાણી ન જાય એ ડર હંમેશા તેની સાથે રહે છે. પહેલા ફાતિમા, પછી શિરિન, પછી હૈદરાબાદમાં ઈદ પ્રસંગે મળેલો વળાવિયો અને પઠાણ, રોશનના પિતા મુખી આ દરેક પાત્રોથી ઈસ્માઈલ ભાગતો ફરે છે. પ્રકરણ-૨૯માં જ્યારે અમીર ડુંગરેથી માલ લૂંટી પરત ફરે છે ત્યારે ઈસ્માઈલ પઠાણના ઘરમાં અણધારી રીતે ફસાઈ જાય છે. તે કેમ ? કેવી રીતે ? તેની સ્પષ્ટતા લેખક કરતા નથી. એટલે ભાવકની ઉત્સુકતા તે જાણવા માટે ટકી રહે છે. એ જ રીતે પ્રકરણ-૩૧ના અંતમાં પણ અમીર જોહરાની માંને પરચો દેખાડવાનો દિલાસો લઈને જઈ રહ્યો હોય છે. અચાનક એક અવાજ સંભળાય છે, 'જનાબ જરા ઠહેરજો'. કોઈ અજાણી સ્ત્રી તેને રોકીને કહે છે, મારા માલકિન તમને મળવા માંગે છે. એ માલકિન કોણ હશે ? કેમ અમીરને આવું અણધાર્યું આમંત્રણ આપ્યું હશે? આવા પ્રશ્નો ઊભા થાય છે. આગળના પ્રકરણમાં આ પ્રશ્નોના જવાબ અઝીમાં રૂપે આવે છે. અને અમીરના જીવનમાં એક વળાંક આવે છે. તે તેની પત્નીરૂપે હંમેશ માટે અમીરના જીવનમાં સ્થાન પામે છે.

અમીર અને ઈસ્માઈલ સગા બાપ-દીકરા નથી. છતાંય અહીં તેમના જીવનમાં ઘણી બધી સામ્યતા આલેખાઈ છે. તેમના જીવનનુ ઠગ હોવાનું મહત્ત્વનું રહસ્ય, બંનેની પત્નીના મોતનુ કારણ બને છે. જે રીતે આઘાતગ્રસ્ત મરિયમ લકવાનો શિકાર થઈ મૃત્યુ પામે છે. એ રીતે અઝિમા પણ આઘાતથી જ મૃત્યુ પામે છે. આમ ભાવક માટેના નહિ, પરંતુ આ બે પાત્રો માટેના આ બે મોટા રહસ્યો ઇસ્માઇલ અને અમીરના જીવનનો આધાર છિનવી લે છે.

આ ઉપરાંત શિવપુરીના રાજા સજા રૂપે ઇસ્માઇલને મોતને ઘાટ ઉતારે છે. તે જ સમયે મુખીનું (રોશનના પિતા) પણ અવસાન થાય છે. ત્યારે કબ્રસ્તાનની બહાર નીકળતા અમીરને બદ્રી રોકીને

કહે છે કે, "બધાથી અલગ પડી જા...હું પેલી આંબલી નીચે આવું છું."[3] બદ્રીની આ હિલચાલ રહસ્યમય લાગે છે. કથાના પ્રવાહમાં આગળ વધતા જણાય છે કે આ રહસ્ય ઈસ્માઈલ વિરુદ્ધ બયાન આપનાર ઉસ્માનને મોતને ઘાટ ઉતારવાનું ષડયંત્ર હતું. આ ષડયંત્રના પથ પર ચાલતા એક બીજું રહસ્ય ઉઘાડું પડે છે, કે શિવપુરીના મુખીના કહેવાથી જ ફક્ત પાંચસો રૂપિયાની લાલચે ઉસ્માન ઠગ ટોળીમાં જોડાયો અને રાજા સમક્ષ તેના વિરુદ્ધ જુબાની પણ આપી.

અમીર અને અફલો જ્યારે મુંબઈ સફરે શિકાર કરવા નીકળે છે ત્યારે અફલો પોતાના જીવનના સૌથી મોટા રહસ્યનો સામનો કરે છે. આટલા વર્ષોથી લાપતા અફલાના પિતા કાસમ મુંબઈમાં એક નવું જ પરિવાર વસાવીને બેઠા છે. ઘણીય પૂછપરછ અને ધાકધમકીથી જાણવા મળે છે કે સમુદ્ર તોફાનમાં કાસમ તેની યાદશક્તિ ગુમાવી બેઠો છે અને પ્રકરણ-૬૩ના અંતે અમીરના મનમાં એક સવાલ જાગે છે : 'જો કાસમ એનો ભૂતકાળ ભૂલી ગયો હોય તો પછી એને પોતાનું અસલી નામ ક્યાંથી યાદ રહી ગયું ?' અને પ્રકરણના અંતનું આ રહસ્ય કથાના અંત સુધી રહસ્ય જ બની રહે છે.

અમરાવતીના કુબેરશેઠની મુલાકાત દરમિયાન અમીરને એક બુરખાવાળી સ્ત્રીનો ભેટો થાય છે. જે અમીરને ધ્યાનથી જોયા જ કરે છે. પ્રકરણ-૯૨ના અંતમાં તે રામુને અમીર વિશે પૂછપરછ કરે છે. ત્યારબાદ પ્રકરણ-૯૩માં કુબેરશેઠ સાથે પણ પૂછપરછ કરે છે. મુમતાઝ નામ ધરાવતી આ સ્ત્રીની પૂછપરછ રહસ્યમય જણાય છે, મુમતાઝ, તેનો પતિ, તેનો દીકરો યુસુફ અમીર સાથે શિકાર સ્વરૂપે સફરમાં જોડાય છે. અને શિકાર કરવાના અંતિમ પળે મુમતાઝની પૂછપરછનું રહસ્ય ઊઘડે છે. મુમતાઝ એ જ અમીરની પ્રેમિકા જોહરા હતી અને 19 વર્ષનો તેનો દિકરો અમીરનો જ અંશ હતો. અહીં ભાવક કરતાંય વધારે આંચકો અને તેમના મૃત્યુ પછી આઘાત અમીરને લાગે છે. કથાના અંતભાગમાં અમીરઅલીના ચિત્રને કારણે ચિત્ર દોરનાર બરકત (અફલાનો દિકરો) છે. તે રહસ્ય અમીર સામે આવે છે. અને એ જ ચિત્રને કારણે અફલો અમીરઅલી સુધી પહોંચી શકે છે, અને અમીરની દીકરી માસુમા સમેત બરકતના કારણે દરેકનું પરસ્પર મિલન શક્ય બને છે.

## 'પીળા રૂમાલની ગાંઠ'માં હત્યા, આત્મહત્યા, ઘાતકી કૃત્યો ચોરી-લૂંટફાટ :

આ નવલકથામાં હત્યાઓના પ્રસંગો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. એમાં પણ મુસાફરોની હત્યાઓ વધુ જોવા મળે છે. કેટલાય મુસાફરો ઠગોના ભોગ બન્યા છે. આ હત્યારાઓમાં ઠગોના સરદાર ઈસ્માઈલ, ગણેશા, અમીરઅલી અને ફિરંગીઆ વગેરેના નામ મોખરે છે. તેમની સરદારી

હેઠળ કામ કરનારા બદ્રીનાથ, મોતીરામ, રામુ, પિરખા, નઝરઅલી, ગફુરખાં, દેવીસિંહ, શંભુસિંહ, અને રામદીન જેવા પાત્રો દ્વારા અનેક મુસાફરોની હત્યાઓનું આલેખન કરવામાં આવ્યું છે. મુસાફરોની હત્યાઓમાં શરૂઆત અમીરઅલીના માતા-પિતાથી જ થાય છે. તે કથામાં પહેલો શિકાર છે. ઠગો મુસાફરો વિશ્વાસમાં લઈ, તક મળતા જ તેમના ગળામાં હુક્કો લાવ, પાન લાવ, બીડી લાવ જેવા સંકેતો થતાં જ રૂમાલ ભેરવી ઠંડે કલેજે તેમની હત્યા કરતા. અને તેમની લાશો એક ખાડામાં દફનાવી દેવામાં આવતી. એથી મુસાફરોનો અત્તો-પત્તો હંમેશા માટે ખોવાઈ જતો. ઈસ્માઈલ નામનો ઠગ અમીરઅલીના માતા-પિતાની હત્યા કરી, અમીરને દત્તક લઈ પોતાનો દિકરો બનાવે છે. અહીંથી જ અમીરઅલીના જીવનમાં મોટો વળાંક આવે છે. ત્યારબાદ ગણેશપુરમાં એક શાહુકારનું પરિવાર, એ જ ગણેશપુરમાં એક સોદાગરને અમીર પોતાનો પહેલો શિકાર બનાવે છે. પ્રકરણ-૧૭ના અંતમાં તો અમીરનું ન ધારેલું ઘાતકી સ્વરૂપ જોવા મળે છે : “જનમ જનમના તરસ્યા આત્માની જેમ બીજો શિકાર ક્યારે કરું, એના વિચારમાં ઊંડો ઊતરી ગયો હતો.”[૪] શિકાર કરતી વેળાએ અમીરનું ખુન્નસ તેના ભીંસાયેલા દાંત, ફૂલેલા નાખોરા અને ઊપસી આવેલી કપાળની નસો ખુદાની બંદગી કરતા, સમયસર નમાઝ પઢતા અમીરનું એક નવું ક્રૂર રૂપ પ્રગટ કરે છે. અમીરે પહેલો, બીજો એમ એક પછી એક શિકાર કરવા માંડ્યા અને ઠગ વ્યવસાયમાં પ્રગતિ કરવા માંડી. બીજો શિકાર વીરસિંહ નામક મુસાફર ત્યારબાદ સરાઈગામમાં એક દલાલ, એ જ દલાલના ખજાનાની ગુફામા તેના બે સાથી, પહાડી શરીર ધરાવતો કદાવર સબ્ઝીખાન સિપાહી, સુબાહખાનને છોડાવવા માટે અનેક સિપાહીઓની હત્યા, અજાણતા પોતાની જ બહેનની હત્યા, પોતાના જ ઠગમિત્ર અંદીને પીડામાંથી મુક્ત કરવા તલવાર દ્વારા કરેલી હત્યા, ટિહરી ગામના શેખ નસરુદ્દીનને વેપારના બહાને ભોળવીને કરેલી હત્યા, ૫ વર્ષની જેલ ભોગવ્યા બાદ ગણેશાની સરદારી હેઠળ ૪ મુસાફરો અને તેમની હત્યા જોઇ ગયેલા બીજા બે મુસાફરોની ઘાતકી હત્યા, સ્લીમનના બાતમીદારો દેવીસિંહની ઘાતકી હત્યા; જોહરાના પતિ ખાન સાહેબની હત્યા અને એ જ ખાનસાહેબ દ્વારા જોહરા અને યુસુફની અત્યંત ઘાતકી હત્યા, ઇસ્માઇલના હાથે ઘરની જ કામવાળી શિરીનની હત્યા વગેરે જેવી અઢળક હત્યાઓનુ વર્ણન આ નવલકથામાં કરવામા આવ્યું છે. આ ઉપરાંત, અણધાર્યા મૃત્યુ જેમકે ગુલુનું પાગલ હાથીના પટકવાના કારણે મૃત્યુ, રોશનના પિતા મુખીનું મૃત્યુ, મરિયમ, અઝીમા વગેરેના મૃત્યુ કરુણ વાતાવરણ ઊભું કરે છે.

ચિત્તુ પિંઢારાના લશ્કરમાં ગફુરખાંની હત્યા અમીરઅલી ષડયંત્ર રચીને કરે છે. પરંતુ અહીં તેના વ્યક્તિત્વની છાપ બગડતી નથી, જે નોંધનીય છે. ગણેશા અને તેના જેવા અન્ય ઠગો તેમજ ચિત્તુ અને ગફુરખા જેવા ઘાતકી પિંઢારાઓ દ્વારા થયેલી ખુલ્લેઆમ કતલોનો નિર્દેશ ભાવકનુ કાળજુ થિજાવી દે તેવુ કમકમાટીભર્યો થયેલ છે.

સૌથી વધુ ઘાતકી કૃત્યોની વાત કરીએ તો અમીરના મા-બાપનો જ્યારે ઇસ્માઇલ અને ગણેશા શિકાર કરે છે. ત્યારે બંને વચ્ચેની ઝપાઝપીમાં અમીર ગણેશાના ગળામાં દાંત ખૂપાવી દે છે. અને ગણેશા તેને જોરદાર ઝાટકા સાથે હવામાં ફંગોળી દે છે. ત્યારબાદ અમીરની ખીજ તેની મૃતક મા પર ઉતરતા તેની લાશની છાતી પર બે-ત્રણ ઊંડા ઘા મારે છે. અને શરીરમાંથી લોહીની ધારા ઉછળે છે. અહીં ગણેશા જેવાં ક્રૂર પાત્રની હેવાનીયત તેમજ તેનું ખુન્નસ જોવા મળે છે. જે ભાવક માટે કમકમાટીભર્યું દૃશ્ય નિવડે છે.

જ્યારે અમીર અને તેના સાથીઓ ગૂફામાં લૂંટવા જાય છે તે સમયે અનાયાસે બે વ્યક્તિ તે સ્થળ પર આવી ચડે છે. અને એ બંનેના શ્વાસને તેમના શરીરમાંથી કેવી રીતે છૂટા કરે છે તે જૂઓ : "રૂમાલને ભીંસ આપતા તેને ખ્યાલ ગયો કે એનાં શિકારના હાથમાંથી પથ્થર છટકી રહ્યો છે...તેણે રૂમાલને ઝાટકો આપીને પેલાને પોતાના તરફ ખેંચ્યો, એ આંચકાથી પેલાના હાથમાંથી પથ્થર જ ઊછળી પડ્યો અને ખાનને બદલે તેના પોતાના જ સાથીની ખોપરી ઉપર ઝીંકયો!"[૫] આમ, જે તે વ્યક્તિની ખોપરી ત્યાં જ ફાટી જાય છે. છતાંય અમીર કે તેના સાથીઓના પેટનું પાણીય હલતું નથી.

ભાગ-૧ના અંતે જ્યારે ખાન અને તેના સાથીઓ ગિરફ્તાર થઈ જાય છે ત્યારે તેમને છોડાવવા અમીર અને બદ્રીનાથ રસ્તામાં જ સિપાહીઓને ઘેરી વળે છે. તે સમયના દૃશ્યનું વર્ણન કઈંક આવું છે, "બદ્રીએ ખાતરી કરવા માટે પોતાનો હાથ અંદર (અમીરના પડખે) સરકાવ્યો. તેની આંગળીના ટેરવાં પણ ભીના થયાં. ખૂન વહેતું હોય એવું લાગ્યું. ફરતો ફરતો તેનો હાથ બંદૂકના ઘોડા પાસે ગયો. પેલા સિપાહીની મુઠ્ઠીને સ્પર્શ થયો ત્યારે એ ચોંક્યો : 'આ શું છે!' તેને ઝાટકા સાથે એ ચીજને (કપાયેલું કાંડુ) બહાર ખેંચી કાઢી."[૬] આમ, અહીં વાંચનારના શરીરમાંથી ધ્રુજારી પસાર થઈ જાય તેવું દૃશ્ય જોવા મળે છે.

ચિત્તુ પિંઢારાના લશ્કરમાંનો એક ગફુરખાં અત્યંત ઘાતકી પાત્ર ગણાય છે. તેના કૃત્યો જોઈને અમીર જેવો પહાડી માણસ પણ ડઘાઈ જાય છે. એક લૂંટમાં અમીર જૂએ છે, કે ગફુરખાંના ત્રણ માણસો ત્રણ જુવાન સ્ત્રીઓને વશ કરવા જોર કરી રહ્યાં હતા. સૌથી નાની યુવતીને પોતાના બન્ને હાથમાં ઊંચકીને એક પિંઢારો તેની સતામણી કરતો હતો. બીજી સ્ત્રી એક કદરૂપા પિંઢારાના બાહુપાશમાંથી છૂટવા માટે રોતી-કકળતી-તરફડતી હતી. અને ત્રીજી સ્ત્રીનું વસ્ત્ર પિંઢારાની છૂરીથી ચિરાઈ ગયું હતું. એ સ્ત્રી અંગ ઢાંકવા માટે આમ-તેમ ફાંફા મારતી હતી! ત્યારે ગફુરખાં એક બુઢ્ઢા પર ઝુલમ કરી રહ્યો હતો. "ઘોડાને ચણા ખવડાવવા માટે ડોકમાં તોબરા બાંધે છે તેમ પસીનાથી રેબઝેબ થઈ રહેલા એ બ્રાહ્મણના મોં પર ધગતી રાખનો તોબરો બાંધવામાં આવ્યો હતો. પાછળથી ગફુરખાંનો એક આદમી તેની પીઠ પર તલવારની મૂઠથી ફટકા મારતો હતો. પીઠ પર માર પડતો ત્યારે બુઢ્ઢાથી ઊંહકારો નંખાઈ જતો, ઊંડો શ્વાસ લેવા જતાં ગરમ રાખ નાક-મોંમાં પેસી જતી અને પીડા બેવડાતી,

ખાંસી આવતી અને મોં લાલચોળ થઈ જતુ."[૭] આટલું પૂરતું ન હોય તેમ ગફુરખાં આ બુઢ્ઢાને તેના જ દીકરાઓનું લોહી, તલવાર મોંમા ભિંચી દઈને પીવડાવે છે. ત્યારે અમીરની સાથે ભાવક પણ ધ્રૂજી ઊઠે છે. હજુય ગફુરખાંની હેવાનિયત આટલેથી પૂરી થતી નથી. તે બુઢ્ઢાની હાથની આંગળીઓ સળગાવે છે. અહીં એક માણસની હેવાનિયતનો તમાશો એટલી ભયંકર રીતે દર્શાવ્યો છે કે આવું દશ્ય જોનાર તો બેભાન જ થઈ જાય, પરંતુ વાંચનારની પણ ઊંઘ હરામ થઈ જાય.

ભાગ-૨ના અંતમાં ઇતિહાસનું પુનરાવર્તન થાય છે. ઈસ્માઈલના પગલે જ અમીર ચાલે છે. અમીર પણ એક શિકારીના દીકરા પર મોહી જાય છે. તેને પોતાનો દીકરો બનાવવા માથે છે. પરંતુ કેટલીય ધાક-ધમકીઓનો ઉપયોગ કર્યો હોવા છતાં બાળક અમીર સાથે જવા તૈયાર થતો નથી. ત્યારે "ક્રોધિત અમીરના ચહેરા પર ખુન્નસની લાલી તરવરી ઊઠી, દિલમાંથી રહી સહીય હમદર્દી વરાળ થઈને ઊડી ગઈ, દિમાગ પર શેતાન સવાર થયો. એનો તલવારવાળો હાથ માસૂમ છોકરા પર વીંઝાયો. આંખો મીંચીને તેણે ઘા કરવા માંડ્યા. બે-ચાર વાર ચીસો સંભળાઈ પછી શમી ગઈ, છતાં અમીરનો હાથ અટક્યો જ નહીં...જેને બેટો બનાવવા માગતો હતો તેને બેરહેમપણે વાઢી નાખ્યો. ખબર ન રહી કે એક હાથની કુંમળી કાયાના તેણે કેટલા કટકા કરી નાખ્યા હતા."[૮] અહીં અમીર ગણેશા કરતાંય વધુ ઘાતકી અને ક્રૂર જણાય છે. જેના કારણે અફલાની સાથોસાથ ભાવક પણ અમીરથી ખફા થઈ જાય છે. અલબત્ત, લેખક કથાના અંતમાં અમીર માટે ભાવકના હૃદયમાં લાગણી ઊપજાવી શકવામાં સફળ રહ્યાં છે.

આ ઉપરાંત, સ્લીમનને હાથે અમીરને પકડાવવા શંભુસિંહ અને દેવીસિંહ નામના વ્યક્તિઓ અમીરને દગો કરે છે. પરંતુ અમીર તેમણે ચતુરાઈપૂર્વક એક ષડયંત્ર રચી, પકડીને, સ્લીમન સુધી પોતાનો ખોફ પહોંચાડવા પંચગઢી જ્યાં સ્લીમનની છાવણી હતી ત્યાં દેવીસિંહનું માથું ધડથી અલગ કરી એક આંબાના ઝાડ ઉપર લટકાવી આવે છે. સવાર પડતાં જ ત્યાંના લોકો જ્યારે આ કમકમાટીભર્યું દશ્ય જૂએ છે ત્યારે ડઘાઈ જાય છે. અને શંભુસિંહ તો જે-તે સ્થળે આઘાતથી જ મૃત્યુ પામે છે.

પ્રકરણ ૯૬માં અમીર અજાણપણે જોહરા, પોતાના જ દિકરા યુસુફ અને જોહરાના પતિને શિકાર તરીકે નક્કી કરે છે. પરંતુ અનાયાસે ખાન સાહેબને જાણ થઈ જાય છે, કે યુસુફ પોતાનું નહીં પરંતુ અમીર અને જોહરાના પ્રેમ-પ્રકરણનું પરિણામ છે. અને તે અમીરને જણાવ્યા વગર જ બેરહેમીથી જોહરા અને યુસુફની હત્યા કરી નાખે છે. તે સમયનું દશ્ય કંઈક આવું છે : "અમીર લોહીના રેલા પર ગોઠણભેર બેઠો અને થરથરતી નજરે બેગમના (જોહરા) મોં પર ઝૂક્યો...તરફરાટ સાથે જોહરાએ પાછળ હાથ કર્યો : 'યુ..સુ..ફ..!' ઝાટકા સાથે તેણે (અમીરે) બીજો પરદો હટાવ્યો અને

પરદા પાછળનું દૃશ્ય જોઈને તમ્મર આવવા લાગ્યા. યુસુફનું ડોકું ધડથી જૂદું પડીને એક ખૂણામાં ફેંકાઇ ગયું હતું અને વઢાયેલી ગરદનમાંથી લોહી વહી રહ્યું હતું"[૯]

આમ, આ અને આવા કેટલાયે ઘાતકી કૃત્યો, ઘાતક દશ્યો કથામાં વર્ણવાયા છે જેની ભારે અસર ભાવકના હૃદય અને મન પર થાય છે. એમ પણ કહી શકાય કે વાચકની વાંચવાની વેળા જો જમવાના સમયની હોય તો કોળિયો ગળે ન ઉતરે, જો ઊંઘવાના સમયની હોય તો ઊંઘ ન આવે... એવું ભયાનક, કમકમાટીભર્યા, ઘાતકી અને ક્રૂર કૃત્યોનું આલેખન અહીં જોવા મળે છે.

## 'પીળા રૂમાલની ગાંઠ'માં પ્રણય અને જાતીયતાનું ખુલ્લું વર્ણન :

ભાગ-૧ માં ગુલુ અને તેના મનના મહેબૂબ અમીર વચ્ચે પ્રણય અને તરુણાવસ્થામાં પ્રવેશતા થતું આકર્ષણ બંનેનો સમન્વય જોવા મળે છે. બંને વચ્ચેના આકર્ષિત દશ્યોનું ચિત્રણ પણ કરાયેલ છે. પ્રકરણ-૪ માં જ જ્યારે ગુલુની મા શિરીનને અમીર, ઉસ્માન જેવા હવસખોરથી બચાવે છે ત્યારે ગુલબદન અમીરને અમીભરી નજરે નિહાળે છે. આજ સુધી ફક્ત માલિકનો બેટો અને અફલાનો મિત્ર ગુલુના મનનો મહેબૂબ બની જાય છે. અને બંનેની ભીતર રહેલો પ્રેમ અમીરે કરેલ ગુલુના ગાલ પર ચુંબન સ્વરૂપે વરસે છે. ત્યારબાદ પ્રકરણ-૬ માં મોતના મુખમાં જઈ રહેલી અમીરની મા વિશે સાંત્વના આપતી ગુલુને અમીર આલિંગન કરે છે. અમીરથી મરિયમ વિશે અમંગળ બોલાઈ જાય છે ત્યારે ગુલુ તેના હોઠ પર આંગળી મૂકી દે છે અને પાક્ થયેલી તેમની ઉંમર આંગળી હોઠ પરથી ખસે તેમ ઇચ્છતી નથી. અહીં એક ફિલ્મી રોમેન્ટિક દશ્ય સાથે જણાય છે કે તેમના બાળપણના પ્રણયની આપ-લે થઈ ચૂકી છે. ત્યારબાદ પ્રકરણ-૭ માં કાળા બુરખાની કિનારી નીચેથી ડોકાતી ગુલુની ગુલાબી પાની પરની અમીરની નજર, પ્રકરણ-૮ માં ભીના વાળને સંકોરતી ગુલુના ગાલ પર ફરી એકવાર અમીરનું ચુંબન વગેરે જેવી આકર્ષિત ઘટનાઓ જેમ ગુલુ અને અમીરને વિશ્વાસ અપાવે છે કે બંને એકબીજા વગર રહી શકશે નહીં, તેમ ભાવકના મનમાં પણ તેમનું પ્રણય પ્રકરણ આનંદ આપતું જાય છે. પરંતુ એક પાગલ હાથીના હુમલાને કારણે આ પ્રણય પ્રકરણ બહુ લાંબુ ટકતું નથી. અને ગુલુના જીવનની સાથે બંનેના પ્રણયભર્યા સપનાઓનો પણ અંત આવે છે. કદાચ અમીરના જીવનમાં હજીય કોઈ છોકરીનું આગમન થવાનું હશે. અને જાણે તેના માટે બને છે પણ એવું કે ઠગ બનવા સફરે નીકળેલા અમીરને રોશનનો ભેટો થાય છે. પ્રકરણ-૧૩ માં જોઈ શકાય છે કે ગુલુના પ્રેમની અને તેની યાદ અપાવતી રોશન, અમીરના દિલ પર જોર કરતી હોય તેવી અનુભૂતિ અમીરને થાય છે. પરંતુ સફર કરતા હૈદરાબાદમાં મળેલી જોહરા અને પછી અઝીમાંને કારણે રોશનનો પ્રેમ અધુરો રહી જાય છે. આગળ જતા પ્રકરણ-૨૩ માં અમીર જોહરા નામક એક તવાયફને એક નવાબની માલિકીમાંથી

મુક્ત કરી ભગાડે છે, અને ભાગવામાં સફળતા પણ પ્રાપ્ત થાય છે. આ ખુશીના આવેશમાં અમીર જોહરાને ઊંચકી તેના ગાલ ચૂમવા લાગે છે. ગભરાહટના કારણે જોહરા બેભાન થઈ જાય છે. જોહરા ભાનમાં આવતાં જ, "બંનેની નજરો લોહચુંબકની જેમ ટકરાઈ. ઊર્મિના તણખા ઝર્યા. ધીમે ધીમે બન્નેના મુખ નજીક થતા ગયા અને જદનબાઈ આડું જોઈ ગઈ."[૧૦] ત્યારબાદ જોહરાના ઘરના ઝરૂખામાં ઊભા રહી ઉડતી નજરે જોયેલી એક છોકરીની કથની સાંભળતા ગમગીન બની ગયેલા અમીરનું મન શાંત કરવા જોહરા જ્યારે તેને બીજી વાતે વાળે છે ત્યારે, "રાત ઘેરાતી ગઈ તેમ બેઉની નિકટતા વધતી ગઈ. 'હમણાં નહીં. શાદી પછી...' એમ કહીને જે વાત અત્યાર લગી જોહરા ટાળતી હતી એ શબ્દો હવે કાંપતા હોઠ પરથી બહાર આવી શક્યા નહીં. અમીરના હોઠની ભીંસમાં એનો ઈન્કાર કચડાઈ જવા લાગ્યો અને મોહરમની એ રાત વગર શાદીએ સુહાગરાત બની ગઈ."[૧૧]

આમ, અહીં જોહરા અને અમીરના પ્રણય દશ્યો ભાવકને રોમાંચિત કરે છે, આનંદ અપાવે છે. ત્યારબાદ દુઃખભર્યું જીવન જીવતી અઝીમાંને હૂંફ આપવા જતા અમીર હંમેશ માટે તેની સાથે બંધાઈ જાય છે. તેના પગમાં પડેલી અઝીમાંને અમીર છાતી સરસી ચાંપી દે છે. અને પોતાના હોઠ પર મુકાયેલા અઝીમાંના આંગળાં અમીરે ચૂસી લે છે. અહીં અમીરની પ્રણયની ભાવનાઓની સાથે સાથે હવસવૃત્તિ પણ પ્રગટ થાય છે. પહેલીવાર સાંપડેલી પુરુષની છાતીની હૂંફ અઝીમાંના અંગે-અંગમાં પણ જ્વાળા પ્રગટાવે છે. અને સફરેથી ફરતા આખરે અમીર અને અઝીમાં મીયાં-બીબીના બંધનમાં બંધાય છે. છેવટે ગુલુની વિદાય પછી પ્રણયની હૂંફ માટે આમ-તેમ ફાંફા મારતો અમીર આખરે અઝીમાંને પોતાની બનાવી, પોતાના સાંસારિક જીવનમાં પ્રભુતાના પગલા માંડે છે. આ રીતે અમીરને એક નહીં પરંતુ ચાર-ચાર સ્ત્રીઓના હૂંફની-પ્રણયની પ્રાપ્તિ થાય છે. અમીરની ટોળીનો વ્યક્તિ સરફરોઝનો કરીમા પ્રત્યેનો પ્રણય પણ એક નાની ઘટના સર્જે છે. શિરીનનું ઈસ્માઈલ પ્રત્યેનું આકર્ષણ પણ નોંધનીય છે. જોકે અંતે ઈસ્માઈલનું એ કાવતરું હોય છે એ જોવા મળે છે.

ભાગ-૨ ની શરૂઆતમાં અમીર અને અઝીમાના સુહાગરાતનું પણ વર્ણન ઉલ્લેખનીય છે : "'ફાનસ શરમાઈ ગયું બિચારું' કહેતા અમીરે તેનો હાથ પકડી લીધો. આપોઆપ અઝીમા તેના બાહુમાં ખેંચાઈ આવી. અમીરનો બીજો હાથ તેની પીઠ પર દબાયો. ધીમે ધીમે ભીંસ વધતી ગઈ. હોઠ ભીંજાયા, ચંપાયા અને સુકાયા...અઝીમાએ બંને હાથ અમીરના ગાલ પર દાબી દઈ તેનું મુખ પોતાના તરફ ખેંચી લીધું. શ્વાસ રૂંધાઈ ગયા ત્યાં સુધી હોઠ અલગ ન થયા."[૧૨]

જાતીયતાના ખુલ્લા આલેખાયેલા પ્રસંગોની વાત કરીએ તો તેની શરૂઆત ગણેશા દ્વારા થાય છે. તેની હેવાનિયતની સાથે સાથે તેની હવસ પણ શરીરમાં કંપાવે તેવી છે. ૧૧ વર્ષીય નાની બાળકી પર બળાત્કાર કરવાનો પ્રયાસ, સ્ત્રી શિકાર હોય તો તેમના મડદા સાથેની તેની બિભસ્ત હરકતો, અમીરની મા ના ગોરા કાંડાને જોતી તેની તરસતી નજર અને એક મડદા સાથેનું તેનું એક દશ્ય :

"ગણેશા પઠાણી બીબીની પડખે પડ્યો હતો, લાશ પરથી કપડા હઠી ગયાં હતા, ગણેશાના એક હાથમાં ખુલ્લો જમૈયો હતો. બીજો હાથ નિર્જીવ ઓરતનો ચહેરો પંપાળવામાં રોકાયો હતો, 'પ્યારી.. તારી આંખો બંધ છે' હવે તું કંઈ જોઈ નહીં શકે, તારાથી ચીસ પાડી નહીં શકાય, તારી ખૂબસૂરતીને ધરાઈ ધરાઈને હું પી શકીશ."[૧૩] અહીં ગણેશા નામક પાત્ર થકી વાસનાનું વલોપાત દર્શાવ્યું છે. આ ઉપરાંત ઉસ્માન દ્વારા નદીકિનારે કપડા ધોતી શિરીન પર તેની ખરાબ નજર તેમજ ઈજ્જત લૂંટવાનો પ્રયાસ, ગફૂરખાં અને તેના સાથીઓ લૂંટ સમયે ઘરની સ્ત્રીઓની ઈજ્જત લૂંટી તેમને મોતને ઘાટ ઉતારતા વગેરે નોંધનીય છે.

આમ આ નવલકથામાં લોકપ્રિયતાની શરતોમાં સમાવિષ્ટ આકર્ષણો અને તેના ખુલ્લા વર્ણનો પણ દર્શાવાયા છે. બળાત્કારના પ્રયાસો તેમજ બળાત્કારની ઘટનાઓ પણ અહીં સમાવિષ્ટ થયેલ છે.

## 'પીળા રૂમાલની ગાંઠ'માં શ્રદ્ધા કે અંધશ્રદ્ધા :

આ કથામાં શ્રદ્ધા-અંધશ્રદ્ધાના તત્ત્વો પણ જોવા મળે છે. અહીં ઘણાં પ્રસંગો એવા દર્શાવાયા છે, જ્યાં લેખક શ્રદ્ધા કે અંધશ્રદ્ધા નક્કી કરવાનું કામ ભાવક પર છોડી દે છે. આ નવલકથામાં મુખ્ય કથા ઠગની છે. ઠગ લોકો જ્યારે શિકાર કરવા સફરે નીકળતા તે પહેલા અને સફરમાં પણ શિકાર નક્કી કર્યા પછી શિકાર કરવા માટે શુકન જોવામાં આવતા. ઘુવડનું બોલવું, ગધેડાનું ભોંકવું, શિયાળનું બોલવું વગેરે જેવા તેમના માટે સારા શુકન ગણાતા હતા. તેમના અમુક નિયમો પણ બાંધેલા હતા. અને જો એ નિયમોનો ભંગ થાય તો તેમની દેવી ભવાનીમાનો કોપ ઉતરે તેવી ઘણી માન્યતાઓ તે લોકોમાં ઘર કરી ગયેલી હતી. ઠગના ધંધામાં કોઈના ઘરે જઈને શિકાર કરવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. છતાંય ઇસ્માઇલે શિરીનના ગળામાં તેના જ ઘરમાં રૂમાલની ગાંઠ ભેરવી દીધી. અમીરની સફરની શરૂઆતમાં શુકન મળતા જ્યારે વાર લાગે છે ત્યારે વીતતી દરેક પળ ઈસ્માઈલના કાળજે ડંખ મારતી જાય છે. અને મગજમાં અંધશ્રદ્ધાનું વલોપાત થાય છે, કે આ શિરીનને મારવામાં પોતે કરેલા નિયમનાં ઉલ્લંઘનનું પરિણામ હશે ? ભવાનીમાતા કોપાયમાન થયા હશે ? આવા પ્રશ્નો તેને પાપ કર્યાની અનુભૂતિ કરાવે છે. તેમના નિયમોમાં એક નિયમ એવો પણ છે કે રક્તપિતિયા-કોઢિયા કે બીજા રોગીઓને શિકારમાંથી બાકાત રાખવા.

આ ઉપરાંત, ઠગના ધંધા પાછળ ધર્મ જોડી દેવામાં આવ્યો છે. અને એક ધાર્મિક કથા તેની પાછળ ઉપજાવી કાઢવામાં આવી છે. જે આ પ્રમાણે છે : "દુનિયાના સર્જન વખતે ઈશ્વરે બે શક્તિ ઉત્પન્ન કરી. એક સર્જનશક્તિ અને બીજી સંહારશક્તિ. સર્જનશક્તિ જે ભવાની અને સંહારશક્તિ

જે કાલિકા તરીકે ઓળખાય છે તેણે એક મૂર્તિ બનાવી. આ મૂર્તિમાં પ્રાણનો સંચાર કરીને તેને જીવંત કરી. પછી પોતાના ભક્તોને બોલાવીને એ મૂર્તિનો સંહાર કરી દેખાડ્યો અને ઉપદેશ આપ્યો : હવેથી તમારે આ જ રીતે પૃથ્વીનો ભાર ઓછો કરવાનો છે. તમારા આ કાર્યમાં હું અદશ્ય રીતે સહાય કરીશ. આ ભક્તો પાછળથી ઠગ તરીકે ઓળખાયા."[૧૪] આવી જ એક વાર્તા મરેલા માણસોના શબ દાટવા પેટે પણ ઊપજાવી કાઢવામાં આવી છે.

આમ, અહીં જોઈ શકાય છે કે કોઈપણ ખરાબ કામ હોય, આતંકવાદ હોય કે અન્ય કોઈપણ પ્રકારના અહિંસાના કાર્યો હોય. તેને શરૂઆતથી જ ધર્મ સાથે સાંકળી દેવામાં આવ્યું છે. જેથી લોકો ધર્મના ઉશ્કેરાટમાં આવા રસ્તા પર ચાલી નીકળે છે. અને આમ જ કર્મમાં માનનારા, માનવતાને સમજનારાઓની સંખ્યા શ્રદ્ધા-અંધશ્રદ્ધાની માયાજાળમાં ઘટતી જાય છે. તે વાત અહીં આ કથા, આ ઘટના દ્વારા પુરવાર થાય છે. આ રીતે ચક્રવ્યુહમાં ફસાઈને માણસ માણસને જ ઠંડે કળેજે મારી નાખે છે. જરાય ખચકાતો નથી. અને ધર્મની આડમાં વર્ષો પહેલા અને અત્યારના સમયમાં પણ ઘણાં કુકર્મો કરવામાં આવે છે.

## 'પીળા રૂમાલની ગાંઠ'માં કરુણતા :

આ નવલકથામાં જેમ દર બીજા-ત્રીજા પૃષ્ઠ પર ઘાતકી હત્યાઓના ઉલ્લેખ જોવા મળે છે. તેમ મોટાભાગની ઘટનાઓના અંતે ભાવકના મનમાં કરુણતાના ભાવ ઉભરાય તેવા દશ્યો છે. અહીં દરેક નિર્દોષ લોકોના શિકાર થવાથી તેમના માટેનો કરુણતાનો ભાવ તો સ્વભાવિક છે. પરંતુ તેમને મારનારા ઈસ્માઈલ અને અમીર જેવા ઠગો માટે પણ દયા અને કરૂણાનો ભાવ જાગે તે રીતે કથાનું નિરૂપણ કરવામાં લેખક સફળ રહ્યાં છે. સૌથી પહેલા હજુ તો અમીર અને ગુલુનો પ્રણય પાંગર્યો જ હતો ત્યાં તો એ માસુમ છોકરીનું એક પાગલ હાથીના કારણે કરુણ મોત નીપજ્યું. ત્યારબાદ ઈસ્માઈલ એક ઠગ હોવા છતાં જ્યારે તેને હાથીના પગ નીચે મારી નાખવાની સજા ફટકારવામાં આવે છે, ત્યારે છૂંદો થઈ ગયેલા બાપના શરીર તરફ જોયું ન જોયું કરી જેમ અમીર ડોક ફેરવી લે છે તેમ વાચકની આંખો પણ જાણે પળભર મીંચાઈ જાય છે. અને અમીર તેમજ ઈસ્માઈલ પર દયાનો ભાવ જાગે છે. બાપના ગુનેગારને દફનાવીને જ્યારે અમીર પાછો ઘરે ફરે છે ત્યારે તેના તરત જન્મેલ દીકરાના મોતના સમાચાર કરુણતા જન્માવે છે. અમીરને વળગી પડીને અઝીમા ચીસ નાખે છે : 'આપણો બેટો ચાલ્યો ગયો...' આ સિવાય અમીરના હાથે એક નાના બાળકનું મોત તેમજ આઘાતના કારણે પિરખાંના ભાણિયા આલમનું મોત પણ કરુણતા દર્શાવે છે. સૌથી વધુ કરુણતા નવલકથાના અંતમાં જોવા મળે છે, અમીર અને તેના જીગરીજાન દોસ્ત અફલાનું મિલન જે અફલાના દિકરા બરકતને કારણે શક્ય

બન્યું છે. અને બરકતની વહુ એટલે કે વર્ષો પહેલાં મૌલવીને સોંપેલી અમીરની દીકરી માસુમા અને અમીરના મિલન પ્રસંગે બન્ને વચ્ચેના વાર્તાલાપમાં વાત્સલ્ય, પ્રેમ જોઈ વાચકની આંખોમાં પાણી આવ્યા વિના રહેતા નથી. આમ કથાનો અંત કરુણ છે, પરંતુ અમીર તેમ જ ભાવક માટે સંતોષજનક પુરવાર થાય છે.

## 'પીળા રૂમાલની ગાંઠ'માં ભાષા અને વર્ણનો :

દરેક લોકપ્રિય નવલકથાની જેમ આ નવલકથામાં પણ લેખકે દરેક ઘટનાનું વર્ણન વિસ્તૃત રીતે કર્યું છે. સ્થળ, વસ્તુ, પાત્ર, ક્રિયાનું આલેખન વાંચનારની આંખ સામે ભજવાય તે રીતે થયું છે. અને એમાંય લેખકની એક નવીનતા દૃશ્યને સમજાવવામાં વધુ મદદ કરે છે. તેમણે દરેક મુખ્ય ઘટનાઓનું આલેખન ચિત્ર સાથે કર્યું છે. વ્યક્તિના મુખ-વર્ણનનું એક ઉદાહરણ જોઈએ તો ગણેશાનું મુખ કેવું વિકરાળ છે! તેનું મુખ જ તેના સ્વભાવની, તેના ઈરાદાઓને જાણે ચાડી ખાય છે. તે રીતે વર્ણવાયું છે : "તમારા કહેવાથી મેં રૂઆબદાર કપડાં પહેર્યા તોય મારો બેડોળ ચહેરો બદમાશીની ચાડી ખાય છે...તેમાં વળી ગાલ પરના બે કાપા જોનારની આંખમાં વધુ ખટકે છે."[૧૫] હવે આ ગાલ પરના કાપાના નિશાન કેવી રીતે થયા તે પણ ગણેશાના મનોજગતને ભાષા આપી જણાવી દે છે કે તેને પાડોશમાં રહેતી ૧૧ વર્ષની છોકરી પર બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. છોકરીએ ચીસ પાડતા તેને આ ઘા સહન કરવો પડ્યો હતો.

પાત્રોના ધર્મ મુસ્લિમ હોવાથી અહીં પિછાણ, બરદાસ્ત વગેરે જેવા ઉર્દુ શબ્દોનો ઉપયોગ થયેલ છે. બાકી ભાષા સમજાય તેવી પારદર્શી છે. શિકાર કરતી વખતે 'જલદી તમાકુ ખા લો...', 'પાન લાવ...', 'બીડી લાવ...' જેવી સાંકેતિક ભાષાનો પણ ઉપયોગ થયો છે. આ ઉપરાંત 'ફાનસનાં અજવાળાથી પડતાં એમના પડછાયામાં મોતનો પેગામ પણ લેતાં આવેલાં' (પ્રકરણ-૪, પૃ. ૪૮), 'ગાલ પર ડંખ મારતાં મચ્છર તરફ ધ્યાન ગયું અને ગણેશાએ ડાબા હાથની ઝાપટ લગાવી મચ્છરને મસળી નાખ્યો.' (પ્રકરણ-૨, પૃ. ૨૨), અહીં મચ્છરની જગ્યાએ અમીરની ડોક મરડી નાખવાનો ઈરાદો છુપાયેલ છે, 'સૂરજનો તપેલો ગોળો બીજી સવારે ઊગવાનો વાયદો કરી દરિયાના પાણીમાં ડૂબકી મારી ગયો!' (પ્રકરણ-૬૧, પૃ. ૨૫૨) આ પ્રકારના પ્રતીકાત્મક વાક્યોનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

## પાદટીપ :

૧. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, પ્રસ્તાવના, પૃ. ૦૬

૨. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, ભાગ-૧, પૃ. ૩૯

૩. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, ભાગ-૨, પૃ. ૯૪

૪. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, ભાગ-૧, પૃ. ૧૭૬

૫. એજન, પૃ. ૨૯૦

૬. એજન, પૃ. ૩૩૩

૭. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, ભાગ-૨, પૃ. ૧૮૨

૮. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, ભાગ-૧, પૃ. ૩૧૧

૯. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, ભાગ-૩, પૃ. ૨૬૮

૧૦. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, ભાગ-૧, પૃ.૨૨૯

૧૧. એજન, પૃ.૨૬૧

૧૨. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, ભાગ-૨, પૃ. ૫૮

૧૩. 'પીળા રૂમાલની ગાંઠ', હરકિસન મહેતા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, દ. આ. : ૨૦૧૬, ભાગ-૧, પૃ. ૩૦

૧૪. એજન, પૃ. ૧૩૯

૧૫. એજન, પૃ. ૧૩

## ૩.૩ : 'મીરાંની રહી મહેક'

**- દિલીપ રાણપુરા**

નવલકથાકાર વાર્તાકાર ચરિત્રકાર દિલીપ રાણપુર એક લોકપ્રિય લેખક તરીકે પણ જાણીતા છે. અને તેમને ૧૯૫૦માં વર્નાક્યુલર ફાઈનલ કર્યું. ૧૯૫૯માં તે જુનિયર પી.ટી.સી શરૂમાં સર્વોદય યોજનામાં જોડાયા અને પછી શિક્ષણ વ્યવસ્થામાં જોડાયા. જુદી જુદી જગ્યાએ પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે રહ્યા પછી બજાણામાં પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે તેમણે નોકરી કરી. તેમના સમયમાં તેમણે ઘણી બધી લોકપ્રિય નવલકથાનું સર્જન કર્યું હતું. જેમાંથી 'મીરાંની રહી મહેક' તેમના જીવનની સત્ય ઘટનાને આધારે રચાઈ છે. તેને લોકપ્રિય નવલકથા તરીકે તપાસવાનો ઉપક્રમ આ પ્રકરણમાં રહેલો છે.

- **લેખકની કૃતિઓ :**

**નવલકથાઓ :**

- નતમસ્તક
- આમાન્યા
- અંતરિયાળ
- પીઠે પાંગર્યો પીપળો
- આ કાંઠે તરસ
- મીરાંની રહી મહેક
- આંસુભીનો ઉજાસ
- સપના શોધે સપના
- કૂંપળ ફૂટયાની વાત
- વંચના
- વાસંતી ડૂસકા
- મને પૂછશો નહિ
- આતમ વીંઝે પાંખ
- હળાહળ અમી
- પળના પડઘા- તેજકિરણ - એક છોકરી - એક સ્ત્રી

- સંકેત
- ફૂલનું બીજું નામ
- રે, અમે કોમળ કોમળ
- અમે તરસ્યા પૂનમના
- કા'ન તમે સાંભળો તો
- કોઈ વરદાન આપો
- કારવાં ગુજર ગયા
- નિયતિ
- નયન સમાયો શ્યામ
- અગનસેજ સજાવો સાજન
- મધુડંખ
- અંધાપો
- હરિયાળાં વેરાન
- ચીરહરણ સભા
- ભીંસ
- હું આવું છું
- સૂકી ધરતી સૂકા હોઠ

**નવલિકાઓ :**

- ખોટી આંગળી
- સરનામું
- આંખમાં દેખાવું એટલે
- રાતોરાત
- મારી શ્રેષ્ઠ વાર્તાઓ

**સંસ્મરણકથા :**

- દીવા તળે ઓછાયા

મીરાંની રહી મહેક 'ગુજરાતમિત્ર'ની રવિવારીય પૂર્તિમાં ધારાવાહિક સ્વરૂપે પ્રગટ થઈ હતી. તેની પ્રથમ આવૃત્તિ ૧૯૮૫માં પ્રગટ થઈ હતી. મોટાભાગે ધારાવાહી નવલકથામાં પ્રકરણના અંતે કંઈક એવું મુકવામાં આવે કે નવું પ્રકરણ વાંચવાની તાલાવેલી રહે. પરંતુ 330 પૃષ્ઠ સંખ્યા તેમજ 28 પ્રકરણ ધરાવતી આ નવલકથા સત્યઘટનાત્મક છે. જેમાં હૃદયને સ્પર્શી જાય તેવી કરુણકથાનું આલેખન જોવા મળે છે. આ કથામાં લોકપ્રિયતા મેળવવાની મથામણ નથી. છતાં, આ આત્મકથાત્મક કૃતિ લોકો સુધી આપોઆપ પહોંચી જાય છે. ભગવતીકુમાર શર્મા કહે છે તેમ - "દિલીપ રાણપુરા ક્યાંય વાચકોની સહાનુભૂતિ ઉઘરાવવા માટે લાગણીવેડામાં સરી પડતા નથી. એ ઘણી મોટી વાત છે. આમ બન્યું એનું કારણ પણ એ જ કે તેઓ જીવનના એક અગાધ વેદનાસભર ખંડમાં જાતે પસાર થઈ રહ્યા હતા; કાલ્પનિક દુ:ખોની સૃષ્ટિમાં રાચતા ન હતા."[૧]

## કથાનક :

પ્રસ્તુત નવલકથાને લોકપ્રિય નવલકથા તરીકે તપાસતા પહેલા તેનું કથાનક જોઈએ. કથાની શરૂઆત રોજિંદુ જીવન જીવતા પતિ-પત્નીના સામાન્ય સંવાદ અને વર્તનથી થાય છે. થોડી જ વારમાં કથક એટલે કે લેખકની પત્ની સવિતાબહેનને માથામાં થયેલી તકલીફ અંગે જાણ થાય છે. નાનકડી ફોડકી અને તેને કારણે માથામાં ઉપડતા સણકાને કારણે સવિતાબહેનનું મન મૂંઝાયા કરે છે. પરંતુ તેને સામાન્ય વાત ગણી અને થોડું સહન કરી તે તેમના વ્યસ્તજીવનમાં પરોવાઈ જાય છે. આખરે તલ જેવડી ફોડકી એક-બે મહિનામાં મગના દાણા જેટલી મોટી થઈ જાય છે. છેવટે ડો.ખારોડને બતાવવામાં આવે છે. પરંતુ, તે પણ રસોળી જ હશે તે વધશે તો વાઢ-કાપ કરીશું- આ નિદાન સુધી જ પહોંચે છે. ધીમે ધીમે તકલીફ વધતા રિપોર્ટસ કરવાની જરૂર પડે છે. જેમાં ફાઈબર મેટાસીસની ગાંઠ છે. તેવું નિરાકરણ આવતા તેનું ઓપરેશન થાય છે. પણ ત્યાંથી ગાંઠ નું પ્રકરણ પૂરું નથી થઈ જતું બલકે શરૂ થાય છે. ગાંઠ ફરી થાય છે. પછી તો ડો. કામદાર, વૈદ્યરાજ શોભન, ડો. નરેન્દ્ર જૈન, ડો. કસ્તુર જે પંડ્યા વગેરેના નિરાકરણ અને હોસ્પિટલના અવાર-નવાર ધક્કા શરૂ થઈ જાય છે. પ્રકરણ પાંચ માં ડો. જૈન કેન્સરની ગાંઠ હોવાની શંકા જાહેર કરે છે. ત્યારે આ આશ્ચર્યજનક વાત સાંભળીને લેખકના હૃદયમાં ફાળ પડે છે. પછી તો કેટલાય બાયોપ્સી રિપોર્ટસ અને એકસ્રેની ઝંઝટ શરૂ થઈ જાય છે. આખરે છટ્ઠા પ્રકરણમાં જે શંકા હતી, જે રહસ્ય દબાઈને બેઠું હતું. તેનું પરિણામ સાતમાં પ્રકરણએ આવી જાય છે. સવિતાબહેન ને કેન્સરની જ ગાંઠ છે.- આ વાતની જાણ થતાં લેખકના પગ હેઠળથી જમીન ખસી જાય છે. વાચક પણ અત્યંત દુ:ખ નો અનુભવ કરે છે. પરિસ્થિતિ દિવસે દિવસે વકરતી જાય છે ને ઘરેણાં વેચવા પડે, આર્થિક પાયમાલી, દોઢ મહિનાનો જ સમય છે -આવી વાતો સાંભળી દિલ દુભાય, આત્મહત્યાના વિચારો લેખક અને સવિતાબહેન ને ઘેરી વળે, મન મક્કમ રાખી

ઓપરેશન કરાવાય તેમના વાળ જાય, કાન કપાય ને ખૂબ દયનીય- પીડાદાયક સ્થિતિ સર્જાય. છતાય ઓપરેશન પછી પાંચ વર્ષનું જીવનદાન મળી ગયું. ડોક્ટરે આપેલા આ સમાચાર સાથે એક નવી આશા અને હળવાશનો અનુભવ થાય છે. એક નવું જીવન મક્કમ મન સાથે ખૂબ જ હિંમત રાખી સવિતાબહેન અને દિલીપભાઈ શરૂ કરે છે. પરંતુ, થોડા જ સમયમાં નસીબ આડે જાણે પાંદડું જેવી સ્થિતિ સર્જાય છે. અને પ્રકરણ ઓગણીસથી તેમની પીડા, તેમના દુઃખો, તેમની મુશ્કેલીઓનો પુનઃર્જન્મ થાય છે. પાછી ગાંઠ થાય છે. કેન્સર થાય છે. હવે તો, ઓપરેશનની પણ કોઈ શક્યતા નથી. છેવટે ફરી એક વાર એ જ રખડપટ્ટી, એ જ હોસ્પિટલના ધક્કા, મોંઘા ઇન્જેક્શન, મોંઘી દવાઓ, પૈસા નહીં, ઉધાર માગવાનો વારો વગેરેમાંથી પસાર થવું પડે છે. આખરે, મોતનું સત્ય સ્વીકારી લેખક અને તેમનાં પત્ની જુના સંસ્મરણો સાથે, એકબીજાની પડખે રહી, એકબીજાની તાકાત બની જેટલો સમય બચ્યો છે તેને ખૂબ સારી રીતે પસાર કરવાનો પ્રયત્ન કરે છે. સવિતાબહેન તેમના મોત પછીની પરિસ્થિતિથી લેખકને વારંવાર અવગત કરાવે છે. લેખક પણ સવિતાબહેનની દરેક ઝંખનાઓની તૃપ્તિ કરાવવામાં લાગી જાય છે. વાંકાનેર, ભરૂચ, ભદ્રેશ્વર, રાજકોટ, ચોટીલા, ભીમોરા, પાળીયાદ, ધંધુકા, જ્યાં જ્યાં સવિતાબહેનને જવાની ઇચ્છા હતી તે દરેક જગ્યાનો પ્રવાસ કરે છે. આમ, મુસાફરી થાક, પીડા તેમજ પતિ-પત્નીનો સહવાસ, લાગણી અને પ્રેમ સાથે જીવનના અંતિમ દિવસો પસાર થાય છે.

અંતમાં વારંવાર તિરસ્કાર, ચીડ, બિચારાપણુંથી કંટાળી બજાણા છોડી અમદાવાદના ભાડાના મકાનમાં સવિતાબહેન હસતા મુખે મૃત્યુને ભેટે છે. આમ, સવિતાબહેનની જીવન યાત્રા પૂર્ણ થતાં સુધીમાં તેમની અસહ્ય પીડાને તે સ્વતંત્રતાથી, તટસ્થતાથી અને મન મક્કમ રાખી સ્વીકારે છે. તેમનો આ સંઘર્ષ જોઈ પાને-પાને વાચકની આંખોમાં આંસુ આવી જાય તે રીતે આલેખન થયું છે. તેમના સંઘર્ષ દરમિયાન તેમની કેળવાયેલ સમજશક્તિ નજરે પડે છે. તેમના જીવનનું આ પરિવર્તન દિલીપભાઈનાં વ્યક્તિત્વને પણ બદલી નાખે છે. અને આ જ સત્યઘટનાને લેખકે કથાનું રૂપ આપ્યું છે.

## મીરાની રહી મહેકમાં લોકપ્રિયતાના તત્ત્વો :

લોકપ્રિય નવલકથામાં રોચકતા, કુતૂહલ, જિજ્ઞાસા તેમજ રહસ્યોની માયાજાળ, લાગણી, પ્રણય, છળ-કપટ, આત્મહત્યા, મારામારી, ખુન, ચોરી-લૂંટફાટ, અપહરણ, જાતીયતાનું ખુલ્લુ વર્ણન આ દરેક તત્વોનું મિશ્રણ જોવા મળે છે. પરંતુ આ નવલકથામાં ચોરી, ખૂન, મારામારી જેવા કોઇ અસામાજિક તત્વોનો ઉલ્લેખ નથી. અહીં એક સાચું દાંમ્પત્ય જીવન, લાગણી, પ્રેમ, પોતાના લોકો માટેની ચિંતા, અસહ્ય વેદના સાથે સંઘર્ષ, કરુણતા, નસીબ ની વક્રતા, સહાનુભૂતિ, જેવા તત્વો જોવા

મળે છે. અને ખાસ તો આ લેખકના જીવનની સત્યકથા છે. જેમાં કાલ્પનિક પ્રસંગો નથી. જેથી તે લોકોના હૃદય સુધી પહોંચી શકી છે.

## મીરાંની રહી મહેકમાં રહસ્ય :

આ નવલકથાનું શીર્ષક જ એક રહસ્યમય પ્રશ્ન ઊભો કરે છે. કથાનું શીર્ષક જોઈને લાગે છે કે લેખકની પત્ની એટલે કે નાયિકાનું નામ મીરાં હશે પરંતુ સવિતાબહેન નામનો સ્ફોટ થયા પછી મનમાં પ્રશ્ન ઊભો થાય છે કે લેખકની પત્નીનું નામ સવિતા છે. જેની યાદમાં, જેના સહવાસમાં લેખક એકવાર જીવેલા જીવનને કથાનું રૂપ આપી ફરી જીવે છે. તે કથાના શીર્ષકમાં મીરાં નામ ક્યાંથી આવ્યું? મીરાં નામ તો કોઈ અન્ય પાત્રનું પણ નથી. પરંતુ આ પ્રશ્નનો ઉત્તર કથાના છેક અંત ભાગમાં મળે છે. પત્નીના શબનો અગ્નિસંસ્કાર કરી સ્મશાનેથી પરત આવતા લેખકને એક કવિતા યાદ આવે છે :

"પાદરેથી રસ્તાઓ પાછા વળશે રે
લઇ લેણદેણ તૂટ્યાનું શૂળ...
ડમરી જેવું રે સહેજ ચડતું દેખાશે
પછી મીરાં વિખરાયાની ધૂળ...
મીરાં વિનાનું સુખ ઘેરી વળશે ને
રાજ, રુવે રુવે તને તોડશે,
તારો મેવાડ મીરાં છોડશે."[૨]

આમ, અહીં શીર્ષકની સાર્થકતા જણાય છે. કે, જેમ મીરાં મેવાડ છોડે છે તેમ તેમની પત્ની પણ તેમને અને તેમના સંસારને છોડી ગઈ છે. જેનું દુઃખ અને પરિસ્થિતિને લેખક કવિતા દ્વારા વ્યક્ત કરે છે.

નવલકથાની શરૂઆત માં જ જેના કારણે માથામાં સણકા મારે છે અને પીડા થાય છે. તે સવિતાબહેનના માથામાં ફોડકી શેની છે ? કોઈ મસો છે ? કોઈ રસોળી છે ? કે પછી કોઈ ભયંકર બીમારીના એંધાણ છે ? આવા રહસ્યમય પ્રશ્નો જોવા મળે છે. ત્યારબાદ ડોક્ટરના મંતવ્યો, તેમના રિપોર્ટમાં 'ફાઇબર મેટાસીસની ગાંઠનો ઉલ્લેખ ક્યાંકને ક્યાંક શાંતિ આપે છે. અને બધું જ સારું થઈ જશે એવી આશા જગાડે છે. રિપોર્ટ પ્રમાણે સવિતાબહેન ને  કેન્સર નથી. પરંતુ વધતી જતી ગાંઠ તેના લક્ષણો, પીડા તેમજ વૈદ્યરાજ શોભન તથા ડો. જૈનના મંતવ્ય અને ધારણાઓ પ્રમાણે આ ગાંઠ કેન્સરની હોઈ શકે. આ વાત થતા જ લેખકના મનમાં ફાળ પડે છે. ક્યાંક ને ક્યાંક તેમની પત્નીને

પણ આ વાતનો અંદેશો આવી ગયો છે, આમ, મસો કે રસોળી જ જશે આ ધારણા થી શરૂ થયેલ તેમની યાત્રા કેન્સર હશે ? આ પ્રશ્નના મૂંઝવણ સાથે શરૂ થઈને કેન્સર જ છે, એ ઉત્તર મેળવીને પૂરી થાય છે. બલ્કે યાત્રા શરૂ થાય છે તેમ પણ કહી શકાય. ઉપરાંત, સૌપ્રથમ બીમારીની હકીકત જાણ્યા પછી લેખક સવિતાબહેનથી આ સત્ય છૂપું રાખે છે. પરંતુ સવિતાબહેન પોતાને આ ભયંકર બીમારી છે એ હકીકતથી વધુ સમય અજાણ રહેતા નથી. છતાંય લેખકને જણાવતા નથી. અને બંને જણ એકબીજાનાં મનની શાંતિ માટે એકબીજાના ભ્રમને રહસ્ય જ રાખી તેને જીવતો રાખે છે. આમ, કોઈની લાગણીને ઠેસ ના પહોચે, મનને પીડાનો અનુભવ ન થાય તેના માટે જાણતાય અજાણ રહી રહસ્યને કાયમ રાખનાર આ દંપતી તેમના સંતાનોને પણ ઓપરેશન પછી વિગતે વાત કરે છે. અહીં આવી જીવલેણ બીમારી ની જાણ થશે ત્યારે હૃદય ને કેવો ધ્રાસકો લાગશે ? દીકરા-દીકરીને ખબર પડશે ત્યારે શું થશે ? અને ખરેખર, સવિતાબેન મૃત્યુ પામશે પછી દિલીપભાઈ અને બાળકો કેવી રીતે જીવન પસાર કરશે. આ પ્રકારના પ્રશ્નો અને ચિંતા ઘેરી વળે છે. જેના કારણે આ દંપતીના જીવનના આગળના સંઘર્ષ વિશે જાણવા વાચક તત્પર રહે છે.

**કરુણતા :**

'મીરાંની રહી મહેક'માં મોટાભાગની કથા કરુણ છે. મોટા ભાગની લોકપ્રિય નવલકથામાં લેખક એ રીતે પોતાની સર્જકતા દર્શાવે છે કે એક જ બેઠકે વાચકને કથા વાંચી જવાનું મન થાય. પરંતુ આ નવલકથા અલગ માપદંડો દ્વારા લોકપ્રિય બની છે. આ કથા એક જ સમયે સડસડાટ વાંચી જવાય તેવી નથી. કેમકે, તેમાં પારાવાર દુઃખ, પારાવાર પીડા અને કરુણતાનું આલેખન જોવા મળે છે. તેમાંય આ તો સત્યકથા છે. તેથી એ વિચાર માત્રથી જ આંખો ભીની થઈ જાય કે જે વાંચી નથી શકાતું, એ જીવી કેમ જવાય. જેમ જેમ કથા આગળ વધતી જાય છે. તેમ તેમ દંપતીની વણસતી જતી પરિસ્થિતિથી શરીરમાં ધ્રુજારી-કંપારી છૂટી જાય છે. જોકે તેના વર્ણનનો શ્રેય લેખકની સર્જકતાને જાય છે. નવલકથાની પાછળ ઉલ્લેખિત પાત્રોમાં પણ જોઈ શકાય છે : "મીરાની રહી મહેક તમે જીવી ગયા. હું તો વાંચી પણ શકયો નહીં.... એ પુસ્તક બેચેન કરે છે. વાંચી શકું તેમ નથી. (હેમંત પંડ્યા)"[૩] "કટકે-કટકે જ વાંચવી પડે આંખોમાંથી સતત નીકળતા આંસુ સાથે જ માંડ માંડ પૂરી કરી શક્યા. (કિરીટસિંહ)"[૪]

લેખક પોતે પણ કથા શરૂ થતાં પહેલા આ કથાના લખાણ દરમિયાન તેમણે થયેલ પીડા જણાવે છે. "ક્યારેક ધક્કા આવી જતા......ને ફરી શરૂ કરતો..... 'જોઈએ એવું એકાંત નથી મળતું નું બહાનું કાઢીને પણ ટાળતો.... પણ રાત અંજપામાં વીતતી.... દિવસે અસુખ રહેતુ........ઘરની બહાર

નીકળી જતો. કોઈની સાથે બહુ બોલવાનું પણ ફાવે નહીં.......ક્યારેક માથું ચકરાતું લાગે......ક્યારેક ઉલટી થઈ જાય.... ક્યારેક વાયુનો ગોટો ચડે..... ક્યારેક લખતા-લખતા પેન પડી જાય..... "[૫] ડોક્ટર જ્યારે સવિતાબેન ના જીવન નો સમય દોઢ મહિનો કહે છે. ત્યારે આ લેખક એકલા જ આ સત્ય ની ભયાનકતા જીવે છે.

સવિતાબેનની દિવસે-દિવસે વધારે તબિયત બગડતી. અને રોજ કંઈક નવા પડાવ અલબત્ત પીડામાંથી પસાર થવું પડતું તેવા અમુક પ્રસંગ જોઈએ :

પ્રકરણ ત્રેવીસમાં જોઈ શકાય કે હોસ્પિટલના આટા-ફેરા દરમિયાન સવિતાબહેન ટેક્સીના પૈસા બચાવવા વારંવાર ઉલટી થતી હોવા છતાં જીદ કરીને બસમાં મુસાફરી કરવાનો આગ્રહ રાખે છે. બસમાં પણ લોકોને સુગ ન ચડે તે માટે સવિતાબહેન મોમા જ ઉલટીનો કોગળો ભરી રાખે છે. ગલો ફૂલી જાય છે, દર્દથી ચહેરાની નસો તંગ થઇ જાય છે. છતાંય, સહન કરે જાય છે. છેવટે લેખક બસ ઊભી રખાવે છે ને બરાબર એ જ સમયે જોરથી ઉછાળો આવે છે. અને સવિતાબહેનના હાથનો ખોબો ઊલટીથી ભરાઈ જાય છે. અહીં તેમની સભાનતા કેળવાયેલી નજરે પડે છે. ત્યારબાદ હાથ-કપડાં ગંદા થાય છે. પરાણે પાણીની વ્યવસ્થા કરી, સાફ કરી ટેક્સી પકડીને ઘરે પહોંચે છે. અને હા, આટલું બધું થયા પછી બીજે દિવસ સવિતાબહેન બસમાં જવાનો જ આગ્રહ રાખે છે. કેમકે તે જાણે છે. લેખક પાસે પૈસાની તંગી છે. તે સસ્તા નાસ્તા કરી દિવસો પસાર કરે છે. આમ, સવિતાબહેન ને બારસો-બારસોના એક એવા મોંઘા ઇન્જેક્શન લેવા છતા જરાય રાહત મળતી નથી. બલ્કે, હાલત વધારે કથળતી જાય છે.

ધીમે ધીમે તેમનું માથું સડતુ જાય છે. લોહી-પરુ વધુ નીકળવા લાગે છે. અને તેમાંય સવિતાબહેનનો આવી પરિસ્થિતિને કારણેનો સંકોચભાવ, બીજાને સુગ ન ચડે તે માટેનાં તેમના પ્રયત્નો જેમ કે માથાનો સ્કાફ પડી ન જાય તે માટે સચેત રહેવું, લોહી-પરુંની દુર્ગંધ ન આવે તે માટે સ્કાફમાં સેન્ટ લગાવવું. વગેરે પ્રકારની તેમની મનોઃસ્થિતિ દયનીયભાવ ઉપજાવે છે. એકવાર તો પિયરમાં તેમના ગાંઠમાંથી વહી જતા લોહીને કારણે ઓશિકામાં ડાઘ પડી જાય છે. આ ડાઘ કોઈ જોઈ ન જાય તે માટે ની તેમની મથામણ તેમજ એક જ વિષયના તેમના સતત વિચાર લેખકને પણ ચિંતામાં મૂકી દે છે. અને ભાવકની પણ આંખો ભીની થયા વગર રહેતી નથી.

સવિતાબહેનની પારુલ અને સુશેષની ભવિષ્ય માટેની સતત ચિંતા તેમને હંમેશા રડાવી મૂકે છે. "મારા બે છોકરાઓ નું ધ્યાન રાખજો ! સુશેષ તો પાકા ઝાડ નીચે ભૂખે મરે એવો છે. પારુ તો હજુ ઘણી નાની છે. સાથે રહી જ નથી. દસ વર્ષની હતી ત્યારથી બહાર રહીને ભણે છે."[૬] તેમના કાકાને કહેવાતા આવા ભાવવિભોર શબ્દો કરુણ વાતાવરણ ઉભુ કરે છે. કથાના અંતમાં પારુલ ના લગ્નમાટે

ની સાડીઓ ખરીદવી અને સતત તેને પરણાવવાની વાતોથી ભાવક પણ ભાવુક બની જાય છે. આમ, દરેક માતા-પિતાને પોતાના બાળક માટેની ચિંતા મરણ પથારીએ પણ થતી હોય છે. આ વાત અહીં પ્રગટ થતાં ભાવુક વાતાવરણ રચાય છે.

પ્રકરણ ઓગણીસ માં તેમને ઓરીને કારણે થતી પીડા રોજબરોજની પીડામાં વધારો કરે છે. અચાનક શરીર પર ઢીમચા જોઇ લેખક ગભરાઈ જાય છે, કે ઇન્જેક્શન ની વિપરીત અસર તો નહીં હોયને, નિદાન થતાં ઓરીનું તારણ આવે છે. પાંચ દિવસે ઓરી નમે છે. પરંતુ શરીરમાં વધતી ગરમી ને કારણે સ્નાન વખતે હાથમાં વાળનો ગુચ્છો આવે, કાંસકામાં વાળનો ગુચ્છો ભરાય, માથું કેશહીન બની જાય, ફેલાતી જતી ગાંઠ, તરડાયેલી ચામડી માંથી નીકળતું પ્રવાહી, કાળા હાથ, ચહેરા પર કાળા ચાઠાં આ વધુ જોઈ જેમ લેખક નો ઉચાટ વધતો જાય છે તેમ હૃદય પણ દ્રવી ઉઠે છે.

આ ઉપરાંત લેખક પોતાની માનસિક તૈયારી માટે ડો. વ્યાસ ને પૂછે છે કે સવિતાનું આ દરદ આગળ વધતું જશે, ત્યારે એને શું શું થશે ? ત્યારે ડો. વ્યાસ નો ઉત્તર જોઈએ :

"ચામડી ખવાતી જાય છે. અર્ધું માથું તો લગભગ ખવાઈ જવા આવ્યું છે. ખોપરીમાં પડેલા છિદ્રો વાટે કેન્સર નીચે ઉતરશે. દ્રષ્ટિ ગુમાવી દે. ગળા સુધી જાય તો અનાજ-પાણી ન લઈ શકે. શ્વાસ રૂંધાતો લાગે, અવાજ પણ બંધ થઈ જાય. કેન્સર જે રીતે આગળ વધી રહ્યું છે એ જોતાં તાળવે પણ પહોંચે અને એવું બધું થાય."[૭] પછી તો જ્યારે જ્યારે સવિતાબહેનની હાલત કથળતી લાગે ત્યારે ત્યારે એક ડર તેમના હૃદયમાંથી પસાર થઈ જતો, જેમકે પ્રકરણ-૨૫ માં સવિતાબેન એકદમ પાગલ બની બબડે છે. આવા પ્રસંગો વખતે લેખકને ડોક્ટરે કીધેલા શબ્દો યાદ આવે છે. અને વિચાર માત્રથી થથરી ઊઠે છે. ઓપરેશન પછી સવિતાબહેનનો ચહેરો જોઈ લેખક રડી પડે છે. ધ્રુસકે ચડી જાય છે. સવિતાબહેનના ચહેરાનું કરુણ આલેખન જોઈએ : "માથાના ડાબી બાજુના ભાગમાં પ્લાસ્ટર થયેલું છે. જમણી બાજુનો ભાગ બિલકુલ ખુલ્લો છે. જમણા કાન સુધી તેના જ શરીરની ચામડી ની ટ્યુબ લગાડેલી છે. એ ટ્યુબ છાતીના મધ્યભાગથી શરૂ થતી હતી, ટાંકા લીધેલા હતા."[૮] આ દ્રશ્ય જેટલું કદરૂપુ છે એટલું જ કરુણ છે. આ જોઈ દિલીપભાઈ સાવ તૂટી જાય છે. તે ભગવાનને પ્રાર્થે છે કે આ ચહેરો સવિતા જુએ તે પહેલાં એણે ઓપરેશન ટેબલ પરથી જ ઉપાડી લેવી હતી ને, આ વિરૂપ ચહેરો જોઈ સવિતાબહેન રોજ મૃત્યુને જીવશે, રીબાશે. આ વિચાર માત્રથી જ લેખક ધ્રુજી ઉઠે છે. અને મનમાં કહે છે એ મરી ગઈ હોત તો સારું થાત. આમ, એક પત્નીની કપરી, દયનીય, અસહ્ય સ્થિતિ જોઈ પતિ જે રીતે તેના મૃત્યુની ઇચ્છા વ્યક્ત કરે છે. તે જોઈ આંખો ભીની થયા વગર રહેતી નથી. ઓપરેશન પહેલાં તૈયારીઓમાં પણ જ્યારે સવિતાબહેનના બધા જ વાળ ઉતારી લેવાય છે. જે વાળ વિશે તેમને ગૌરવ અને મમત્વ હતું. એ જ વાળ ગુમાવતા સવિતાબેન વાળ વિનાના ચહેરો જોવા માટે અરીસો મંગાવે છે અને પછી પોતે જ ના પાડે છે. તેમની હિંમત તૂટી જાય છે પરંતુ થોડી જ વારમાં

લેખકની ચિંતા દૂર કરવા તે કહે છે કે "હું નાની હતી, આઠેક વર્ષની ત્યારે મને ટાઈફોડ થયેલો અને માથાના બધા વાળ ખરી પડેલા એ વખતે હું મારો ચહેરો જોઈને રડતી હતી. મને વાળ એટલા બધા ગમે છે એ તમે જાણો છો ? પણ હું હવે આઠ વર્ષની નથી ને એટલે રડવાની પણ નથી."[૯]

આ ઉપરાંત સવિતાબહેનના ઈલાજ સમયે તેમની આજુબાજુના વોર્ડમાં એક પલંગ પર આવેલા દર્દીઓની ભયંકર બીમારી અને તેમના કરુણ મોતનું આલેખન જોઈએ : સવિતાબહેનની બાજુના પલંગમાં આવેલા લક્ષ્મીબાઈ ને યોની નું કેન્સર છે. તે દિવસે શાંત રેહતી પરંતુ રાત્રે કણસવા લાગતી અને ચીસો પાડતી મૃત્યુ સમયે તે એના પતિને નારિયેળ પાણી લેવા મોકલે છે. પરંતુ તેના આવતા પહેલા જ તે સ્મિત ફરકાવી ઢળી પડે છે. અને તેની બાર વર્ષની છોકરી નું આક્રંદ જોઈ સવિતાબહેનનો જીવ પણ રૂંધાઈ જાય છે. માંડ હિંમત ભેગી કરીને જીવતા સવિતાબહેનના જીવનમાં આ પહેલુ મોત સાક્ષાત જોવાનું બન્યું હતું. તેથી તે ડરી જાય છે. અને લેખકને કહે છે. "મને તમારો ટેકો આપજો મને તરસી ન જવા દેશો.... ને હું કહું તોય તમે મને અંતિમ ક્ષણે મારું માન અને મન રાખવા દૂર ન જશો..."[૧૦]

એ જ રીતે સવિતાબહેન મિસિસ દેશમુખ નુ મૃત્યુ અને તેમના છેલ્લા સમયે કહેલા શબ્દોથી ભયભીત થઈ જાય છે. હરજિત અને તેમના મમ્મી દ્વારા જાણ થાય છે કે મિસિસ દેશમુખ મૃત્યુ સમયે ચિલ્લાઈ ચિલ્લાઈને કહે છે,- "મને બચાવો !...... મને બધું જ ભલે થાય પણ આ રાક્ષસી દાંતવાળા કુરૂપ મૃત્યુથી બચાવી લો !"[૧૧]

રૂસી ઇલાવા સવિતાબહેનને પોતાની બહેન માનતો હતો. તે સુરતથી આંતરડાના કેન્સરના પાંચમાં ઓપરેશન માટે આવ્યો હતો. બંને ભાઈ-બહેન અવારનવાર એક-બીજાના સુખ-દુઃખની વાતો કરે છે. હિમત આપે છે બંનેને ભગવાન પર ભરોસો પણ છે. સવિતાબહેન કદી ખુલ્લી રીતે નહિ હસી શકવાના એ દુઃખે તે રડે છે. અને તે માટે ભગવાનને દોષી માને છે. ત્યારે રૂસી ઇલાવા કહે છે "રડો નહી બહેન....તમારું બીજું ઓપરેશન બાકી છે ઓપરેશન પછી તમે ખુલ્લી રીતે પહેલાની જેમ જ હસી પણ શકશો. ભગવાન દયાળુ છે. તે તમારા ઉપર તો ક્રુર બની જ ન શકે."[૧૨] સહાનૂભૂતિ સ્વરે બોલનારો અને શાંત.- આ જ રૂસી મૃત્યુ સમયે ઈશ્વર સામે આક્રોશ ઠાલવે છે. અને સવિતાબહેન તેમજ દિલીપભાઈ સામે ઊંચા અવાજે આક્રોશપૂર્વક બોલવા લાગે છે :

"ભાઈ ઈશ્વર, સામે ચાલીને શા માટે આવ્યો છું તે જાણે છે તું ?.... દોસ્ત ઈશ્વર......મને ફરી જન્મ આપ.....ફરી આ અને આવા દરદની વધુને વધુ પીડા આપ......"[૧૩] અને અંત સમયે પોતાની માનેલી પ્રિય સવિતાબહેનના ચહેરાની વિરૂપતા માટેની ફરિયાદ સાથે તે ઈશ્વરના દરવાજે પહોંચી જાય છે.

અહીં રૂસીના મનના ઉચાટ અને આક્રોશ સાથે ભાવકનું મન પણ આકુળ-વ્યાકુળ થઈ જાય છે. રૂસી તો આક્રોશ ઠાલવી આંખો મીંચી જાય છે. અને તેનું તન-મન શાંત પડી જાય છે. પરંતુ ભાવકનું મન શાંત થતું નથી. ભાવક હચમચી ઊઠે છે.

અહીં હરજિત નામની સુંદર છોકરી ના મૃત્યુની વાત પણ કરી છે. પરંતુ હરજીત સામે આવેલુ મૃત્યુ જોઈ સવિતાબહેનના મનમાં રહેલું મિસિસ દેશમુખ વખતનું મૃત્યુનુ રૂપ બદલાઈ જાય છે. ઓપરેશન પછી તબિયત સુધરતા રજા લઈને સજી-ધજીને ઘરે પાછી ફરતી હરજીતનું અચાનક મૃત્યુ આંચકો તો આપે છે. પરંતુ સવિતાબહેન પાસેથી વિદાય લેતી વખતે તેના ચહેરા પર સ્મિત ફરી વળે છે. અને અચાનક હાર્ટ એટેકના કારણે તે મૃત્યુ પામે છે. ત્યારે સવિતાબહેન કહે છે "મૃત્યુ કુરૂપ હોત તો હરજિતના રુવે રુવે સ્મિત ન હોત એના અણુઅણુમાંથી સૌંદર્ય પ્રગટી ન નીકળત. એ વિદાય માટે હાથ ન હલાવત. "મૃત્યુ તો જીવન સાથે જોડાયેલું છે. એ ક્યારેય કુરૂપ ન હોય તમે....તમે.... જોજો....તમને પણ એવા સુંદર મૃત્યુનો એક વખત અનુભવ થશે."[૧૪]

આખરે સવિતાબહેન તેમની કહેલી વાતને સાચી ઠેરવે છે; સંપૂર્ણ સ્વસ્થતાથી, તટસ્થતાથી, સ્મિત સાથે મૃત્યુને સ્વીકારી તેને ભેટે છે અને સુંદર બનાવે છે. આમ, અહીં ઘણી કરુણ ઘટનાઓ, કરુણ વાતાવરણ, કરુણ સંવાદનું આલેખન હ્રદયને હચમચાવી નાખે અને આંખોમાંથી આંસુ છલકાવે કેવી રીતે થયું છે.

## મીરાંની રહી મહેકમાં પ્રણય, શ્રદ્ધા-વિશ્વાસ :

આ નવલકથામાં દાંપત્યજીવનનું માધુર્ય પતિ-પત્ની વચ્ચે નો પ્રેમ, લાગણી અને ચિંતા તેમજ દંપતીના જુના સભારણામાં ઘણી રોમાંચક, ભાવનાપ્રધાન વિતાવેલી પળો નું સુંદર આલેખન પણ જોવા મળે છે.

સવિતાબહેન દિલીપભાઈનું જીવન ભલે સંઘર્ષમય રહ્યું હોય પરંતુ તેમના વચ્ચે રહેલા પ્રેમ અને લાગણીથી તેઓ એકબીજાની હિંમત બની દરેક પ્રકારના સમયને જીવી જાણે છે, જીતી જાણે છે. મફતઓઝાના ઘરની મહેમાનગતિ દરમિયાન આ દંપતીને જ્યારે એકાંત પ્રાપ્ત થાય છે. ત્યારે લેખકે પ્રથમ વખત સવિતાબહેનની આંખોમાં જે ભાવ જોયો હતો. તે વખતના સંસ્મરણ યાદ કરતાં કહે છે.-

"તારી આંખો મારી સામે એવી તો મુગ્ધતાથી મંડાયેલી હતી કે એ આંખોને, એ આંખોનાં ભાવને હું ક્યારેય ભૂલી શકીશ નહીં."[૧૫] સવિતાબેન પણ વળતા ઉત્તરમાં જણાવી દે છે કે ફરી એવા ભાવવાળી આંખો દેખાય ત્યારે મને અરીસો આપજો મારે પણ એ આંખો જોવી છે.

કથાની શરૂઆતમાં જીવનના એકાંતને જીરવી ન શકનાર, સવિતાબહેનને જ એકમાત્ર આધાર માનનાર લેખક ક્યારેક સવિતાબહેનના ઈલાજ માટે રજા લેવાની ના પાડે છે. ક્યારેક તેમની સાથે રહેવા ટિકિટોના રિઝર્વેશનમાં ઉતાવળ કરે છે. તો ક્યારેક પત્ની ને કહે છે કે- 'હું તારા વગર રહી નથી શકતો' તેમની આ ઉતાવળ અને ગાંડપણ ને સવિતાબહેનની જીવલેણ બીમારી ગંભીરતા, તટસ્થ અને સ્થિર સ્વભાવમાં પરિવર્તન કરી નાખે છે.

લેખક સવિતાબહેન માટે એ બધા જ પ્રયત્નો કરે છે જેનાથી તેમને દુઃખ ન પહોંચે અને છે એટલો સમય ખુશ રહે. સવિતાબહેનને કેન્સરની ગાંઠ છે. આ વાતને પત્નીથી છુપાવવા જતા લેખકના મનમાં ખૂબ વેદના થતી. એકવાર તેમને ડ્રેસિંગ કરતાં અચાનક બંને ને રડવું આવી જાય છે તો બંને એકબીજાને રડવાનું કારણ પૂછે છે. સવિતાબહેન કહે છે : આપણે લગ્નવખતે માયરામાં બેસીને એ જગ્યાએ મેળાપ કર્યો હતો ! આપણા લગ્નજીવનનું આ પચ્ચીસ મુ  વર્ષ છે. ચોરીના ફેરા કરતા પહેલા હું એ ઓરડામાં હસ્તમેળાપ વખતના રોમાંચને અનુભવતી બેઠી હતી, એ બધું યાદ આવી ગયું ને આંખો ભીની થઇ ગઇ."[૧૬] પરંતુ લેખકને પોતાનું કારણ કહેવા નિરંજન ના લગ્નનું બહાનું શોધવું પડ્યું. આમ, પત્નીથી કેન્સરની વાત છુપાવવાની મથામણમાં પત્નીની શારીરિક પીડા કરતાય વધુ પોતાને માનસિક પીડામાંથી પસાર થવું પડે છે. ન રહેવાય, ન સહેવાય, કે ન કહેવાય, જેવી પરિસ્થિતિ સર્જાય છે. અહીં તેમનો પત્ની માટેનો પ્રેમ પ્રગટ થાય છે. તેમની પત્નીની નાનામાંનાની ઈચ્છા પૂરી કરવામાં લેખક ક્યાંય પાછુ મૂકતા નથી. તો સવિતાબહેન પણ પતિની માનસિક શાંતિનું એટલું જ ધ્યાન રાખે છે. લેખક એમ વિચારી હાશકારો અનુભવે છે. કે સવિતા જાણતી નથી. ત્યાં સુધી તેને ઓછી પીડા થશે તો સવિતાબહેન પણ તેમના આ ભ્રમને જીવતો રાખે છે. અને તેમનો હાંશકારો બની રહે તેનું ધ્યાન રાખે છે.

આ ઉપરાંત માથાના વાળ કાપાવતી વખતે, ઓપરેશનમાં કાન ગુમાવવાની ઘટના દરમિયાન, રસીદા ખાતુનને કારણે ડબ્બો બદલવાની જીદ વખતે. ઓશિકામાં લોહીના ડાઘા છૂપાવવા ની બાબતે, આત્મહત્યાના નબળા વિચારો વખતે, લોકો સમક્ષ પોતાના માથાની ખરેખર પરિસ્થિતિ બહાર ન આવી જાય, કોઈને તેનાથી સૂગ ન ચડે, માથાની દુર્ગંધ ન ફેલાય તેવી ચિંતા જેવી દરેક બાબતોમાં સવિતાબહેન તૂટી જાય ત્યારે દિલીપભાઈ તેમને જે તે પરિસ્થિતિનું નિરાકરણ અને તે માટે હિંમત આપતાં નજરે પડે છે. એ જે રીતે સવિતાબહેન પણ આર્થિક પાયમાલી દરમિયાન, ટ્રક વાળા સાથેની વાતચીત દરમિયાન, માથાની વિગ બાબતે લાગતા મૃત્યુના ડર દરમિયાન જીવલેણ બીમારીની

વાસ્તવિકતાની જાણ થતા સમયે, મંદિરમાં શ્રદ્ધા ડગતી વેળાએ, પત્નીના છેલ્લા દિવસોમાંય માતા અને બહેન ના તિરસ્કાર પ્રસંગે, અમદાવાદ ખબર કાઢવા આવેલી બહેનનો સામનો કરતી વખતે, હોસ્પિટલમાં આજુબાજુનાં દર્દીઓના મૃત્યુ સમયે લેખક તૂટી ન જાય અને સક્ષમ રહે તે માટેના પ્રયત્નો કર્યા છે. તેમની હિંમત પૂરી પાડી છે. આ બધા પ્રસંગો થી વધારે તો પોતાના મર્યા પછી લેખક હસતા રહે, તૂટી ન જાય તે માટે પણ તેમને નૈતિક આધાર આપે છે. અને વખતો-વખત હિંમત આપતા રહે છે.

આમ, એકબીજાના મનને પારખી લેવાની સમજશક્તિ બંનેમાં જોવા મળે છે. જેમાં રોજબરોજ વધારો જ થતો જાય છે. ભગવતીકુમાર કથા શરૂ થતા પહેલા નોંધે છે તેમ, "ઉત્કટ સંવેદનશીલતા અને ઊંડી સમજદારી વીના સાચા સર્જક ન થઈ શકાય. આ દંપતી પાસે બંને વાના સભર પ્રમાણમાં છે."[૧૭] આ રીતે સંવેદનશીલ, સમજદાર અને કુશળ ગૃહિણી સવિતાબહેન, તો સામે ઉગ્ર, કૂટવાણી ધરાવતા, બેજવાબદાર દિલીપભાઈ બંને વિરોધાભાસી પાત્ર એક જીવલેણ અને ભયંકર બીમારીના કારણે દાંપત્યજીવનનું માધુર્ય માણી શક્યા છે. દંપતી વચ્ચે રહેલો પ્રેમ, લાગણી, ચિંતા અને માન-સન્માન જે વ્યસ્ત જીવનમાં ક્યાંક દબાઈ ગયા છે. તે ઉજાગર થાય છે. જે આપણે સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ.

આ નવલકથામાં શ્રદ્ધા અને વિશ્વાસ બંને નક્કર થતા પણ જણાય છે. અને તૂટી જતા પણ જણાય છે. ધર્મ અને ઈશ્વરમાં માનનારા દરેક વ્યક્તિની એક શ્રદ્ધા હોય છે. જ્યારે ખૂબ કપરી પરિસ્થિતિ હોય, જેનો સામનો લાખ પ્રયત્નો પછી પણ ના કરી શકાતો હોય ત્યારે માનવી બે હાથ જોડી માથું ટેકવી ઈશ્વર સમક્ષ શરણાગતિ સ્વીકારે છે. અને વિશ્વાસ તો દરેકને પોતાના ધર્મ, ઈશ્વર ઉપર તો હોય જ છે. આ જ શ્રદ્ધા અને અપાર વિશ્વાસ સાથે અવરિત પૂજા-અર્ચના અને પ્રાર્થના પછી પણ જો નિરાશા મળે તો સામાન્ય રીતે માનવી ઈશ્વર પર ક્રોધિત થાય છે. તેની શ્રદ્ધા અને વિશ્વાસ ડગી જાય છે. છેવટે, 'આ કામ થશે તો આ ચડાવીશ' જેવી બાધા રાખનારાની 'આ કામ નહીં થાય તો ફરી ક્યારેય તારા શરણે નહીં આવું.' - આ તાણભરી માનસિક સ્થિતિ સર્જાય છે. આવું જ કંઈક લેખક સાથે પણ બને છે. સવિતાબહેનની ઈચ્છાની સૂચી પ્રમાણે અનેક કષ્ટોનો સામનો કરી દંપતી અમરસર જાય છે. ત્યારે સવિતાબહેન એ જ શ્રદ્ધા સાથે ખોળો પાથરી આસ્થાપૂર્વક પ્રાર્થના કરે છે. પરંતુ લેખક કશુય કર્યા વગર ઉભા રહે છે. સવિતાબહેન તેમને ટોકે છે ત્યારે લેખક કહે છે : "હું પગે લાગું છું, માથું ઝુકાવું છું ને પ્રાર્થું છું કે તને તંદુરસ્તી આપે ને કહું છું જો તું બાકીનું આયુષ્ય તંદુરસ્તી સાથે ભોગવી ન શકે તો ભવિષ્યમાં કદી અહીં આવીશ નહીં. આ દિશા સામે જોઈશ પણ નહીં."[૧૮] આમ, ઈશ્વરને પણ ધમકી આપતા લેખકમાં ઈશ્વરીય શ્રધ્ધા અને વિશ્વાસ ડગી જતા દેખાય છે. એ જ રીતે રૂસી ઈલાવાનું પણ વર્તન જોવા મળે છે. મૃત્યુ સમયે ઈશ્વર પર વિશ્વાસ રાખતો રૂસી ઈશ્વરને

ચેતવણી આપી તેમની પર આક્રોશ ઠાલવે છે. આમ, એક સામાન્ય જીવન જીવતા દંપતીની આ કથા અને આલેખિત ઘટનાઓ વાચકને અને ખાસ કરીને તો કથા ને મળતી આવતી સ્થિતિ ભોગવી ચુકેલા વાચકને આ કથા હૃદયને સ્પર્શી જાય છે.

**પાત્ર પરિચય :**

આ નવલકથામાં દિલીપભાઈ અને તેમના પત્ની સવિતાબહેન એમ મુખ્ય તો બે જ પાત્ર છે. આ દંપતી તેમના જીવનમાં અણધારે આવી પડેલા કેન્સર નામના સંકટ સામે લડી રહ્યા છે. નવલકથાની શરૂઆતમાં સવિતાબહેન માથામાં થયેલી ફોડકીની લેખક અવગણના કરે છે. પત્નીએ કરેલી ફરિયાદને પણ ધ્યાનમાં નથી લેતા. તેમની સાથે ઈલાજ માટે પણ જવા માટે તૈયાર નથી. સવિતાબહેન ઈલાજ માટે મુંબઈ સાથે આવવાની વાત કરે છે ત્યારે લેખક સવિતાબહેન કરતા નોકરી અને રજાઓની વધુ ચિંતા વ્યક્ત કરે છે. અને એકલા જ મુંબઈ જવા કહે છે. સવિતાબહેન તેમની સાથે ભાવનાત્મક રીતે દલીલબાજી કરે છે. ત્યારે તે ચિડાઈને સ્પષ્ટ રીતે કહી દે છે કે તારા કરતાં રજાઓની વધુ ચિંતા છે. આમ, સામાન્ય રીતે કહેવાતો 'રૂઠ પતિ' જેવો સ્વભાવ ધરાવે છે. પરંતુ આ જ રૂઢ પતિ જ્યારે પત્ની નો રોગ અને તેની ગંભીરતા વિશે જાણે છે. ત્યારે દિલીપભાઈ ની તાસીર બિલકુલ બદલાઈ જાય છે. પછી આ જ વ્યક્તિ પત્નીના દુઃખે દુઃખી થાય છે. એ દરેક ઠેકાણે રખડે છે. જ્યાં તેમના ઇલાજની થોડી ઘણી સંભાવના હોય. દિલીપભાઈ તેમની પત્નીની દરેક ઝંખના પૂર્તિ કરવા તત્પર રહે છે. પીડા તો સવિતાબહેનને ભોગવાનની છે. પરંતુ તે પોતે પણ એ પીડાનું પારાવાર દુઃખ અનુભવી રહ્યા છે. કઠિન અને સંઘર્ષભર્યું જીવન જીવે છે અને જીતે પણ છે. કથાના અંત સુધીમાં તો પત્નીની ચિરવિદાય પછીના દિલીપભાઈ નું રૂપ પૂરેપૂરું બદલાઈ ચૂક્યું હોય છે.

પ્રકરણ ઓગણીસમાં જોઈ શકાય છે. લેખક તેમના પત્ની માટે આશા છોડતા નથી. અને તેમને પણ હિંમત આપતા વિપિન પરીખની એક કવિતા કહે છે. "આપણે જવાનું બને ત્યારે જે કોઈ રામબાણ ઔષધ થઈ ગયું હોય."[૧૯]

ઓપરેશન પછી સવિતાબહેનનો ચહેરો વિરૂપ બની જાય છે. આવી અસહનીય પરિસ્થિતિમાં પણ તે સવિતાબહેનને અને પોતાની હિંમત વધારે છે. અને તેમના ચહેરા માટે પોતાનો પ્રતિભાવ આપતા કહે છે. - "તારો આ ચહેરો જોઈને મને એવી જ લાગણી થાય છે કે યમદૂતને તારી પાસે પરાજય સ્વીકારવો પડ્યો છે. તું ખૂબ લડી, તે તેના બધા જ ઘા બહાદુરીપૂર્વક ઝીલ્યા જ્યાં સુધી તારો ચહેરો વિરૂપ રહેશે ત્યાં સુધી યમદૂતને તેના પરાજયની શરમ આવ્યા કરશે !"[૨૦]

ઘણીવાર તેમનામાં રહેલો શિક્ષક અને જૂનો સ્વભાવ જાગૃત થઈ જાય છે. પરંતુ તે તેને બહુ ઓછો પ્રગટ કરે છે. એકવાર ડોક્ટર જૈનની ફી ચૂકવતા સમયે તેમણે અપમાનની લાગણી અનુભવાય છે. ડોક્ટર જૈનની ફી પૂછતા ડૉક્ટર કહે છે. 'શિક્ષક છો એટલે દસ રૂપિયા ઓછા. ત્રીસ રૂપિયા આપો.' ત્યારે એમને મનમાં ખૂબ અપમાન અને સ્વમાનભંગની પીડા અનુભવાય છે. તે વખતની તેમના મનમાં ચાલતી ધમાસાણ જોઈએ :

"પ્રેમ લાગણી માં પણ ધ્યાનની એકમાત્ર દેખાય તો હું જીરવી નથી શકતો. થઈ ગયું કે ચાલીસ રૂપિયા આપી દઉં કહી દઉં કે શિક્ષક પ્રત્યે માન હોય તો એની ફી જ ન લો. એ તમારી પાસે આવ્યો છે, તમને સેવા કરવાની તક આપી છે, શિક્ષકોનું ઋણ ચૂકવવાનો પ્રસંગ મળ્યો છે તો તેનો આભાર માનો, પણ એની આર્થિક સ્થિતિ પ્રત્યે દયાની લાગણીથી પ્રેરાઈને સ્વમાનભંગ ન કરો."[૨૧] આટલું બધું વંટોળ તેમના આંતરિક મનમાં ચાલે છે. પરંતુ, આમા નું કશુંય તે બોલી શકતા નથી. અને તેમનું સ્વાભિમાન દસ રૂપિયા ઓછા લેવા બદલ આભાર માનવા માટે પણ આડે આવી જાય છે. એ જ રીતે પ્રકરણ સાતમાં ડોક્ટર તુચ્છકારભર્યાં ભાવ અને સૂગ સાથે લેખક સાથે વાત કરે છે. ત્યારે,- "પેશન્ટ ક્યાં છે ?"..... 'નથી એટલે' ?.....પેશન્ટ વગર હું કઈ રીતે રિપોર્ટ ની ચર્ચા કરું ? હું તો પેશન્ટને ઓળખું....... 'પેશન્ટને કેન્સર છે!'"[૨૨] ડોક્ટરની આ ચીડ જોઈને લેખકને મનમાં ગુસ્સો આવી જાય છે. તેમને ડોક્ટર ના ગાલ પર નો કાળો મસો મોટી ગાંઠ થતો લાગે છે અને – 'આ ગાંઠ કેન્સરની હોય તો..... સવિતાને આવો જ મસો હતો.' આવો એક વિચાર મનમાં ફરી જાય છે. આવા તુચ્છકાર અને અપમાન તો લેખકને ઘણી વાર સહન કરવા પડે છે. નર્સો પણ મોટે અવાજે બોલી જાય છે, પરંતુ લેખક ક્યાંય કશું કરી નથી શકતા. કેમ કે, તેમણે તેમના પત્નીના ઇલાજની જ પડી છે. ગમે તેમ કરીને તેને થોડી રાહત મળે તે માટેના અથાગ પ્રયત્નો લેખક કરતા રહે છે.

ઘણે બધે ઠેકાણે લેખક ઢીલા પડી જાય છે. તેવા સમયે સવિતાબેન તેમનો આધાર અને હિંમત બનીને કામ લે છે. જ્યાં લેખકની હિંમત તૂટે, તે પોતાની જાતને અસહાય અનુભવે ત્યાં ત્યાં સવિતાબહેન મક્કમ બની તેમને સાચવી લે છે. ઓપરેશન દરમિયાન સવિતાબહેન તેમના વાળ અને કાન ગુમાવી ચૂક્યા છે. તેમના સારા દેખાવ માટે એક વિગવાળા પાસે જાય છે. તેમને જે વીગ ગમે છે. તેની માહિતી આપતા જીવણલાલ જણાવે છે કે આ વિગ જેમને પસંદ કરી હતી તે વ્યક્તિ હવે આ દુનિયામાં રહ્યું નથી. તેમની પાસે મે વિગને સાફ કરવા માટે એક દિવસ માંગ્યો અને 'કાલે આવજો' તેમ કહ્યું પરંતુ આ પછી તેમની કાલ પડી જ નહીં. એ બહેન રાત્રે જ ગુજરી ગયા. આ વાતની જાણ થયા પછી લેખકને આ વિગ લેવાનું મન રહેતું નથી. તે આ વિગને અપશુકનિયાળ ગણે છે. અને મનમાં ડર પ્રવેશે છે. કે, આ વિગ પસંદ કરશું તો કદાચ........ સવિતાબહેન સાથે કઈ ઉચ-નીચ તો નહીં બને ને.! છતાય સવિતાબહેન  આ વિગને ખરીદે છે અને લેખકના ઉચાટ મનને શાંત કરે છે તે

કહે છે : "મૃત્યુ માટે કોઈકે તો નિમિત બનવું જ પડશે આ વિગ નહીં તો બીજી કોઈ વસ્તુ, બીજી કોઈ ઘટના....."[૨૩] અહીં સવિતાબહેનનું આટલું તાટસ્થ્ય જોઈ લેખક પણ ચકિત થઈ જાય છે. આમ તો સવિતાબહેનનું પાત્ર તો શરૂઆતથી જ ખૂબ સ્થિર વ્યક્તિત્વ ધરાવતું નજરે પડે છે. ઘર, છોકરા અને પતિનું સંપૂર્ણ રીતે ધ્યાન રાખતી, તટસ્થતા અને સ્થિરતા કેળવી શકતી આ સ્ત્રી પણ કેન્સરના કારણે, તેમાં મળેલી કુરૂપતાને કારણે ઘણી વાર ચિડાઈ જાય છે. પરંતુ, આ પ્રકારનું વર્તન સ્વાભાવિક જણાય છે. જ્યારે રશીદા ખાતૂન તેની મંડળી સાથે વિરમગામ થી વડોદરા જઈ રહી હોય છે ત્યારે એ જ ટ્રેનના ડબ્બામાં સવિતાબહેન પણ મુસાફરી કરે છે. રશીદા ખાતૂનની ખુબસુરતી અને ઠસ્સો જોઈ અચાનક જ સવિતાબહેન ને તેના પ્રત્યે અણગમો થઇ આવે છે. પછી લેખક સાથે નાના છોકરાની જેમ વારંવાર ચાલુ ટ્રેને ડબ્બો બદલવાની જીદ કરે છે. પરંતુ રશીદાને આ વાતનો ખ્યાલ આવી જતાં તે ઘણી નમ્રતા બતાવી માનવીય વાતો કરે છે. તેમના શાંત-સ્થિર વર્તન સાથે સવિતાબહેનનું મન પણ શાંત પડી જાય છે. કવ્વાલી ગાયકીમાં મશહૂર અને લોકપ્રિય રશીદા ખાતૂન મોટી નામના ધરાવતી હોવા છતાં તેની ઋજુતા અને માનવીય અભિગમ જોવા મળે છે. આમ, ક્ષણિક આવતું પાત્ર પણ માનવતાનાં દર્શન કરાવી જાય છે. એવું એક પાત્ર સવિતાબહેનના વાળ કાપનાર વાળંદનું પણ છે. તે સવિતાબહેનના વાળ કાપતી વખતની પીડા અને મનના ઉચાટને પોતાની હકારાત્મક વાતો દ્વારા શાંત કરી દે છે. અરીસામાં વાળ વગરનું મો જોતા જ્યારે સવિતાબહેન ખચકાય છે ત્યારે તે કહે છે. "હું ડાબી બાજુના વાળ પણ કાઢી નાખુ......અને પછી તમે જોજો, તમારો ચહેરો અરીસામાં ખુબ સુંદર લાગશે. જૈનોની સાદવી, જેવો-તેજ તેજના અંબાર જેવો લાગશે." પછી લેખકે આપેલી બે રૂપિયાની બક્ષિસને નકારતા કહે છે. "સાહેબ બહેનનો રાજીપો એ જ મારી બક્ષિસ છે........નહીં તો, સાહેબ મારું તો કાળજુ ધ્રુજતું હતું. ઔરતના માથેથી વાળ ક્યારે ઉતરે એ તમે જાણતા હશો. દરેક ઔરત તેના દરદ ને કારણે વાળ ઉતારે ત્યારે એ આવા વિચારે ગમગીન બની જતી હોય છે. તો સાહેબ...... હું એ સહન નથી કરી શકતો પણ બહેને ઘણી સમજદારી બતાવી. હું ખુશ જ છું.... ને મારી દુઆ છે કે તેઓ સાજા થાય અને લાંબું જીવે."[૨૪] આમ એક સામાન્ય વાળંદ પણ આટલી મોટી વાત કહી બે રૂપિયાની નોટ લીધા વગર ચાલ્યો જાય છે.

આ પાત્રોથી સાવ વિરોધાભાસી વ્યક્તિત્વ ધરાવતા લેખકના બા ત્યકતા બહેન અને બહેન શાંતા જોવા મળે છે. કહે છે.- મુશ્કેલીના સમયે પોતાનાય સાથ છોડી દે છે. અહીં પણ એવું જ બને છે. જીવનના અંતિમ દિવસોમાં સવિતાબહેનને દેશાટન કરવાનું મન થાય છે. ત્યારે તેમના પસંદિત સ્થળોની સૂચિમાં એક તેમનું ગામ લીમડા પણ છે. જ્યાં હાલ લેખકની માતા અને તેમની બહેન રહે છે. લેખક બહેનનો સ્વભાવ જાણતા હોવાથી પહેલાં પત્ર લખે છે તો એ જવાબ ન મળતા રૂબરૂ મળવા જાય છે. અને પત્નીની ઇચ્છા વ્યક્ત કરે છે. ભાઈ ની આવી સ્થિતિ દરમિયાન તેમનો સાથ આપવાની

જગ્યાએ તે લેખક સાથે ઝઘડી પડે છે. અને મિલકત માં ક્યાંક ભાગ માંગી લેશે એવા ડરથી તેમની બહેન શાંતા ચોખ્ખી ના કહી દે છે. ન બોલવાના શબ્દો પણ બોલી નાખે છે. આમ, લેખકના ભાગની મિલકત, સવિતાબહેન ના ભાગના ઘરેણા પચાવી પાડ્યા હોવા છતાં તે ભાભી ની એક નાની ઈચ્છાને પૂરી કરવા તૈયાર નથી થતી, લેખકના માતા પણ આ વાતમાં તેની સાથે જ છે. હા, લેખકના ભાઈ લલિત ભાઈ સારું વ્યક્તિત્વ ધરાવે છે. તે ઉપરાંત ભાનુબહેન, સવિતાબહેનના પિતા જેમને તે કાકા કહી સંબોધે છે, વિરેન્દ્ર કુમાર, સવિતાબહેનના બનેવી, ભીમોરામાં સવસીભાઈ મકવાણા આ બધા જ લેખકનાં કપરા સમયમાં સાથ આપે છે. સાંત્વના આપે છે. અને સવિતાબહેનની ઈચ્છાઓને પૂરી કરવામાં પણ જોડાય છે.

ઘણીવાર ભરપૂર ધીરજ અને હિંમતવાન સવિતાબહેન ની ધીરજ ખૂટી પડે છે. તેમની બીમારીને કારણે આકુળ-વ્યાકુળ બની જાય છે. અને કંટાળીને કોઈકવાર પોતાના કુરૂપ ચહેરાને લઈ લોકોનો કેવો પ્રતિભાવ મળશે તેની ચિંતા વ્યક્ત કરે છે. તો કોઈકવાર પોતાના મૃત્યુની વાતો કરે છે, આપઘાત કરવાની વાતો કરે છે : હું કંટાળી ગઈ છું. પીડા સહન નથી થતી..... બહાર નીકળી જઉં. ટ્રેનના પાટા વચ્ચે જઈને સૂઈ જઉ. વગેરે ઓપરેશન પછી બજાણા પરત ફરતા સમયે ટ્રેનમાં વિચારોના વંટોળ સવિતાબહેનને ઘેરી વળે છે. તે કહે છે : 'મારું મન નથી માનતું. બધા મારી દયા ખાશે ને શું બોલશે એ હું સમજી શકું છું, અ..ર....ર.... કેવું મોઢું હતું ને કેવું થઈ ગયું ! સાવ બેડોળ લાગે છે ! આવા કદરૂપા ચહેરા સાથે જીવી જ ન શકાય. પૂરવ જનમ ના કરમ બીજું શું ! કરમ તે કાંઈ પોતાના જ નડે એવું થોડું છે ? આવું આવું બોલશે."[૨૫] આમ, લોકો બોલે તે પહેલા તેમનો બબડાટ શરુ થઇ જાય છે. અને તેમાં તેમની માનસિક પીડા ટપકી આવે છે. અને તેમાંય તેમની આ જ પીડા બજાણા છોડી અમદાવાદ લઈ જાય છે. પરંતુ આવી નબળી ક્ષણોને તેમના પતિ ખૂબ સરસ રીતે સાચવી લે છે.

આ સિવાય જો સવિતા બહેનની ચિંતન શક્તિની વાત કરીએ તો ભગવતીકુમાર શર્મા નોંધે છે તેમ સવિતાબહેનનું ચિંતન શિખરે પહોંચે છે. લેખક સાથે એક સંવાદમાં આયુષ્યની ચર્ચા વખતે કહે છે : "આયુષ્ય નું માપ દિવસો, મહિનાઓ કે વર્ષો માં જ નથી કરી શકાતું આટલા વખતમાં મેં જે ચિંતન કર્યું છે તે પરથી કહું છું, સત્ય જેમ ક્ષણમાં સમાયેલું છે! તેમ આયુષ્ય પણ એક ક્ષણમાં સમાયેલું છે."[૨૬] આ સિવાય અમદાવાદ જતી વખતે લેખકને ઘરની નાની નાની બાબતો વિષે ધ્યાન દોરે છે. સામાન કેવી રીતે સમેટવો, ક્યાં કેટલો અને કેમ જરૂરિયાત પૂરતો સામાન વાપરવો, તો દરેક બાબતોની ચર્ચા કરે છે. મૃત્યુ પછી પણ પોતાના બેસણામાં આવનાર દરેક વ્યક્તિને ગુલાબનું ફૂલ આપવું, અસ્થીફુલ કોઈ નદીમાં પધરાવવા, ત્રણ વર્ષ સુધી સો રૂપિયાનું વાર્તાનું ઈનામ રાખવું, તેમની ત્રણ બહેનો ને એકાવન રૂપિયા આપવા અને ખાસ કરીને મને વિદાય આપતી વખતે કોઈએ રડતો

ચહેરો ન રાખવો, હસતા મુખે મને વિદાય આપવી. આ ઉપરાંત લેખકને બીજા લગ્નની સલાહ, મૃત્યુની ક્ષણે પતિનો સ્પર્શ મળે. વગેરે જેવી ઈચ્છા વ્યક્ત કરે છે. સાથે સાથે "મૃત્યુ કઈ ખરાબ ઘટના નથી; એ તો એક જન્મની ઘટના છે એને ઉજવવી જોઈએ" વગેરે જેવા વાક્યો દ્વારા લેખકને સાંત્વના પણ આપે છે. જેમાં તેમની કેળવાયેલ સમજ અને સ્વીકારેલ સત્ય નજરે પડે છે. આમ, ક્યારેક મૃત્યુ પછી શું કરવું ? ક્યારેક સુશેષ માટે કેવી છોકરી શોધવી, તેને એક મકાન આપવું નહીંતર પચ્ચીસ હજાર રૂપિયા આપવા, પેન્શન ના પૈસા આપવા, સાથે રહેવું તો ક્યારેક પારુલ ના લગ્ન કેવી રીતે કરવા તેના માટે કેવી સાડી લાવવી. આ દરેક પ્રકારની ચિંતા કહો કે ઇચ્છા કહો મૃત્યુના નજીકના સમયમાં તે વ્યક્ત કરે છે અને લેખક તેને પૂરી કરવા પણ મથે છે.

સુશેષ અને પારુલ તેમના દીકરા-દીકરી તરીકે જ પરિચયમાં આવે છે. તેમનો કંઈ ખાસ અભિનય અહીં જોવા મળતો નથી. આ ઉપરાંત રૂસી ઈલાવા, શાંતાબાઈ, હરજિત, મીસીસ દેશમુખ, મિસ્ટર પિલ્લાઇ જેવા પાત્ર દર્દી તરીકે જોવા મળે છે. પરંતુ તેમના જીવનની કથા ક્યાંકને ક્યાંક સવિતાબહેનના જીવન સાથે જોડાઈ જાય છે. આખરે તો દરેકનાં પીડાનું મૂળકારણ તેમની જીવલેણ બીમારી જ હોય છે ને!

## 'મીરાંની રહી મહેક'માં વર્ણન :

મોટાભાગની લોકપ્રિય નવલકથાની જેમ અહીં પણ વિસ્તૃત વર્ણન જોવા મળે છે. તેમાંય, અહીં તો કલ્પનાને આધારે નહીં, પરંતુ વાસ્તવિકતાને આધારે વર્ણન થયું છે. તેથી વાચક તેને યોગ્ય રીતે અનુભવી શકે છે. મહેનત વગર જે તે ઘટનાનું, સ્થળનું ,વાતાવરણ નું ચિત્ર વાચકના મનમાં ઉપસી આવે છે. હોસ્પિટલ ની વ્યવસ્થા - ત્યાંનું તંત્ર, સવિતાબહેનની વણસતી જતી માથાની ગાંઠ, ઓપરેશન પછી લાગતો કુરૂપ ચહેરો, મુસાફરી દરમિયાન પડતી મુશ્કેલીઓ, તથા સવિતાબહેનને થયેલ હર સમયની પીડાનું આલેખન એ રીતે થયું છે કે વાચક પણ આ કથાનો ભાગ બની જાય છે. અને આ દંપતીની પીડા અનુભવી શકે છે. કથાની શરૂઆતમાં જ સ્થળ-કાળનું વર્ણન જોઈ શકાય છે. લેખક સ્ટેશન, તારીખ, ઋતુ, અંતર ની માહિતી સાથે તેમના મનમાં ચાલતા વિચારો ને પ્રસ્તુત કરે છે તેમની આંખ સામે પત્ની નો ચહેરો, તેનો આગ્રહ, તેની પતિ અને બાળકો માટેની ચિંતા મનનો ઉચાટ સ્પષ્ટ રીતે તરી આવે છે. છતાંય તેમને પત્નીની વાત નહોતી માની એ વાતનું આલેખન કરવા માટે સુવ્યવસ્થિત વર્ણન કરે છે. અખડાનંદ આયુર્વેદિક હોસ્પિટલ હોય કે મુંબઈની તાતા હોસ્પિટલ ત્યાંના વોર્ડ, કેન્ટીન, નર્સ, ડોક્ટર દરેકનો એ રીતે પરિચય કરાવ્યો છે. કે ભાવક જે તે વાતાવરણને અનુભવી

શકે છે. તેમના રોજ-બરોજના દિવસોમાંથી એક વર્ણન જોઈએ : “સવારે હું વહેલા ઊઠી જાઉં છું પાણી ગાળી લઉં છું. દાતણ કરતા કરતા દૂધ ગરમ કરું છું. તેનો અવાજ આવે છે હું ઉપર જવું છું. તે પલંગ માંથી નીચે ઉતરે છે. આજે તે બહુ અશક્ત લાગે છે. તેનો હાથ પકડુ છું તે મારા ચહેરા પર હાથ ફેરવી લે છે. હું દાદર ઉતારું છું. તે મારી પાછળ ઉતરી રહી છે. દાદર ઉતર્યા પછી તે બાથરૂમ તરફ જાય છે અને એકાએક લથડિયું આવે છે. તે ટેકો લઇ લે છે, પણ આખું શરીર એક આંચકો ખાઈ ગયું હોય છે. જીભ થોડી બહાર નીકળી જાય છે. અને વળતી જ ક્ષણે તેણે સ્વસ્થ થતા બોલે છે : ‘હવે હાલ્યા...... પણ હું એમ નહીં મરુ....”(પ્રકરણ-૨૫,પૃષ્ઠ-૨૫૯) આમ સામાન્ય રોજબરોજની પ્રક્રિયા દર્શાવ્યા પછી જ્યારે સવિતાબેન ની હાલત દર્શાવે છે. ત્યારે સામાન્ય રીતે ગોઠવાયેલ મનને એકદમ આંચકો લાગે છે. અને હૃદય થડકારો ચૂકી જાય છે.

આ ઉપરાંત લેખક તેમની પત્નીના ચહેરા ને વાંચી શકે છે. તેના પણ ઘણા વર્ણન છે. એક જોઈએ : “તેના ચહેરા સામે જોઈ રહ્યો છું. તેજની આભા પથરાયેલી લાગે છે. છેલ્લા કેટલાય દિવસોથી એક મ્લાન ઘેરાશ જોતો આવ્યો હતો. એક ઘેરાશના પડ નીચે આવો ઓજસપંતો ચહેરો છુપાયેલો હશે એની તો કલ્પના પણ ન હતી....... મ્લાન ઘેરાશ નીતરી ગઈ હોય એવી સાફ પ્રસન્નતા દેખાતી હતી.”[૨૭] આવા વર્ણન સાથે લેખકની અલૌકિક શક્તિનો અનુભવ થાય છે.

આ ઉપરાંત વાંકાનેર, ભદ્રેશ્વર, રાજકોટ, ચોટીલા, ભીમોરા, પાળીયાદ, ધંધુકા વગેરે જગ્યાએ લેખક ભાવકને તેમની પરિસ્થિતિ થી અવગત કરાવી ને મુસાફરી કરાવે છે. જે-તે સ્થળે તેમની કેટલીક યાદો તેમના સ્વજનો મુસાફરી દરમિયાન તાપ-તડકો, ભૂખ-તરસ, શારીરિક-માનસિક પીડા દરેક કષ્ટોનો કેવી રીતે સામનો કરે છે. તેનાથી ભાવક અવગત થઈ શકે તેવું આલેખન છે.

અંતે સવિતાબહેનના મૃત્યુના સમયનું વર્ણન : હું સવિતાના હાથ પર હાથ મુકું છું. તે મારી સામે જોઈ રહે છે. ડચકાની ગતિ વધતી જાય છે. તેની આંખો ફરતી હોય છે, હું સમજુ છું તે શું જોવા માંગતી હોય છે તે. તેની આંખો પર હાથ મુકું છું. બીજો હાથ તેના પર ફેરવતા બોલું છું. ‘સવિતા સાંભળે છે ને ? તારી આંખો બંધ કરું છું. તે જોઈ લીધા ને અમારા આંસુ વગરના ચહેરા....? તારી સામે પ્રકાશિત પંથ છે. સુંદરતા પારાવાર છલકે છે. આ તડકો,આ ભીનું લીલું ઘાસ, આ માટીની સુગંધ, અરવ સંગીતના ધીમે ધીમે વહી આવતા પેલા પગલાં......તું શાંતિથી જા. બધામાંથી મુક્ત થઈ જા. કશી વળગણ ના રાખીશ. કોઈની ચિંતા ન કરીશ !’ પછી તેના કાન પાસે ઝૂકતા બોલવા જઉં છું ‘હું તારી સાથે જ છું.....!’ ત્યાં જ તેને અંતિમ ડચકુ આવે છે. મોમાં ફિણ આવી જાય છે. ને હાથ સ્થિર થઈ જાય છે. આ કરુણ વર્ણન શ્વાસ થંભાવી દે તેવું છે.

## 'મીરાંની રહી મહેક'માં ભાષા :

આ નવલકથા એક આત્મકથા હોવાથી તેમાં સચોટ સંવાદ જોવા મળે છે. અહીં દંપતી વચ્ચે થયેલા ઘણા સંવાદ ભાવક નું ધ્યાન ખેંચી લે છે. સવિતાબહેન અને દિલીપભાઈ વચ્ચેના ભૂતકાળ વાગોળતા, વર્તમાન ચર્ચતા અને ભવિષ્યની ગોઠવણ કરતા ઘણા સંવાદો ભાવકને સ્પર્શી જાય છે, તેમાંથી એક જોઈએ : સવિતા બહેન દિલીપભાઈને પોતાનું ગળું દબાવવા વિનવે છે અને ભૂતકાળની વાત યાદ કરતાં કહે છે : "તમને યાદ છે, એ દિવસ..... જે દિવસે તમે મારું ગળું દબાવ્યું હતું, પણ ભાંસ નહોતી આપી. જાણે પંપાળતા હો એવી રીતે.... એ વખતે માત્ર રમત જ કરી.....અને પછી ગલગલીયા કરી લીધા...."

"હું જાણવા માગું છું, તમે મને કઈ રીતે મરવા દેશો ?"

લેખક : "હું તને મરવા નહીં દઉં. મને લાગશે કે તું મરી રહી છે, તારા મૃત્યુની ક્ષણો આવી ગયાની મને જાણ થશે ત્યારે હું પહેલો જ ચાલી નીકળીશ. આપઘાત કરવો મારા માટે બહુ મોટી વાત નથી."[૨૮]

આવા ઘણાય સંવાદ હૃદયને સ્પર્શી જાય તેવા છે.

આ ઉપરાંત અહીં ગીત, ગઝલ અને કાવ્ય પંક્તિનો પરિસ્થિતિ પ્રમાણે સુંદર ઉપયોગ થયો છે. જેમાં લેખકનું સર્જકત્વ જણાઈ આવે છે. એકવાર લેખક તેમની પત્નીના આગ્રહને માન આપી તેમને 'નવનીત' માં છપાયેલ વિપિન પરીખની કવિતા સંભળાવે છે.

"યાદ છે
એક દિવસ
વહેલી સવારના છાપામાં
'ચંદ્ર ઉપર માનવીના અંકાયેલા ચરણ'
એ ખબર વાંચી
આપણે બે કેટલા ખુશ થયેલા !
તે કહેલું :
'ગઈકાલે આ વાત કોઈ એ માની પણ હોત ?
આવતીકાલે
વહેલી સવારના છાપામાં છપાશે :
'કેન્સર સામેના યુદ્ધમાં સાંપડેલું રામબાણ ઔષધ !

હું ખુશ થઈ બાજુમાં તને વંચાવવા જઈશ,
પણ
તે કેટલી ઉતાવળ કરી ?"[૨૯]

પોતાના જીવનને લાગતી વળગતી આ કવિતાના માધ્યમે તે લોકો ફરી એક હૃદયસ્પર્શી સંવાદમાં ઢળી પડે છે. પ્રકરણ ચોવીસ માં લેખક તેમની પત્નીના ખોળા માં માથું મૂકી સુવે છે ત્યારે સવિતાબહેન ધીમે ધીમે ગણેગણે છે.

"બહુત રાત બીતી ચલો મૈ સુલા દૂ.
પવન છેડે સરગમ,મૈ લૌરી સુના દૂ.
તુમ્હે દેખકર યહ ખ્યાલ આ રહા હે.
કે જૈસે ફરિશ્તા કોઈ સો રહા હો.
કોઈ મેરી આંખો સે દેખે તો સમજે
કે તુમ મેરે ક્યાં હો, તુમ મેરે ક્યાં હો....."[૩૦]

સવિતાબહેનની નનાની બાંધવા સમયે માધવની કવિતાની પંક્તિઓ :

"હળવા તે હાથે ઉપાડજે રે,
અમે કોમળ કોમળ....
સાથ રે ફૂલડાં ઢાળજે રે,
અમે કોમળ કોમળ......."[૩૧]

સ્મશાને થી પાછા ફરતા યાદ આવે છે તે રમેશ પારેખ ની કવિતા જેમાં શીર્ષકની સાર્થકતા પણ છુપાયેલ છે.

"પાદરે રસ્તાઓ પાછા વળશે રે.
.........તારો મેવાડ મીર છોડશે.

આમ, ઘણીવાર પ્રેમભરી  ક્ષણોને અનુરૂપ ઘણીવાર પીડાદાયક પળોને અનુરૂપ લેખકે પંક્તિઓ મૂકી આપે કે આ આખો ધૂંધળી થઈ જાય છે.

આમ, "'મીરાંની રહી મહેક' એ નિશ્ચિત મૃત્યુની, એ મૃત્યુમાંથી અમૃત્વ પામવાની, અમૃત સમીપે પહોંચવાના સફળ પુરુષાર્થની, મૃત્યુની સંનિધિએ બે વ્યક્તિઓના થતાં ઉર્ધ્વમુખી સ્વરૂપાંતરની, એ સ્વરૂપાંતરને શક્ય બનાવતી બે સર્જક પ્રતિભાઓની સંકુલ છતાં સોંસરવી માણસયાત્રાની

કરુણમંગલ  કથા છે. ગુજરાતી સાહિત્યમાં જ નહીં, હજારો વાચકોના હૃદયમાં પણ તેનું ઘણું ઊંચું અને ચીરસ્થાયી સ્થાન રહેશે. (ભગવતીકુમાર શર્મા)"[૩૨] આમ પ્રેમાળ અને સંવેદનશીલ યુગલ જોડી સવિતાબહેન તથા દિલીપભાઈની આ ઋજુ તેમજ સંવેદનશીલ સત્ય લેખકે રજૂ કર્યું છે. પ્રાથમિક શાળાના આ શિક્ષક પાસે આર્થિક સગવડનો અભાવ છે. પરંતુ સ્નેહનો દરિયો છે. તેમની પોતાની પત્ની માટેની ફરજ અને લાગણી, નિઃસ્વાર્થ ભાવની સેવાથી પ્રગટ થયો છે. આમ, કેન્સર નામની જીવલેણ બીમારી સામે લડી લેવાની હિંમત અને ધૈર્યની આ કથા કલાત્મક નવલકથા રહી છે.

**પાદટીપ :**

૧. 'મીરાંની રહી મહેક', દિલીપ રાણપુરા, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, બી. આ. ૨૦૧૪, પૃ. ૦૫
૨. એજન, પૃ. ૩૦૫
૩. એજન, પૃ. ૩૨૮
૪. એજન, પૃ. ૩૨૮
૫. એજન, પૃ. ૨૬
૬. એજન, પૃ. ૨૮૮
૭. એજન, પૃ. ૨૪૪
૮. એજન, પૃ. ૧૨૬
૯. એજન, પૃ. ૧૦૪
૧૦. એજન, પૃ. ૧૦૭
૧૧. એજન, પૃ. ૧૪૧
૧૨. એજન, પૃ. ૧૪૩
૧૩. એજન, પૃ. ૧૭૨
૧૪. એજન, પૃ. ૧૫૦
૧૫. એજન, પૃ. ૭૧
૧૬. એજન, પૃ. ૯૦
૧૭. એજન, પૃ. ૦૭
૧૮. એજન, પૃ. ૨૧૩
૧૯. એજન, પૃ. ૧૯૩
૨૦. એજન, પૃ. ૧૫૭
૨૧. એજન, પૃ. ૫૨
૨૨. એજન, પૃ. ૭૩
૨૩. એજન, પૃ. ૧૫૯
૨૪. એજન, પૃ. ૧૦૩

૨૫. એજન, પૃ. ૧૫૯
૨૬. એજન, પૃ. ૨૬૩
૨૭. એજન, પૃ. ૨૬૨
૨૮. એજન, પૃ. ૯૮
૨૯. એજન, પૃ. ૧૮૪
૩૦. એજન, પૃ. ૨૫૮
૩૧. એજન, પૃ. ૩૦૪
૩૨. એજન, પૃ. ૧૬

## ૩.૪ : 'ઓથાર'

- **અશ્વિની ભટ્ટ**

ગુજરાતી ભાષાનાં જાણીતા અને લોકપ્રિય નવલકથાકર અને અનુવાદક અશ્વિની ભટ્ટની નવલકથાઓ વિવિધ સામયિકો અને દૈનિક સમાચારપત્રોમાં હપ્તાવાર પ્રકાશિત થતી. તેઓ માનસશાસ્ત્રમાં સ્તાનત થયા. તે રંગભૂમિમાં ખુબ રસ ધરાવતા હતા અને બાળકલાકાર તરીકે પણ બંગાળી નાટક 'બિંદુર છેલ્લે' (બિંદુનો કીકો)માં કામ કર્યું હતું. તેઓ લેખક બન્યા તે પેહલા તેઓ મરઘા ફાર્મ, લાકડાના સ્ટૂલનો વેપાર તેમજ શાકભાજી જેવા વેપારમાં નિષ્ફળ ગયા હતા. ૨૦૦૨ માં તેઓ અમેરિકા સ્થાયી થયા હતા. પછી તેમને ત્યાં જ પોતાના જીવનના છેલ્લા વર્ષો વિતાવ્યા. લેખક બનતા પેહલા પૈસા કમાવવા માટેના તેમના નિષ્ફળ પ્રયત્નો અને પરિણામને તેમને પણ આવકાર્યા હતા. વિનોદ ભટ્ટ તે વિષે નોંધ કરતા કહે છે – "ઘણા ગમતા-અણગમતા ધંધા તેમના જીવનમાં આવ્યા છે, ને એટલે જ તો ઓથારના ખલપાત્ર ખેરાસિંહને અન્યાય ના થઈ જાય તેની તેને તકેદારી રાખી છે. વિલનને પણ તેને હીરાનો દરજ્જો આપ્યો છે. જીવનમાં તેમજ નવલકથામાં પણ......."[૧]

આમ, લેખકની જીવન જીવવાની દૃષ્ટિ તેમના સર્જનમાં પણ જણાય છે. તેમની લોકપ્રિય નવલકથા "ઓથાર"ને લોકપ્રિય નવલકથાનાં તત્વોને આધારે તપાસવાનો ઉપક્રમ અહી રહેલ છે. આ ઉપરાંત લેખકનાં અન્ય પુસ્તકો જોઈએ.

- લજ્જા સન્યાલ – ૧૯૭૯
- શૈલજા સાગર - ૧૯૭૯
- નીરજા ભાર્ગવ - ૧૯૭૯
- આશકા માંડલ - ૧૯૭૯
- ફાંસલો (બે ભાગ) - ૧૯૮૫
- કસબ (ત્રણ ભાગ) – ૧૯૯૩
- અંગાર - ૧૯૯૩
- આયનો - ૧૯૯૭
- કટીબંધ (ત્રણ ભાગ) – ૧૯૯૭
- કરામત - ૧૯૯૮
- આખેટ (ત્રણ ભાગ) – ૧૯૯૯
- કમઠાણ- ૨૦૦૨

ઐતિહાસિક અને રસપ્રદ નવલકથા 'ઓથાર'ની પ્રથમ આવૃત્તિ ૧૯૮૪માં પ્રગટ થઇ. એકહજાર ચોવીસ જેટલી પૃષ્ઠ સંખ્યા ધરાવતી અને બે ભાગમાં વિભાજીત આ નવલકથા એક મહાનવલ ગણાવી શકાય તેવી છે. સંદેશમાં હપ્તાવાર છપાયેલી આ ધારવાહિક નવલકથાની રચનામાં ઐતિહાસિક ઘટનાઓનો મોટો ફાળો દેખાય છે. સંખ્યાબંધ પાત્રો અને ઘટનાઓને આલેખતી આ કથા લેખક મુખ્ય નાયક પાસે જ કહેવડાવે છે. કથક સેજલસિંહનાં હૃદયનો ઓથાર અહી જોવા મળે છે. આ ઓથાર જેમાંથી ઉદભવ્યો તે માહોલને લેખકે કથાનો આકાર આપ્યો છે. સન સત્તાવન પછીની પરિસ્થિતિ, અંગ્રેજોની હૂકુમત, ગુલામ દેશ, ગુલામ લોકો, તેમનો ઓથાર, તેમનો શેષ, દેશને આઝાદ કરવા મથતા ક્રાંતિકારીઓ, તેમના અને અંગ્રેજો વચ્ચેની લડાઈઓ, તેનાથી ઉભી થતી ભયાનક સ્થિતિ, આ સ્થિતિને વેઠતી પ્રજાનો ઓથાર, રાજકારણ આ દરેક બાબતોને આ કથામાં આવરી લેવામાં આવી છે.

**કથાનક :**

પ્રસ્તુત નવલકથાને લોકપ્રિય નવલકથા તરીકે તપાસવા માટે પેહલા તેનું કથાનક જોઈએ. નવલકથાનું શીર્ષક 'ઓથાર'નો અર્થ એટલે પીડા. આ નવલકથામાં ઘણા બધા પાત્રો એવા છે, જે પીડાદાયક તેમજ સંઘર્ષભર્યું જીવન જીવી રહ્યા છે. ઉપરથી સખ્ત વર્તન દાખવનારા પાત્રોનો આંતરિક ઓથાર લેખકે શબ્દો દ્વારા વ્યક્ત કર્યો છે.

નવલકથાની શરૂઆત જ તોપના ગોળાથી થાય છે. જબલપુર ના રાજા શંકરશાહ અને તેમના પુત્ર રઘુનાથશાહને અંગ્રેજોએ ભર બજારમાં તોપથી ઉડાવી દેવાની સજા ફટકારી છે. જોકે નવલકથાના મધ્યભાગમાં આ સજાનું કારણ અને આ ઘટનાનું વિસ્તારિત આલેખન જોવા મળે છે. શંકરશાહ પાસથી મળેલી એક કવિતા તેના મૃત્યુનું કારણ બને છે. આ સત્યઘટના જ 'ઓથાર'નવલકથાના નિર્માણનું મુખ્ય કારણ બની છે. સેજલસિંહના પિતા, જાનોરના રાજા વિક્રમસિંહ પુત્ર સેજલસિંહ માટે અને ભાવક માટે પણ રહસ્યમય પત્ર બની રહે છે. જેનો કોયડો ઉકેલવા સેજલ મથી રહ્યો છે. ગ્રેઈસના કેહવા પ્રમાણે વિક્રમસિંહ ગદ્દાર હતા. તેમને અંગ્રેજો સાથે હાથ મળાવી વિપ્લવવાદીઓ સાથે ગદ્દારી કરી હતી. પરંતુ સેજલ ને આ વાત અકળાવી મુકે છે. નાનપણથી તે પોતાના પિતા વિશે ઘાનોજી કે રાજેશ્વરી દેવી કોઈને પણ કઈ પૂછે તો, તેની વાતને નકારી કાઢવામાં આવતી હતી. યુવાનીમાં પ્રવેશ્યા પછી તે પિતાનું રહસ્ય જાણવા માટે અવનવા પરાક્રમો કર્યા કરે છે. અને કેટલીકવાર તો પોતે જ તેમાં ફસાઈ જાય છે. આખરે ગદ્દાર પિતા આમ બોલીને તે રાજેશ્વરી દેવીને ભડકાવે છે અને ભુવનસિંહ દ્વારા તેને ફટકાની સજા ફરમાવવામાં આવે છે. ત્યારે ભુવનસિંહ વર્ષોથી દબાઈ ગયેલી વાત અને ઇતિહાસના પાના ઉથલાવે છે ત્યારે ભાગ ૧ ના મધ્યભાગમાં જાણવા મળે છે કે વિક્રમસિંહે ગદ્દારી નહોતી કરી તેમને ફક્ત અંગેજોના પક્ષે હોવાનો ઉપરછલ્લો દેખાવ કર્યો હતો, જેથી

જાનોર અને તેના કિંમતી ખજાનાને બચાવી શકાય. પરંતુ તે પેહલા પિતાના રહસ્યને જાણવા મથતા સેજલસિંહ જીનાનું અપહરણ  કરાવી એક ભયંકર ભૂલ કરી નાખી હતી. રાજેશ્વરી દેવી, બાલીરામ, ઘાનોજી, ભૂવનસિંહ આ દરેક ભેગા થઇ કાવતરા ઘડતા હતા. અને તેમના ષડયંત્રોના સત્ય સુધી પહોચવા સેજલે જીનાનું અપહરણ કરાવી મેકગ્રેગરના ઘોડા ભેડાઘાટમાં રેહતા સંતોષજીને પહોચાડવાનું કામ કર્યું હતું. પરંતુ ખલનાયક ખેરાસિંહ નું આગમન થાય છે. આખરે તેને છોડાવવા સંતોષજીએ ખેરા ના સાથી બનવું પડે છે આને જેક ના ઘોડા નો ઉપયોગ કારતુશો તથા રાયફલો જેવા હથિયારો ભરેલી ટ્રેન ને લુંટવા માટે જાય છે.બીજી બાજુ અંગ્રેજો પ્રતિ વફાદાર રહેવા મથતો એંગ્લો ઇન્ડિયન જેક મેકગ્રેગર જીનાના અપહરણની હકીકત કર્નલ મેબેટને જણાવે છે ત્યાર પછી તો વર્ષોથી ચાલી આવેલી રાજમહેલની રણનીતિને મેલેટ ની એક આંખ સહેલાઈથી જોઈ શકે છે ત્યારબાદ પોતાની શંકાને આધારે મેલેટ સેજલસિંહને ગુનેગાર સાબિત કરવાનું ષડયંત્ર રચે છે. પરંતુ જેક મેકગ્રેગર અને સર પોવેલનો આપસી ગુસ્સો અને નફરત તેના પર પાણી ફેરવી નાખે છે. આખરે જેક દ્વારા સર પોવેલનું અપહરણ, સર પોવેલનું ભેદી ખૂન, રામસતીયાની ધરપકડ, તેને કરેલી કબૂલાત તેમજ આપેલી માહિતી, સેજલનું અપહરણ કેન્ટ જેલ પર આક્રમણ, જો ગીબ્સનનું સેજલ ના હાથે ખૂન, જેડો રાઉટીઓ અને આજો માતાઈ જેવા પાત્રોના ષડ્યંત્રો વગેરે ભાગ એક મુખ્ય ઘટનાઓ બની રહે છે. આ ઘટનાઓ સેજલસિંહના સીધા-સાધા જીવનમાં એક નવું જ પ્રકરણ રચવાનું માધ્યમ બને છે. આ ઉપરાંત સેજલની એક બીજી દુનિયા સેના અને ગ્રેઈસના સાનિધ્યમાં રહેલી છે. જેમાં ગ્રેઈસ પ્રત્યે તેનું ફક્ત આકર્ષણ છે. જયારે સેનાને તે પારાવાર પ્રેમ કરે છે. તેના આત્મા સેના સાથેના સહવાસને ઝંખે છે. સેનાને મળવાની ઘેલછામાં તો ઘણીવાર તે વણનોતરી મુસીબતનો ભોગ બને છે. છતાંય, કોઈ ભોગે તે સેનાથી દૂર રેવાનું વેઠી શકતો નથી. આમ, ભાગ એક માં  સામાન્ય સેજલ ધીમે ધીમે રાજકીય ક્ષેત્રે ઘડાતો જાય છે. પરંતુ ક્યાંક તેનો અધરૂપો (ઓછો અનુભવ)ક્યાંક સેના માટેની ઘેલછા ઘણી મુશ્કેલીઓ ઉભી કરે છે. આ ઉપરાંત, રાણોજી અને તેમના ભત્રીજાઓને અંગ્રેજી દ્વારા ફાંસી આપવામાં આવે છે. તેમની લાશોનું ભયાનક દશ્ય, વિક્રમસિંહ ના ભૂતકાળના વર્ણન સમયે મેજર હડસન જેવા અંગ્રેજો નો ક્રૂર અત્યાચાર, વિપ્લવવાદીઓ અને અંગ્રેજો સિવાયના સામાન્ય લોકોની કફોડી હાલત, સંતોજી-સેના અને આજો માતાઈ જેવા લોકોની રખડતી જીંદગી, સત્તાવન માં મળેલી હાર અને તેના પરિણામે 'ભાગલા પાડો રાજ કરો' જેવી અંગ્રેજો ની નીતિ, રાજા-પ્રજા અને અંગ્રેજોની રણનીતિ, રાણોજીની ફાંસી પછી સાર્જન્ટ બર્કનું ભેદી મૃત્યુ, તેના છેલ્લા શબ્દો 'ધેટ બાર ગર્લ' ને ઉકેલવા માટેની મથામણ, જીના અને સેજલની આ બાબતમાં ચતુરાઈ, રાજમહેલ ના વફાદાર વ્યક્તિઓ અને  રાજેશ્વરી દેવી જેવા પાત્રો નો અદભુત પાત્રપરિચય કથામાં રોચકતાનો વધારો કરે છે. અનેક રસપ્રદ રહસ્યો, રહસ્યો ઉકેલાતા મળતા આંચકા અને કથાની સામગ્રી ભાવકને જકડી રાખે છે.

ભાગ એકના અંતમાં સેજલના જીવનમાં નવું પ્રકરણ શરૂ થવાની વાત કરવામાં આવી છે. તેના જીવનનું આ નવું અને અણધાર્યું પ્રકરણ ભાગ બે માં જોવા મળે છે. જીનાનું અપહરણ, હથિયારો ભરેલી ટ્રેનની લૂંટફાંટ અને કેન્ટનું જેલ પર થયેલું આક્રમણ આ બધાં કેસમાં કર્નલ મેલેટ અને પોવેલ બંને સેજલસિંહને ફસાવવા માંગે છે. અને બદલામાં રાજેશ્વરી દેવી સાથે ખજાનાનો સોદો કરવા માંગે છે. પરંતુ જેક મેક્ગ્રેગર અને પોવેલ ના મુલાકાત તુમાખીભર્યા મિજાજના કારણે તેમના આ ષડયંત્ર પર પાણી ફરી વળે છે. જેનો લાભ સેજલસિંહ અને રાજેશ્વરી દેવી ઉઠાવે છે. ત્યારબાદ જેડા દ્વારા તેની પાછળ લાગેલી અંગ્રેજ ફોજને ગોલકી મઠ તરફ વળાવવામાં આવે છે. જ્યાં પેહેલેથી જ ધીંગાણું શરૂ છે. તેમાં વધારો થાય છે. આમ, દુશ્મનોને ગોલકી મઠના ધીંગાણું તરફ વાળી સેજલસિંહ જીનાને આપેલું વચન પુરું કરવા બાબા હરિભજનની શોધમાં નીકળે છે. ત્યાં તેને સેના પણ મળી આવે છે. ગોલકી મઠ પર થયેલી જંગના કારણે સંતોજી બારનીશ ઘાયલ થાય છે. જેથી ખેરાસિંહ તેમને લઈ હરિભજન પાસે એટલે કે ગોવિંદદાસની હવેલીએ પહોંચે છે. સંતોજીના મૃત્યુનું કરુણ વાતાવરણ ઉભું કરે છે.ત્યાં જ કર્નલ મેલેટ પોતાની ફોજ સાથે આવી પહોંચે છે. અને એકવાર ફરી સેજલસિંહનું સત્ય પાસું તેની સામે ઉઘાડું પડી જાય છે. પરંતુ ત્યાં પણ સેજલસિંહ ચતુરાઈપૂર્વક એક રસપ્રદ અહેવાલ રજૂ કરે છે. અને છટકબારી શોધે છે.તક સાપડતા જ તે કર્નલ પર વાર કરી દરેકને બચાવે છે. પછી તો કર્નલ અને તેની ફોજ પર ખેરાસિંહનું કાળ ઉતરે છે. અને તરત જ જબલપુર અને જાનોર પર હુમલો કરવા માટે ટુકડીઓ તૈયાર થાય છે. જેથી જબલપુર મોકલાવેલો જાનોરનો ખજાનો ચિંતાનો વિષય બને છે. જેથી રાજેશ્વરી દેવી અને બાલીરામ એક રાષ્ટ્રીય યોજના ઘડે છે. તેમાં રહમતમીર અને ખેરાસિંહ સાથેનો સોદો કરવા જે બેઠક યોજાય છે.તેમાં રાજેશ્વરી દેવી એક પછી એક રાજકીય પત્તા ફેંકે છે.જેને કારણે બધા અંદરો-અંદર લડી પડે છે. રહમતમીર તક મળતા જ ત્યાથી ભાગી છૂટે છે. જેક, ખેરા, જીના તેમજ ડો. હ્યુસન મૃત્યુ પામે છે. આ ઘટનામાં ખેરાસિંહ અને જેક મેકગ્રેગર ની માતા એક જ હોવાનું રહસ્ય ઉઘાડું પાડે છે. જેના કારણે ખેરાસિંહ જેવા ખલનાયક પાત્રનું હૃદય પીગળે છે. તેનાં જીવન નો છેલ્લો સમય અને રાજેશ્વરી દેવી સાથેનો અંતિમ સંવાદનું આલેખન આંખો ભીની કરે તેવું કરુણ છે. ત્યારબાદ સેનાની ચિંતામાં જબલપુર ગયેલો સેજલસિંહ મુઘલોની કોઠીની આગમાં ફસાય છે.જેમાં તેનો ચેહરો એ આગનો ભોગ બને છે. તેની કુરુપતા તથા કુરુપતાને કારણે સેનાથી થયેલ વિયોગ-વિરહ તેના જીવન નો મુખ્ય અને મોટો ઓથાર બની રહે છે. સેજલનો સાથી તો એજ આગમાં ભડથું થઇ જાય છે. મહામેહનતે સેજલ પોતાનો જીવ તો બચાવી લે છે પરંતુ, તેને મળેલા જીવનદાનનું કોઈ જ અસ્તિત્વ રેહતું નથી. આ પણ તેની સેના પાછળ કરેલી મૂર્ખાઈનું પરિણામ છે. કોઠીમાં કોઈપણ પ્રકારની હલનચલન નહોતી છતાય, તે કદાચ ...સેના અંદર હોય તો.....! આવી ધારણાને આધારે જ આ વણનોતરી આફતને આવકારે છે. છેવટે કેટલીય પીડાઓ ભોગવ્યા પછી દરેક વ્યક્તિને ફક્ત એકવાર જોઈ લેવાની ઝંખના તેને આત્મહત્યા કરતા રોકે છે.

ગજાનન, બાલીરામ અને તેનો પ્રિય ઘોડો તુરક તેને ઓળખવામાં થાપ ખાતા નથી. કથાના અંતભાગમાં ગજાનન તેની મૈત્રી કહો કે રાજા પ્રત્યેની વફાદારી કહો, પૂરી નિષ્ઠા થી નિભાવે છે. અને બંને સાધુ બની રખડપટ્ટી જેવું જીવન જીવ છે. બાલીરામ દ્વારા સેજલને જાણ થાય છે કે સેનાના પેટમાં પણ સેજલસિંહનો અંશ ઉછરી રહ્યો છે. ત્યારે સેના સાથે ના સપના તેમજ તેના દીકરાઓ સાથે ન રહ્યાંનો ઓથાર તેનાથી વેઠાતો નથી. છેવટે કુરુપતાની પીડા કરતાય વધુ અસહ્ય આ પીડા સાથે જ તે હિન્દ છોડી વિદેશયાત્રા કરે છે. આ બાજુ રાજેશ્વરી દેવીના હમેંશા પ્રમાણે રાજને અનુકુળ નિર્ણયો જોવા મળે છે. સેનાના જોડિયા દીકરાઓ ખેરાસિંહનું નામ અપનાવી કટંગી અને મેરક સંભાળે છે. અને ગ્રેઈસનો દીકરો જાનોરનું રાજ્ય સંભાળી શકે તેવી રાજેશ્વરી દેવીની રાજકીય યોજના અને તેની સુઝબુઝ દાદ માંગી લે તેવી જણાય છે.

**પાત્રપરીચય :**

આ નવલકથામાં કથાનાયક અને કથક તરીકે સેજલસિંહ તેમજ કથાનાયિકા તરીકે સેના જોવા મળે છે. સ્ત્રીપાત્રમાં રાજેશ્વરી દેવીનું પાત્ર જાજરમાન તેમજ રાજકારણ ક્ષેત્રે દાદ માંગી લે તેવું જણાય છે. આ સિવાય રાજપૂતાણી બનવાના સપના સેવતી તેમજ જાનોરના થનાર રાજા સેજલસિંહને અનહદ રીતે ચાહતી ગ્રેઈસ, ઘોડાના વેપારી ઍંગ્લો ઇન્ડિયન જેક મેક્ગ્રેગરને ચાહતી જીના, જીનાને ધિક્કારતી મીસીસ બાર્બર પોવેલ, જીનાનો ભાઈ સર પોવેલ, જાનોરના ઈતિહાસ ના સાક્ષી તેમજ રાજરમત રમવામાં કુશળ બાલીરામ તથા ભુવનસિંહ, જાનોરના સારા-નરસા સમયના સાક્ષી અને રાજમહેનતના ઘોડાર વિભાગના માલિક ઘાનોજી, ઝનૂની ખેરાસિંહ, દેશને સ્વતંત્ર જોવાનું સપનુ સેવનારા સંતોજી તથા આજો માતાઈ, કટ્ટર અને બદમાશ કર્નલ મેલેટ, વફાદાર ખંડેરાવ, સેજલના કપરા સમયમાં મિત્ર તરીકે અને રાજમહેલના વફાદાર તરીકે ફરજ નિભાવતો ગજાનન તુર્કી, અભેટ અને ક્રાંતિકારી બાબા હરિભજન ત્રિકાળજ્ઞાની, બાબા સેવાદાસ વગેરે જેવા પાત્રો કથામાં એક મોટો અને મુખ્ય ભાગ ભજવે છે.

આ ઉપરાંત સેજલસિંહની આયા કન્ની, તેનો દિકરો રતનસિંહ, ઘાનોજીની જગ્યાએ કામ કરતો ગજનસિંહ, સેજલસિંહના અંગ્રેજી શિક્ષક ફાધર કેડવેલ, રેસીડેન્સીનો કેપ્ટન સ્ટેનલી, ડો. હ્યુસન, ગ્રેઈસના પિતા સર વિલિયમ કોમ્પબેલ, સેજલસિંહની સ્કુલના પ્રિન્સિપાલ ડો. પીટસર્ન, વિદુષક જીયાજી સિંધિયા, મશીનરી સ્કુલના ફાધર ચાર્લ્સ બાઈડમ, રેસીડેન્ટ પોલીટીકલ એજન્ટ સર એડમન્ડ પોવેલ, કેપ્ટન હેમન લેફટન્ટ સ્મિથ જેવા અધિકારીઓ, દિનમણી પાંડે, જેકબશનનો દીકરો બિલ, રામસતિયો, ગોવિન્દલાલ, ગુરુ બરાનજ, ઘારીલાલ, ધેનુ તિવારી, લાવા કહાર, ચરણદાસ, કરણદાસ તેમજ કથામાં કહેવાતા ઈતિહાસ અથવા ભૂતકાળમાં ઉલ્લેખિત શંકરશાહ તેમજ તેમનો દીકરો

રઘુનાથશાહ, વિક્રમસિંહ, ચન્દ્રવિમોચનસિંહ, સરદાર શાહ્મતખાન, રઘુનાથ રાવ ઈંગળે, કર્નલ નિકોલ, મેજલ મેન્લે, કેપ્ટન ડેસ્પાર્ડ, લેફ્ટન્ટ મેક્ગ્રેગર, મધુકરશાહ, જવાહરસિંહ બુંદેલા, મેજર એર્સકાઈન, રાજેશ્વરી દેવીને ચાહતા અને કટંગીના રાજા સુરજસિંહ બરવા અને તેમની પત્ની જયા, ઠાકુર સરજુપ્રસાદ, માધવસિંહ  અને તેમની પત્ની વિશાખા, એક તવાયફની દીકરી મેરી પીટર્સ વગેરે જેવા પાત્રો પણ જોવા મળે છે. સેજલસિંહનો પ્રિય અને માનીતો ઘોડો તુરકને પણ એક પાત્ર તરીકે જ તાદશ્ય કરવામાં આવ્યો છે.

આમ આ કથામાં અઢળક પાત્રોનો સમાવેશ થાય છે. પણ દરેક પાત્રો કથા સાથે સંકળાયેલા છે. કથાને ઘડવામાં, તેને આગળ વધારવામાં, તેને મુખ્ય ઓપ આપી તેની મહત્તા વધારવામાં આ દરેક પાત્રોનો યોગ્ય ફાળો જોવા મળે છે. અશ્વિની ભટ્ટ પોતે કથાને અને કથાના પાત્રોની યાતનાને સમજી શક્યા છે, તેને અનુભવી શક્યા છે.અને તેથી જ કથાના પાત્રો પાસે સુંદર રીતે કામ કરાવી શક્યા છે.જેથી એક જીવંત વાતાવરણ કથામાં ઊભું થાય છે.

ઓથારનો નાયક, ઓથારનો કથક અને જાનોરનો થનાર રાજકુમાર કથાની શરૂઆતમાં એક સામાન્ય માણસ અને એક કોલેજના વિદ્યાર્થી તરીકે સામે આવે છે. તે  સર્વગુણ સંપન્ન નથી. પરંતુ, કથામાં ઘટતી ઘટનાઓ અને તેના જીવનમાં આવતા અવિરત સંઘર્ષ તેને ઘડવાનું કામ કરે છે. સેજલસિંહના લોહીમાં જ તેના પિતા વિક્રમસિંહ ના ગુણ રહેલા છે. તે રાજેશ્વરી દેવી ના લાખ પ્રયત્નો પછી પણ બહાર આવ્યા વગર રહેતા નથી.ગ્વાલિયરમાં ગ્રેઈસના મુખે તેના પિતા વિશે ની દગાખોરીની વાત સાંભળી લોહી ઉકળી ઉઠે છે. તે પોતાનું શિક્ષણ અધૂરું મૂકી જાનોર જવાની જીદ કરે છે.જાનોર માટે અને જાનોરની પ્રજા માટે કંઈક કરી છૂટવાની તૈયારી બતાવે છે અને આખરે તે જાણતા-અજાણતા જાનોરના રાજકીય તંત્રમાં ભાગ લઈને જ રહે છે. નાનપણથી જ સેજલસિંહ જ્યારે પણ તેના પિતાનો ઇતિહાસ પૂછે કે તરત જ ધાનોજી, બાલીરામ  કે રાજેશ્વરી દેવી તેની વાત ને ટાળી દેતા. અને રાજમહેલના રાજકારણથી પણ દૂર રાખતા પિતા છબી જોઇ જાતજાતના અનુભવ સેજલસિંહને થતાં ક્યારેક ઘેનું તિવારીનો પીછો કરી, ક્યારેક ચોરી-છુપે બાલીરામ અને માતા વચ્ચેનો સંવાદ સાંભળી, ક્યારેક જીનાના અપહરણ જેવા પરાક્રમો કરી સેજલસિંહ જાતે જ જાનોરના ઇતિહાસમાં તેમજ વર્ષોથી ચાલતી આવતી રાજનીતિમાં ભાગ લઇ લે છે. આમ તો રાજેશ્વરી દેવી ને કોઈ હલાવી શકે તેમ નથી. પરંતુ સેજલસિંહ તેને એટલી ઉશ્કેરે છે કે તે ભુવનસિંહને સેજલને સજા કરવાનો હુકમ આપે છે. આખરે, પોતાના બાબાસાહેબ હીઝ હાઈનેસની તકલીફ ના જોઈ શકનાર ભૂવનસિંહ તેને વિક્રમસિંહ અને જાનોરના ઇતિહાસથી અવગત કરાવે છે, ત્યાર પછી પિતાની છબી તસેજલસિંને હંમેશા હસતી નજરે પડે છે.

આ ઉપરાંત, ઘણે ઠેકાણે સેજલસિંહની ચપળતા, ચતુરાઈ અને બુદ્ધિમતા પણ જોઈ શકાય છે. દિનમણી પાંડે વિષયક  તેના પ્રશ્નો જેમ કે તે ફુવારા પાસે કેમ અટકયો તેને પાઘડી પહેરી હતી કે

નહીં ! જેનાથી ધાનોજી જેવો ચાલાક માણસ પણ ઘડીભર શૂન્યમસ્તક બની જાય છે. ત્યાર બાદ સેના દ્વારા બોલાયેલ 'લિક્વિડ' શબ્દ પરથી તેના જ્ઞાનની માપણી, તેની લાંબી મુસાફરી કોઇને નજરે ન ચડે તે માટે તુરકને રેસીડેન્સમાં જઈ તાજગીભર્યા કરવાની યુક્તિ, જીનાના અપહરણ નું ષડયંત્ર પાછા ફરતા જીનાને તૈયાર કરાયેલા જવાબો [જેથી કર્નલ મેલેટ જ્યારે પૂછે ત્યારે બંનેના જવાબ જુદા ન પડે] વગેરે તેની સમજશક્તિ અને ચતુરાઇના પુરાવા બની રહે છે.

સંતોજી બારતીશની અંતિમક્રિયા પછી અચાનક કર્નલ મેલેટ અને તેની ફોજ આવી ચડે છે. ત્યારે ત્યાં એટલે કે ગોવિંદદાસની કોઠીમાં અંગ્રેજોના દરેક દુશ્મન હાજર હોય છે. ભાવક પણ આ પરિસ્થિતિ જોઈને ડઘાઈ જાય છે. ત્યારે સેજલસિંહ તેની બુદ્ધિમતાથી આખી બાજી પલટી નાખે છે. અંગ્રેજોના દુશ્મનોને પોતે પકડયા છે. તેમજ સેના અને જીનાના જીવ બંદુકના નાળચે રાખી પરિસ્થિતિ સંભાળે છે. વગેરે જેવી વાતો કરી કર્નલ  મેલેટ ને પોતાની વાતોમાં પરોવે છે. કર્નલની ઉલટતપાસમાં પણ સર પોવેલના ખૂનનું આળ તે કર્નલ પર નાખે છે. અને 'ઊલટા ચોર કોટવાલ કો ડાટે' ની રણનીતિ રમે છે. ત્યારપછી તક સાંપડતા જ તેની શારીરિક શક્તિનું પણ પ્રમાણ આપે છે. તે કર્નલને તાબે કરે છે. પરંતુ પછી ખેરાસિંહનો તો કર્નલ  અને તેની ફોજ પર કાળ ઉતરે છે .

ઘણીવાર સેજલસિંહના મૂર્ખાઈના દર્શન પણ થાય છે.સૌહારસિંગની મદદ દ્વારા રહમતમીરની કેદમાંથી ભાગવાની તક મળે છે. ત્યારે અનેક પ્રશ્નો પૂછવામાં તે સમય વ્યર્થ કરે છે. ત્યારે ભાવકના મનનો ઉચાટ પણ વધી જાય છે. જ્યારે તે ખરેખર ત્યાંથી ભાગી છૂટે છે. ત્યારે ભાવક હાંશકારો અનુભવે છે. ત્યાંથી ભાગ્યા પછી પણ સીધા જાનોર જવાને બદલે ગોલકી મઠ સેનાને મળવા પહોંચી જાય છે. એ સાથે જ તે આજો અને સેનાના રહસ્યમય ઠેકાણાને પણ જોખમમાં મૂકે છે. આજો તેને રાજા વાજા અને વાંદરા જેવો માર્મિક ટોણો પણ મારે છે. ત્યારબાદ તે જે ઘોડા પર સવાર થઈને આવ્યો છે. તેનું જીન અને પેગડું તપાસતા આજોનું બદલાયેલ વર્તન પણ તે સમજી શકતો નથી. અલબત્ત ભાવક તે કારણને  સમજી શકે તેવું છે. ઘોડો પીંઢારીનો હતો. એટલે આજો આશ્ચર્ય પામ્યો હતો. કેટલીય આફતોનો સામનો કર્યા પછી તે સેનાના પ્રેમમાં શાણપણની જગ્યાએ ગાંડપણ જ કરી બેસે છે. વારંવાર તેને મળવાની તેની સાથે રહેવાની જિદને કારણે કેટલીક આફતોને આમંત્રણ આપે છે. ભાગ એકના અંતમાં તેની આ જીદ બાબા હરિભજનને ત્યાં ગોવિંદ દાસ ની હવેલીમાં ગંભીર વાતાવરણ હોવા છતાં સેનાને એકાંતમાં મળવું, તેના સાનિધ્ય માં રહેવું અને શારીરિક આવેગોને સંતોષવું વગેરે જેવી તેની મૂર્ખાઈઓ તેના રાજકીય રાજકુમારવાળા ચારિત્રને ઢાંકી દેવાનું કામ કરે છે. મુગટલાલ ની હવેલીમાં પણ આગનો ભોગ બનવા સેનાને કારણે જ પોતાની તર્કબુદ્ધિનો ઉપયોગ કર્યા વગર  પહોંચી જાય છે.

સેજલસિંહ એક હૃદય પણ ધરાવે છે. અંગ્રેજ હોય કે અન્ય કોઈપણ વ્યક્તિ હોય તેને તે ક્રૂર રીતે મરતા નથી જોઇ શકતો. તેનામાં દયા કરુણા જેવા ગુણો રહેલા છે. રાણોજી અને તેના

ભત્રીજાઓની લાશો જોઈ તે કમકમી જાય છે. અને તેમના માન અર્થે તેમની અંતિમક્રિયા કરવાની પણ મથામણ કરે છે. રહમતમીરની ક્રૂરતાને રોકવા તે બંદૂક ઉઠાવી એક સાથે બધા અંગ્રેજોને ઠાર કરી દે છે. જેથી ટુકડે ટુકડે ભોગવવા પડતા દર્દમાંથી તે લોકો ઉગરી જાય. રામસતીયાને બચાવવા તેણે અસહ્ય શારિરીક પીડા સહન કરી. અંગ્રેજોની આંખે ચડ્યો પરંતુ વચન પાળી એક રાજપુત હોવાનો ધર્મ તે હર હાલમાં નિભાવે છે. આવો તો હ્દય ધરાવતો સેજલસિંહ ઘણી ક્રૂર રીતે જો ગિબ્સનની હત્યા કરે છે. તેનું પ્રાણપંખેરું ઉડી ગયા પછી પણ તેનું ઝનૂન ઓસરતું નથી. જોકે અહીં પણ લેખક ટેબલ પરના સફેદ કપડાંનો ઉપયોગ કરી જો ગિબ્સનના મુખને ઢાંકી દે છે.જેથી તેના ચહેરા ની ભયાનકતા સેજલને દેખાતી નથી. અને આવું ક્રૂર કાર્ય કરી શકે છે.રાજેશ્વરી દેવી જ્યારે સર પોવેલના બંદોબસ્ત ની વાત કરે છે. ત્યારે પણ તેમાં તે પોતાનો વિરોધ દર્શાવે છે.

આમ કથાની શરૂઆતમાં પિતાના કલંકનો ઓથાર વેઠતો સેજલસિંહ કથાના અંત ભાગમાં સેના અને તેના દીકરા સાથે ન રહી શકવાનો ઓથાર, તેની પ્રિય મોમથી દૂર રહેવાનો ઓથાર, તેના ચહેરાની કુરુપતા વેઠવાનો ઓથાર તે પોતાના મનમાં જ રાખી રખડપટ્ટી કરતો જોવા મળે છે. ત્યારે ભાવક પણ તેની સાથે અપાર લાગણીથી જોડાઈ જાય છે. અને આ દયનીય પાત્ર માટે પોતાના આંસુ રોકી શકતો નથી.

સેજલસિંહની માતા અને જાનોરની મહારાની રાજેશ્વરી દેવી નું પાત્રલેખન અદભુત છે. પતિ વિક્રમસિંહ નું સપનું પૂરું કરવા મથતી અને દીકરા નું ભવિષ્ય ઉજ્જવળ જોવા માંગતી તેમ જ પતિ પર લાગેલા કલંકની જાનોરની પ્રજાના કાંતિકારીઓ ના ટોણા સાંભળતી રાજેશ્વરી દેવી નો સંઘર્ષ, તેની સુઝબુઝ, તેની ધીરજ તેમજ રાજકારણીય(રાજકીય) શક્તિ ‘વાહ’ શબ્દથી વધાવી લેવાય તેવી છે. સેજલસિંહ જ્યારે પણ તેના પિતાની ગદ્દારી વિશે વાત કરે છે કે પ્રશ્નો પૂછે ત્યારે તેનું હ્રદય જાણે દાઝી જાય છે. ગુસ્સો જાણે સાતમે આસમાને પહોંચે છે. અને સેજલ પર તાડુકી ઊઠે છે. જરૂર પડે તેને સામાન્ય પ્રજાની જેમ સજા પણ કરે છે. રાજેશ્વરી દેખાવે પણ અત્યંત સુંદર હતી. તેનો પહેરવેશ પણ હંમેશા એક રાણી ને શોભે તેવો રહતો. પુરુષ સમોવડું કાર્ય તે સાહસિકતાથી કરી શકતી. ક્યારેક તેનામાંથી સ્ત્રીત્વને અનુરૂપ નજાકત પણ દેખાઈ દેતી. કોઈને કાનોકાન ખબર ન પડે તે રીતે આજો, સેના અને સંતોજીબારનીશ જેવા ક્રાંતિકારીઓને ખાનગી રીતે મદદ કરતી અને અંગ્રેજોની આંખોમાં હંમેશા ધૂળ જોખતી હતી. અંગ્રેજોને વફાદાર હોવાનો દેખાવ કરી તેને પતિની જેમ જાનોરની અને તેના બહુમૂલ્ય ખજાનાની રક્ષા કરી હતી. તે અંગ્રેજો મુસીબતમાં મુકાય તેવી એક પણ તક ગુમાવવા તૈયાર ન હતી. નર્મદા રેરીટરીઝ પર અંગ્રેજોએ કબજો લીધો હતો પરંતુ પિંઠારી કે કોલ, રાઉટીયા કે બરવા, ભેડાધારી કે છતીસગઢી વગેરે રોષે ભરાયેલા લોકોને કારણે અંગ્રેજો માટે ત્યાં હંમેશા ખતરો રહેતો. અને અંગ્રેજો આ લોકો સાથે નાની-નાની લડાઈમાં ભીડતા રહે, તેમના મોટા અફસરો તેમાં મૃત્યુ પામે એ બાબતનું હંમેશાં તે ધ્યાન રાખતી. જેથી જાનોરની સુરક્ષા અડીખમ રહી શકે, ગોલકી

મઠના ધીંગાણા યોજનામાં પણ જેમ સેજલસિંહ કર્નલ મેલેટ સાથે રમત રમે છે. તેમ રાજેશ્વરી દેવી પણ અંગ્રેજો સાથે પાકી રમત રમી તેમના ઈરાદાઓ પર પાણી ફેરવી નાખે છે. એ જ રીતે રહમતમીર અને ખેરાસિંહ સાથે સોદો કરવાની યોજના વખતે રાજેશ્વરી દેવી જેક મેક્ગ્રેગરના માતા-પિતાના રહસ્યનું પત્તું ફેંકી અને ખજાનાનું સાચું ઠેકાણું કહી પૂરેપૂરી બગડેલી બાજી પલટી નાખે છે. કથાના અંતમાં વાઇસરોયને રજુ કરતો અહેવાલ તેની રાજકીય ચતુરાઈને સૌથી મોટો દાખલો બેસાડે છે. આખા અહેવાલમાં તેને જેક મેક્ગ્રેગરને ખલનાયક બનાવી દીધો હતો. આ અહેવાલને ખોટો પુરવાર કરવાવાળું પણ કોઈ નહોતું. કેમ કે તેમાં આવતા બધા પાત્રો મૃત્યુ પામ્યા હતા. આ અહેવાલના કારણે સેના બારનીશને રોયલ પારડન મળે છે. ત્યાર પછી પણ સેજલ અને ગ્રેઈસ તેમજ સેના અને ખેરાસિંહના ગાંધર્વવિવાહની જાહેરાત બાબા સેવાદાસની મદદ દ્વારા કરે છે. જેના કારણે બંનેના બાળકોને પિતાનું નામ પણ મળે છે. અને મેકલ, કટંગી તથા જાનોરનું રાજ્ય પણ મળે છે. આમ, દીકરા નો વિરહ વેઠતી રાજેશ્વરી કપરી અને પીડાદાયક માનસિક સ્થિતિમાં પણ હદય પર પથ્થર મૂકી યોગ્ય નિર્ણય લેવાની શક્તિ ધરાવે છે. કથામાં આ અને આવા અનેક રાજકીય કામ બાલીરામ જેવા વિશ્વાસુ માણસને સાથે રાખીને રાજેશ્વરી દેવી કરે છે. આમ, કોઈપણ રાજવીને અદેખાઈ આવે તેટલી સત્તા અને સૂઝ ધરાવતી રાજેશ્વરી દેવી રાજકારણમાં સતત સફળતા મેળવે છે.

બાલીરામનું પણ રાજ-રમતમાં પાકો ખેલાડી પુરવાર થાય તેવું પાત્ર છે. કોઈપણ પ્રકારના સમાચાર સર્વપ્રથમ બાલીરામ પાસે પહોંચી જાય છે ભેડાઘાટ, ગોલકી મઠ, જબલપુર, જાનોર દરેક જગ્યાએ બાલીરામે તેમના વિશ્વાસુ જાસૂસો મુક્યા છે. ત્વરિત નિર્ણય લેવાની શક્તિ અને ગમે તેવી પરિસ્થિતિમાં તટસ્થ રહી શકવાની શક્તિમા તેમનો જોટો જડે તેમ નથી. કેપ્ટન હેમન્ડ જયારે સેનાની તપાસ અર્થે મહેલની જડતી લેવા આવે છે. ત્યારે ચહેરા પર જરાય ઉશ્કેરાહટ, ગભરામણ કે ભય વગર મહેલની જડતી લેવા માટેની કાર્યવાહીની વાત કરી તેનો થોડો સમય બગાડે છે. અને એ સમય દરમિયાન તે ઘોડારના માળીયામાં કિસન અને સાવિત્રીનું પ્રેમપ્રકરણ રચી સેનાની તપાસનો મામલો રગેવગે કરે છે. રાજમહેલ પર કોઈ પણ મુસીબત આવી હોય તો ટેલિફોનથી સંદેશો પહોંચે એટલી ઝડપથી તેમને સમાચાર મળી જતા અને તે ત્યાં હાજર થઇ જતા. એટલું મજબૂત નેટવર્ક ધરાવતા હતા. કથાના અંતે એક મા તેના દીકરાને ન ઓળખી શકી પરંતુ પિતા જેવું હ્દય ધરાવત બાલિરામ સેજલસિંહને ઓળખી જાય છે. અને તુરકની મદદથી તે વાતની પાકી ખાતરી પણ કરી લે છે. રજળતા-રખડતા તેમના બાબા સાહેબ સાથે ગજાનનને પણ સેજલનો સાથી બનાવી મોકલી આપે છે. આમ સેજલસિંહના કપરા સમયમાં પણ તે એક પિતાની જેમ તેની સારસંભાળ અર્થે ચિંતા કરતા જોવા મળે છે.

રાજમહેલના ઘોડારનો સૌથી જુનો અને વૃદ્ધ ચાકર ઘનોજીની ચતુરાઈ પણ કમ આંકી શકાય તેવી નથી. આ વૃદ્ધ અનુભવી ઘાનોજી પણ  બાલીરામની માફક ગમે તેવી પરિસ્થિતિ માં નિર્ણય અને

તટસ્થ રહી શકે છે. ઘોડારના માળિયામાં સેનાને છુપાવવાના પ્રકરણમાં તેને પણ અદભુત અભિનય કર્યો છે. સેજલસિંહ સેના સાથે ઘોડારમાં કલાકો સુધી રોમાંચિત સમય વિતાવે છે. અને તબેલામા આવતી વાસ વિશે ફરિયાદ કરે છે.ત્યારે કટાક્ષ કરવાનું પણ ચૂકતો નથી. અને કહે છે. 'બાબાજી હમણાં જ વાસ આવવાની શરૂ થઈ' દિનમણી પાંડે અંગેની પૂછપરછમાં પણ પાઘડી વિશે પૂછતા ખૂબ ચતુરાઈપૂર્વક જવાબ આપે છે. ત્યારબાદ જીના જ્યારે રેસિડેન્સીમાંથી ભાગી સેજલસિંહને મળવા આવે છે. ત્યારે પણ કોઈ સેજલસિંહ પર વહેમાય નહીં તે રીતની સલાહ તે આપે છે. અને કહે છે કે હું તમારી જગ્યાએ હોઉં તો એ છોકરી ને તમાચો મારીને બહાર કાઢવાનો હુકમ આપુ અને એ જતી રહે પછી ખાનગીમાં તેને મળું જેથી પૂછપરછ થતાં સ્ત્રીઓજ કહે કે યુવરાજ એ ઔરતને રાતના બહાર ધકેલી હતી. આમ તેની કેળવાયેલ અગમ સૂઝ અને ચપળતા જોઈ શકાય છે. ત્યારબાદ વૃદ્ધ હોવા છતાં તે સેજલસિંહ સાથે લાંબી મુસાફરી કરી જબલપુર સુધી પહોંચવાની તૈયારી બતાવે છે. કપરા અને કટોકટીના સમયમાં તે બાબાસાહેબને એકલા મૂકવા માગતો નથી.

સંતોજી બારતીશ, સેના બારતીશ ,આજોમાતાઈ અને ખેરાસિંહ જેવા પાત્રો પણ અંગ્રેજોને હંફાવી મૂકે છે. સંતોજી એક કેળવાયેલ ધીરજ ધરાવતા ગંભીર વ્યક્તિ છે. તે ઘણી ચપળતાથી સેજલસિંહને ખેરાસિંહના કેદમાંથી છોડાવે છે. આજીવન છુપાતો ફરતો અંગ્રેજો સામે ટક્કર લેતો આ વ્યક્તિ મેકલ ને કટંગી ને સ્વતંત્ર જોવાનું સપનું સેવે છે. પરંતુ આ સપનાનો અધરૂપો લઈને જ તે મોતને ભેટે છે. આજો માતાઈ પણ સંતોજી ને આપેલ વચનને નિષ્ઠાથી નિભાવે છે. અને આજીવન સેનાની રક્ષા કરે છે. આજો એક તટસ્થ સ્થિર-ગંભીર અને સ્પષ્ટ વક્તા છે. સેજલસિંહ જેવા રાજપૂતની પણ કોઈ શરમ રાખતો નથી. અને જ્યારે જ્યારે સેના પાછળના મોહને કારણે સેજલસિંહ મૂર્ખાઈ કરે ત્યારે તે સ્પષ્ટ રીતે તેને ટોકે છે. તેની ભૂલનું ભાન કરાવે છે. તેમજ જરૂર પડે ત્યારે તો પોતે રાજા હોય તેમ સેજલ પર હુકમ પણ ફરમાવે છે. ખેરાસિંહ એક ખલનાયક તરીકે કથામાં પ્રવેશ કરે છે. પરંતુ મૃત્યુ સમયે તેનું હૃદય પરિવર્તન થાય છે. રાજેશ્વરી દેવીને હંમેશા કુતરી કહીને બોલાવતો તેને 'મોમ' કહી સંબોધે છે. તેના છેલ્લા શબ્દો દ્વારા લેખક ખેરાની અંદરના સારુ વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિના દર્શન કરાવે છે. આ બધા ક્રાંતિકારી થી અલગ વ્યક્તિત્વ ધરાવતા બાબા હરિભજનના રોટી પ્રચારે સત્તાવનના વિપ્લવમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેનાથી અંગ્રેજો પણ ગભરાતા તથા રાજેશ્વરી દેવી તેનું નામ સાંભળી તેમજ ભેડાઘાટમાં તેના ઉતારાના સમાચાર સાંભળી આશ્ચર્ય પામી જાય છે.

જીના અને મેકગ્રેગર વિચાર્યા વગર ઉતાવળા પગલા લેનાર પાત્રો છે. તેમનામાં ધીરજનો અભાવ છે. છેવટે, અંગ્રેજોને વફાદાર થવા મથતો તેમજ જીના સાથે પરણવાના સપના જોતા મૃત્યુ પામે છે. અને મૃત્યુ પછી પણ રાજેશ્વરી નામ અહેવાલ પ્રમાણે તે ખલનાયક તેમજ ગુનેગાર પુરવાર થાય છે. એક સમયે 'બારગર્લ' શબ્દ નું રહસ્ય ઉકેલનાર પણ ગરજ પડતા સેજલસિંહ ને બીજો પતિ

કહે છે. અને પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર જ જેક જેમ કહે તેમ કરવા જાય છે. જેથી જીના પણ મૃત્યુને ભેટે છે. શરૂઆતમાં ગ્રેઈસનું સેજલ માટે ઘેલછાપણું તથા આંધળો પ્રેમ જોવા મળે છે. તેનામા સ્થિરતા અને તટસ્થતા નો અભાવ જોવા મળે છે. પરંતુ કથાના અંતમાં તેનું જુદું જ રૂપ જોવા મળે છે. તે રાજેશ્વરી ની જેમ જાનોરની મહારાણીને શોભે તેવું વર્તન અને કાર્ય કરે છે. યુદ્ધ પછી કર્નલ સીમ્પ્લરની સામે સિહણ બનીને ઊભી થઇ જાય છે. અને જાનોરમાં વૈષ્ણવ હવેલી ની સામે થનારી સેંકડો લોકોની જાહેર ફાંસી રોકે છે. સેજલસિંહની ગેરહાજરીમાં તેની ગરજ સારે છે. આમ ગ્રેઈસના રૂપમાં જાનોરને રાજેશ્વરી દેવી ની પરછાઇ મળી જાય છે. આ ઉપરાંત જોડા રાઉડીયા જેવું પાત્ર પણ તેની તૂટી-ફૂટી અંગ્રેજી દ્વારા રમુજી ભર્યું વાતાવરણ ઉભું કરે છે.

આમ, દરેક પાત્ર નું સુઘડ અને સુંદર રીતે યોગ્ય આલેખન થયેલું જોવા મળે છે.

## ‘ઓથાર’માં લોકપ્રિય તત્ત્વો :

આ નવલકથામાં રોચકતા, કુતુહલ, જિજ્ઞાસા, આનંદની અનુભૂતિ તેમજ ઇતિહાસ રહસ્ય, ખૂન-મારામારી, અપહરણ, બ્લેકમેઈલિંગ, ચોરી-લૂંટફાટ, આત્મહત્યા, કરુણતા ,જાતીયતાનું ખુલ્લુ આલેખન, કટાક્ષ, વિસ્તૃત વર્ણન, બળાત્કાર, રાજકારણ વગેરે જેવા લોકપ્રિય તત્વો જોવા મળે છે. જેને કારણે આ કથાને લોકોએ વધાવી લીધી છે.

## ‘ઓથાર’માં ઇતિહાસ :

આ નવલકથામાં કેટલીક ઐતિહાસિક બાબતો નું આલેખન જોવા મળે છે. ૧૮૫૭ના વિપ્લવ પછી નો સમયગાળો અહીં દર્શાવવામાં આવ્યો છે. વિપ્લવની નિષ્ફળતાના પરિણામ તેમજ તે આધારિત ઘટનાઓ પણ જોવા મળે છે. જબલપુરના  રાજા શંકરાશાહની તોપે ઉડાવી દેવાની સજા સત્ય ઘટના છે. અને આ જ ઘટના ‘ઓથાર’ નવલકથાના સર્જનનું કારણ બની છે. શંકરશાહ પાસેથી અંગ્રેજોને તેમના વિરુદ્ધની એક કવિતા મળી હતી. એ કવિતા જ તેમની આ ભયંકર સજાનું કારણ બની હતી શંકરશાહના મૃત્યુ માટે માત્ર આ કવિતા જ કારણભૂત ના હોય શકે. એથી વધારે બીજી કંઈ વાત હોવી જોઈએ. એ આશંકાને આધારે લેખક તેમના મૂળ શોધવાનો પ્રયત્ન કરે છે. વિનોદ ભટ્ટ આ વિષયક માહિતી આપે છે. તેમાં જાણવા મળે છે કે અશ્વિની ભટ્ટ જબલપુર યુપીના ગેજેટ સુધી પહોંચી જાય છે અને કર્નલ માલેસન રચિત ‘હિસ્ટ્રી ઓફ મ્યુટીની’નાં ૬ ભાગો તપાસે છે. જેમાંથી શંકર શાહ વિશે ફક્ત બે પાનાં જેટલું જ લખાણ મળે છે. શંકર શાહના વંશ-વારસ ની શોધમાં પણ

રખડે છે. આખરે તેમના ગ્રાન્ડસનને શોધી કાઢે છે. શંકરશાહ ને સજા આપવામાં આવી કે તે જગ્યાએ પહોંચી ૧૧૩ વર્ષના એક જૈફ વ્યક્તિ સાથે થોડા દિવસ રહે છે. આ રીતે થોડીક માહિતી અને કલ્પનાના આધારે તે ‘ઓથાર’નું સર્જન કરી શક્યા છે.

અંગ્રેજો નું શાસન તેમની ‘ભાગલા પાડો અને રાજ કરો’ ની કૂટનીતિ દેશની ગુલામી, ગુલામ પ્રજાની કફોડી હાલત દરેક સત્ય બાબતો નું વર્ણન તેમને આ નવલકથામાં કર્યું છે. અહી મરાઠાના શાસન, પીંઢારાઓની લૂટફાંટ, ક્રાંતિકારીઓના ષડયંત્રો વગેરે વિશે પણ વાત કરવામાં આવી છે. ઝાંસીની હાલત, પેશ્વા તેમજ તાત્યા ટોપેનો સમય, શાહજહાં, અકબર અને શહેનશાહ વખતનો ખજાનો વગેરેનો પણ નિર્દેશ અહીં જોવા મળે છે.

આ ઉપરાંત તે સમયના સામાજિક કુરિવાજો નો નિર્દેશ તેમજ તેની પર કટાક્ષ પણ કરવામાં આવ્યો છે. અને ખેરાસિંહ માતા વિશાખાનું દિયરવટુ તેમજ આ વાત કહેતી રાજેશ્વરી દેવી સતીપ્રથાના રીવાજ પર કટાક્ષ કરતી જોવા મળે છે. “ચારિત્ર્યનું વાંધો કેવળ સ્ત્રીને જ પહેરવો પડે છે. સ્ત્રીની પાછળ પુરુષ ‘સતો’ થઈને ચિતામા પ્રવેશ્યો હોય તેવો કોઈ દાખલો મે વાંચ્યો નથી. “સતી થતી સ્ત્રીઓના પતિઓ પોતે પણ જો એક પત્નીવ્રતવાળા હોત તો પણ મને એ ક્ષમ્ય લાગ્યુ હોત”[૨] આ સિવાય સંતોજીના મુખે દેશની એકતા પર પણ કટાક્ષ કરાયો છે. મૃત્યુ સમયે કડવી પણ હકીકત જણાવતા સંતોજી કહે છે. “આ હિંદમાંથી ચેતના ચાલી ગઈ છે..... હિંદ ક્યારેય સંગઠિત નહીં થાય, શેરડીમાંથી નીચોવી નીચોવી રસ કાઢી લીધા પછી ના કૂચા જેવું અર્થતંત્ર આ હિંદમાં રચાશે. રાજ્યશાસ્ત્ર કે બળવો, દારૂગોળો કે બુલેટ ગોરા શાસકોને હટાવી નહીં શકે, તેમને હટાવશે અર્થતંત્ર ની અરાજકતા.....આ અંગ્રેજો હિંદનું લીલામ કરશે. આપણને તેમને ક્યારેય એકત્ર, એકમત થવા દીધા નથી. આપણા દેશમાં તે લોકો ભંગાણ પાડશે, તે સંધાશે નહિ.”[૩] તેમણે કોમવાદને ઝેર ગણાવી તેની પર પણ કટાક્ષ કર્યો છે.

## ‘ઓથાર’માં રહસ્ય :

નવલકથાની શરૂઆત જ શંકરશાહ અને તેમના દીકરાઓને કયા કારણસર તોપે ઉડાવવાની ભયંકર સજા થઈ હતી! આ રહસ્યથી થાય છે. જેનું કારણ કથાના મધ્યભાગમાં એક કવિતારૂપે બહાર આવે છે.

“मूंद मुख इंडिन को चुंगलों को चबाई खाइ,
खूंद दौड दुष्टन को, संहारिका!
मार अंग्रेज, रेज, कर देई मात चण्डी,
बचौ नहीं बैरि, बाल बच्चे संहारिका!

संकर की रक्षा कर, दास प्रतिपालकर
दीन की सुन आय मात कालिका!
खायइ लेत मलेछ्छन को, झेल नहीं करो अब
भच्छन कर तच्छन धौर मात कालिका!"[૪]

આ કવિતાને કારણે શંકરશાહ મોતને ભેટ્યા હતા. ગ્વાલિયરમાં ગ્રેઈસ સાથે ડાન્સ કરતા સેજલસિંહને જાણવા મળે છે કે, તેના પિતા ગદ્દાર હતા. તેમને અંગ્રેજો સાથે વફાદારી નિભાવી હતી. આ ભાર સેજલથી વેઠતો નથી અને તે જાનોર આવી જાય છે. નાનપણથી જ તે તેની માતા રાજેશ્વરી દેવી ચાકર ધાનોજી અને બાલીરામજી દરેકને પિતા વિશે પૂછપરછ કરવા જાય છે. પરંતુ હંમેશા તેની વાતની અવગણના કરી દેવામાં આવતી. ફક્ત અંગ્રેજી શિક્ષક ફાધર કેડવેલ તેના પિતાના વખાણ કરે છે. અને તેમાંય ગ્રેઈસે કીધેલી વાત નો ઉમેરો થાય છે. તેથી સેજલ ને તેમજ ભાવકને પણ એમ જ લાગે છે કે વિક્રમસિંહ ગદ્દાર હતા અંગ્રેજોના પીઠ્ઠું હતા. કથામાં ક્યાંક ગ્રેઈસ દ્વારા તો ક્યાંક ખેરાસિંહ દ્વારા ક્યાંક રાજમહેલના લોકોની ખામોશીના કારણે તો ક્યાંક જનોરની  પ્રજાની ગુસપુસને કારણે એમ જ જણાવવામાં આવે છે. કે વિક્રમસિંહ ગદ્દાર હતા. પરંતુ રાજેશ્વરી પતિ વિરુદ્ધ એક શબ્દ સાંભળી શકતી નથી. તેથી ગુસ્સો આવતા સેજલ ને સજા કરી બેસે છે. ત્યારે સેજલની દયા આવતા ભુવનસિંહ ઇતિહાસ ખોલે છે. તેમાં વિક્રમસિંહના રહસ્ય પરથી પરદો ઊઠે છે. તે હંમેશા જાનોરને તેમજ દેશને વફાદાર હતા. અંગ્રેજો સાથે વફાદારીનું ફક્ત એક નાટક હતું. જેથી તે જાનોરમાં છુપાયેલા બહુમૂલ્ય ખજાનાનું  અને જાનોરની પ્રજાનું જતન કરી શકે. રાજમહેલના રહસ્યમય સુરંગથી પણ સેજલસિંહને પરિચિત કરાવવામાં આવે છે. સુરંગમાં રહેલ પેટીઓ માં શું હશે ! તે માટે પણ લેખક તાલાવેલી જગાડે છે. લેખક સેજલસિંહના મુખે તેના અલૌકિક દર્શનનું દ્રશ્ય ઉભુ કરાવડાવે છે. જેથી ભાવક અધૂરિયો બની જાય છે.ત્યાર પછી જાણવા મળે છે કે પેટીમાં સમ્રાટ અકબર, જહાંગીર, શાહજહા અને ઔરંગઝેબે જીવનપર્યંત સાચવેલી અનમોલ ચીજો અને કેટલીક ઐતિહાસિક ચીજોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ત્યારબાદ મુખ્ય ગણાવી શકાય તેવું સાર્જન્ટ બર્કનું ભેદી ખૂન અને તેને બોલેલા છેલ્લા શબ્દો 'ઘેટ બાર ગર્લ' આ બારગર્લનો અર્થ એ રીતે મૂકવામાં આવે છે કે શાસકવર્ગ તેની અંતિમ ઘડીઓમાં કોઈ બારગર્લ જે તેની પ્રેમિકા રહી ચૂકી હોય તેને યાદ કરતો હશે. પરંતુ સેજલસિંહ જ્યારે પ્રથમવાર સંતોજી બારનીશની દીકરી સેનાને મળે છે ત્યારે તેને ખ્યાલ આવી જાય છે કે બારનીશની દીકરી એટલે બારગર્લ. આ રહસ્યનો અર્થ ફક્ત ભાવક જાણે છે. નવલકથાના અન્ય પાત્રો માટે જીના આ રહસ્યનો ઉકેલ આપે છે. ટ્રેનની લૂટફાંટ વખતે તેની સમજણ આ શબ્દનો અર્થ ઉકેલી આપે છે.

સેજલસિંહને રાજમહેલના રાજકારણથી દૂર રાખવામાં આવે છે. તેવા સમયમાં એક વાર એક રાત્રે અચાનક એક ભેદી માણસને જોવે છે જે ધાનોજીને મળવા આવ્યો છે. ત્યારે આટલી રાત્રે આવો

ભેદી  માણસ કોણ હશે ? અને તે ધાનોજીની કોટડીમાં કેમ ગયો ? ત્યાર પછી ધાનોજી અને ગજનના આ બાબતે નિવેદન જુદા તરી આવે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે ધાનોજી કેમ ખોટું બોલે છે ? ધાનોજીને આ માણસ સાથે શું સંબંધ હશે ? થોડા સમયમાં જ જાણ થાય છે કે આ વ્યક્તિ દિનમણી પાંડે હતો. અને ધાનોજીના કહ્યા પ્રમાણે તે રાત્રે ઘોડાના શૂળની દવા લેવા આવ્યો હતો ગજનની તપાસ પ્રમાણે રાત્રે દિનમણી ને જતા કોઈએ જોયો જ નથી. અને ભુવનસિંહના ઘોડારમાં કોઈ ઘોડાને શૂળ ઉપડ્યું જ ન હતું. ત્યારે આ બાબતમાં ખોટું  કોણ બોલે છે ! એ રાત પછી દિનમણી દેખાયો ન હતો. તે ક્યાં ગાયબ થયું. થોડા દિવસ પછી જેકબસનના દીકરા બીલને કારણે કૂવામાંથી તેની લાશ મળે છે. ત્યારે શું તેને આત્મહત્યા કરી ? તેનું ખૂન થયું ? કોને કર્યું હશે ? સાર્જન્ટ બર્કના ખૂન પાછળ તેનો હાથ હતો ? રાણોજી અને તેના ભત્રીજાઓની લાશો બકબોર્ડમાં નાખી જનાર દિનમણિ જ હતો ? તેમની સાથે ગયેલા ઘાયલ સર્જન્ટ બર્ક બકબોર્ડમાં કેવી રીતે પહોંચ્યા ? ગંધાતી લાશો અને બર્કને પોવેલ હાઉસમાં પહોંચાડનાર તે પોતે હતો ? આ બધા રોચક રહસ્યના પ્રશ્નોના ઉત્તર મેળવવા ભાવક સળસળાટ કથા વાંચે જ જાય છે.

હોસ્પિટલમાં રાજેશ્વરી દેવી બાલીરામ ને 'આજે રાત્રે' કહીને અટકી જાય છે. બાલિરામ પણ સેજલ ની હાજરી કળાતા જ વાત અટકાવે છે. ત્યારે પણ 'આજે રાત્રે.... એટલે શું ? એવું કયું કામ પાર પાડવા નું હતું જે રાજેશ્વરી દેવી વગર શક્ય નહતું ? આ સમયમાં ફરીથી કોઈ વ્યક્તિ ધાનોજીને મળવા આવ્યું છે. ત્યાં બાલીરામ પણ હાજર છે. ત્યારે આ વ્યક્તિ કોણ છે ? રાજમહેલના  ખાસ વ્યક્તિઓ શું ષડયંત્ર રચી રહ્યા છે ? આ લોકોની વાતચીત સાંભળીને એટલો ખ્યાલ આવે છે. કે અંગ્રેજો વિરુદ્ધ કોઈ કાર્ય કરી રહ્યા છે. અથવા કરવાના હતા. અને એ કાર્યમાં ઘોડા ની જરૂર હતી. ત્યારપછી બાલીરામે ધેનું તિવારી  સાથે શું સંદેશો મોકલાવ્યો ? કોણે સંદેશો મોકલાવ્યો. તેનો પીછો કરતાં સેજલની સમક્ષ એક રહસ્ય છતું થાય છે. આજો, સેના અને સંતોજી બારનીશ ક્રાંતિકારીઓ છે. અને એ લોકોની મદદ રાજેશ્વરી તેમજ મહેલના અન્ય લોકો પણ કરી રહ્યા છે. પરંતુ સેજલસિંહને આ બધી પળોજણથી દૂર રાખવા માં આવ્યો છે. તેથી તે આપબળે-આપ બુદ્ધિએ જીનાના અપહરણનું ષડયંત્ર ઘડી સંતોજી સુધી પહોંચવા માંગે છે. તેના કાવતરા પ્રમાણે મેક્ગ્રેગરના ઘોડા લઈને તે જીનાને છોડાવવા નીકળે છે ત્યારે સેજલસિંહ કહે છે. 'મારી જિંદગીમાં એક નવું અઘોર પ્રકરણ શરૂ થઈ રહ્યું છે' આવનારી મુસીબતના રહસ્યમય રીતે એંધાણ આપી લેખક ભાવકની ઉત્સુકતામાં વધારો કરે છે. કથામાં આગળ વધતાં આ અઘોર પ્રકરણ ખેરાસિંહના નામે પ્રગટ થાય છે. ખેરાસિંહ અને સેજલસિંહની આ મુલાકાત દરમિયાન જે રીતે વારંવાર ખેરા વિક્રમસિંહની ગદ્દારી વિશે વાત કરે છે. અને રાજેશ્વરીને ગાળો આપે છે. ત્યારે લાગે છે કે વિક્રમસિંહનો ઇતિહાસ અહીં જરૂર ખૂલશે. પરંતુ સેજલની તેના પિતા વિશે જાણવાની અધીરાઈ જૈસે થે જ રહે છે. અલબત્ત જેકના ઘોડા ખેરાસિંહ પાસે છોડવા પડે છે. અને એક નવી મુસીબત તૈયાર થાય છે. સેજલ જ્યારે જાનોર પહોંચે છે ત્યારે

પણ ખેરાસિંહ કોણ ? સંતોજી કોણ ? સંતોજીના કેમ્પમાં ખેરા ક્યાંથી આવ્યો ? આ બધા પ્રશ્નોની માયાજાળ સેજલ ને સતાવ્યા કરે છે. ત્યારબાદ સેના અચાનક રાજમહેલમાં આવી ચઢે છે ત્યારે એવું કયું અગત્યનું કામ પડ્યું કે તેને જોખમ ઉઠાવી મહેલ આવવું પડ્યું ? સેના મહેલમાં છે તેવા સમાચાર અંગ્રેજો પાસે ક્યાંથી આવ્યા ? ત્યારપછી રાજમહેલમાં સેનાની શોધખોળ ઘણી રસપ્રદ બને છે. માહિતી પ્રમાણે એક છોકરી અને તેની સાથે એક માણસ રાજમહેલ તરફ આવ્યો છે. આખા મહેલની તપાસ કરાવવામાં આવે છે. ત્યારે ધાનોજી પોતાના ઘોડારની કોટડીની તપાસ કરાવવા તૈયાર થતો નથી. તે કેપ્ટન હેમન્ડ સામે બંદૂક તાકીને ઉભો છે. જયારે હેમન્ડને કોટડીમાં તપાસ અર્થે પ્રવેશ આપવો પડે છે. ત્યારે હ્રદયમાં એક ફાળ પડે છે. લાગે છે કે આજો અને સેના હવે પકડાઈ જશે. પણ ત્યાંજ કોથળામાંથી બિલાડું નીકળે છે. માળિયામાંથી બાલીરામનો દીકરો કિશન અને ભુવનસિંહની દીકરી સાવિત્રીનું પ્રેમપ્રકરણ બહાર આવે છે. અહીં પણ એક પ્રશ્ન ઉભો થાય છે કે આ ખરેખર પ્રેમપ્રકરણ હતું ? કે પછી સેનાને છુપાવવા માટે “તાત્કાલિક ઉભું કરવામાં આવેલું ષડયંત્ર......? આગળ જતા આ રહસ્યની સ્પષ્ટતા થતા જાણ થાય છે કે, આ ષડયંત્રને ઘડનારા બાલીરામ હતા અને સેના ખરેખર એ જ માળિયામાં છુપાઈ હતી. જો સૈનિકોએ હજુ માળીયાની તપાસ કરી હોત તો સેના ચોક્કસ કેપ્ટન હેમન્ડના હાથે ચડી ગઈ હોત. આમ આંચકા આપે તેવા રહસ્યમય ષડયંત્ર પણ અહીં આલેખાયા છે.

આ ઉપરાંત ઍંગ્લો-ઇન્ડિયન જેક મેક્ગ્રેગરને હથિયારો વિષયક કઈ કડી મળી છે ? અને તેની તપાસમાં એ ક્યાં ગયો છે ? આ રહસ્ય ટૂંક સમયમાં જ ઉકેલાતાં જાણ થાય છે કે જેકની શંકાનું કારણ કિરણદાસ ની એક નાની પણ ગંભીર ભૂલ હતી. કિરણદાસ જેક નો જ ઘોડો લઈને ધારીલાલને ત્યાં પહોંચ્યો હતો. જેક પોતાનો ઘોડો ઓળખી જાય છે. અને તેનો પીછો કરે છે. જીના ને કહીને જાય છે. કે બપોર સુધી પોતે પાછો ન ફરે તો સર પોવેલને અપહરણ અંગેની સાચી હકીકત જણાવી દેવી. ત્યારે સેજલની સાથોસાથ ભાવકને પણ ચિંતા થઈ આવે છે. કે હવે શું થશે ? પરંતુ હરહંમેશની જેમ આ આફતનો પણ બાલીરામ રસ્તો શોધી કાઢે છે ત્યારે ફરી એકવાર ભાવક હાશકારો અનુભવે છે. જેક અને તેની સાથે ગયેલ બિલ અને ગંગુ ઘાયલ થઈને પાછા ફરે છે. ત્યારે તેમની આવી હાલત કોણે કરી ? તે પ્રશ્ન વળી રહસ્યમય જ રહે છે. જોકે આ બાલીરામની દેન હતી. ગ્રેઈસ સાથે બંધાયેલી શારીરિક સંબંધની અકળામણ અને પશ્ચાતાપ સાથે સેજલ તુરકને લઈને નર્મદા તટ પર રાઈડિંગ માટે જાય છે. ત્યારે ત્યાં પહેલેથી જ ચાલી રહેલી કોઈ જંગમાં સેજલ પણ ફસાઇ પડે છે. તેને પકડનાર કોણ હશે ? અહીં શેની જંગ શરુ હતી ? વગેરે જેવા પ્રશ્નોના ઉત્તર જાણવાની તાલાવેલી સાથે ભાવક આગળ વધે છે. ત્યાં જ સેજલની ખરી ઓળખ કોઈ કહી બતાવે છે. આ માણસ કોણ હશે ? સેજલસિંહ અચાનક જેની કેદમાં સપડાયો હતો. તે પીંઢારી રહમતમીર હતો અને તેને ઓળખનાર વ્યક્તિ સોહારસિંગ હતો. સોહારસિંગ ફક્ત સેજલનું નામ જ નહીં તેને સેના સાથેના

સંબંધ વિશે પણ તે જાણતો હતો. આ વધુ આશ્ચર્યજનક વાત હતી. રહમતમીરની કેદમાંથી ભાગી જવા માટે મદદ કરનાર પણ એ જ હતો. તે કોણ હતું કેમ સેજલની મદદ કરવા માંગતો હતો ? થોડીવારમાં જ તેના જવાબ મળી જાય છે. સોહારસિંગ રહમતમીરનો નહીં પરંતુ બાલીરામનો વિશ્વાસુ માણસ છે. જે પિંઢારીઓની હરકતોની જાણ તે બાલીરામને પહોંચાડતો રહે છે. એક વાર ફરી બાલીરામ આંચકો આપે છે. અને એ પાત્ર પર ગર્વની લાગણી અનુભવાય છે.

સેજલસિંહ રામસતિયાને છોડાવવા કેન્ટની જેલ પર જવા નિકળે છે ત્યારે જણાવે છે કે એ સમયે કર્નલ મેલેટે બીજી જ કંઈક યોજના કરી હતી અને ગ્રેઈસ તથા જેક પણ કોઈ યોજના ઘડી રહ્યા હતા. આમ તે આવનારી મુસીબતના એંધાણ મૂકે છે. તેથી કર્નલ ખરેખર શું વિચારી રહ્યો છે ? ગ્રેઈસ અને જેક કઈ યોજના કરી રહ્યા છે ? વગેરે જેવા પ્રશ્નો ઊભા થાય છે. અને ભાવકની જીજ્ઞાશામાં વધારો થાય છે. એજ રીતે ભાગ-૧ના અંતમાં કથક સેજલના શબ્દો – ("મારી નાનકડી જિંદગીનું એક અજોડ પ્રકરણ શરૂ થયું હતું.") ઓથાર ભાગ-૨ની કથા વાંચવાની ઉત્સુકતા જગાડે છે.

ભાગ-૨ માં પણ રહસ્યમય, આશ્ચર્યચકિત ઘટનાઓની ભરમાર શરુ રહે છે. કેન્ટની જેલમાં તોફાન દરમિયાન બંધ-બારણે સેજલ અને જો-ગીબ્સન વચ્ચેનું યુદ્ધ આલેખવામાં આવ્યું છે. ત્યારે બહાર નું દ્રશ્ય જાણવા મળ્યું ન હતું. જે વિશેની ઈચ્છા સેજલ અને ભાવક બંને ધરાવે છે. ભાગ-૨ની શરૂઆતમાં જ આ દ્રશ્ય નું આલેખન જોવા મળે છે. તેમાં જેલમાં થયેલી ધમાચકડી તેમજ અંધાધુંધ થયેલી મારામારીનું વર્ણન કરવામાં આવ્યું છે. રામચરણે ફેંકેલા ડાયનામાઈટ ના કારણે કેન્ટની જેલ ભડકે બળી હતી. ઘવાયેલા મંત્રીઓ અને કેદીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. જો-ગીબ્સનનું ખૂન ચર્ચાનો વિષય બન્યો હતો. અને ખાસ તો જાનોરમાં એક વાત જાહેર થઈ હતી કે જો-ગીબ્સનને રાજકુમાર સેજલસિંહે માર્યો હતો. પોતાની ગેરહાજરીમાં જાનોરમાં ફેલાયેલ આવી વાતોથી અજાણ સેજલસિંહનું હવે શું થશે ? સર પોવેલ અને કર્નલ મેલેટના પ્રશ્નોના ઉત્તર સેજલ કેવી રીતે આપશે ? કઈ રીતે આ ગુચવાળામાંથી બહાર નીકળી શકશે ? આવા પ્રશ્નો અને સાથે થોડો ડર ભાવકના મનમાં જન્મે છે. જીનાના અપહરણનું રહસ્ય ખૂલવાથી સર પોવેલનું અપહરણ અને તેનું ભેદી ખૂન રહસ્યમય બની રહે છે. જીનાના નિવેદન મુજબ પોવેલને મારનાર જેક નથી તો કોણ છે ! આ સમયે બે રહસ્ય સ્ફોટ થાય છે. એક તો ખેરા અને જેક બે ભાઈઓ છે. તેમજ પોવેલના ખૂન પાછળ રાજેશ્વરી દેવી નો હાથ છે. ગોલકી મઠની પરિસ્થિતિ પ્રમાણે સંતોજી અને સેનાનું ગોલકી મઠમાં રહેવું સલામત નથી. તેના માટે બાલીરામનાં કહેવા પ્રમાણે સિંધિયા કઈ વ્યવસ્થા કરવાના હતા ? શું ખરેખર સંતોજી અને સેના પર કોઈ આફત આવવાની છે ? આ પ્રશ્નનો તોડ સેજલ પણ મેળવી શકતો નથી. અને કથાના મધ્યભાગમાં બનાવો બની ગયા પછી જ આ પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે છે. આમ પ્રકરણના અંતે તાલાવેલી જગાડે તેવી અધૂરી વાતો મૂકી આપવામાં લેખક પારંગત જણાય છે. ત્યારબાદ ગભરાયેલી

જીના જ્યારે જેકને બચાવી આપવા માટે સેજલ સામે જાનોરની બહુમૂલ્ય ચીજ બચાવવાની શરત મુકે છે. ત્યારે સેજલની જેમ ભાવકની આંખો પણ પહોળી થઇ જાય છે. અને ધ્રાસકો પડે છે. જીના શું બચાવવાની વાત કરે છે ? અંગ્રેજો રાજમહેલ વિરુદ્ધ કયું ષડયંત્ર રચી રહ્યાં છે ? આખરે જીના દ્વારા જ જાણી શકાય છે કે કર્નલ મેલેટ અને સર પોવેલની દાનત જાનોરના મહામૂલ્ય ખજાના ઉપર બગડી હતી. સેજલસિંહને ફસાવી રાજેશ્વરી દેવી સાથે આ લોકો સોદો કરવા માંગતા હતા. કથામાં અચાનક જ બાબા હરીભજન નામના પાત્રનો પ્રવેશ થાય છે. જેનું નામ સાંભળીને જ બાલીરામ અને રાજેશ્વરી ચોંકી ઊઠે છે. આ બાબા કોણ છે ? તેનું નામ સાંભળતા જ આંચકો કેમ લાગ્યો ? જેક તેના સાનિધ્યમાં કેવી રીતે સલામત છે ? એક એંગ્લો-ઇન્ડિયન સાથે તેમને શું સંબંધ હોઈ શકે ? આ રોચક પ્રશ્નો  સાથે ખૂબ રસપ્રદ રીતે કથા આગળ વધે છે. ભેડાઘાટ, ગોલકી મઠ, ગોવિંદદાસની કોઠી પર થયેલી જંગ, જબલપુર અને જાનોર પર હુમલો કરવાની તૈયારીઓ અને તે બાબતમાં સેજલસિંહની સલાહ - આ દરેક બાબતની ચર્ચા વખતે બાલીરામ અને રાજેશ્વરી સેજલને કહે છે. 'ઓહ......સેજલ  કેટલા કોપ્લીકેશન ઉભા કર્યા છે..' અહી ખ્યાલ આવી શકતો નથી કે હવે શું આફત આવી પડી છે ? અને એક આશ્ચર્યજનક રહસ્ય સ્ફોટ થાય છે. કે જબલપુર પર હુમલો થશે તો જાનોરનો ખજાનો નષ્ટ પામશે.. તે કેવી રીતે તો જાનોર પર મેલેટની નજર હોવાથી ખજાનાની રક્ષા માટે તેને રૂના વેપારી મુગટલાલ પાસે પહોચાડવામાં આવ્યો હતો. જેથી રૂની ગાંસડીઓમાં ટ્રેન દ્વારા ખજાનો સુરક્ષિત સ્થાન પર પહોંચી શકે. હુમલો થાય તો પહેલા રેલવે વ્યવસ્થાને નુકસાન પહોચે જેથી ખજાના પર જોખમ આવી પડે. અધૂરામાં પૂરું સેનાના પત્ર દ્વારા જાણવા મળે છે કે, આજો અને સેના પણ મુગટલાલ ની કોઠીમાં આશ્રય લઇ રહ્યા છે. તેથી હવે જબલપુરના હુમલાને રોકવા અંગ્રેજ સરકારને જાણ થવી જોઈએ. અને જાનોરની તબાહી રોકવા ખેરા અને રહમતમીર સાથે સોદાબાજી કરવા બેઠક યોજાય છે. તેમાં પણ રાજેશ્વરી ખેરાં અને જેકના જીવનના રહસ્યનું પત્તું ફેકે છે. જબલપુર થયેલી ધમાલમાં ઘાયલ તેમજ બચી ગયેલા લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં કરૂપ બની ગયેલ સેજલસિંહ પણ હતો. તેના બૂટ જોઈ ઘડીભર અટકી જનાર ધરમલાલ પાંડે કોણ હતો ? તેનો જવાબ સેજલ જાનોરની મુલાકાતે જાય છે ત્યારે મળે છે કે તે ગજન હતો. ત્યારપછી ઘાયલ સેજલ હોસ્પિટલમાં શકુંતલાના ચિત્રમાં પોતાનું પ્રતિબિંબ જોઈ પારાવાર યાતના અનુભવે છે. ત્યારે તે કહે છે. 'મારી યાતનાનો એ છેલ્લો દિવસ હતો'.. અહીં પણ લેખક એક થડકારો ચૂકી જવાય તેવો વાક્યપ્રયોગ કરે છે. કે શું હવે સેજલ મૃત્યુ પામશે ? પરંતુ લેખક ભાવકની આ ધારણા ખોટી પાડી સેજલના અલગ ઓથાર વિશે અવગત કરાવે છે. ઉપરાંત સેજલ અને ભાવક બંને માટે યુદ્ધ પછીની પરિસ્થિતિ રહસ્યમય હોય છે. સેજલ આગ સાથે, મોત સામે લડી રહ્યો હતો ત્યારે બહાર શું ચાલી રહ્યું હતું ? જાનોરમાં શું થયું હતું યુદ્ધ પછી ? યુદ્ધ પછી શું હાલત સર્જાઇ હતી ? મુગટલાલની કોઠીમાં ખજાનો અને સેના બંને ન હતા તો તે ક્યાં ગયા ? તે લોકો બચ્યા કે મોતને ભેટ્યા ? અને

જીના જાનોરના રહસ્ય વિશે જણાવવા પહોંચી હતી પછી શું થયું ? જો ગોડફ્રેને બધી જ જાણ થઈ ગઈ હોય તો જાનોરનું તખ્ત કેવી રીતે બચ્યું ? શું જીનાએ કોઈ માહિતી પહોંચાડી ન હતી ? જીનાએ સેજલને બીજો પતિ માન્યો હતો તો શું એને પત્ની ધર્મ નીભાવ્યો હતો ? આ દરેક પ્રશ્નોના જવાબ લેખક બાલીરામ અને સેજલનો મેળાપ કરાવીને આપે છે. બાલીરામના મુખે દરેક પરિસ્થિતિનો વિસ્તાર પ્રગટ થાય છે. તેમાય સેજલ અને ભાવકને એક આશ્ચર્યજનક વાતની જાણ થાય છે. સેના સુરક્ષિત તો હતી જ અને તે પણ સેજલના બાળકની મા બનવાની હતી.

## 'ઓથાર'માં ખુન-મારામારી, આત્મહત્યા, ચોરી-લૂટફાંટ, અપહરણ, બળાત્કાર, ષડયંત્ર, બ્લેકમેઈલિંગ, સંઘર્ષ :

નવલકથાનો આરંભજ શંકરશાહ અને રઘુનાથશાહના ભયાનક મૃત્યુથી થાય છે. તેનું કારણ અને વિગતવાર માહિતી મધ્યભાગમાં ભુવનસિંહ પાસેથી મળે છે. આ મૃત્યુનું ક્રૂર, ભયાનક, કંપારી છૂટે તેવું આલેખન જોવા મળે છે. "શંકરશાહ અને તેના પુત્રના શરીર ટુકડે-ટુકડા થઈને ઉડ્યા. બંનેના માથા દડાની જેમ આકાશમાં ઉડ્યા. અને ૧૫૦૦ ફૂટ દૂર જઈને પડ્યા. જબલપુરની મહેલાતો પર, તેની શેરીઓમાં માંસના લોચા ઉડ્યા. રેસીડેન્સીનીવાડની પેલે પાર વૃક્ષોની ડાળીઓમાં પિતા-પુત્રના શરીરમાંથી છૂટીને તેમના પગઅટવાઈને લટકી રહ્યાં."[૫]

આ ઘટના જાહેરમાં ઘટી હતી. જેથી એક ભયાનક આક્રાંત શરૂ થયું હતું.હૈયું વલોવી નાખે, શરીર ધ્રુજાવે તેવું ક્રૂર, બેરહેમ અને રાક્ષસીકૃત્યનું આલેખન થયું છે. સેજલની આયા કન્નીનો દીકરો રતનસિંહ ઘોડા પાછળ ઘસડાઈને યાતનાદાયક મોતને ભેટે છે. ઘસડાતા દીકરાની પાછળ દોડતી કન્ની પણ પાગલ થઈ જાય છે. એથીય ક્રૂર, કરુણ દશ્ય ભેડાઘાટના રાણોજી અને તેમના ભત્રીજાઓની ફાંસી વખતનું છે. માંચડા પર લટકતી આ ત્રણ લાશોના મુખ પરથી કપડાં પણ હટાવી લેવામાં આવ્યા હતા. જેથી મરતી વખતની યાતનાઓથી પીડાયેલ ચહેરા અન્ય લોકો જોઈ શકે. એ લાશોનું વર્ણન જોઈએ : "...બાકીના બંને જણાની ડોક લબડતી પડી હતી. કરોડરજ્જુનો છેડો આંકડોગાળિયાની ગાઠને કારણે ફૂટબોર્ડ ખસતાની સાથે એક ઝાટકે તૂટ્યો હશે. એ બંને જણ લગભગ સરખી ઉંમરના લાગતા હતા. તેમાંથી એક આદમીની આંખ બહાર આવી ગઈ હતી. જ્યારે બીજાના ચહેરા પર ભયાનક સ્મિત હતું. ખુલ્લી ફાટેલી આંખ સાથે તેનો ચહેરો બિહામણો લાગતો હતો. ગમે તેમ સૌથી ફાટેલી આંખ સાથે યાતનામય મોત તો પેલા ડોસાનું થયું હોય એમ મને લાગ્યું. તેના બોખા મોઢામાંથી લાલ-કથ્થઈ દડાની જેમ જીભ નો લોચો બહાર આવી ગયો હતો. માથા પરની નસો ફૂલીને નળીઓ જેવી થઇ ગઇ હતી. તેનું કરચલીઓવાળું ગળું પણ મોટા પાઈપની જેમ ફૂલી ગયું હતું. તેનો ચહેરો એવો ફૂલ્યો હતો કે જાણે કોઈયે જોર કરીને તેમાં હવા પૂરી ન હોય !"[૬]

એક આલેખન વાંચી, તે દશ્યની કલ્પના માત્રથી આંખો બંધ થઈ જાય ? ઉબકો આવી જાય અને એક હાયકારો નીકળી જાય છે. સેજલના પિતા વિક્રમસિંહ પણ પરાક્રમી રાજા હતા. અંગ્રેજો સાથે સારા સંબંધના દેખાવા કરવાને કારણે તે તેમની સામે કોઇ પ્રતિક્રિયા આપી શકતા ન હતા. પરંતુ તેમની જાણ બહાર તો તે વિપ્લવવાદીઓના પક્ષે જ હતા. તે પોતાના માસીના જ દીકરા શંકરશાહ અને ભાણેજના મોતનો બદલો વાળ્યા વગર રહેતા નથી. તેથી જ એક એકશન દ્રશ્ય આપે છે. જબલપુરમાં માણિકરામની કોઠી પર વિક્રમસિંહ નો કહેર તૂટે છે. હાથગોળાને ભયાનક વરસાદ અને કોઠીની ચારે બાજુ ગોળીઓનો વરસાદ સાથે જ ચાળીસ એક મિનિટમાં તો કોઠી સળગીને જમીનદોસ્ત બની ગઈ હતી. તેમાં શંકરશાહના મોત પાછળ જવાબદાર મેજર એર્સકાઇન, લેફ્ટન્ટક્લાર્ક અને કર્નલ જેમીસન તથા અન્ય સિત્તેર લોકો તેમજ માણિકરામ સહિત સૌનું નિકંદન નીકળી ચૂક્યું હતું. અહીં અંગ્રેજોને પડકારરૂપ જવાબ આપવાની આ રીતોને વધાવી લેવાનું મન થાય છે. પરંતુ તેમાંય નિર્દોષ નાના બાળકો નું મોત દુઃખ આપ્યા વગર રહેતું નથી. વિક્રમશાહ વખતના ઇતિહાસના આલેખનમાં હુમાયુની કબરમાં છુપાયેલા બહાદુરશાહને અને બીજા બે શાહજાદાઓને મારી નાખતા મેજર હસનની ક્રુરતા જોઈ શકાય છે. તેમાંય ઓછુ હતું તેમ મેજર હસન વૃદ્ધ બાદશાહને કેદ પકડી તેના બે દીકરાઓના માથા નજરાણાં તરીકે મોકલાવ્યા હતા. આમ, ઇતિહાસના પાના ઉથલાવતાં ભુવનસિંહ સેજલસિંહને આવા રાક્ષસી કૃત્યોથી અવગત કરાવે છે. ત્યારબાદ યુનિફોર્મ ની ગેરસમજને કારણે વિક્રમસિંહથી એક ગંભીર ભૂલ થાય છે. તે ભૂલથી થયેલી નાસભાગ રોકવા જતાં ઘોડા પરથી પડે છે. અને ખભા, સાથળ તથા માથામાં ઇજા થતા ગઢકુટામાં એક દિવસ ની પીડા સહન કરી બીજે દિવસે મૃત્યુ પામે છે. અહીં અંગ્રેજોને દેશમાંથી ભગાડવાનું સપનું સેવનારાનું મૃત્યુ થાય ત્યારે ખરેખર દુઃખ થઇ આવે છે. રહમતમીર સેજલને કેદ કરે છે ત્યારે તેનો અંગ્રેજો માટેનો રોષ અને તેની ક્રુરતાનું એક ઉદાહરણ જોઈએ : "નંબર એક....તેણે બુમ પાડી. તે સાથે જ સામે ઊભેલા માનવીઓમાંથી પહેલા નંબર પર એક સાથે પથ્થર, છુરી અને ગોળી મારવામાં આવી, ભયાનક રાડ પાડતો એ અંગ્રેજ થાંભલીને ટેકે લબડી રહ્યો. તે જીવતો હતો, પણ તેનો એક હાથ ખભાથી છૂટીને લબડી રહ્યો હતો. જાંઘમાં ચાકુ ખુત્યું હતું અને માથામાં પથ્થર વાગ્યો હતો"[૭]

કેન્ટની જેલમાં રામસતિયાને છોડાવવાના મિશન દરમિયાન પણ ભારે ખૂન-ખરાબો થઈ જાય છે. જેલ પહોંચવા માટે વચ્ચે આવતા ફાટક પરથી જ શરૂઆત થઈ જાય છે. ફાટકની વોચ કેબિનમાં બેઠેલા વોલ્ટર સ્મિથની પીઠમાં રામચરણ અપાર ઝડપથી ચાકુ પરોવી દે છે. ત્યારપછી તો કેન્ટની જેલના કેદીઓની નાસભાગ તેમના જોયા-જાણ્યા વગર યુનિફોર્મ જોઈને જ આજો અને સેજલની ટુકડી પર હુમલો, મારામારી વગેરે એક ભૂતાવાળું દ્રશ્ય સર્જાય છે. અહીં તો ઋજુ હૃદયવાળો સેજલ પણ ક્રૂર બની જાય છે. હાથમાં અનાયાસે આવી ગયેલા તાળાથી સેજલસિંહ જો ગીબ્સનના માથામાં વારંવાર ક્રૂર રીતે ફટકા મારે છે. તેનું માથું ફાટી જાય છે. કાનમાંથી લોહી વહે છે. તેમજ તે મોતને

ભેટી ચૂક્યા હોય છે. છતાંય સેજલસિંહનું ઝનૂન એ જોઈ શકતું નથી. અને ફરી મારવા માટે તાળું ઉગામે છે. આ રીતે ભયંકર મારામારીના ખેલ પછી ભગાડીને લાવવામાં આવેલ રામસતિયાની હાલત પણ ખૂબ યાતનામય અને દયનીય જણાય છે. તેની પાસેથી રહસ્યો, સત્ય અને હકીકત તેમજ અન્ય માહિતી મેળવવા અંગ્રેજોએ તેના શરીરની કફોડી હાલત કરી હતી. "તેની છાતી પર ડામ દેવાયા હતા. તેના પેઢા સૂજી ગયા હતા. આંગળીઓના નખમાંથી પાણી ઝમતું હતું. અને આંગળીઓ સુઝીને દડાજેવી થઈ ગઈ હતી. તેમાં ભરાયેલી શૂળો અંદર જ તૂટી ગઈ હતી. તેના પગના તળિયા સોટીના મારથી ફાટી ગયા હતા. તેના બરડા પર ભયાનક ચીરા પડ્યા હતા. તેની બંને જાંઘના સ્નાયુઓ તરડાઇ ગયા હતા."[૮]

ઓથાર ભાગ-રના આરંભમાં કહેવાતા ઇતિહાસમાં બરવા ઠાકુરોની દાસ્તાનનું આલેખન થયું છે. સત્તાવનનાં વિપ્લવની આગ અને જબલપુરમાં બાવનમી પલટનનો વિદ્રોહ આ બધા ધીંગાણામાં જેકના પિતા લેફ્ટન્ટમેક્ગ્રેગર અને પાલકમાતા મેરી પીટર્સની કતલ થઈ હતી. આ ઉપરાંત કટંગીમાં પણ સુરજસિંહ બહાદુરીપૂર્વક લડયા હતા. પરંતુ, તે પણ રાજમહેલ પર થયેલા તોપમારામાં ભૂંજાઈ ગયા હતા. તેમની પ્રથમ પત્ની જયા પણ આ હલ્લામાં મૃત્યુ પામી હતી. આમ બરવા ઠાકોરોનો કરુણ અંત થયો હતો.

જાનોરના સર પોવેલ પણ રાજેશ્વરીની યોજના પ્રમાણે સોહારસિંહને હાથે રહસ્યમય મોત મેળવે છે. આ સોહારસિંહની કથા પણ દયનીય અને કરુણ રહી ચૂકી છે. અંગ્રેજોએ તેનું પણ સત્યનાશ વાળ્યું હતું. જેથી તે અંગ્રેજો પ્રતિ રોષે ભરાયેલો છે. અંગ્રેજોએ તેના બાપને જાનોરના બજારમાં ખુલ્લેઆમ લટકાવ્યો હતો. તેથી તેની માતાએ પણ આત્મહત્યા કરી હતી. અને જબલપુર ગેરિસનના સૈનિકોએ તેની પત્ની પર બળાત્કાર કર્યો હતો. આ રીતે ક્યાંકને ક્યાંક અંગ્રેજોનો અત્યાચાર પણ વર્ણવાયો છે.

આ ઉપરાંત ગોલકી મઠના ધીંગાણામાં સંતોજી બારતીશનું મૃત્યુ, કર્નલ ગોડફ્રે પાસે મદદ લેવા પહોંચતી જીનાનું મૃત્યુ, આખી કથામાં વિલન તરીકે અભિનય કરતાં ખેરાસિંહનું કરૂણ મૃત્યુ, સોદાબાજીની બેઠકમાં અંદરોઅંદર ધમાચકડી થતાં જેકનું ગોળી વાગવાથી મૃત્યુ, ભાગી છૂટવા મથતા ડો. હ્યુસનનું સૈનિકોના હાથે મૃત્યુ, મુગટલાલની કોઠીમાં રાજમહેલને વફાદાર ખંડેરાવનું આગને કારણે મરણતોલ ચીસો સાથે થયેલુ ભયાનક મૃત્યુ વગેરે મૃત્યુના આલેખનથી આંચકો લાગે, દુખ થાય અને આંખોમાં આંસુ આવી જાય છે.

કથાના અંતે બાલીરામ દ્વારા યુદ્ધ પછીની સ્થિતિનું વર્ણન પણ કરુણ અને દયનીય છે. એક કલાકમાં મંડીમાં સિત્તેર જેટલી લાશો, બત્રીશ આદમીઓ ઢળી પડ્યા, 130 લડવૈયાઓ મરણતોલ હાલતમાં ઘાયલ થયા. કેન્ટોન્મેન્ટમાં લાગેલી આગ, ઘવાયેલાઓની સારવાર માટે દોડતું તંત્ર, મૃતદેહોની લાંબી લાઈન, કેટલાક પીંઢારી, જાનોરીઓ બેભાન અવસ્થામાં, કેટલાકના અંગો તૂટેલા

હતા, કેટલાકના શરીરમાંથી લોહી નીકળતું હતું. આ દ્રશ્યનું વર્ણન વાંચતાં જ હૃદયનો થડકારો ચૂકી જવાય છે. સ્તબ્ધ થઈ જવાય છે.

આ નવલકથામાં ખૂન-મારામારી સિવાય કોઇકે આત્મહત્યા કરી છે તો કોઈકે આત્મહત્યાના પ્રયાસ કર્યા છે. ભાગ-૧ માં ગ્રેઈસનું સેજલ માટે ગાંડપણ તેને આત્મહત્યા કરવા પ્રેરે છે. સેજલ જ્યારે તેને બારીમાંથી કૂદી જવાની વાત કરે છે. ત્યારે તે સાચે જ સૂઝ-બૂઝ ખોઈ બેઠી હોય તેમ બારીમાંથી પડતુ મૂકવા જાય છે. પરંતુ સેજલસિંહ ત્વરિત સભાન થઈ ગ્રેઈસને બચાવવામાં સફળતા મેળવે છે. આ પછી અંગ્રેજો કેન્ટની જેલમાં રામસતિયાને ઠોર માર મારે છે. તેથી તે અત્યંત પીડા ભોગવે છે. મરણતોલ શરીર સાથે રામસતિયો જીવન જીવ્યા પહેલા જ હારી જાય છે. અને જેલમાંથી ભાગી છૂટયા છતાંય તે પોતાને જ ગોળી મારી આત્મહત્યા કરે છે. ખેરાસિંહને પણ સોદાબાજીની બેઠક દરમિયાનની ધમાલમાં ગોળી વાગે છે અને તે ઘાયલ થાય છે. ત્યારે જેક તેનો જ ભાઈ છે. આ રહસ્યનો સ્ફોટ તે સહન નથી કરી શકતો અને કાચનો ટુકડો ઉઠાવી જાતે જ પેટમાં મારી આત્મહત્યા કરે છે. કથાના તેમજ સેજલના જીવનના અંતિમ પ્રકરણોમા કુરૂપ ચહેરા સાથેના યાતનામય જીવન થી છુટકારો મેળવવા કેટલીક વાર આત્મહત્યાના વિચારો કરે છે. પરંતુ સેનાને એક વાર જોઈ લેવાનો મોહ તેને રોકી રાખે છે.

અહી બળાત્કાર જેવા શરમજનક અને ગુનાહિત કાર્યો દ્વારા હવસ અને નિર્દય હૃદય ધરાવતા પાત્રો પણ ચિત્રિત કરવામાં આવ્યા છે. સોહારસિંહના ભૂતકાળના આલેખનમાં અંગ્રેજોએ તેના પરિવારનું કાસળ કાઢ્યું, તે ઓછું પડ્યું હોય તેમ તેની પત્ની પર બળાત્કાર ગુજાર્યો હતો. આ સિવાય ખેરા પણ વારંવાર એવા પ્રયત્નો કરતો નજરે પડે છે. ખેરા સેના અને સેજલને એકસાથે જોઈ શકતો નથી. તેથી તે દાઝમાં કેટલીકવાર સેનાને જબરજસ્તી ચુંબન કરે છે, આલિંગે છે. ત્યારપછી જીના સાથે પણ બળાત્કાર કરવાનો પ્રયાસ કરે છે. એ દૃશ્યનું ખુલ્લું વર્ણન પણ કરવામાં આવ્યું છે. "પારાવાર ઝડપથી તેને એનો પટ્ટો કાઢ્યો, મોઢા પરથી હાથ હટાવી જીનાના જમના સ્તન પર હાથ મુકીને નખ ભીડાવ્યા.....જીનાના ખમીસના લીરા ઉડ્યા. ખેરાએ તેના પાટલૂનમાં પોતાનો જમણો હાથ ખોસ્યો હતો. તે પાટલૂન કાઢવા મથી રહ્યો હતો."[૯] ત્યારે એકાએક જેક રાઈફલ લઈને દોડી આવે છે. તેથી આ કૃત્ય થતું અટકી જાય છે. અંગ્રેજો પ્રત્યે ઘૃણા રાખનારા ખેરાના અન્ય આદમીઓ અને પીંઢારીઓને પણ ગોરી ઓરત પર બળાત્કાર થાય તેમાં આનંદ આવતો હતો.

આ નવલકથામાં અઢળક ષડ્યંત્રો રચાય છે. જેમાં અપહરણ બ્લેકમેઈલિંગ અને ચોરી જેવા અસામાજિક તત્વોનો પણ સમાવેશ થાય છે. કથાના આરંભે જ જિયાજી સિંધિયા અંગ્રેજો સામે મોટી યોજના ઘડી મોટી રમત રમી જાય છે. તમામ અંગ્રેજ ઓફિસરો નાનાસાહેબની શોધખોળ કરી રહ્યા હતા.તેવા સમયે સિંધિયા પોતાના મહેલમાં છૂપાયેલા નાનાસહેબની ધરપકડ કરાવડાવે છે. અને બદલામાં અંગ્રેજો પાસેથી અઢળક ઇનામ અને સંપતિ મેળવી લે છે. પરંતુ આગળ જતા જાણ થાય છે.

કે પકડાયેલ માણસ નાના પંત નહી, પરંતુ તે જમનાદાસ નામનો કોઈ માણસ છે . જેમણે નાના પેશ્વાની અંગત વાતો તેમની છટા હસ્તગત કરી હતી. આખરે તેને છોડવામાં આવે છે. ત્યારે આખુય હિન્દ ઉત્સવ મનાવે છે. અહીં સિંધિયાની હોશિયારી તેનું આ મોટું ષડયંત્ર પાર પાડે છે. ત્યારબાદ ગ્વાલિયરનું ભણતર છોડીને આવેલા સીધા-સાદા સેજલનું મગજ ખુરાફાતી કામોમાં દોડવા લાગે છે. અને તે પણ જેક ને વિશ્વાસમાં રાખી જીનાના અપહરણની યોજના ઘડે છે. જીનાનું અપહરણ કરી સર પોવેલને બ્લેકમેઈલ કરી તેમની પાસે જેકના ઘોડા ની માંગણી કરવી જેથી રાજેશ્વરીદેવીને તેમજ સંતોજી બારનીશ ને ઘોડાની કેમ જરૂર હતી તે રહસ્ય જાણી શકાય. તદુપરાંત જેકની ઉદારી જોઈ સર પોવેલ તેના અને જીનાના સબંધ માટે રાજી થાય એમ એક કાંકરે બે પક્ષી મરે. તેનું આ ષડયંત્ર સફળ પણ થાય છે. અલબત ખેરાને કારણે તે પોતે જ એક નવા ષડયંત્રમાં ફસાય છે. ત્યારબાદ ગ્રેઇસ અને સેજલ બજારમાં ખરીદી કરવા જાય છે. ત્યાં સડી ગયેલા ઈંડા અને શાકભાજી ગ્રેઈસ ઉપર ફેંકી જાનોરની પ્રજા વિરોધ પ્રદર્શન કરે છે. પરંતુ તરત જ તેમને લેવા માટે આવી ગયેલી ગાડીને કારણે આ સમજી વિચારીને ઊભી કરવામાં આવેલી યોજના જણાય છે. બાલીરામ પણ કાવતરા ઘડવામાં માહિર વ્યક્તિ છે. સેનાના તપાસ અર્થે રાજમહેલમાં આવેલા કેપ્ટન હેમન્ડની આંખોમાં ધૂળ નાખવાનું કામ અદભુત રીતે કરે છે. કિશન અને સાવિત્રી નું પ્રેમપ્રકરણ ચલાવી તે આડે-પાટે ગાડી લઈ જાય છે. શંકરશાહની સજા પછી પણ રોષે ભરાયેલા વિક્રમશાહ અને બાવનમી પલટને અંગ્રેજ અફસરો ને બાનમાં લીધા હતા. અને તેમને છોડાવવા માંગતા અંગ્રેજોને બ્લેકમેઈલ કરી આઠ લાખ રૂપિયા પણ પડાવ્યા હતા. આ રૂપિયા મળ્યા હોવા છતાંય બળવાખોરોએ લેફ્ટનન્ટ મેકગ્રેગરને તોપે ઉડાવ્યા અને બાકીના અફસરોની કતલ કરવામાં આવી. ખેરાસિંહ અને સંતોજી દ્વારા જેકના ઘોડા નો ઉપયોગ કરી હથિયારોથી ભરેલી ટ્રેનમાં લૂટફાંટ કરી હથિયારોની ચોરીનું મોટું ષડયંત્ર પાર પાડવામાં આવે છે.

આ ઉપરાંત પોવેલને મારી નાખી જાનોર પર આવતા સંકટને રોકવાનું ષડયંત્ર રચાય છે તો સામે પક્ષે અંગ્રેજો નું બાલીરામ, રાજેશ્વરી, સેજલ વગેરે વિરુદ્ધ કાવતરું રચાયું છે. પરંતુ સેજલને કેસમાં ફસાવી કેદ કરી જાનોર અને તેના ખજાનાના સપના સેવતા કર્નલ મેલેટ નિષ્ફળ જાય છે. એ સિવાય જાનોરનો ખજાનો બીજે ઠેકાણે સુરક્ષિત કરી જાનોરને ભયમુક્ત કરવા માટેની રાજેશ્વરી અને બાલીરામની યોજના હરિભજન અને જેકને શોધવા માટેની સેજલની યોજના, જબલપુર ઉપર બધાએ ભેગા ભેગા મળી હુમલો કરવાની ખેરાની યોજના - આ જ યોજનાને અલગ રીતે રીતબદ્ધ પાર પાડવાની સેજલની યોજના તથા ખેરા પાસેથી મુક્તિ અપાવી સેજલને રાજમહેલમાં સલામત પહોંચાડવાની ખંડેરાવની અલગ યોજના કથામાં જોવા મળે છે.

જીના અને સર પોવેલ તેમજ ડો. હ્યુસનના અપહરણ સિવાય સેજલસિંહનું પણ એકવાર ખેરા દ્વારા તેમજ બીજી વાર રહમતમીર દ્વારા અપહરણ કરવામાં આવે છે. આ બંને અપહરણકર્તાઓ

રાજેશ્વરીદેવીને અંગ્રેજોની પીઠ્ઠુ ગણે છે. તેથી દીકરાના બદલામાં મહારાણી પાસે તેમને મોટો સોદો પાર પાડવો હોય છે. પરંતુ ખેરા પાસેથી સંતોજીની સમજણને કારણે સેજલ છૂટી શકે છે. અને સોહારસિંહ નામના પાત્ર દ્વારા રહમતમીરની કેદમાંથી પણ ભાગી શકે છે.

આ નવલકથામાં સંઘર્ષનું તત્વ પણ જોવા મળે છે. યુદ્ધ, લડાઈ, ષડયંત્ર, ચોરી, વગેરે જેવા તત્વોને કારણે ઘણા બધા પાત્રો અહીં સંઘર્ષ કરતા જોવા મળે છે. જેમકે સંતોજી બારનીશ, આજો, સેના, બાબા હરીભજન, વગેરે જેવા પાત્રો અંગ્રેજો વિરુદ્ધ ષડ્યંત્ર કરનાર ક્રાંતિકારી હોવાને કારણે આખું જીવન છુપાતા ફરવું પડે છે. જંગલોમાં રખડવું પડે છે. ઘોડાની લાદમાં સુવું પડે છે. જીવન જીવવા માટેનાં જરૂરિયાત પૂરતા સાધનો માટે કેટલાય વલખા મારવા પડે છે. સામાન્ય પ્રજાને વેઠવો પડતો ઓથાર પણ કમ આંકી શકાય તેવો નથી. આ પ્રકારના બાહ્ય સંઘર્ષ તો કથામાં નિરૂપિત થયા જ છે. પરંતુ ખાસ તો આંતરિક સંઘર્ષ કથાના શીર્ષકને સાર્થક કરે છે. રાજેશ્વરી દેવી પતિના કલંકને જારવીને પણ પતિના અધૂરા કાર્યને પૂરું કરવામા લાગી છે. દીકરા માટે દીકરાના સુખી જીવન માટે કંઈક કેટલાક સંઘર્ષભર્યા કાર્યો કરે છે. અંતે પુત્ર વિરહ વેઠવાનો ઓથાર જીરવવો પડે છે. એક માને એટલી પણ માહિતી ન મળી શકી કે તેનો પુત્ર જીવે છે કે મૃત્યુ પામ્યો ? ગ્રેઈસ અને સેનાને પણ સેજલથી  દૂર રહેવાનું દુઃખ સહન કરવું પડે છે. સેનાને તો બાળકના પિતા કોણ છે ? એવા પ્રશ્નોનો સામનો કરવાની સ્થિતિ સર્જાય છે. જોકે રાજેશ્વરી દેવી તેનો ઉકેલ લઇ આવે છે. સેજલસિંહના મનનો ઓથાર કથામાં મુખ્ય અને મોટો કહી શકાય તેમ છે. શરૂઆતમાં પિતા વિશેનું રહસ્ય તેમના માટેના કાને પડી જતા કલંકમય શબ્દો તેને સહન કરવા પડે છે. હંમેશા પિતા ની છબી સામે ઊભા રહેતાં સેજલની માનસિક અવસ્થા અને તેની લાચારીની પીડા જોઈ શકાય છે. ત્યારપછી તેના જીવનના પ્રણય પ્રકરણમાં પણ તેનું મન-મગજ વ્યાકુળતા અને અસમંજસ પરિસ્થિતિઓનો અનુભવ કરે છે. સેના સાથે તે આત્મીય પ્રેમથી બંધાયો છે. તેને કારણે ગ્રેઈસ સાથેના દૈહિક આકર્ષણથી બંધાયેલા સંબંધનો તેને પારાવાર પશ્ચાતાપ થાય છે. તેનું મન આકુળ-વ્યાકુળ થઈ જાય છે. ગ્રેઈસ સાથે હોય તો સેનાના વિચાર સેના સાથે હોય તો ગ્રેઈસના વિચાર તેને અકળાવી મૂકે છે. જાનોરના રાજકુમાર ને કારણે ગ્રેઈસ સાથે લગ્નનો પ્રસ્તાવ સ્વીકારવો પડે છે. તેની આ બાંધછોડ તેમજ સમાધાન ભરેલા જીવનથી ઉગરી શકતો નથી. એટલા માટે તો તેને પોતાનો કુરુપતાનો ભાર વેઠવો પડે છે. અને એથીય વધુ અસહ્ય બને છે. સેના વગરનું જીવન જીવવું. તેમાય પોતાના પ્રેમના અંશરૂપે જન્મેલા સેનાના બે દીકરાને જ્યારે ખેરાસિંહનુ નામ આપવામાં આવે છે. ત્યારે સેજલસિંહ તેનું સર્વસ્વ હારી જાય છે. ત્યારે તેના મનની પીડા સેજલની સવ્પનીલ મનોદશા દ્વારા લેખક અદભૂત રીતે આલેખી શક્યા છે. આખરે આંતરિક મન દ્વારા ધમપછાડા કરતો સેજલ હિન્દ છોડે છે. અને વિદેશયાત્રા તરફ પ્રયાણ કરે છે.

## 'ઓથાર'માં કરુણતા :

ઓથાર શબ્દનો અર્થ થાય પીડા અને જ્યાં પીડા હોય ત્યાં કરુણતા અપાર હોય. કથામાં થતી ક્રૂર હત્યાઓ અને ભયાનક રીતે થતાં મૃત્યુ તો કરુણતાની સ્થિતિ જન્માવે જ છે. રાણોજી તથા તેમના ભત્રીજાઓની ફાંસી, શંકરશાહનુ મોત, કેન્ટની જેલમાં અધમૂવા થઈ ગયેલા કેદીઓની હાલત, બરવા ઠાકોરોની દારૂણ દાસ્તાન, સોહારસિંહનો કાળમુખો ઇતિહાસ, જેકને છોડાવવા સેજલને કરગરતી જીનાનું રુદન, સંતોજીના જીવનની છેલ્લી ઘડીઓ સમયનું વાતાવરણ, આગમાં હોમાયેલ ખંડેરાવની ચીસો, આગમાં દેખાતી મોત સામે ઝઝૂમતા સેજલસિંહના અથાગ પ્રયત્નો, કુરૂપતા પછી સેજલની શારીરિક અને માનસિક પીડા, પિતા-પુત્ર જેવું બાલીરામ અને સેજલનું મિલન, સેજલ જીવિત છે, એક દિવસ તે જરૂર પાછો આવશે તેવી આશા દર્શાવતા સગર્ભા સેનાના પત્રો, પુત્રવિરહ વેઠતી રાજેશ્વરી ની આંતરિક વ્યથા, પ્રેમી-પતિનો વિરહ વેઠતી સગર્ભા ગ્રેઈસની આંતરિક વ્યથા, આ દરેક ઘટનાઓ, પ્રસંગો કે પરિસ્થિતિઓ કથામાં કરુણતા જન્માવે છે. ભાવકની લાગણી ડામાડોળ થઈ જાય છે. કથાના પાત્ર સાથે તેમની દયનીય સ્થિતિ સાથે ભાવક પોતે જોડાય છે. અને તેની આંખોમાંથી અશ્રુ વહે જાય છે. ઉપરનામાંથી કેટલીક કરુણ ઘટનાનું આલેખન એક દષ્ટાંત તરીકે જોઈએ.

સંતોજી બારનીશનાં મૃત્યુ સમયે તેમને કરેલો બબડાટ ખૂબ કરુણ વાતાવરણ સર્જે છે. તેમની દીકરી સેનાની ચિંતા તેમને શાંતિથી મરવાની પરવાનગી આપતી નથી. તેમના બબડાટ(લવારા)ના કેટલાક છેલ્લા શબ્દો : "રહેવા દે આજો..ધ ઓલ્ડ બોય વોન્ટસ ટુ ટોક....લેટ હિમ.....મારી રાઈફલ લાવ...મારી રાઈફલ લાવ સેના ....સેના...મારી રાઈફલ.....કર્નલ જેકબસન ...ફાંસી નહિ.... મારી દીકરીને ! હું જીવતો છું કર્નલ..... મારી દીકરીને ! સંતોજી બારનીશની દીકરી ને ફાંસી આપવી છે ? કરીને સંતોજી હસ્યા."[૧૦] સંતોજી તેમની દીકરીના લગ્ન અને દીકરીના દિકરા સુધીની ચિંતા કરે છે. અને મેંકલ....સેનાનો દીકરો...... મેકલ લેશે.....સેજલ આજો....મેકલ...લગ્ન....વગેરે જેવા તેમના છેલ્લા અને તૂટક શબ્દોમાં તેમણે જોયેલા સપનાઓ નજરે પડે છે. આમ અહીં એક પિતાના આ કરુણ કલ્પાંતને હૃદય સોસરું ઉતરી જાય છે.

એજ રીતે કુરૂપ ચહેરા સાથે સેજલસિંહ રાજમહેલમાં દાન લેવા પહોંચે છે. ત્યારે પોતાની જ પ્રિયતમાં પાસેથી દાનમાં મળતું ધોતાર લેતી વખતે સેજલસિંહ તેની માતાનો હાથ પકડી લે છે અને અનાયાસે જ "મોમ" શબ્દ ઉચ્ચારી બેસે છે. છતાંય રાજેશ્વરીને તે સંભળાતું નથી અને મા-દીકરાનું મિલન શક્ય બનતું નથી. ભાવકની બંધાયેલ એક આશા તૂટી જાય છે. અને એક અફસોસ ની લાગણી મનમાં કેળવાય છે. એક માં દીકરાને ઓળખી ન શકી આથી વધુ કરુણ પરિસ્થિતિથી શું હોઈ શકે ? કોઈકવાર સેજલને ભિખારી સમજી કોઈ પૈસા આપે, કોઈ તેને જમવાનું આપે, કોઈ તેના ચહેરાની

ભયાનકતા જોઈ ચીસ પાડી ઊઠે આમ ડગલેને પગલે સેજલનું જીવન પીડાદાયક અને કરુણ બની જાય છે. ખાસ તો સેજલ પોતાના જોડીયા દીકરાઓના પિતા તરીકે ખેરાસિંહનું નામ સહી નથી શકતો. પોતાનું દુશ્મનોને જીતી જતા જોવે છે. અને એક કાલ્પનિક સૃષ્ટિમાં સરી પડે છે. તેના મનનો આ અસહ્ય ઓથાર જોઈએ.

"મને ખેરાનો અવાજ સંભળાતો હતો...... પરમહંસની માફક ખેરા બોલતો હતો. હું તેનો અવાજ સાંભળીને પાણી તરફ ખેંચાતો હતો. ક્ષીપ્રાના જળમાં સફેદ કપડાંથી મઢેલું ખેરાની શલ ધીરેથી વહેતી હોડીની માફક સરતું હતું. 'બંધ કર એ બક્વાસ......તારા મોઢામાં એ શબ્દો શોભતા નથી.... ખેરા, તુ તારી મજાક ઉડાવે છે...' બંધ કર....બંધ કર ખેરા......હું તારા ટુકડા કરી નાખીશ...હું તને ભૂંજી નાખીશ.... ભૂંસી નાખીશ....' હું બરાડી ઉઠ્યો"[૧૧] આમ બબડાટ કરતા સેજલ, ઉંઘમાં ચાલીને પાણીમાં ઝીંકાયો હતો. ક્ષીપ્રામાં તરતાં કોઈ વસ્ત્ર પકડી તે બહાર આવ્યો ત્યારે જ તેને આ વાતનો ખ્યાલ આવ્યો હતો. સેજલની આવી મનોદશા અને પીડા કરુણતાની પરાકાષ્ઠા પાર કરે છે.

## 'ઓથાર'માં પ્રણય-પ્રણયત્રિકોણ :

આ નવલકથામાં પ્રણય જેવા સુંદર અને આનંદી તત્વો પણ જોવા મળે છે. અંગ્રેજી યુવતી જીના અને ઍંગ્લો ઈન્ડિયન જેક મેક્ગ્રેગર એકબીજાના પ્રેમમાં છે. પરંતુ ઘણીવાર પરિવારની પસંદ જુદી પડતી હોય છે. તેથી જીનાના ભાઈ સર પોવેલની પસંદ પ્રમાણે આ સંબંધ શક્ય બને તેમ નથી. જોકે જીના અને જેકના પ્રણયની વફાદારી બંનેને અલગ થવા દેતી નથી. જીના પોતાના જ નકલી અપહરણના ષડ્યંત્રમાં સાથ આપે છે. અને જેક પણ તેના બહુમૂલ્ય બધા જ ઘોડાને ગુમાવવા તૈયાર થાય છે. સર પોવેલના ખૂની તરીકે જેકની શોધખોળ થાય છે. ત્યારે પણ ગુનેગાર જેકને બચાવવા જીના સેજલસિંહને વિનંતી કરે છે. ત્યારે ભાવનાઓમાં સરી પડે છે. તેમજ સેજલને પોતાનો બીજો પ્રેમ, બીજો પતિ કહીને આકર્ષાય છે. સેજલ પણ પાછો પડતો નથી. અહીં આ જેક અને સેજલ વચ્ચે જાણે પ્રણયત્રિકોણ રચાય છે. જે કથાને થોડી રોમાંચિત બનાવે છે. જોકે, કથામાં ફરી ક્યાંય આ ત્રિકોણ જોવા મળતો નથી. કથામાં મુખ્ય ગણાવી શકાય તેવો નાયક-નાયિકા નો પ્રેમ એટલે સેના અને સેજલ વચ્ચેનો પ્રેમ છે. સેજલ સેનાને તૂટીને ચાહે છે. બંને શારીરિક રીતે જ નહીં, તેમની આત્માનું મિલન થયેલ જોવા મળે છે. પોતાની પુખ્ત વય દરમિયાન તે ગ્રેઈસ સાથે જિન્સી આવેગ અનુભવે છે. પરંતુ સેના સાથેની મુલાકાત તેને પ્રેમ નો ખરો અર્થ સમજાવે છે. આ જ પ્રેમને કારણે ગ્રેઈસ સાથેનો દૈહિક સંબંધ સેજલને પશ્ચાતાપની આગમાં ધકેલે છે. ભેડાઘાટ માં થતી સેના સાથેની સેજલ ની મુલાકાત તેમના પ્રેમ ને મજબૂત બનાવે છે. સેજલ કોઈપણ ભોગે એના સાથે રહેવા માંગે છે. તે કહે છે "જિંદગીમાં સેનાથી વધુ મને કઈ પ્રિય નથી..... જાનોર પણ નહીં મારી 'મોમ' પણ નહીં....." જે

રીતે સેજલ સેનાને ચાહે છે એ જ રીતે ગ્રેઈસ સેજલને અતૂટ પ્રેમ કરે છે. તે સેજલ સામેં લગ્ન માટેનો પ્રસ્તાવ મૂકે છે. અને આતુરતાથી તેના જવાબની રાહ જુએ છે. સેજલ નો હકારાત્મક જવાબ સાંભળી તે ઝૂમી ઉઠે છે. પરંતુ તેનેય પ્રેમવિરહની વેદના ભોગવવી પડે છે. છતાય પોતાના પેટમાં સેજલ નો અંશ છે. એ વાત માત્રથી તે ખુશ છે. સેના પાસે પણ સેજલના પ્રેમની નિશાની છે. ત્રણેય પ્રેમવિરહની વેદના વેઠે છે. આમ, અહી પણ એક પ્રણયત્રિકોણ રચાય છે. જેમાં વિરહ નામનું તત્ત્વ આજીવન સમાઈ જાય છે. ખેરા પણ સેનાને ખૂબ ચાહે છે. તે સેનાને સેજલ સાથે એક ક્ષણ જોઈ શકતો નથી. તેથી અહીં પણ એક પ્રણયત્રિકોણ રચાય છે. જોકે ખેરાસિંહ નો પ્રેમ ફક્ત તેની જીદ જણાવે છે. અલબત્ત પાત્રની વિલન તરીકેની છબી ભૂંસવા લેખક મૃત્યુ સમયે ખેરા પાસેથી લાગણીભર્યા શબ્દો પીરસે છે. રાજેશ્વરીદેવીના કહેવાતા ઇતિહાસમાં સુરજસિંહનો પ્રેમ પણ નોંધપાત્ર છે. સુરજસિંહ રાજેશ્વરી ને ખુબ જ ચાહતા પરંતુ મિત્ર વિક્રમસિંહ સાથે રાજેશ્વરી દેવી ના લગ્ન થાય છે ત્યારે તે કશું કહી નથી શકતા પણ સહી પણ નથી શકતા. ત્યાર પછી તે વધુ મદિરાપાન કરવા લાગે છે. આમ, જ્યાં પ્રણયનું તત્ત્વ જીવનમાં ઉમેરાય ત્યાં ચાહે કટંગી નો રાજા હોય, જાનોર નો થનાર રાજકુમાર હોય કે ખેરાસિંહ જેવો કટર વ્યક્તિ હોય. પ્રેમમાં તેમની તટસ્થતા જેટલી મજબૂત બને છે એટલી જ નબળી બને છે.

અહીં યુવાન સ્ત્રી-પુરુષ વચ્ચેના પ્રણય સંબંધ તથા લાગણી કથામાં રોમાંચિત વાતાવરણ ઉભું કરે જ છે. જેથી ભાવક આનંદની અનુભૂતિ કરે છે. આ ઉપરાંત યુવક યુવતીના પ્રેમ સિવાય અહીં રાજેશ્વરી દેવીનો સેજલસિંહ માટેનો માતૃ વાત્સલ્ય પ્રેમ તથા કથાના અંતે બાલીરામનો સેજલ માટેનો એક પિતૃ તરીકેનો પ્રેમ જોવા મળે છે.

## 'ઓથાર'માં જાતીયતાનું આલેખન :

આ નવલકથામાં જેમ પ્રણય સંબંધોનું આલેખન જોવા મળે છે. તેમ એ સંબંધોમાં જાતીય આકર્ષણ નું આલેખન પણ થયું છે. દૈહિક આકર્ષણ તથા દૈહિક સબંધોનું વર્ણન જોઈ શકાય છે. અહી અઢળક ચુંબન અને આલિંગન દર્શિત થયા છે. ગ્વાલિયરમાં ગ્રેઈસ સાથેની સેજલની મુલાકાત તેમના પ્રેમની શરૂઆત થઇ હોવાનું જણાય છે. કેમકે એકમેકને જોતાં જ સેજલ ઝનૂનથી તેને ચુંબન કરે છે. ત્યારપછી જાનોરમાં સેજલની પાછળ ઘેલી થઇ આત્મહત્યાનો પ્રયાસ કરતી ગ્રેઈસને શાંત કરવા જતો સેજલ તેના સાથે દૈહિક સંબંધથી જોડાઈ જાય છે.તે વર્ણન જોઈએ :

"ગ્રેઈસ....મેં તેના કાનની બૂટ પર ચુંબન કરીને કહ્યું......મેં તેના ગળા પર ચુંબન કર્યું. તેનું માથું સહેજ ઢળ્યું. તેના ગરમ શરીરમાં વીજસંચાર થયો તેનામાં અલૌકિક ચેતન આવ્યું....... તેના ગળા પર, તેના સ્તનયુગ્મ વચ્ચે,. તેના ગાલ, હોઠ અને કાનની નીચે..... કોઇ પાશવી અને છતાય ચીદાનંદની

ચરમસીમાની આંબી જતા આવેશથી મેં ચુંબનો કર્યા. એ ઢળી પડી. તેના વસ્ત્રો ચોળાયા....નહીં... સેજલ....નહીં.... 'તે વિરોધ કરતી રહી..... અને મારા આવેગમાં પૌરુષત્વની ચિનગારી, અનંગવેગના અગ્નિ સમી પ્રજવલિત થઈ. "ઓહ નો....સેજલ.... અવાજ ધીરો થતો ગયો.... તેના ચહેરા પર પ્રતિકારક અને આવકાર, બંને ભાવો ઉપસી આવ્યા. તેના ગુલાબી ચહેરા પર મોહક લાલ રંગ તરી આવ્યો... તેની આંખો મીંચાઈ અને પાંપણોમાંથી આનંદનું હાસ્ય પ્રગટ્યું."[૧૨]

આ ગ્રેઈસ અને સેજલની સુહાગરાત હતી. આ વાતનો ઉલ્લેખ પણ લેખક ગ્રેઈસની અસ્તવ્યસ્ત ચોળી, વક્ષસ્થળનો આરોહ વગેરે જેવી અવસ્થા નું વર્ણન કરીને સ્પષ્ટ રીતે કરે છે ત્યારપછી સેજલ ગ્રેઈસના લગ્નના પ્રસ્તાવનો હકારાત્મક જવાબ આપવા જાય છે. ત્યારે તેને I LOVE YOU કહી એક વિશિષ્ટ આલિંગન આપે છે. અને ગળા પર એક ચુંબન કરે છે. ત્યારે આ રોમેન્ટિક પળનું વર્ણન કરવાનું લેખક ચૂકતા નથી. પરંતુ ત્યારે જ ગ્રેઈસના મા બનાવવા સમાચાર સેજલને આંચકો આપે છે. અને ગ્રેઈસને આનંદ આપે છે.

સેજલ અને સેના વચ્ચેનું આકર્ષણ પણ ઉલ્લેખનીય રહ્યું છે. આછા અજવાળામાં જોયેલ સેનાનું ચિત્ર સેજલના મગજમાં વારંવાર ફર્યા કરે છે. તે સેના જ્યારે ઘોડારના માળીયામાં મળે છે. ત્યારે એક આહ્લાદક અનુભવ થાય છે. એનું વર્ણન જોઈએ : "ઓહ નો સેજલ.....પ્લીઝ..." મને તેનો અવાજ સંભળાયો પણ તેનો અર્થ નહિ. મારા સમગ્ર શરીરમાં અત્યારે એક જ સુર હતો, એક જ આવેગ હતો...... સેનાને સમાવી લેવાનો...... શા માટે મનુષ્યો ચુંબન કરતા હશે ! આલિંગન કરતા હશે! એકમેકના શરીર ભીંસાઈને ચૂર થઈ જાય તેમ આ શા માટે ભેટતા હશે ! શું ઉત્ક્રાંતિના અનેક પુરાવાઓમાનો આ એક પુરાવો હતો ! શું મનુષ્ય પોતે એકકોષી અસ્તિત્વને મેળવવા આલિંગન કરતો હશે !"[૧૩] આમ, એક ઘોડારના માળિયામાં પણ લેખક નાયક-નાયિકાને સ્વર્ગની અનુભૂતિ કરાવે છે. ત્યારપછી તો તેમનું આ પ્રકારનું મિલન ભેડાઘાટની સુંદરતામાં રોજબરોજ વધારો કરે છે. પિંઢારી પાસેથી છૂટીને પણ રખડતો, રઝડતો જાનોર જવાને બદલે તે સેના પાસે પહોંચે છે. અને સેનાના અમોધ આલિંગનમાં તે થાક, ભૂખ, તરસ, પીડા, ઉજાગરો બધું જ વીસરી જાય છે. "મારા જીગરમાંથી આવતા ધબકારામાં સેનાનું નામ હતું. એક ક્ષણમાં તો તેના ગાલ પર, ગળા પર રતુંબડા ચાઠા ઉપસી આવ્યા. શબ્દો ખૂટી જાય છે. ત્યારે માનવીને આલિંગનની ભાષા વાપરવી પડે છે.....પણ મિનિટો સુધી અમ એકમેકને આલિંગતા રહ્યા, ચૂમતા રહ્યાં.[૧૪] આ રીતે નર્મદા તટ પર ઉગેલા સગની ઘેઘુર છાયામાં, નર્મદાના પાલવમાં. પલાશના જંગલોમાં સેજલ કહે છે તે કિલ્લોલતા પોપટની જેમ સેજલસિંહ તેના અંગેઅંગમાં ખોવાઈ જાય છે, સેનાના આહલાદક સ્પર્શમાં સરન શમણા જોતો સેજલ અને સેનાની મુલાકાત ભાવકના આંતરિક મનને વારંવાર આનંદની અનુભૂતિ કરાવે છે.

આ ઉપરાંત સેનાની શોધખોળ દરમિયાન કેપ્ટન હેમન્ડ અને કેપ્ટન લેફ્ટન્ટ સ્મિથ રૂપાળી રાજેશ્વરીને જોઈને હવસ ભરી દાનત પ્રગટ કરે છે. અને ખેરાસિંહ જેવા પાત્ર તો પોતાની આવી

દાનતને પ્રકટ પણ કરે છે. જેમાં જીના સાથે બળાત્કાર કરવાનો પ્રયાસ અને સેનાને બળજબરીપૂર્વક ચુંબન કરવાની કરતૂતો ઉલ્લેખનીય છે. જે માનવીની રાક્ષસી વૃત્તિને પ્રકટ કરી રહી છે. જેથી એક સારા ભાવકને આવા વ્યક્તિ માટે ધ્રુણા થઈ આવે છે.

## 'ઓથાર'માં વર્ણન :

મોટાભાગની દરેક લોકપ્રિય નવલકથામાં વિસ્તૃત વર્ણન જોવા મળે છે. અહીં પણ આ તત્ત્વનો ઉપયોગ થયો છે. આ નવલકથામાં સ્થળ, સમય, પાત્ર, પરિસ્થિતિ દરેક વર્ણન ખૂબ વિસ્તૃત રીતે કરવામાં આવ્યું છે. જેથી વાચક તેને કલ્પના માત્રથી અનુભવી શકે છે. કથામાં નર્મદાનો પટ અને ભેડાઘાટનું અદ્ભુત વર્ણન થયું છે. વિનોદ ભટ્ટ પણ આ વાતની નોંધ કરતાં કહે છે, કે - "ઓથારમાં જે સ્થળે તેને નાયક-નાયિકાને પ્રેમ કરાવ્યો છે. એ ભેડાઘાટનું વર્ણન જોઈને અશ્વિની પોતે ચકરાઈ ગયેલો આખી રાત તે હોડીમાં ફરેલા. તેણે જોયેલો એ ભેડાઘાટનું વર્ણન અશ્વિનીએ દસ વખત રી-રાઈટ કર્યું છે."[૧૫] તેમણે બીજી એક વાત પણ નોંધી છે કે ભેડાઘાટના વર્ણનવાળો હપ્તો સંદેશમાં વાચ્યા બાદ ગુજરાતમાંથી જબલપુર પરણવા જતાં વરરાજાએ સસરા સાથે એવી શરત કરેલી કે અમને તમારે ભેડાઘાટ જોવા લઇ જવા પડશે તો જ લગ્ન મંજૂર અને આ ભેડાઘાટ જોયા બાદ ખુશ થઈને વરરાજા તથા જાનૈયાઓએ અશ્વિનીને પત્રો પણ લખ્યા હતા. અહીં એક વાત તો સ્પષ્ટ રીતે કહી શકાય કે લેખકે પોતે ભેડાઘાટ અને નર્મદા નદીના અન્ય વિસ્તારોમાં ખૂબ રખડપટ્ટી કરી છે. ત્યારે જ તે મહામહેનતે તેની સુંદરતાનું આલેખન કલમ દ્વારા કરી શક્યા છે. ભેડાઘાટના સુંદર દશ્યનું એક વર્ણન જોઈએ : "સાડા દસ વાગ્યે હું ભેડાઘાટ પહોંચ્યો. ઘાટી ચડી ને રાત્રિના અંધકારમાં અને ચંદ્રના આછા અજવાળે, રૂપેરી ફોરા ઉડાડતા, ધુંવાધાર ધોધને જોતો ઘડીભર હું ઊભો રહ્યો. કેવું અનુપમ એ દ્રશ્ય હતું ! કેવી અનુપમ આ ધરતી અને એ ધરતી ના ટુકડા માટે કેવા ઘોર બલિદાનો લેવાયા હતા."[૧૬] આ સિવાય સેના અને સેજલ નૌકાવિહાર કરે છે. ત્યારે "છાલાકા સાથેના અવાજથી હોડી છૂટી અને નર્મદાના વહેણમાં સરી. ચાંદની રાતે સંગેમરમરની એ ચટ્ટાનો કેવી ભવ્ય લાગે છે. તે વર્ણવવું જ અશક્ય છે. નીલા, ભૂરા અને ગુલાબી આરસની દીવાલો, જાણે આકાશે ચડતી હોય અને છતાં એકમેકને ચૂમવા મથતી હોય તેમ નર્મદાના લીલાપાણી પર ઝળુંબતી હતી. 'અહીં ત્રણસો ફુટ ઉંડા પાણી છે.'"[૧૭]

અહીં અન્ય સ્થળ તેમજ કથામાં આવતી દરેક કોઠી, મહેલનું વર્ણન વિસ્તારિત રીતે થયું છે. ધેનું તિવારીનો પીછો કરતો સેજલ નર્મદાના તટ, નાળા, ઝરણા વગેરેની માહિતી પૂરી પાડે છે. જેમ કે, "હીરની નાળાના પાણીમાં જ્યાં નર્મદા મળે છે. ત્યાં લગભગ વીસેક ફૂટ ઊંચો ધોધ આવે છે. અને ત્યાં પથ્થરોની 'ગોર્જ'મા નર્મદા સાથે સંગમ થાય છે. તેની ઓતરાતી બાજુએ એક ઉચ્ચી ચટ્ટાન પર

મહાદેવનું નાનકડું મંદિર છે. મંદિરની દક્ષિણ-પૂર્વ બાજુએથી નર્મદા થનગનતી મુગ્ધાની માફક પથ્થરો પર કૂદતી આવે છે. અને વળાંક લઇ પશ્ચિમેં જાનોર તરફ વળે છે."[૧૮] એ જ રીતે મેકલની પહાડીઓમાં ટેકરીઓ અને અન્ય વિસ્તાર તથા રસ્તાનું વર્ણન જોવા મળે છે. સેજલસિંહના રાજ્ય જાનોરનો પણ લેખક સુવ્યવસ્થિત પરિચય કરાવે છે. "જૂનું જાનોર ગોળાકારમાં વિકસેલું નાનકડું શહેર હતું. ગૌંડ રાજાઓની પ્રણાલી પ્રમાણે તેની આસપાસ કોટ પણ હતો કે કોટ અને આખા શહેરની સીમાઓને ષટ્કોણમાં ફેરવી નાખવામાં આવેલી. છ ખૂણિયું શહેર અને છ દરવાજાથી ઓપતા એ નાનકડા શહેરની વચ્ચે પડી રાની કા બાગ નામે ઓળખાતો સુંદર બગીચો હતો. એ બગીચાની દક્ષિણે આવતા રાજમાર્ગ ઉપર સદરમંડી બજાર હતું. અને ઉત્તરે મંગલચોક, મંગલચોકમાં સરકારી ઓફિસો હતી. કચેરી પોલીસ હેડકોટર્સ, રેસિડેંન્સીનું દફતર વગેરે મકાનો હતા. આ સિવાય મોટા સોદાગરોની  પેઢીઓના મકાનો પણ હતા."[૧૯] પોતાના મહેલ પર પ્રકૃતિની સુંદરતા પથરાતી જોઇ સેજલસિંહ કહે છે. "બિહડ કોરીને બનાવેલા સીધા રસ્તા પર ઢળતી સાંજ ના સુરજની રાતી ઝાંય છવાતી જતી હતી. હિંગળોક ચંદરવા હેઠળ, રાજમહેલના બુરજ અને અટારીઓ પર પથરાતો, લાલ-સોનેરી, પ્રકાશ અમારા એ ભવ્ય મકાનને ઓર દીપાવતો હતો."[૨૦]

ગોવિંદદાસની કોઠીનું વર્ણન જોઈએ : "દિવાનખંડની જમણી બાજુએ બીજું બારણું છે. એ ફાનસવાળો માણસ આગળ ચાલ્યો. અમે અંદરના કમરામાં ગયા. એ કમરાને છેડે વરંડો હતો અને ત્યાં ગુલાબી આરસના છ-સાત પગથિયાંની સીડી હતી અને ત્યાં પહોંચ્યા પછી મને ખ્યાલ આવ્યો કે ગોવિંદદાસ ની મેડીબંધ કોઠી ત્રણ લેવલમાં બંધાયેલી હતી. એ સીડી ઉતરીને નાનકડો ચોક વટાવીને અમે પાછલા ભાગમાં આવેલા એક કમર પાસે પહોંચ્યા, ત્યાંથી જ એ કમરાના વાતાવરણની અસર વર્તાતી હતી."[૨૧]

મુગટલાલની કોઠીનું વર્ણન : "મુગટલાલની કોઠી નાનકડા કિલ્લાથી કમ ન હતી. લગભગ દસ-બાર ફુટ ઊંચી દિવાલ આખી કોઠીના કંપાઉન્ડ ફરતે ચણેલી હતી. સાત-આઠ એકર જમીનમાં પથરાયેલા એ કમ્પાઉંડમાં કોઠીની પછીતે ત્રણ-ચાર એકર જમીનમાં વેજીટેબલ ગાર્ડન હતો. અને તેને છેડે આંબાના ઝાડ હતાં. થોડે થોડે અંતરે લીંબુડીઓ વાવેલી હતી. એક તરફ પપૈયાના છોડની લાઈન હતી. બીજી તરફ કેળનું વાવેતર હતું."[૨૨]

પાત્રોના દેખાવ અને તેમના પહેરવેશ વિષયક વર્ણન પણ એ રીતે થયા જ છે કે ભાવક કથાના પાત્રોને કલ્પી શકે તેની આંખ સામે પાત્રનું એક ચિત્ર ઊભું થાય. કથામાં નિરુપિત કેટલાંક પાત્રોના દેખાવ અને પહેરવેશનું વર્ણન જોઈએઃ વૃદ્ધ દેખાતા ધાનોજીનું વર્ણનઃ "તે બુઢ્ઢો થઈ ગયો હતો તેની આંખ નિસ્તેજ થઈ ગઈ હતી. ચેહરા પર કરચલીઓ વળી ગયેલી. ગળું જાણે પાણીમાં પલાળીને નિચોવેલા કપડાંનું બનાવ્યું હોય તેમ ચામડી લબડતી હતી. સિંદરીના છુંછાની પેઠે ચહેરાની

કરચલીઓ પર ધોળા વાળ ઊગ્યા હતા. તેની સુંદર ભમ્મરો આંખના ગોખલા પર ઢળી ગઈ હતી. તેના બોખલા મોમા સમ ખાવા પૂરતા બે-ત્રણ દાંત હયાત હતા."[૨૩]

જોન કર્નલ મેલેટનો દેખાવ : "તેનો દેખાવ પણ ભયાનક હતો. અંગ્રેજીમાં જેને પોકર ફેઈસ કહીએ તેવો તેનો ચહેરો હતો. તેની એક આંખમાં સીસાની ચપતરી વાગી હતી. એટલે ડોળો ફૂટી ગયો હતો. તેથી ડાબી આંખ પર તે કાળી ડબલી બાંધતો. તેનું નાક પોપટની ચાંચ જેવું પણ સહેજ વાંકું, હડપચી બે ભાગમાં વહેંચાયેલી, તે હસતો ત્યારે બગાસું ખાતા ઘોડાની જેમ તેના બધા દાંત દેખાતા. તેની એક સાજી આંખ લીલાશ પડતી ભૂરી હતી... ખંધા બિલાડાની માફક તે આંખ તગતગતી તેણે મારી સાથે હાથ મિલાવ્યો  ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે આ કર્નલ મેલેટમાં આખલા જેવી શક્તિ હશે."[૨૪]

જીના જેવી મોહક અને ગોરી સ્ત્રીનું વર્ણનઃ "જીના ખાસ રૂપાળી ન હતી છતાં તેના અંગોના કૌમાર્યની વિશિષ્ટ તાજગી હતી. તેને પહેરેલા ફ્રીલવાળા સુંદર ડ્રેસ હેઠળ ખડતલ છતાં નજાકતભર્યા અંગો છુપાયેલા હતા. મને એ છોકરી ગમી. ઈંગ્લેન્ડની કન્ટ્રી સાઈડની ખુશનુમા સોડમ એ  છોકરીની આંખોમાં વર્તાતી હતી. તેના સાદા ચહેરામાં ગોઠવાયેલી આંખો મોહક હતી. હિંદમાં આવ્યા પછી તેની ફિક્કી ચામડી પર કથ્થઈ ઢોળ ચડ્યો હતો."[૨૫]

નાયિકા સેનાનો દેખાવ અને પહેરવેશ : "તેને કથ્થઈ કેમલ્સ પહેર્યો હતા. ઊંટના રૂવાંટીવાળું ચામડામાંથી બનાવેલા, એ રાઈડિંગ શૂઝ પર, થોડોક કાદવ ચોટયો હતો. ખાખી બ્રાચીઝમાં તેના પગ ઢંકાયેલા હતા...... તેમ છતાંય તેનો આકાર. તેની ચુસ્ત રેખાઓ મને દેખાતી હતી. તેણે ચાંદીનો તોરાનો બનાવેલો પટ્ટો પહેર્યો હતો. આવો પટ્ટો તેણે પહેરેલાં કપડાં સાથે સુસંગત ન હતો. મારી મોમ ક્યારેક પેહરે એવું સફેદ ફ્રીલવાળું શર્ટ તેને પહેર્યું હતું. તેનો કોલર બંધ હતો. હિમાલયમાં કોઈ જોડિયા શિખર પર પથરાયેલા બરફની જેમ એ સફેદ ગુંથેલી ફ્રીલ તેના વક્ષઃસ્થળ પર ફેલાતી હતી. અને એના એક એક શ્વાસે મને કોઈ અજબ ઉશ્કેરાટ થતો હતો. શેકપિયરના કોલરનું બટન તેના ગળા પર ચુસ્ત બંધ હતું. તેના સમગ્ર કદના પ્રમાણમાં તેનું ગળું સહેજ વધુ લાંબુ હતું. પણ એ થોડુક લાંબુ હોવાને કારણે તે વધુ રૂપાળી લાગતી હતી."[૨૬] ગ્રેઇસનો રોમાંચિત દેખાવ : "મોટા ઝુમ્મરના અજવાળામા તે ખૂબસૂરત લાગતી હતી." તેણે ભૂરા અને લાલ બૂટાવાળુ રેશમી મીડી ફ્રોક પહેર્યું હતું. નીચા ગળાના ઓવલ-કટમાંથી તેનું સ્તનયુગ્મ ઉપસી આવેલું હતું અને રોકિંગ ચેરના હિલોળાથી તેમાં થડકારો થતો."[૨૭]

લેખકે ફક્ત મુખ્ય પાત્રોને જ સુવ્યવસ્થિત વર્ણવ્યા હોય તેમ નથી. તેમને સોહારસિંગ જેવા અન્ય પાત્રો પીંઢારીઓ માલગુજારીઓ વગેરેનું પણ વર્ણન પણ કલ્પનીય કર્યું છે. સોહારસિંગનો દેખાવ જોઇએઃ "શીમળાના રૂંછા ઉડીને તેના સુકાયેલા ગાલ પર ચોટયા હોય તેવી તેની દાઢી અને મૂછો હતી. તેણે મુલતાની બૈધો અને હાફકોટ પેહર્યો હતો. ખભા પર કારતૂસનો હરડો લટકતો હતો. તેણે

બંદૂક તંબુની થાંભલી સાથે ટેકવી અને ઉભો રહ્યો. તેની આંખો જીણી પણ શિકારી કૂતરા જેવી હતી."[૨૮] અહીં, માલગુજારીઓનો અદભુત ઠાઠ પણ જોવા મળે છે. જાનોરી પાઘડીઓ અને ફૂંછાવાળી ટોપીઓ ડંગરી(ડંગારી) ખડકના મુલતાની સરવાલ કે અંગ્રેજી ફબાલીનની શિમલામાં સીવાયેલી બ્રિચીસ, બંધ કોલરના કોટ કે ચેકસવાળા હેટીંગ કોટ, કાળા ચામડાના ચકચકતા ક્રોસબીટ, કાળી મ્યાનમાં ભરાવેલી ઈંગ્લીશ સ્ટીલની પણ ચાંદીની મૂઠોવાળી તલવારો, કોટ પર લગાવેલા કાંસાના બટન કે ચાંદીના ગુલતોરા, બેસ્ટ પોકેટ પર લગાવેલા વિવિધ ચંદ્રકો અને એન્સાઈન્સ, ખલેચીઓમાં ખોસેલી કે ખભે ભરાવેલી માર્ટીની હેન્રી રાઈફલો, કારતૂશના હારડા,પગમાં એન્કલેટ સમેતના, ઊંટના ચામડા ના બુટ, પુરા લશ્કરી દમામથી આવતાં એ માલગુજરીઓનો ઠાઠ મોહક હતો."[૨૯]

અહીં ફક્ત પાત્રો, સ્થળો વગેરેના મોટા આલેખન ઉપરાંત ઝીણામાં ઝીણું બારીક આલેખન-વર્ણન પણ અહીં જોઈ શકાય છે. શીઇઇ......જેવા સાંકેતિક શબ્દોનો ઉપયોગ થયો છે. ભુવનસિંહ જયારે સેજલસિંહને રાજમહેલની સુરંગથી પરિચિત કરાવે છે. ત્યારે એ ભોયરનું માપ પણ યોગ્ય દૃષ્ટાંત દ્વારા દર્શાવવામાં આવ્યું છે. એક જ માણસ કેડ ઉપર કોણીઓ ફેલાવીને ચાલી શકે તેટલી જગ્યા ભોયરાની દર્શાવવામાં આવી છે. કોઈ પાત્રની વાતચીત દરમિયાન તેના શરીરના હાવ-ભાવ, અંગોના હલન-ચલન વિશે પણ એટલે કે પાત્રના અભિનયનું પણ નાટકીય આલેખન થયું છે. જેમ કે ગ્રેઈસ જ્યારે બજારમાં થયેલ અપમાન વિશે સેજલ સાથે વાત કરે છે. ત્યારે સંવાદ દરમિયાન-"તેના હાથની હથેળીઓ ભેગી કરીને તેણે આંગળીઓ એકમેકમાં પરોવી અને અવળી કરીને તે બોલી." આટલુ બારીકીભર્યું વર્ણન કરવાનું લેખક ચૂકતા નથી,

એજ રીતે લેખક વસ્તુ આલેખન પણ ઘણી સુઘડ રીતે કરી શક્યા છે. જેમકે પીંઢારીઓના તંબુનું વર્ણન : "માર્યા ગયેલા અંગ્રેજ અફસરનો તે તંબુ હતો. અંદર કપડું મઢેલી બે આરામખુરશીઓ હતી. એક લંબચોરસ ટેબલ પડેલું હતું. એક ખૂણે મોટી પેટી પડેલી હતી. અને શણની કેમ્પીંગ બેડવાળો ફોલ્ડીંગ ખાટલો હતો. પેટી પર અરીસો અને અસ્ત્રો પડ્યા હતા. એક વાટકીમાં હજામત માટે કાઢેલું પાણી હતું. જેમાં વાળ તરતા હતા."[૩૦] રાજમહેલની દરેક ગાડીઓનું વર્ણન : "આ બધી ગાડીઓમાં મને તો બક-બોર્ડ ગમતી, ચાર સુંદર હળવા, લાકડાના સ્પોકવાળા પૈડા પર સીટ ગોઠવીને, બે ઘોડા દ્વારા હંકારતી બક-બોર્ડમાં સહેલ કરવાની રંગત આવતી. મારી માએ પોતાને માટે કુપે કરાવી હતી. બંધ ચોરસ પેટી જેવી આ ગાડીને ચાર ઘોડા જોતરવામાં આવતા. તેમાં આરામથી બેસી શકાતું અને ઇચ્છા થાય ત્યારે સૂઈ પણ શકાતું."[૩૧] ખેરાસિંહે સેજલસિંહને બાંધેલી 'દંડાબેડી' જેવી અપચિત વસ્તુનો પણ લેખક પરિચય કરાવે છે. "એ દંડાબેડી હતી. કેદીઓને તંગ કરી નાખવા માટે સર્જાયેલી દંડાબેડીથી તો ગમે તેવા ભડભાદરના હાજા ગગડાવી નાખે. એ પહેરાવી દેવામાં આવે એટલે પગ વાળી ન શકાય. તેમાં સળિયાને બે છેડે, બે રીંગો હોય. એક રીંગ પગના પહોંચા પર 'લોક' કરવામાં આવે અને બીજી રીંગ સાથળ પર 'લોક' કરવામાં આવે. એ રીંગો સાથે જોડેલો સળીયો, પગની

સાથોસાથ સીધો જ રહે. સાથળને જોડેલી રીંગો સાથે સાંકળો લાગેલી હોય, એમ હાથની બેડીઓ ભરાવવામાં આવે."[૩૨]

આમ, લેખકની વિગતવાર અને ઝીણામાં ઝીણી માહિતી પૂરી પાડી વર્ણન કરવાની રીતને કારણે વાચકને જરાય મહેનત કરવાની જરૂર રહેતી નથી તે સરળ રીતે તેમની આંખ સામે કથા ભજવાતી જોઈ શકે છે.

## 'ઓથાર'માં ભાષા :

આમ તો આ કથામાં સીધી-સરળ અને સ્પષ્ટ રીતે સમજી શકાય તેવી ભાષાનું આલેખન છે. પરંતુ કેટલાક ઠેકાણે દેહાતી, ભોજપુરી અને સૌથી વધુ અંગ્રેજી ભાષાનું આલેખન જોવા મળે છે. દેહાતી બોલીનું એક એક ઉદાહરણ જોઈએ : "રહમ કરે હો, હમારા કોનો વાંક નબૈ.....હમ તુમાર ગવ્વા રહમ કરે હો.....હમાર કોનો વાંક નબૈ.... હમ તુમાર ગવ્વા ઠરૈબો..."[૩૩] અંગ્રેજી ભાષાની વાત કરીએ તો આંખરે અંગ્રેજોના શાસન વખતના ઈતિહાસને અનુરૂપ અને એ સમય પર આધારિત આ કથા સર્જાઈ છે. એટલે કથામાં ભરપૂર અંગ્રેજી શબ્દો અને વાક્યોની ભરમાર જોવા મળે છે. જેમકે "સર, યોર હાઈન્ડ પ્લીઝ," 'માય ઓનરેબલ પ્રિન્સ', 'માય લીટલ પ્રિન્સ', 'વેલક વીઆર ઓનર્ડ' કવાઇટ સ્ટનિગ ?' "ડોન્ટ લાઈક ટુ બી ટ્રેઈટર્સ સન", 'પ્લીઝ સ્વીટ ટ્રીમ્સ', 'ધ કવીન ઓફ જાનોર, ઓનરેબલ વાઈફ ઓફ વિક્રમસિંહ, 'આઈ સે શટ અપ, એન્ડ ગો આઉટ ધીસ રૂમ, 'યુ આર માય ઓન્લી સન,' 'નેવર લીવ મી.....યુ શેલ નેવર', 'ગ્રેટેસ્ટ મિનીટરી સ્ટ્રેટેજીસ્ટ ઓફ ધ ટાઇમ', કમ વોટ, ઈમોશન્શ શુડ નોટ ઓવર પાવર રીઝન, ધેટ્સ ધ પોઈન્ટ, યુ આર રાઈટ સર, ઈઝ નોટ ગીવન એની ઓપોરચ્યુંનીટી ટુ ડીફેન્સ હિમસેલ્ફ, ગોડ લેસ હિમ, કમિંગ ટુ ધી પોઈન્ટ, આઈ ટ્રાઇડ ટુ ફાઈટ બટ ધે વેર વન ટુ મેની, આફ્ટર ઓલ શી કુડન્ટ ડુ એની થિંગ.....હી ટુક હર અવે, વોટ ડુ યુ મીન હી ટુક હર અવે, સી હાઉ હીસ સ્માઈલ, ઇટ ઇસ રેઅલી અનફોર્ચ્યુનેટ, યુ હેવ અ પોઈન્ટ ધેર, ધ સન ઓફ અ બીચ, યુ વિલ ધે પે ફોર ધીસ, યુ સર્ટન્લી શેલ, આઈ ટેલ યુ, આઈ વોર્ન યુ, બ્યુટીફૂલ, સ્ટોપ ધેટ નોનસેન્સ, આઈ કાંટ બીલીવ ઈટ, ઈમ્પોસીબલ વોટ અ શિવલરસ જેન્ટલ મેન, લેટ અસ ફોરગેટ એવરીથિંગ એન્ડ ટોક લાઇક જેન્ટલમેન, વોટ આર યુ કન્સ્પાઈરિંગ ?, ડોન્ટ બી સેટલમેન્ટ અ વેરી પીટીએબલ લીટલ ડેવિલ, આઈ પર્સનલી લાઈક હીમ, હી હેઝ ગટ્સ બટ નો મેચ ફોર વોટ હી એસ્પાયર્સ, હી ઈઝ એન એન્ગ્રી યંગ મેન વિથ મોર લીકર ઇન હીઝ ટમી ધેન હી કેન ડાઈજેસ્ટ, ધેટ એન્સર્સ યોર ફર્સ્ટ ક્વેશ્ચન, વેલ ધેટ એન્સર્સ યોર સેકન્ડ ક્વેશ્ચન, ટોક લાઇક યંગ લવર, આ હેઇટ ટ્રેઈટર્સ, પ્રોવાઇડેડ યુ કેન ગો આઉટ ઓફ ધીસ હાઉસ, ટ્રાઈંગ ટુ કેચ એ ક્રિમિનલ યુ બ્રિટિશર્સ આર ટુ ફોર્મલ, યુ મે હેવ ટુ શૂટ હિમ માય ડીયર, યોર મધર ઈઝ અ બ્રેવ વુમન, નાઉ ગો આઉટ એન્ડ લેટ

મી સ્લીપ ઇન્કોરીજીબલ ઈટ ઈઝ અ ડીફરન્સ ઓફ ડીગ્રી એન્ડ હાર્ડલી ઓફ ધ કાઇન્ડ, આઈ વોર્ન ટુ અ ગુડ કેઈન, ટુ બી યુઝડ પ્રોપરલી, નાઉ ગો એન્ડ  ઓબે ધ ઓર્ડર, ધ બોય મસ્ટ લર્ન હાઉ ટુ બીહેવ !, ધેટ રીઝલ્ટેડ ઇન એ રોમેન્ટિક અફેર, અકોમ્પટલી, ઇટ વોઝ અ વેરી મેરથોર મૂવ, સ્વીટ લાયર, યુ આર રીઅલી સ્ટ્રેઈન્જ બ્રીડ, અ સિમ્પલી અનમોટીવેટેડ ઈમ્પલ્સ, ઇન્ફેચ્યુંએશન, ટીનએજર્સ, સ્ટાર્ક મેડ, ડોન્ટ ટ્રાય ટુ પુટ વર્ડ્ઝ ઇન માય માઉથ, ધે આર બુટ્સ, ધે આર કિલર્સ, ડોન્ટ બી નર્વી, વોટ ડુ યુ સે, ઇટ્સ અ હોલ્ડ અપ, કોઈક ઠેકાણે અંગ્રેજી વાક્યો સમજી શકાય તે માટે કૌસમાં ગુજરાતી અનુવાદ મુક્યો છે : "એ વેરી પીટીએબલ લીટલ ડેવિલ....આઈ પર્સનલી લાઈક હિમ...... હિ હેઝ ગટ્સ બટ નો મેચ ફોર વોટ હી એમ્પાયર્સ.... હી ઈઝ એન એન્ગ્રી યંગ મેન વિથ મોર લીકર ઇન હીઝ ટમી ધેન હી કેન ડાઈજેસ્ટ. (એ કટંગીનો શિયાળ છે, શિયાળનો દીકરો..... નાનકડો દયાપાત્ર શયતાન. મને અંગત રીતે તે ગમે છે.  તેનામાં સામર્થ્ય છે પણ તે ઝંખે છે તે માટે અપૂરતું...એ ગુસ્સાભર્યા જવાન છે અને તેના પેટમાં, પચી શકે તેથી વધુ શરાબ છે.)"[૩૪]

"ઇફ યુ પ્રોમિસ મી, ધેટ આઈ એમ ઈન.....આઈ એમ ઇન ફોર ગુડ ઓર વર્સ. (મને વચન આપ તોજ.....હું તારા ભેગો શામિલ છું.....ગમે તે થાય હું અંદરનો છું.)"[૩૫]

"વેલ....... ધેટ્સ ધ સ્ટોરી ઓફ ધી મેન હું મૂવ ધ મોલ્સ...., ધ સલન, ડીસ્પોડંટ ડીજેકટેડ મલ્ટીડયુઝ. (ખેરા આ છે કથા એ આદમીની જેને લોકોને હચમચાવ્યા....નંખાઈ ગયેલા, હતાશ, ત્રસ્ત લોકોને.)"[૩૬]

"યુ મૂવ એન્ડ આઈ કિલ ધ કર્નલ. ડોન્ટ મેઇક મી નર્વસ....નાઉ લિસન... (સેજલ હાલ્યો છું તો હું કર્નલને ઉડાવી દઈશ. મને અસ્વસ્થ ના બનાવતો. હવે સાંભળ)"[૩૭]

આ સિવાય કીસમ કીસમ, કમરો , તરહ તરહ, સોચવું વગેરે જેવા હિન્દી શબ્દોના પણ ક્યાંક ક્યાંક પગપેસરો થયો છે.

અહીં, આ ઉપરાંત રાજા, વાજા ને વાંદરા. દૂધનો દાઝયો છાશ ફુંકીને પીએ, એક મ્યાનમાં બે તલવાર ન રહે વગેરે જેવી કહેવતો તથા વાક્યોનું પણ આલેખન થયું છે. જેમકે, "જિજ્ઞાસુ બાળક જલતી મશાલ ની જ્યોત પકડવા માંગે તો તેની મા, તેની જિજ્ઞાસાને બિરદાવે તે સ્વાભાવિક છે, પણ પોતાના બાળકને એ જ્યોતનો સ્પર્શ કરાવીને તેની જિજ્ઞાસા સંતોષે નહીં"  "દિવાસ્વપ્નો આનંદ આપે છે, પરંતુ એ આનંદ સાકાર કરવા મથતો માનવી હવા સાથે બાથ ભીડે છે."[૩૮] "વાવાઝોડામાં જે ઝૂકે છે તે જીતે છે. ભરતીના મોજાની તાસીર સમજીને જે સુકાન સંચારે છે તે દરિયો ઓળંગે છે."[૩૯] "રાજા જયારે કવિતા કરવા લાગે ત્યારે તે નીજી ધરતી નો આદમી રહેતો નથી." "જાણકારી વગરનું જ્ઞાન અને લાયકાત વગર ની સત્તા ક્યારેય ટકી નથી."[૪૦] "મેં આપને કહ્યું તેમ જીવતું રહેલું છે, જીતને જીરવવી અઘરી છે. અહમ ને ફૂલાવવો આસાન છે, પણ અહમને સંકોચવો દુષ્કર છે."

"ઉત્ક્રાંતિથી તે સંસ્કાર સુધી માનવવિકાસની યાત્રામાં પ્રેમ કેવળ પાશવી કે ઐહિક સંવેદનોમાં મર્યાદિત રહ્યો નથી. તેમાં પણ ઉત્ક્રાંતિ થઇ છે. અને તેની સંકોચે અને વિવેકે પ્રેમને અદ્ભુત સંવેગ બનાવ્યો છે."[૪૧]

"ન્યાય અને અન્યાય એક જ સિક્કાની બે બાજુઓ છે. જેમાં પડખા બદલાય એટલે સંદર્ભ બદલાય છે. મહત્ત્વનો એ સિક્કો નથી તેણે કોણ ફેરવે છે, કોણ ઉછાળે છે તે છે."[૪૨]

"અકસ્માત એ નીતિ ન બની શકે. ઉધઈએ ખાધેલું ઝાડ જમીનદોસ્ત થાય તેમાં ધરતીનો વાંક કાઢવો તે યોગ્ય નથી આપણે જે ટકાવી ન શક્યા તે અન્યે લૂંટી લીધું તેમાં વાંક કોનો !"[૪૩]

"માનવી દાઝે ત્યારે જ સમજી શકે કે અગન કેવી હોય છે."[૪૪]

અહીં ખૂબ લાંબા સંવાદોનું આલેખન જોવા મળે છે. જેના માટે અંગ્રેજોએ ઈનામ રાખ્યું છે. જેને આખુંય જીવન છુપાતું ફરવાનું છે. જેનો કોઇ નિર્ધારિત જીવન સમય પણ નથી. તેવી સેના બારનીશને સેજલ પ્રેમ કરી બેઠો છે. રાત્રે લાંબી મુસાફરી કરી સેનાને મળવા જાય છે. અને દિવસે થાક ને કારણે ઊંઘ્યા કરે છે. આવા સમયે રાજેશ્વરી દેવી એક સામાન્ય માં વર્તે તે જ રીતે સેજલને લડે છે. અને સજા પણ ફટકારે છે. રાજેશ્વરી ના સામાન્ય અને વાસ્તવિક શબ્દોનું આલેખન તથા સામાન્ય-સાહજિક વર્તન જોઈએ.

"મારે ફક્ત તને એટલું જ કહેવાનું છે કે આપણે પૃથ્વીરાજ ચૌહાણ ના સમયમાં નથી રહેતા. તને વહેમ હોય કે તું પોતે સર ગેલ્હાર્ડ કે શાહજહાં છે  કે પછી શેક્સપિયરના નાટકનો રોમિયો છે. એક મા તરીકે, તને તંદ્રામાંથી જગાડીને વાસ્તવિકતામાં લાવી દેવાની મારી ફરજ છે...તારી ત્રેવડ નથી કે ગંજુ નથી ત્રેવડ એટલા માટે નથી કે તારા એકલાથી કશું થઈ શકશે નહીં. ગજું એટલા માટે નથી કે લડતના પરિણામો ભોગવવા જેટલો તું શક્તિશાળી નથી...."[૪૫] આમ, સેજલ ને સમજાવવા રાજેશ્વરી નું પ્રવચન ઘણીવાર લાંબુ ચાલે છે. આમ તો અહીં લાંબા સંવાદ પણ રસપ્રદ રહ્યાં છે. જેમકે, વિક્રમસિંહનો ભૂતકાળ કહેતા ભુવનસિંહ અને સેજલસિંહ વચ્ચેનો સંવાદ, બગડેલી બાજી સુધારવા માટે ચતુરાઈપૂર્વક કરવામાં આવેલ સેજલ અને મેલેટ વચ્ચેનો સંવાદ, સેજલની પૂછપરછ માટે યોજાયેલી બેઠકના વ્યક્તિઓ અને સેજલ વચ્ચેનો સંવાદ. પરંતુ ભાગ-૨માં કથાની શરૂઆતમાં રાજકારણને લગતો રાજેશ્વરીદેવી અને સેજલ વચ્ચેનો સંવાદ કંટાળાજનક લાગે છે.

આ ઉપરાંત આ કથામાં ખેરાસિંહ, મિસ્ટર પોવેલ અને મિસિસ પોવેલ બાર્બરા જેવા પાત્રો તુચ્છકારભર્યા શબ્દો અને ગાળોનો પણ ઉપયોગ કરે છે. ખેરાસિંહના મનમાં રાજેશ્વરી અને સેજલ માટે ઘૃણા છે તેથી તે આ પાત્રો સમક્ષ વારંવાર 'મા નો ચણીયો છોડીને આજે બહાર નીકળ્યો છે...' કુતરીનો બચ્ચો, બીચ જેવા અપશબ્દો ઉચ્ચારે છે. તથા સર પોવેલ પણ જીનાના અપહરણ વિષયક રહસ્યની જાણ થતા જેકને 'ગંધાતો ઍંગ્લો ઇન્ડિયનનો જીવડો', 'પાદેલો', 'વાઇટ બારડર્ઝ' વગેરે જેવા શબ્દો કહે છે. ત્યારબાદ પતિનું ખૂન થતા મીસીસ બાર્બરા પોવેલ જીનાને 'જીવતી ડાકણ',

'વાસનાનું મૂર્તિમંત સ્વરૂપ' કહે છે. તો જેકને પણ ; 'વર્ણશંકર ઍંગ્લો ઇન્ડિયન' કહી ગાળો દે છે. પિંઢારીઓ પણ સેજલસિંહને 'રાજપૂતનો દિકરો' છે કે ઘાઘરો પેરીને આવેલો છે. આ પ્રકારના વાક્યો કહી ધિકકારે છે, અપમાનિત કરે છે, તેને ઉશ્કેરે છે.

અહીં સેજલની સોનાની ઘડિયાળે સાંકેતિક ભાષાનું પણ કામ કર્યું છે. આ રીતે અશ્વિની ભટ્ટે આ જુદી જાતના સ્થળ, કેટલીય જાતિના લોકો અને અલગ-અલગ પ્રકારના વાતાવરણનું સર્જન કર્યું છે. તો એ પ્રકારની બોલી અને ભાષાનું આલેખન પણ તેમને ઝીણવટભર્યું, સ્પષ્ટ અને સમજી શકાય તેવું કર્યું છે.

## 'ઓથાર'માં મર્યાદા :

આ નવલકથામાં લેખક ઘણીવાર પ્રકરણની અંતે અથવા તો કોઈ ઘટના પહેલા એંધાણ મૂકે છે. જેનાથી ભાવકને ખ્યાલ આવે છે કે આગળ કોઈ ભયંકર ઘટના ઘટવાની છે. જે તે પાત્ર ના જીવનમાં મુશ્કેલીઓ આવવાની છે. જેમકે ભાગ- એકનાં અંતમાં સેજલના જીવનના અજોડ પ્રકરણની વાત કહેવાઈ છે. અને એ પ્રમાણે ભાગ-૨ માં સેજલનું જીવન પણ જોઈ શકાય છે. એ જ રીતે ભાગ-૧માં, પૃ-૩૧૬ ઉપર "હવે મારે રિટાયર્ડ થવું જોઈશે....મેં ખૂબ સેવા કરી છે, હવે મારે રજા જોઈએ છે....કહીને તે (ભુવનસિંહ) ચાલ્યા ગયા, મને તેમના ઉદ્ગાર નો અર્થ તે વખતે સમજાયો ન હોતો." અહીં ભાવક ધારણાઓ બાંધે છે કે શું ભુવનસિંહનું મૃત્યુ નજીક છે કે તે ખરેખર રાજીનામું આપશે ? તેમના કહેવા પાછળનો શું અર્થ થતો હશે, જે સેજલસિંહને સમજાયો નહીં. આ પ્રશ્નના ઉત્તર કથાના અંત સુધી મળતા નથી. અલબત્ત ભુવનસિંહનું પાત્ર અંત સુધી ફરજ બજાવી રહ્યું છે. તેમજ તેમને કોઈપણ રાજીનામું આપ્યા વગર જાનોરના બહુમૂલ્ય ખજાનાની રક્ષા પણ કરી છે.

રહમતમીરના સીકંજામાંથી સોહારસિંહની મદદ દ્વારા સેજલનો ઘોડો લઇ પલાયન થઈ જાય છે. પરંતુ તેનો પ્રિય ઘોડો 'તુરક' તેનાથી વિખૂટો પડી જાય છે. ભાગ-૧ માં પડેલો આ 'તુરક' ભાગ-૨ ના પૃ-૧૨૨ ઉપર અચાનક જેક ની શોધ અર્થે પ્રગટ થઈ જાય છે. અહીં 'તુરક' કેવી રીતે રાજમહેલ પહોંચ્યો તેની સ્પષ્ટતા કરવાનું લેખક ચૂકી ગયા છે.

ખેરાસિંહના પાત્રની પણ મર્યાદા જણાય છે. આખીય કથામાં વિલન તરીકેનું પાત્ર ભજવતો ખેરાને મૃત્યુ સમયે લેખક અલગ જ રૂપ પ્રદાન કરે છે. ખેરા તેની અંતિમ ઘડીએ કબૂલ કરે છે કે તે સેનાને ખૂબ ચાહે છે, તેને હંમેશા મનથી ચાહી છે. તે સેનાને ખુબ પ્રેમ કરે છે. જો ખરેખર આ વાત સાચી જ હોય તો તેની શી હાલત થશે ? આ સમાચાર ખેરા અંગ્રેજો સુધી કેમ પહોંચાડે છે ? અલબત્ એને જાણ છે કે અંગ્રેજોના હાથમાં સેના આવશે તો રાજમહેલમાં સેના આવી છે. અહીં સ્પષ્ટ

તરી આવે છે કે લેખકને ખેરાના પાત્ર પ્રત્યે પછીથી લગાવ થાય છે. અને તે ખેરાસિંહ માટે ભાવકના હૃદયમાં સારો ભાવ જગાડવા ઈચ્છે છે.

આમ, ધારાવાહિક નવલકથાની આવી નાની-નાની મર્યાદા જોઈ શકાય છે. ભવિષ્યની ઘણી ઘટનાઓ અને વર્ણનનાં આલેખન દરમિયાન કથાઓમાં પ્રકાશિત પ્રકરણમાં ઘટી ગયેલ ઘટનાને પરિસ્થિતિ ભુલાઈ જાય તે સ્વભાવિક છે.

**પાદટીપ :**

૧. ‘ઓથાર’ ભાગ-1, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૧૩
૨. એજન, પૃ. ૨૫૨
૩. ‘ઓથાર’ ભાગ-2, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૧૯૪
૪. ‘ઓથાર’ ભાગ-1, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૨૯૮
૫. એજન, પૃ. ૩૦૧
૬. એજન, પૃ. ૬૨
૭. એજન, પૃ. ૪૧૫
૮. એજન, પૃ. ૫૦૯
૯. ‘ઓથાર’ ભાગ-2, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૨૬૯
૧૦. એજન, પૃ. ૧૯૬
૧૧. એજન, પૃ. ૪૯૫
૧૨. એજન, પૃ. ૪૦૦
૧૩. ‘ઓથાર’ ભાગ-1, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૨૪૪
૧૪. એજન, પૃ. ૪૩૭
૧૫. એજન, પૃ. ૧૦
૧૬. એજન, પૃ. ૩૧૮
૧૭. એજન, પૃ. ૨૬૬
૧૮. એજન, પૃ. ૧૪૦
૧૯. એજન, પૃ. ૫૮
૨૦. એજન, પૃ. ૨૬૬
૨૧. ‘ઓથાર’ ભાગ-2, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૧૬૦
૨૨. એજન, પૃ. ૩૫૬
૨૩. ‘ઓથાર’ ભાગ-1, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૪૫
૨૪. એજન, પૃ. ૪૪
૨૫. એજન, પૃ. ૭૩

૨૬. એજન, પૃ. ૨૪૧

૨૭. એજન, પૃ. ૩૪૦

૨૮. એજન, પૃ. ૪૨૧

૨૯. 'ઓથાર' ભાગ-2, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૧૨૭

૩૦. 'ઓથાર' ભાગ-1, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૪૧૬

૩૧. એજન, પૃ. ૪૨

૩૨. એજન, પૃ. ૧૮૭

૩૩. એજન, પૃ. ૪૧૪

૩૪. એજન, પૃ. ૨૧૦

૩૫. એજન, પૃ. ૨૨૧

૩૬. 'ઓથાર' ભાગ-2, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૮૮

૩૭. એજન, પૃ. ૨૧૯

૩૮. 'ઓથાર' ભાગ-1, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૨૦૯

૩૯. એજન, પૃ. ૩૬૧

૪૦. એજન, પૃ. ૨૮૬

૪૧. એજન, પૃ. ૩૨૨

૪૨. 'ઓથાર' ભાગ-2, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૫૨

૪૩. એજન, પૃ. ૫૩

૪૪. એજન, પૃ. ૭૯

૪૫. 'ઓથાર' ભાગ-1, અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, નવસંસ્કરણ : જાન્યુ., ૨૦૧૮, પૃ. ૨૭૧

## ૩.૫ : 'અર્થ'

**- પ્રિયકાન્ત પરીખ**

### સર્જક પરિચય :

લોકપ્રિય લેખક પ્રિયકાન્ત પરીખે 16 વર્ષની નાની ઉંમરથી જ લેખન કાર્યની શરૂઆત કરી હતી. સાહિત્યક્ષેત્રે તેમણે 100 જેટલી કૃતિનું નિર્માણ કર્યું છે. તેમની 'હસ્તક્ષેપ'ને પ્રગટ કરનાર નરેન્દ્ર મોદી હતા. જે તે સમયે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીની પદવીએ હતા. આ ઉપરાંત રાજપીપળાના વતની પ્રિયકાન્ત પરીખે અમદાવાદની નવગુજરાત કોલેજમાં પ્રોફેસર તરીકેની ફરજ પણ બજાવી હતી. તેમણે નવલકથાઓ, વાર્તાસંગ્રહો, સંશોધન, ચિંતન, બાળસાહિત્ય વગેરે પ્રકારના સાહિત્યનું સર્જન કર્યું છે. તેમની ઘણી લોકપ્રિય નવલકથામાની એક 'અર્થ' નામક નવલકથાને અહીં લોકપ્રિય નવલકથા તરીકે તપાસવાનો ઉપક્રમ રહેલો છે.

### પ્રિયકાન્ત પરીખનું સાહિત્ય સર્જન :

#### નવલકથાઓ :

- 'નવી ધરતી'
- 'પિયા બિન આવત નહીં ચૈન'
- 'ધુમ્મસછાયો પંથ'
- 'કાં વરસો કાં વીખરાયો'
- 'ઉપર ગગન વિશાલ'
- 'કોઈનું મીંઢળ, કોઈના હાથે'
- 'પાનખરનું પંખી'
- 'મિલન'
- 'આનંદ બંસરી'
- 'ભદ્રલોક'
- 'અગનઝાળનું ફૂલ'
- 'દૂર મંજિલ દૂર કિનારા'
- 'દરિયા ડૂબ્યા સાત'

- 'સોનેરી સાગરની રૂપેરી માછલી'
- 'પ્રેમચક્ર'
- 'કોશા'
- 'સંગમ તીર્થ'
- 'પ્યાસી ધરતી પ્યાસું ગગન'
- 'નીલ ગગનના પ્યાસા પંખી'
- 'સપનાં લીલાંછમ'
- 'રંગ દે ચુનરિયા'
- 'આછો આછો ઊઘડે ઉજાસ'
- 'કૂણી કૂપળનાં દૂઝે ઘા'
- 'વહેતા સમયની વાત'
- 'વચ્ચે આડી રાત'
- 'મોસમ'
- 'અર્થ'
- 'આંધી'
- 'શોધ-પ્રતિશોધ'
- 'રણને તરસ ઝરણની'
- 'હોની-અનહોની'
- 'પ્રવાહ'
- 'એક ફૂલગુલાબી સાંજે'
- 'કર્મ'
- 'ખોજ'
- 'સ્વપ્નપ્રયાણ'
- 'શખ્સ'
- 'ખુશબૂ'
- 'અર્ધસત્ય'
- 'દ્વિધા'
- 'અક્ષ્યબિંદુ'
- 'યાતના'

**વાર્તાસંગ્રહો :**

- ‘ફંટાતા રસ્તા’
- ‘એક અલ્પવિરામ, એક પૂર્ણવિરામ’
- ‘ભૂતકાળ’
- ‘હિમશીલા’
- ‘તૂટતી ક્ષિતિજો’
- ‘અગન પિછોડી’
- ‘પ્રિયકાંત પરીખની ૫૧ વાર્તાઓ’
- ‘રજની ગંધા’
- ‘ત્રીજો તબક્કો’
- ‘નિમિત્ત’
- ‘નિર્દેશ’
- ‘મિન્ની’
- ‘સહારો’
- ‘બટમોગરો’
- ‘બારમાસી’
- ‘બોગનવેલ’
- ‘પ્રિયકાન્ત પરીખની શ્રેષ્ઠ વાર્તાઓ’

**સંશોધન :**

- ‘ઓગણીસમી સદીનું સંપાદિત – ગ્રંથસ્થ’
- ‘ગુજરાતી લોકકથા સાહિત્ય’

**ચિંતન :**

- ‘પ્રિયકાન્ત પરીખના ચિંતન – મૌક્તિકો’
  (સંપાદન : શ્રીમતી રસજ્ઞા પરીખ)

**બાલ સાહિત્ય :**

- ‘એવા વીરલા કોક’
- ‘બાળ લોકકથાઓ’
- ‘સમર્પણના દિવડા’

**કથાનક :**

પ્રસ્તુત નવલકથાને લોકપ્રિય નવલકથા તરીકે તપાસતા પહેલાં તેનું કથાનક જોઈએ. ‘અર્થ’ નવલકથા ધારાવાહી રૂપે ‘ગુજરાત સમાચાર’માં પ્રગટ થઈ હતી. તેની પ્રથમ આવૃત્તિ નવેમ્બર, ૧૯૮૮માં પ્રગટ થઈ હતી. ૩૧ પ્રકરણ તેમજ ૩૫૦ પૃષ્ઠ ધરાવતી આ નવલકથા સીધા અને સરળ વિચાર ધરાવતો, કર્મને માનનારો, ગંભીરતાથી જીવનારો, સંસ્કારી યુવાન અર્થ કથાનાયક છે. નવલકથાના આરંભમાં નાયકના પિતા મૃત્યુ પામે છે. તેના પરિવારમાં અન્ય કોઈ સભ્ય હવે રહ્યું નથી. સુખ-દુઃખની વાતો કરવા તેમજ તેમાં ભાગીદાર થવા ફક્ત એક મિત્ર કર્ણ છે. અને લિપી નામક યુવતીને તે પ્રેમ કરે છે. જે એક કોલગર્લની દીકરી હોવાથી અર્થના પિતા તેમના લગ્ન માટે સહમત નહોતા. પરંતુ પિતાના મૃત્યુ બાદ અર્થ અને લિપીના લગ્નમાં હવે કોઈ અડચણ રહી નહોતી. જોકે અર્થને જાણ ન હતી કે તેના દરવાજે સૌથી મોટી મુસીબત આવીને ઉભી છે. પિતાના અગ્નિસંસ્કાર બાદ ઘરે પરત ફરતાં જ લિપીના ગુમ થવાના સમાચાર મળે છે. અને ત્યારથી જ આ લિપીનું પ્રકરણ તેના જીવનમાં ઊથલપાથલ મચાવે છે. અર્થ લિપીના અપહરણની ઘટના પાછળ કથાના અંત સુધી જુદી જુદી રીતે હેરાન થાય છે. છેવટે તે માનસિક શાંતિની શોધમાં પોતાની જાતને થોડો સમય આપવાનું નક્કી કરે છે. અને પરિભ્રમણ અર્થે નીકળી પડેલો અર્થ હરદ્વાર પહોંચે છે. ત્યાનાં પ્રાકૃતિક દશ્યો તેમજ સ્વામી સ્વરૂપાનંદજીની મુલાકાત તેના મનને શાંતિ તો આપે છે, પરંતુ એ શાંતિ લાંબો સમય ટકતી નથી. વળી, પાછો એ લિપીની શોધમાં ગુમનામ ફોનકોલમાં અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં ફરી ફરીને અટવાઈ જાય છે. સ્વરૂપાનંદજીને પૂછેલા પ્રશ્નોના ઉત્તર તે જીવનના ખરા અનુભવ દ્વારા મેળવે છે અને સાચા અર્થને પ્રાપ્ત કરે છે. આમ, અર્થ સ્વરૂપાનંદ જેવા સ્વામીને પહેલા જીવનના અર્થ વિશે પ્રશ્ન પૂછીને, ત્યારબાદ જીવન જીવ્યા બાદ ઉતાર-ચઢાવના અનુભવો દ્વારા ખરા જીવનના અર્થ વિશે સમજીને તે પોતાના નામ અર્થનો પણ અર્થ સમજી શકે છે.

આ ઉપરાંત ગાર્ગી, મિતાલી, માલતી, માધવી, મિ. માથુર, મિલન વગેરે જેવા અન્ય પાત્રો પણ અર્થના જીવનને તેમજ કથાને આગળ વધારવામાં, રોમાંચક બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

તેમાં મિલન નામનું પાત્ર એટલે લિપીના પિતા. જેને કથાની મુખ્ય ઘટનાનું પાયાનું પાત્ર ગણાવી શકાય. આ રહસ્યમય પાત્ર કથાના મૂળ રહસ્યને અંત સુધી સાચવી રાખે છે. જેને કારણે કથાની લોકપ્રિયતામાં ઘટાડો થતો નથી, અને યોગ્ય રીતે જળવાઈ શકે છે. આમ, અપહરણ અને અર્થના જીવનની આજુબાજુ રહસ્યો, કટાક્ષ, ષડયંત્રો, મિત્રતા, ખૂન, આત્મહત્યા વગેરે જેવા રોજીંદા અને આકસ્મિક તત્ત્વો સાથે કથા મોટા રહસ્યને છુપાવતી તેમજ નાના-મોટા રહસ્યોને ઉકેલતી તેના મુખ્ય રૂપ સુધી પહોંચે છે. કથાની વચ્ચે વચ્ચે સમાજ તેમજ રાજકારણને ટાંકવામાં આવ્યાં છે. લેખકના સમાજ અને રાજકારણ પ્રત્યેના પોતાના વિચારો પ્રગટ થયા વિના રહેતા નથી. અર્થ અને કર્ણના સંવાદમાં તેને વધુ આવરી લેવામાં આવ્યું છે. તેથી નવલકથા ફક્ત રહસ્યકથા જ નહીં, પરંતુ સામાજિક રહસ્યનવલ બની રહે છે.

## <u>પાત્ર પરિચય :</u>

આ નવલકથાના દરેક પાત્રો પોતાના સ્થાને ખરા ઉતર્યા છે. ગૌણ પાત્રો તેમજ સ્વરૂપાનંદજી, અર્થના દાદા જેવા ક્ષણિક સમય માટે પ્રવેશતા પાત્રો પણ કથાને તેના મુખ્ય ઘાટ સુધી પહોંચાડવામાં મદદરૂપ થયા છે. આ કથાનો મુખ્ય નાયક અર્થ છે. જેના નામથી નવલકથાનું શીર્ષક પ્રયોજવામાં આવ્યું છે. અર્થ જીવનની આ આંટી-ઘૂંટીઓમાં એટલો ગૂંચવાયેલો છે કે તે માનસિક રીતે ઘણીવાર હારી, થાકી જાય છે. હરદ્વાર જેવા ધાર્મિક સ્થળે શાંતિ અર્થે પણ જાય છે. પરંતુ જીવનના ઉતાર-ચઢાવ તો સર કરવા જ પડે, પછી ભલે ગમે તેવા સંજોગ હોય, સહનશક્તિ હોય કે ન હોય, મુશ્કેલીઓથી દૂર ભાગવું જોઈએ નહીં. આ પ્રકારનું જ્ઞાન થતાં તે પાછો ફરે છે. અને દિવસનો મોટાભાગનો સમય ફરીથી તે લિપીની શોધમાં જ વિતાવે છે. લિપી તેની પ્રેમિકા તરીકેનું પાત્ર છે, પરંતુ નવલકથાની શરૂઆતથી અંત સુધી તે અદશ્યરૂપે કથાને આગળ વધારે છે. અંતભાગમાં તે સામે આવે છે પરંતુ ક્ષણ પુરતી જ. મિ. માથુર નામના નવલકથાના દુષ્ટ પાત્ર દ્વારા તે બળાત્કારનો ભોગ બની હતી. તેથી અર્થનો સામનો કરવો પડે તે પહેલાં જ તે આત્મહત્યા કરી લે છે. જે લિપી માટે અર્થ દિલ્હીમાં મશહૂર તવાયફ મુમતાજ બેગમની કોઠી પર, મુંબઈની ગંદી વસ્તીઓમાં, મિ. માથુરની ઓફિસે, ગુમનામ ગલીઓમાં, ફોનકોલ્સની તપાસમાં, કર્ણ જેવા સારા-સાચા મિત્ર અને ઇન્સ્પેક્ટર મલ્હાર મિશ્રા જેવા વ્યક્તિઓના સાથ-સહકારથી રખડ્યા કરે છે, એ જ લિપી નવલકથાને અંતે અર્થને મૃતક મળે છે. અને તેના દરેક પ્રયત્નો ક્ષણભરમાં જ નિષ્ફળ નીવડે છે.

આ ઉપરાંત અર્થના પિતા સુરેન્દ્રનાથ નવલકથાની શરૂઆતમાં જ હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામે છે. અને આ બીજા હૃદયના હુમલાનું કારણ લિપી બને છે. કેમકે, લિપી કોલગર્લની છોકરી

હોવાથી સુરેન્દ્રનાથ પોતાના ઘરની વહુ તરીકે સ્વીકારવા તૈયાર નથી અને દીકરા અર્થની ચિંતા કર્યા કરે છે. જોકે સુરેન્દ્રનાથ મૃત્યુ પામતા પહેલા એક મહત્ત્વનું રહસ્ય પીળા પૂંઠાની ડાયરી દ્વારા ખોલતા જાય છે. અને અર્થને પોતાના જીવનનાં સૌથી મોટા સત્ય સાથે મુલાકાત કરાવે છે. અર્થના પિતા તો સુરેન્દ્રનાથ છે, પણ માતા મમતા નથી. તેમના ઘરના માધવ માળીની પુત્રી માલતી છે. મમતાથી થયેલ મૃત પુત્રને માધવ દ્વારા દરિયામાં વહાવી દીધો અને માલતીથી થયેલ પુત્રને (અર્થને) મમતાના ખોળામાં મૂકી દીધો. આ વાતની કબૂલાત સુરેન્દ્રનાથ પીળા પૂંઠાની ડાયરીમાં કરે છે. આ રીતે સુરેન્દ્રનાથ જેવા ક્ષણિક અને મમતા તથા માલતી જેવા અદશ્યરૂપી પાત્રો પણ અર્થના જીવનની મહત્ત્વની અને મોટી રહસ્યમયી ઘટનાને ધક્કો આપે છે.

અર્થનો મિત્ર કર્ણ એક ધુની ચિત્રકાર છે. તે પણ આ કથાનું નોંધનીય પાત્ર છે. જ્યારે પણ અર્થ મુંજાયેલો કે ચિંતાતુર હોય છે ત્યારે તે કર્ણ પાસે જાય છે. કર્ણ એક સારા મિત્ર તરીકે સાબિત થાય છે. જોકે, અર્થને હેરાન કરનારમાં તેનું નામ પણ શંકાને સ્થાને આવે છે. પરંતુ કથાના અંત સુધીમાં તો ભાવકના મનમાં જાગેલી શંકા ખોટી પડે છે. ગાર્ગી નામની યુવતી કર્ણની ગર્લફ્રેન્ડ હતી. પરંતુ અર્થ જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે કર્ણ ગાર્ગીને મૂકીને તેની પાસે દોડી આવતા, જરાય ખચકાતો નહોતો. કર્ણનું અર્થ સિવાય કોઈ સગું નહોતું. તેથી તેના સામાજિક વિચારો પણ જુદા પ્રકારના હતા. સમાજની કુરૂપતાને દર્શાવવામાં કે તેના વિશે બોલવામાં તે બિલકુલ પાછો પડતો નહીં. જેમકે અર્થના પિતાના મૃત્યુ સમયે તે કહે છે કે, "જીવતા માણસને મળવા લોકો કલાકો, દિવસો બગાડી શકે છે, પણ મર્યા પછી એ જલદી સળગી જાય એની રાહ જુએ છે. મરેલા માણસ પાછળ સમય બગાડવાનો શો અર્થ ? ચિતામાંથી બેઠો થઈ એ ઓછો કામ લાગવાનો છે ?"[૧] આની સામે અર્થના વિચારો સાવ ભિન્ન હોય છે. જ્યારે કર્ણ પથ્થરયુગ અને ભ્રષ્ટાચારની વાતો કરે છે ત્યારે અર્થ કહે છે, "કર્ણ તારામાં ભારોભાર આક્રોશ છે. તુ કહે છે એવું વરવુ ચિત્ર છે તો એનાથી વિરુદ્ધનુંય એક રમ્ય ચિત્ર છે. સત્ય, પ્રેમ, માનવતા, સેવા, દયા, નીતિ જેવા મૂલ્યોનું રખોપુ કરનાર માનવો પણ મોજૂદ છે આ ધરતી પર...અ-મૂલ્યો મૂલ્યો પર ક્ષણિક વિજય ભલે મેળવતા હોય, પણ અંતિમ વિજય તો મૂલ્યોનો જ થતો હોય છે."[૨] આમ, સાવ ભિન્ન વિચારો ધરાવતા હોવા છતાંય અર્થ અને કર્ણની મિત્રતા સાર્થક રહી છે. લિપીને શોધવામાં આવતી દરેક અડચણો, મુસીબતોમાં કર્ણ અર્થની સાથે હોય છે. ગાર્ગીના જીવનું જોખમ હોય તેમ છતાં તે કશાંની પરવા કરતો નથી.

લિપીના મૃત્યુ બાદ અર્થે જીવનસાથી તરીકેનો રાખેલ વિકલ્પ એટલે કે મિતાલી. મિતાલીનો ઉલ્લેખ નવલકથાની શરૂઆતમાં એ જ પીળા પૂંઠાની ડાયરીમાં થયેલ છે. જેના માતા-પિતા એટલે કે સુરેન્દ્રનાથના મિત્ર ગગન શાહ અને તેમના પત્ની ઇદી અમીને કરેલા હત્યાકાંડમાં યુગાન્ડામાં જ મૃત્યુ પામ્યા હતા. તે મિતાલી અર્થનું ઘર શોધતી શોધતી આવે છે. પોતાનો પરિચય આપી અર્થની જ

ઓફિસમાં કામ કરે છે. નવલકથાના અંત સુધી અર્થના જીવનમાં તે જાણે એક વિકલ્પ બનીને રહે છે. પરંતુ લિપીનું મૃત્યુ બતાવી લેખક મિતાલીને જ અર્થના જીવનસાથી તરીકે પસંદ કરે છે. જેથી પાત્રની સાર્થકતા સફળ બની રહે છે અને તે વધારાનું પાત્ર છે તેવા ઉલ્લેખથી બચી જાય છે. આમ, નિહાર અને રીના, કર્ણ અને ગાર્ગી ને અંતે અર્થ અને મિતાલીની જોડી તૈયાર થાય છે.

આ ઉપરાંત કુલશ્રેષ્ઠ ગુપ્તા (ડૉક્ટર), ફારૂક (ગાર્ગીના કાકા), રુદ્રદત્ત, સ્વરૂપાનંદજી, મિ. બિજલાની, મલ્હાર મિશ્રા (ઇન્સ્પેક્ટર) વગેરે ગૌણ પાત્રોનો પણ સમાવેશ આ કથામાં થયેલ છે. જે નાની નાની ઘટનાઓને મુખ્ય ઘટના સાથે જોડી કથાને ઘાટ આપવામાં મદદરૂપ બન્યાં છે. રુદ્રદત્ત અને સ્વરૂપાનંદજીની અર્થ સાથેની મુલાકાત તો જાણે અર્થ સંન્યાસી બની જશે તેવા એંધાણ ઊભા કરે છે. પરંતુ તેમ થતું નથી. આ રીતે ભાવકે કરેલી કલ્પનાઓને લેખક ખોટી પાડી કંઈક નવું પીરસવાની મથામણમાં સફળ રહ્યા છે.

## **'અર્થ'માં લોકપ્રિય તત્ત્વો :**

આ નવલકથામાં લેખકે ઘણા એવા લોકપ્રિય તત્ત્વોનો સમાવેશ કર્યો છે, જેને કારણે વાચક કથાને વાંચવા પ્રેરાય છે. લોકપ્રિય તત્ત્વોની સાથે સાથે લેખકે અહીં સામાજિક તત્ત્વો અને તેને લગતી ફિલસૂફીનો સમાવેશ પણ કર્યો છે. જે ભાવકને વધારે આકર્ષિત કરે છે. કર્ણ જેવા પાત્ર દ્વારા બે ચહેરા ધરાવતું સમાજનું રૂપ બતાવ્યું છે. તો અર્થ દ્વારા સારા તત્ત્વોનું નિર્દેશ કરી વિશ્વાસ ટકાવી રાખવાની શક્તિને પ્રદર્શિત કરી છે. જેને કારણે વાચકને એક પ્રેરણા મળે છે. જીવનથી હારી ગયેલા માણસને એક આશા મળે તેવા સંવાદોનો પણ અહીં સમાવેશ થયો છે. આ કથા ધારાવાહિક હોવાથી પ્રકરણનો અંત થોડો કુતૂહલભર્યો જોવા મળે છે. પ્રકરણના અંતે નાના-મોટા રહસ્યોનો નિર્દેશ હોવાથી ભાવકની ઉત્સુકતામાં વધારો થાય છે. જેને કારણે નવલકથાની રોચકતા જળવાઈ રહી છે. દરેક લોકપ્રિય નવલકથાની જેમ અહીં પણ વર્ણનોને વિસ્તૃત રીતે દર્શાવવાની મથામણ જોવા મળે છે. જેથી વાચકની આંખ સામે દશ્ય ઊભું થાય, સ્થળ-વાતાવરણ તેમજ પરિસ્થિતિનો ખ્યાલ આવે અને સમયને ઓળખી શકાય.

આમ, અહીં રોચકતા, કુતૂહલ, જિજ્ઞાસા તેમજ રહસ્યો, લાગણી, પ્રણય, છળ-કપટ, આત્મહત્યા, ખૂન, અપહરણ આદિ લોકપ્રિય તત્ત્વોના મિશ્રણવાળી ઘટનાઓ, પ્રસંગોના આધારે કથા તેના અંત સુધી પહોંચી છે.

## રહસ્યો :

લેખક ઘણાં નાના-મોટા રહસ્યોને આ નવલકથામાં મૂકે છે, જેના કારણે વાચકને તેમાં રસ પડે છે. નવલકથાની શરૂઆતમાં જ પીળા પૂંઠાની ડાયરીનું રહસ્ય જોઈ શકાય છે. જે અર્થના મનોમસ્તિષ્ક પર અસર કરે છે. અર્થ મમતાનો નહીં પરંતુ માળીની છોકરી માલતીનો પુત્ર છે. આ રહસ્ય કથાને આગળ વધારવામાં મદદરૂપ થતું નથી, પરંતુ તે અર્થના પિતા સુરેન્દ્રનાથનું ચરિત્ર-ચિત્રણ પ્રગટ કરવામાં મદદરૂપ બની રહે છે. ત્યારબાદ ચોથા પ્રકરણથી જ સૌથી મોટા રહસ્યની શરૂઆત થાય છે. લિપી બાબતે અર્થને કયા અજાણ્યા વ્યક્તિનો ફોન આવે છે ? તો પ્રકરણ છ-ના અંત ભાગમાં અર્થના ઘરે એક યુવતી આવે છે. જ્યારે અર્થના નોકરે તેને ઊઠાડીને કહ્યું કે સાહેબ એક રૂપાળા બહેન આવ્યા છે, ત્યારે બેડરૂમમાંથી ડ્રોઈંગરૂમ સુધી પહોંચતા અર્થે વિચાર્યા કર્યું કે એ યુવતી કોણ હશે. લિપી તો નહી હોય. અહીં ભાવકના મનમાં પણ અર્થના વિચારો દ્વારા લેખક મૂંઝવણ ઊભી કરી આપે છે કે આ યુવતી લિપી હશે ? અને આ પ્રશ્ન સાથે જ પ્રકરણનો અંત આવે છે. એટલે આ કઈ યુવતી આવી હશે તે જાણવા માટે આગળનું પ્રકરણ વાંચવાની ભાવકને તાલાવેલી રહે છે. પછી પ્રકરણ સાત-માં જાણવા મળે છે કે પેલા પીળા પૂંઠાની ડાયરીમાં અર્થના પિતાએ જે મિતાલીનો ઉલ્લેખ કર્યો છે તે જ યુવતી અચાનક અર્થને મળવા આવી હતી. એ જ રીતે પ્રકરણ નવ-માં રહસ્યમય યુવતી શીતલનો ઉલ્લેખ છે. જે અર્થની હોટલની રૂમમાં મધરાતે રૂપિયા બે હજાર માંગવા આવી છે. અર્થ તો તેની વાત પર પહેલા શંકા અને પછી ભરોસો કરીને પૈસા આપે છે. પરંતુ વાંચનારને જાણે કશુંક ખૂંચે છે, કે આમ અચાનક મધરાતે આ યુવતી અર્થના રૂમમાં કેમ આવી હશે ? જોકે લેખક વાચકનો આ ખચકાટ દૂર કરવાનું ભૂલતા નથી અને આગળ જતાં વાચકની આ શંકાને ખોટી પાડી અર્થના વિશ્વાસને જીતાડે છે. આ શીતલ નામની યુવતીની ઓળખ લિપીનો કેસ હેન્ડલ કરનાર ઇન્સ્પેક્ટર મલ્હાર મિશ્રાની પત્ની તરીકેની થાય છે. ત્યારબાદ મુખ્ય કથા સાથે જોડાયેલું એક નાનું રહસ્ય જોવા મળે છે. જ્યારે પ્રકરણ અગિયારમાં રિક્ષાચાલક યાકુબ લિપીના સમાચાર લઈ અર્થ પાસે આવે છે. પરંતુ એ સમાચાર અર્થને કે વાચકને જાણવા મળે તે પહેલાં પ્રકરણનો અંત આવી જાય છે. આ રીતે પ્રકરણના અંતે રહસ્યને અધૂરું છોડી લેખક ભાવકની જિજ્ઞાસામાં વધારો કરે છે, અને આવતા પ્રકરણમાં એટલે કે પ્રકરણ ૧૨ માં જાણવા મળે છે કે લિપીને મુમતાજ બેગમની સુરક્ષા હેઠળ સોંપવામાં આવી છે. યાકુબ લિપી માટેની લાગણીનું નાટક કરી લિપીની માહિતી પ્રાપ્ત કરી લે છે. આ માહિતીમાં જાણવા મળે છે કે લિપી હજુ સુધી પાક છે. અને તેની સુરક્ષા માટે મુમતાજ બેગમને બહુ મોટી રકમ આપવામાં આવી છે. અહીં ફરી એક પ્રશ્ન થાય છે કે અપહરણ કરનાર લિપીની સુરક્ષાનું આટલું બધું ધ્યાન કેમ રાખે છે ? શું એના હૃદયમાં લાગણીના તત્ત્વો રહેલા છે ? શું એણે કોઈ મજબૂરીમાં લિપીનું અપહરણ કરાવ્યું હશે ? આ પ્રશ્નોના ઉકેલ કથાના અંત ભાગમાં મળી આવે છે. યાકુબના સમાચારથી એવો

ભાસ થાય છે કે લિપીનો પત્તો મળી ગયો. પરંતુ મુમતાજ બેગમના ખૂનની ઘટના દ્વારા લેખક આ મોટા અને મુખ્ય રહસ્યને અકબંધ રાખે છે. અને ભાવકોને કથા સાથે જકડી રાખે છે. આ સિવાય ઘણીવાર પ્રકરણના અંતે ફોનની ઘંટડી વાગે છે. આ ફોન કોનો હશે ? વાચકને એ જાણવાની તાલાવેલી બની રહે છે.

પ્રકરણ ૧૯ ના અંતે ગાર્ગીનો ગભરાહટભર્યો અને રહસ્યમય પત્ર ઉત્સુકતા વધારે છે. જેથી પ્રકરણના અંતમાં કર્ણ તથા ભાવક ચિંતાતુર બને છે. આ ચિંતાનું કારણ આગળના પ્રકરણમાં સ્પષ્ટ થાય છે. ગાર્ગીનો ભૂતકાળ તેના વર્તમાનમાં નડી રહ્યો છે. નોકરીની શોધમાં એક દુષ્ટ બોસ પાછળ પડ્યો હતો. જે ગેરકાનૂની કામોમાં સપડાયેલો હતો. જેનાથી બચીને, ભાગીને એ શાંતિપૂર્વક જીવન પસાર કરી રહી હતી કે અચાનક તેના ધમકીભર્યા ફોને ગાર્ગીનું મન વ્યાકુળ બનાવ્યું હતું. ત્યારબાદ મિ. માથુરની સેક્રેટરી સિમ્પી સાથે અર્થ વાતચીત કરી સંબંધ વધારે છે. કેમકે કર્ણ જ એક પાત્ર છે જેને લિપીના અપહરણ બાબતે મિ. માથુર પર શંકા છે. એટલે તે સિમ્પી સાથે વાતચીત વધારે છે. આ સિમ્પી કર્ણને ફોન કરી મળવા આવવાની વાત કરે છે. પ્રકરણ-૨૫ ના અંતમાં કર્ણના ઘરનો બેલ વાગે, દરવાજો ખુલે અને મુસ્લિમ બાનુ જેવો કાળો બુરખો પહેરી એક સ્ત્રી જોવા મળે છે. આ સ્ત્રી કોણ હશે ? એ વિચારી કર્ણ કંપી જાય છે. આ રીતે લેખક અહીં પ્રકરણના અંતે નાનકડું રહસ્ય મૂકી આપે છે. જ્યારે એ સ્ત્રી સિમ્પી જ છે એમ જાણવા મળે છે ત્યારે ફરી એક પ્રશ્ન ઉભો થાય છે, કે સિમ્પીને બુરખો પહેરી કેમ આવવું પડ્યું ? સિમ્પી કર્ણને મિ. માથુરના ઓફિસ વિશે જે પ્રમાણે માહિતી આપે છે, તેનાથી સાવ જુદું જ વાતાવરણ કર્ણની નજર સામે આવે છે. તેથી તે મૂંઝવણમાં મુકાય છે. હવે જે સિમ્પી હોંગકોંગ માટે રવાના થઈ ગઈ હતી, એ જ સિમ્પી કર્ણની સામે આવીને ઊભી છે. અહીં લેખકે થોડો ગૂંચવાડો ઊભો કરીને ઘટના રસપ્રદ બનાવી છે. એકબાજુ ઓફિસનો માળ, તેનું રૂપ બીજું બતાવાયું અને બીજી બાજુ હોંગકોંગ જતી રહેલી સિમ્પી અચાનક સામે આવીને ઊભી છે. ઘણા બધા પ્રશ્નો અહીં સ્તબ્ધતાનો અનુભવ કરાવે છે. શુ સિમ્પી હોંગકોંગ પહોંચતા પહેલા જ મિ. માથુરના હાથે પકડાઈ ગઈ હશે ? શું સિમ્પીએ જ મિ. માથુર સાથે મળીને કર્ણને ફસાવવાનું કાવતરુ ઘડ્યું હશે? સિમ્પીએ કેમ કર્ણને અને મિ. માથુરને ઓળખવાની જ ના પાડી દીધી ? તેને તો પોતાની સિમ્પી તરીકેની ઓળખને પણ ઠુકરાવી દીધી, કેમ ? શું આ કર્ણના મગજ પર કોઈ ઊંધી અસર થઈ કે પછી આ મિ. માથુરની કોઈ નવી ચાલ છે ? આમ, જે સિમ્પીના કારણે કર્ણની વિચારણા બદલાઈ હતી, તેના કારણે જ કર્ણનું મગજ ગોળ-ગોળ ફરી ગયું. કર્ણ જે રહસ્યમાં અટવાઈ જાય છે, એ જ રહસ્યમાં બીજા ઘણા રહસ્યો વધતા જાય છે. આગળ જતાં પ્રકરણ-૮ માં કર્ણ ઇન્સ્પેક્ટર મિશ્રાને લઈને સિમ્પીના ઘરે પહોંચે છે ત્યારે ઘરની બહાર Miss Merr Disozaનું નામ ફરી પ્રશ્નાર્થચિન્હ લઈને ઊભું રહે છે. આ રહસ્ય ધીમે ધીમે રસપ્રદ બનતું જાય છે. અને આગળ જતાં નકલી સિમ્પીનું રહસ્ય ખૂલે છે. જે સિમ્પી કર્ણની સામે આવી હતી તેણે સિમ્પીનું માસ્ક અને વિગ પહેર્યું હતું. આ રીતે

લેખકે નકલી સિમ્પીનું રહસ્ય રસપ્રદ રીતે સ્ફોટ કર્યું છે. અને કથાના અંતે 'M' અક્ષરના ઉકેલ સાથે મુખ્ય રહસ્યનો પણ અંત આવે છે. લિપીનું અપહરણ, મુમતાજ બેગમનું ખૂન, અર્થના દાદાનું ખૂન આ દરેક ષડયંત્રો-ઘટનાઓ પાછળ કોઈ 'M' અક્ષરના નામની જ વ્યક્તિ હતી. જેની લિપીની માતા માધવીદેવીના ખૂન વખતથી જાણ થઈ ગઈ હતી. અને આ જ 'M' અક્ષરની વાતને પકડી રાખીને લેખકે અંત સુધી તેનો સ્ફોટ ન થવા દીધો. અલબત્ત નવલકથામાં 'M' અક્ષરના ઘણા પાત્રોનો ઉલ્લેખ હોવાથી મુખ્ય વ્યક્તિ સુધી પહોંચવા માટે પણ ભાવકને ઘણો કષ્ટ પહોંચે છે. અને અંતે બધી કલ્પનાઓથી પર ચોંકાવનાર વ્યક્તિ એટલે કે લિપીના જ પિતા મિલનનું નામ સામે આવે છે, જે અંતે આખીય કથાનું મજબૂત પાત્ર બની રહે છે.

## **'અર્થ'માં અપહરણ, હત્યા, આત્મહત્યા, બળાત્કાર, ષડયંત્રો, બ્લેકમેઈલ :**

નવલકથાની શરૂઆતમાં જ લિપીના અપહરણની ઘટના બને છે. આ ઘટનાની ઓરકોર કથા ગૂંથાતી જાય છે. લિપિના અપહરણ બાદ અર્થને જે ફોન આવ્યા કરે છે, તે આધારે સૌથી પહેલાં કર્ણને અર્થ માટેના ઊભા કરેલા ષડયંત્રોની ગંધ આવી જાય છે. કર્ણ અર્થને જણાવે છે કે તારી આસપાસ કોઈ જાળ ગૂંથી રહ્યું છે. તે માઇકલ, માધવીદેવી અને લિપી સુદ્ધા પર શંકા કરે છે. કર્ણને ષડયંત્રનો ખ્યાલ આવી જાય છે, કે કોઈ લિપીનું અપહરણ કરી અર્થને બ્લેકમેઇલ કરી તેની પાસેથી પૈસા પડાવવા માગે છે. પરંતુ એ કોણ હોઈ શકે તેનો ઉત્તર મળી શકતો નથી. અને આ ઉત્તર સુધી પહોંચવા અર્થે ખૂન જેવી ભયાનક ઘટનાઓનો સામનો કરવો પડ્યો. તેને વર્ષો પછી મળેલા તેના દાદાને પણ પોતાની સામે જ તરફડીને મરતા જોવા પડ્યા. યાકુબ નામના પાત્ર દ્વારા લિપીની ખબર મળતા થોડો હાશકારો અનુભવાય છે. પરંતુ અચાનક જ લિપીની સાર-સંભાળ રાખનાર તવાયફ મુમતાઝ બેગમનું ખૂન પાછા ઘણા પ્રશ્નો ઊભા કરે છે. અપહરણ કરનારે લિપીને છુપાવવા માટે ત્રણ ખૂન કરવા પડ્યા.

મુમતાજ બેગમના ખૂન પછી માધવીદેવીના ખૂનની ઘટના ઘણી રસપ્રદ રીતે આલેખાઈ છે. જાણે સિનેમા કે સિરિયલમાં ચાલતી ઘટના જ જોઈ લ્યો. લિપીની માતા માધવીદેવીનો ગભરાહટભર્યો ફોન અર્થ પર આવવો, અર્થ અને ઇન્સ્પેક્ટર મલ્હાર મિશ્રાનું ઉતાવળે માધવીદેવીના ફ્લેટ ઉપર પહોંચવું, ફ્લેટના પગથિયા ચડતા જ સામે દાઢીવાળા એક શંકાસ્પદ વ્યક્તિનું મળવું, બારણું ખુલ્લું જ હોવું, ઘરના બાથરૂમમાં પ્રવેશ કરતાં જ માધવીદેવીની લોહીથી લથબથ લાશ અને વાંકાચૂકા, ધ્રુજતા અક્ષરે લખાયેલો 'M'. આ બધી જ એક પછી એક રસપ્રદ પરિસ્થિતિ સર્જાય છે. અહીં મળેલા 'M'

અક્ષરના સુરાગ દ્વારા એક સમયે એમ લાગે છે કે હવે માધવીદેવીનો ખૂની અને લિપીનું અપહરણ કરનારનો પત્તો જલ્દી મળશે. પણ લેખકે અહીં ખલપાત્ર (વિલન) પણ જેવું તેવું મૂક્યું નથી. આ બુદ્ધિશાળી 'M' અક્ષરનો વ્યક્તિ અંત સુધી પકડાતો જ નથી. અલબત્ત, અંતે તે જાતે જ પોલીસ સ્ટેશનમાં હાજર થાય છે. આ ઉપરાંત લેખકે માઈકલ, માધવી, માલતી, મિ. માથુર જેવા 'M' ધારક ઘણાં પાત્રો મૂક્યા છે. જેના કારણે વાચક તેની કલ્પનાશક્તિ દ્વારા આરોપી કોણ હશે ? તે જવાબની ફક્ત ધારણા જ કરી શકે છે પણ મુખ્ય આરોપી સુધી પહોંચી શકતો નથી. અને રહસ્ય અકબંધ રહી કથાને રોમાંચક બનાવે છે. અહીં કથાનો મુખ્ય નાયક અર્થ છે, પરંતુ કથામાં ઊભા થયેલા ગૂંચવાડા અને તર્કો ઉકેલવામાં કર્ણનું પાત્ર વધુ મદદરૂપ નીવડે છે. પ્રકરણ-૧૮ ના અંતમાં જોઈ શકાય છે, કે કર્ણનું મગજ અને તેની નજર ચારેય બાજુને ચકાસતી હોય છે. કર્ણ અને મિતાલી બહાર નીકળે છે. ફૂટપાથ પર એક કાળો, ઠીંગણો, ચીબા નાકવાળો માણસ ઊભો ઊભો બીડી ફૂંકતો નજરે પડે છે. કર્ણને આ શંકાસ્પદ વ્યક્તિને જોઈને જ ખ્યાલ આવી જાય છે, કે અર્થના બંગલા પર નજર રાખવામાં આવી રહી છે. અને એટલે જ અર્થ જ્યાં પહોંચે તે પહેલા આરોપી પહોંચી જાય છે. એ જ રીતે કર્ણ ભાવક સમક્ષ મિ. માથુરને પણ શંકાના સકંજામાં મૂકી આપે છે. 'M' અક્ષર સરનેમથી પણ હોઈ શકે. કથાના મધ્યભાગ પછી અર્થના દાદાનું પાત્ર ફરી એકવાર દષ્ટિગોચર થાય છે. એ પણ લિપીના સમાચારની સાથે. તેથી ભાવકની જિજ્ઞાસા વધે છે. પરંતુ ફરી એકવાર તેના દાદા સુધી એટલે કે લિપી સુધી પહોંચે તે પહેલાં જ દાદાનું ખૂન કરી દેવામાં આવે છે. એક પ્રૌઢના શરીરમાં છુરો ભોંકાયેલો જોઈને અર્થ ફરી એકવાર કંપી ઊઠે છે. માધવીદેવી વખતે આવી જ પરિસ્થિતિ ઊભી થઇ હતી. પરંતુ તેમની પાસેથી ફક્ત 'M' અક્ષર મળ્યો હતો. જ્યારે દાદા પાસેથી મિ. માથુરનું નામ મળી આવે છે. પછી દાદા મૃત્યુ પામે છે. આ રીતે અર્થના માતા-પિતા અને હવે દાદા પણ મૃત્યુ પામે છે. તેમજ જેને એ પ્રેમ કરે છે તે લિપીનું અપહરણ થઈ ચૂક્યું છે. તેથી અર્થ માટે અહીં ભાવકના હૃદયમાં દયા, કરુણા, લાગણીનો ભાવ જન્મે છે. અર્થ દુ:ખી થાય છે, તેની આંખો ભીની થાય છે તો ભાવકની આંખ પણ ભીંજાયા વગર રહી શકતી નથી.

કથાના અંતભાગમાં પ્રકરણ-૩૧ માં અચાનક લિપીની આત્મહત્યા આંચકો આપનારી ઘટના બને છે. લેડી સુપરિન્ટેન્ડેન્ટ મિસ રેણુ કુલકર્ણી પાસેથી અર્થને જાણવા મળે છે, કે લિપી અર્થને મળવા નથી માંગતી. અહીં જે લિપીની શોધ માટે અર્થે પોતાનું જીવન વેરવિખેર કરી નાખ્યું એ લિપી તેને મળવા કેમ નથી માંગતી ? આવા વિચારોમાં અર્થ ફરી એકવાર પીસાઈ રહ્યો હતો અને અચાનક જ લિપીના આત્મહત્યાના સમાચાર સાંભળી તે ચીસ પાડી ઊઠે છે. તેણે પોતાના જીવનમાં આ ત્રીજી લાશ લોહીથી લથબથ જોઈ હતી. અને આ તો પોતાની પ્રેમિકા લિપીની જ લાશ હતી. જેના માટે તેણે રાત-દિવસ એક કર્યા. આમ અહીં એક કરુણ દશ્ય ઊભું થયું. લિપીનું માથું અને લલાટ છૂંદાઈ ગયેલા,

લોહીથી દેહ રંગાઈ ગયો હતો, અને એક સુંદર દેહ કૂરુપતાની ચાદર ઓઢી સદાયને માટે જડ થઈ ગયો હતો. આવું દશ્ય જોઈ અર્થની આંખો ફાટી જાય છે. અને વાચકના શરીરમાંથી પણ એક કંપારી પસાર થઈ જાય છે. અર્થની આંખોની અશ્રુધારા, તેની પરિસ્થિતિ, તેનું દયનીય વર્ણન તેના માટે દયા-કરુણાના ભાવ જન્માવે છે. જ્યારે અર્થને લિપીની આત્મહત્યાનું કારણ જાણવા મળે છે ત્યારે ફરી એક આઘાતનો સામનો થાય છે. અર્થ અને ભાવક વધારે દુઃખી થાય છે. મિ. માથુર દ્વારા લિપી પર કરવામાં આવેલ બળાત્કાર લિપીને મોત સુધી લઈ જાય છે. લિપી અપવિત્ર બની અર્થની સામે આવવા નહોતી માંગતી. તેની સંગિની બની જીવન પસાર કરવામાં હવે તેને કોઈ રસ રહ્યો ન હતો. તેથી તે આત્મહત્યાના રસ્તાને અપનાવે છે. અને આવો લિપીનો લાગણીસભર પત્ર વાંચી અર્થની અશ્રુધારા વહેવા લાગે છે. પરંતુ મુખ્ય પ્રશ્ન તો ઊભો જ રહે છે કે લિપીની પવિત્રતાની રક્ષા કરનાર બિગબોસ કોણ હતો ? તેણે કેમ અંત સુધી લિપીની આટલી સાર-સંભાળ લીધી હતી, તેની પવિત્રતાને રક્ષી હતી ? બિગબોસે અપહરણ તો કરાવ્યું હતું પણ લિપીને સ્પર્શ કરનારને શૂટ કરી દેવાની એટલે કે મારી નાખવાની ધમકી આપી હતી. આ પ્રશ્નનો તાગ મેળવવા ઇન્સ્પેક્ટર મિશ્રા લિપીના બળાત્કાર અને આત્મહત્યાની ખબર છાપામાં જાહેર કરે છે. અને ઇન્સ્પેક્ટરની આ યોજના સફળ પણ થાય છે. ખબર વાંચતા જ બિગબોસ માથુરનું ખૂન કરી લાશ લઈ પોલીસ સ્ટેશનમાં હાજર થાય છે. હાજર થનાર આ વ્યક્તિની ઓળખ ચોંકાવનારી છે. અત્યાર સુધીનો આ બધો જ ખેલ રચનાર બિગબોસ બીજું કોઈ નહીં લિપીના જ પિતા 'મિલન' હતો. અને એટલે જ લિપીની પવિત્રતાની રક્ષા થતી હતી. મિ. મેક, મુન્વર, માઈકલ, માર્ટિન, મોન્ટુ વગેરે જેવા જુદા-જુદા નામવાળું પાત્ર લેખકનું રસપ્રદ પાસું બની રહે છે. અહીં વાચકની કોઈ કલ્પના સાચી પડી શકતી નથી. જેથી કથા કંટાળાજનક બની રહેતી નથી.

**'અર્થ'માં પ્રણય :**

નવલકથાની શરૂઆતમાં જ અર્થનું લિપીને કરાતા પ્રપોઝનું આલેખન જોવા મળે છે. અર્થ કથક બની મિત્ર કર્ણને તેની અને લિપીના પ્રણયની શરૂઆત કેવી રીતે થઈ તે જણાવી રહ્યો છે. એમાં અર્થના નિર્મળ વ્યક્તિત્વનો પરિચય થાય છે. લિપી એક કોલગર્લ છોકરી હોવા છતાં અર્થ તેને જીવનસાથી તરીકે અપનાવવા તૈયાર થાય છે. અહીં અર્થ અને લિપીનો નિઃસ્વાર્થ પ્રેમ જોવા મળે છે. ત્યારબાદ અર્થના પિતાની અર્થ માટેની પસંદ મિતાલીનો પ્રવેશ થાય છે. એનો પણ અર્થ પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ જોવા મળે છે. આ રીતે અહીં એક પ્રણય ત્રિકોણ રચાય છે. અહીં સંજોગવસાત્ તેમજ યુવાનીને વશ અર્થ લિપીના અપહરણ દરમિયાન મિતાલી પ્રત્યે આકર્ષાય છે. "અર્થને લાગ્યું કે

મિતાલી એનામાં રસ લઈ રહી છે. કોઈ પણ ઉંમરે યુવાન અને સુંદર સ્ત્રી પોતાનામાં રસ લે એ પુરુષને ગમે છે. અર્થને ગમ્યું. અર્થ પુરુષ હતો, યુવાન હતો અને મિતાલી યુવાન હતી, સુંદર હતી."[૩] આ સિવાય પ્રકરણ-૧૭ ના અંતમાં પણ લિપીની શોધખોળથી થાકેલો, કંટાળેલો અર્થ નિઃશ્વાસ નાખી મનોમન બોલે છે : "મિતાલી, નિયતિની કેવી વિષમતા છે કે આપણી મુલાકાત મોડી થઈ! જેની મુલાકાત વહેલી થઈ એ યુવતી પ્રેમ જતાવી કોણ જાણે ક્યાં અદૃશ્ય થઈ ગઈ ?"[૪] ત્યારપછી અર્થ ટેપરેકોર્ડર ચાલુ કરે છે. અને તેની ગઝલના શબ્દો પણ કંઈક આવા જ છે :

"કાશ! તુમ મુઝે પહેલે મિલતી
મૈં મૈં ન હોતા, તું તું ન હોતી...
કાશ તુ મુઝે પહેલે મિલતી..."[૫]

અહીં જણાય છે કે લિપી પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ હોવા છતાં તે ક્યાંક ને ક્યાંક મિતાલી પ્રત્યે પણ આકર્ષાય છે. તેના માટે પ્રેમની અનુભૂતિ કરી રહ્યો છે. જેથી અહીં પાત્રની થોડી નબળાઈ દેખાઈ આવે છે. તેમજ હારી-થાકી ગયેલો માણસ કોઈની સહાનુભૂતિ, કોઈની હૂંફ ઇચ્છે છે, તે પ્રકૃતિ પણ સ્પષ્ટ થાય છે. અને આવા પડાવ લગભગ દરેકના જીવનમાં આવતા હોય છે. જેના કારણે તે (વાચક) આવી ઘટનાઓ વાંચવા પ્રેરાય છે, અને રસ દાખવે છે.

આ સિવાય કર્ણ અને ગાર્ગીનો પ્રણયભાવ પણ નોંધપાત્ર છે. કર્ણ અનાથ છોકરો છે. તે પણ ગાર્ગી બારડાન્સર હોવા છતાં તેના પ્રત્યે આદર સાથે પ્રેમભાવ રાખે છે. અને તેની દરેક મુશ્કેલીમાં તેનો સાથ આપે છે. એ જ રીતે ઓફિસમાં કામ કરતા નિહાર અને રીના પણ એક સફળ ગૌણ પ્રેમી-પંખીડા છે.

સંપૂર્ણ કથામાં મિ. માથુર જ હવસખોરના સ્થાને મૂકી શકાય તેવું પાત્ર છે. તેણે ગાર્ગી, સ્વાતિ જેવી ઘણીય છોકરીઓને હેરાન કરી છે. અને અંતે લિપીનો બળાત્કાર પણ કર્યો છે. માધવીદેવી પણ એક કોલગર્લ તરીકે ચિત્રિત થયા છે. પરંતુ અહીં લેખકે ક્યાંય જાતીયતાના ખુલ્લા નિરૂપણનો આધાર લઈને લોકપ્રિયતાને લૂંટવાનો પ્રયાસ કર્યો નથી.

## **'અર્થ'માં કટાક્ષ :**

આ નવલકથામાં અર્થ અને કર્ણના વિચારો તથા સંવાદો દ્વારા સમાજનું તેમજ રાજકારણનું એક સત્ય પાસું બતાવાયું છે. ખાસકરીને અનાથ કર્ણના પાત્ર દ્વારા લેખકે તેમના અંગત વિચારો,

મંતવ્યો મૂકી આપ્યા છે. જે ઘણે અંશે ભાવકને પણ ક્યાંકને ક્યાંક સ્પર્શે છે. કેમકે સમાજના કે દેશના તંત્રના ભોગ ઘણા બધા લોકો બને છે. નવલકથાની શરૂઆતમાં જ જોઈએ. કર્ણ અર્થને કહે છે, "અતિ સાત્વિક વિચારો આ યુગમાં નહીં ચાલે. જમાનાની સાથે માણસો બદલાયા છે, વૃત્તિઓ બદલાઈ છે, મૂલ્યો બદલાયા છે. Right is Mightને બદલે Might is Rightનો પથ્થરયુગ પાછો આવતો જાય છે એમ લાગે છે. ભ્રષ્ટાચાર અને દાદાગીરીનો આ યુગ છે. સો-બસોની લાંચ લેનાર ગુનેગાર ગણાય છે. કરોડો રૂપિયા સ્વિસ બેંકોમાં ધકેલી દેનાર તાકાતવાળો ગણાય છે. જનતાની કાળી મજૂરીના પૈસા એકત્ર કરી, દેવાળુ કાઢનાર શરીફ ગણાય છે. ઈન્કમટેક્ષની રેડમાં કરોડોનું બેનામી - બિનહિસાબી - ઝવેરાત, નાણું વિદેશી ચલણ પકડાય તે વ્યક્તિઓ ઈજ્જતદાર મનાય છે. શિક્ષણ, ધર્મ, મંદિરો, મસ્જિદો, પાંજરાપોળો માટે દાન ઉઘરાવી, પંચોતેર ટકા રકમ ઘરભેગી કરી દેનારા સમાજસુધારક ગણાય છે. પોલીસ હપતા ખાય, જુગાર રમે, દારૂ પીએ, બળાત્કારની ફરિયાદ કરવા જનાર સ્ત્રી પર બળાત્કાર ગુજારે અને ગુંડાઓના હપતા ખાય, એની શમપોશી કરે, સંસદસભ્યો - ધારાસભ્યો ગુંડાઓ હોય, જેલમાં રહીનેય ગુનેગારો ચૂંટણી જીતી શકે, અન્યાયની સામે બાંગ પોકારનારની ઠંડે કલેજે લાશ ઢાળી દઈ શકાય, ખુલ્લેઆમ પૈસાથી શિરજોરી થાય ત્યાં મૂલ્યોની વાત તો મને બોદી લાગે છે."[૬] કર્ણ અર્થને જ્યારે ગાર્ગીના જીવનનો ભૂતકાળ કહી રહ્યો હોય છે. તેમાં ગાર્ગીનો બોયફ્રેન્ડ તેને છોડી શ્રીમંત છોકરીને પરણી ગયો હતો એ વાત પર લેખક કર્ણ દ્વારા આ સમાજના મોટાભાગના પુરૂષની વૃત્તિનો ચિતાર રજૂ કરે છે. "પુત્રી, પત્ની અને બહેનને કીમતી, મર્યાદાશીલ વસ્ત્રો પહેરાવવા પૈસા ખર્ચે છે, તો પારકી સ્ત્રીઓમાં ઊતરતા વસ્ત્રો જોવા પણ ધૂમ પૈસા ખર્ચે છે."[૭] અર્થ અને કર્ણ હોટલના જન્મગાંઠ પ્રસંગે જાય છે ત્યાં પ્રકૃતિ નામક યુવતીના પરિચય હેઠળ લેખક દેશના કાનૂન તેમજ સ્ત્રી પર થતા અત્યાચારોને પ્રગટ કરે છે. પ્રકૃતિ પર તેના બોસે બળાત્કાર કર્યો, તેની ફરિયાદ કરતા ઇન્સ્પેક્ટરે બળાત્કાર કર્યો અને એક લાખ રૂપિયાની લાંચ લીધી. ન્યાય મેળવવા એક પ્રધાન પાસે પહોંચી તેણે પણ એ જ કર્યુ, આખરે તેણે અંગ્રેજી મેગેઝીનમાં થયેલ અત્યાચારની અને અન્યાયની ઘટનાઓ પ્રગટ કરી જેથી, "થોડી ચકચાર થઈ અને શમી ગઈ - હજારો ઘટનાઓની જેમ સમાજે વગોવણી કરી કાનૂન ચૂપ રહ્યો. ન્યાય ઝંખતી તે મનમાં સમસમીને બેસી રહી."[૮]

ત્યારબાદ, યાકૂબ અને અર્થના સંવાદોમાં અર્થના વિચાર વ્યક્ત કરતા લેખકે દેશમાં ઘુસેલા વ્યસનો અને ભ્રષ્ટાચારને ટાંક્યા છે : "આખો દેશ વ્યસનખોરીનો શિકાર બની ગયો છે. આખા દેશને કેફ ચડ્યો છે. નેતાઓ અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓને સત્તા અને ભ્રષ્ટાચારનું વ્યસન છે, પોલીસને હપ્તાનું વ્યસન છે, સરકારી કર્મચારીઓને લાંચરૂશ્વત અને કામ નહીં કરવાનું વ્યસન છે, યુવાન-યુવતીઓને કેફી પદાર્થોનું વ્યસન છે, આતંકવાદીઓને લાલ-લાલ લોહીનું વ્યસન છે, શિક્ષકો અને કામદારોને હડતાલનું વ્યસન છે. કોઈને રૂપનું વ્યસન છે, કોઈને પૈસાનું વ્યસન છે, કોઈને શરાબનું

વ્યસન છે, કોઈને જુગારનું વ્યસન છે, કોઈને દંભનું વ્યસન છે... આ તમામમાં મને ડ્રગ્સનો શિકાર બનતી યુવાન પેઢી માટે દર્દ છે. જે એકવીસમી સદીના ભારતનું સુકાન સંભાળવાની છે."[૯] આમ લેખકે દેશના ભવિષ્ય માટેની ચિંતા પણ વ્યક્ત કરી છે. આ ઉપરાંત 'ભારતમાં ગુનાખોરી અમેરિકા જેટલી ફાસ્ટ ગતિએ વિકસતી જાય છે જ્યારે લિફ્ટ ભારતના વિકાસની જેમ ધીમે ઉડે છે.' આવા નાના-મોટા કટાક્ષ પણ જોવા મળે છે. જેને કારણે અપહરણની આજુબાજુ ઘુમરાયેલા મગજને વિરામ મળે તથા આડકતરી રીતે દેશના અમુક ખરાબ, નબળા પાસાઓને ભાવક સમક્ષ રજૂ કરાય તેવા પ્રયત્નો લેખકના રસપ્રદ રહ્યાં છે.

**'અર્થ'માં વર્ણન :**

આ નવલકથામાં પ્રિયકાન્ત પરીખે દરેક લોકપ્રિય નવલકથાની જેમ વિસ્તૃત વર્ણનો આલેખ્યા છે. પરંતુ તેમને વધારે પડતુ વિસ્તૃતિકરણ વાપર્યું નથી. હા વિસ્તારીત રીતે સમજાવી શક્યા છે ખરા, પરંતુ ભાવકને ખ્યાલ આવી જાય તે પૂરતા મર્યાદિત વર્ણનો અહીં જોવા મળે છે. જેથી વધારે લાંબા વર્ણનો જે ઘણીવખત કંટાળાજનક લાગે છે. તે પરિસ્થિતિ અહીં જોવા મળતી નથી. અહીં અર્થની માનસિક સ્થિતિ સ્પષ્ટ રીતે લેખક વર્ણવી શક્યા છે. કેમકે આ મુખ્ય નાયકની આજુબાજુ કથા ગૂંથાયેલી જોવા મળે છે. અહીં અમુક મહત્ત્વની જગ્યાના વર્ણનો જોઈ શકાય છે. જે જગ્યા થોડી અલગ તરી આવતી હોય. જેમકે, એક ઐતિહાસિક જગ્યાનું વર્ણન જોઈએ : "હોડી ત્રિવેણી સંગમ તરફ આસ્તે-આસ્તે સરી રહી હતી. સાંજ ડૂબું ડૂબું કરી રહી હતી. સૂર્યનાં કિરણ કૂણાં બનતા હતાં. પવન સંયમથી સંચરતો હતો...બ્રહ્માજીએ અહીં પ્રથમ યજ્ઞ કર્યો હતો એટલે પ્રયાગ નામ પડ્યું. વેદકાલીન ઋષિમુનિઓએ આ સ્થળે કઠોર તપશ્ચર્યા કરેલી. યજ્ઞયાગ કરેલા. આ સ્થળે ગંગા, યમુના અને લુપ્તા સરસ્વતીનો સંગમ થાય છે. સંગમસ્થાને સ્નાનનો મહિમા અપરંપાર આવે છે. બાર વર્ષે અહીં કુંભમેળો ભરાય છે. પ્રયાગ ઐતિહાસિક ભૂમિ છે. સમ્રાટ હર્ષ દર પાંચ વર્ષે અહીં પધારતા હતા. માઘસ્નાન કરી, સર્વસ્વનું દાન કરી, અકિંચન બની જતા. પ્રયાગ પર મુસ્લિમોના આક્રમણો થતાં, દેવાલયો ભસ્મીભૂત થયાં. મુગલે આઝમ અકબરે ઈ.સ. ૧૫૮૪માં અહીં કિલ્લો બનાવ્યો અને નામ અલ્હાબાદ પાડ્યું. અવધના નવાબે આ નગરને ઈ.સ. ૧૮૦૧માં અંગ્રેજોને સોંપ્યું. પંડિત જવાહરલાલ નેહરુની પણ આ જન્મભૂમિ છે."[૧૦] આ રીતે તેમને અમુક ઐતિહાસિક જગ્યાનું માહિતીસભર વર્ણન કર્યું છે. આ સિવાય, અર્થ યાકુબને ત્યાં જાય છે. ત્યારે આલેખાયેલ ફારૂકચાચાના રૂમનું વર્ણન જોઈએ : "કાળા પોલીસથી ચમકતા ચાંદ સિતારાની કોતરણીવાળા સીસમના લાકડાના ડબલ બેડના પલંગ પર અર્થ આડો પડ્યો. રૂમનું અવલોકન કરવા લાગ્યો. કલાકારના મિજાજને અનુરૂપ રૂમ અસ્તવ્યસ્ત

હતો. એક ખૂણામાં ઈઝલ, કેન્વાસ, પીંછીઓ, રંગનાં કૂંડાઓ હતાં. કબાટમાં તથા પલંગની નીચે સૂતળીની દોરીથી બાંધેલા ચિત્રોના થોકડા હતા. રૂમની ફરસ પર કાળા-સફેદ ટાઇલ્સ હતા. બારીઓ લીલા રંગના કાચથી મઢાયેલી હતી. છત પર સ્ફટિકનું ઝુમ્મર લટકતું હતું."[૧૧]

આ ઉપરાંત અહીં લેખકે પાત્રના આલેખનમાં બાહ્ય વર્ણન કરતા તેમની માનસિક સ્થિતિનું વિસ્તૃત વર્ણન કરી તેમની ઓળખ ઊભી કરી છે. જેમાં અર્થની મનોઃસ્થિતિ નોંધપાત્ર છે.

## 'અર્થ'માં ભાષા :

આ નવલકથામાં સીધી-સાદી, સરળ અને કોઈપણ સામાન્ય માણસ સમજી શકે તેવી ભાષાનો ઉપયોગ થયો છે. જેથી વાંચનારને કથા સમજવામાં કોઈ મુશ્કેલી થતી નથી. પ્રતીક, કલ્પન પણ અહીં નહિવત્ જોવા મળે છે. અલબત્ત ઘણાં એવા ફિલસૂફ વાક્યોનો ઉપયોગ થયો છે. જેમકે અર્થ પ્રકૃતિવૈભવ અને તીર્થધામોમાં ફરી મનની શાંતિ મેળવે છે. અને મનોમન કહે છે, "એકલતાના એકદંડિયા મહેલમાં કેવળ પોતાની જાત સાથે જ જીવવું જોઈએ. જિંદગી છે ત્યાં સુધી જફા તો છે જ. એ જફામાંથી છૂટવા મથવું જોઈએ."[૧૨] આ ઉપરાંત અર્થ અને કર્ણના ઘણા સંવાદ ફિલસૂફભર્યા છે. જેમ કે, કર્ણ સમાજ પ્રત્યે પોતાનો આક્રોશ ઠાલવે છે ત્યારે અર્થ કહે છે, "સત્ય, પ્રેમ, માનવતા, સેવા, દયા, નીતિ જેવા મૂલ્યોનું રખોપુ કરનાર માનવો પણ મોજૂદ છે આ ધરતી પર. અલબત્ત એમની સંખ્યા જૂજ હોય છે."[૧૩] આ સિવાય, "અચાનક એક તારો પ્રકાશ લિસોટો તાણી તૂટી પડ્યો અને પથ્થરનો ટૂકડો બની ધરતી પર ક્યાંક ફેંકાઈ જઈ, બુઝાઈ ગયો. મૃત્યુંનું પણ એવું જ છે ને ?"[૧૪] અહીં મૃત્યુને એક પ્રતીકાત્મક વાત સાથે મૂકી આપ્યું છે. અને ફિલસૂફ રીતે અર્થની માનસિક સ્થિતિ દ્વારા જીવન-મૃત્યુની વાત મૂકવામાં આવી છે.

અહીં, 'Right is Might', 'સર, વી ટેક યોર લીવ..', 'નાવ ડોન્ટ ગેટ નર્વસ... ઓ. કે. ?', 'કાન્ટ સે કેસ ઈઝ સીરિયસ. આઈ વિલ ટ્રાય માય લેવલ બેસ્ટ.', 'પ્લીઝ', 'Rise and downfall of Idi Amin', 'ડોન્ટ મિસઅન્ડરસ્ટેન્ડ મી. ઓન્લી ધીસ મચ આઈ ડૂ એક્સપેક્ટ.', 'મીન ઈટ અધર વાઈઝ', 'ઈટ્સ ઓકે', 'ડોન્ટ ટ્રાય ટુ બી સ્માર્ટ!', 'થ્રી ઈઝ ક્રાઉડ', 'હરી અપ', 'કમ ઈન', 'સેન્ટ પર્સન્ટ લવેબલ જેન્ટલમેન', 'એમ આઈ રાઈટ', 'Reasonable Distance', 'વોટ ઈઝ યોર ઓપિનિઅન ?', 'મેડમ, હાવ ડુ યુ લાઈક ?', 'આઈ કાન્ટ ફોલો ધ મીનિંગ. બટ ધ સ્ટાઈલ ઈઝ યુનિક.', 'વોટ ડુ યુ વોન્ટ ટુ કન્વે ?', 'નથિંગ ટુ કન્વે, ઈઝ ધ નોવેલ્ટી ઓફ ધીઝ પેન્ટિંગ્સ', 'બ્લેક બ્યૂટિ!', 'નો આર્ગ્યુમેન્ટ, નો બારગેન એગ્રીડ ?', 'વેરી ઓફન સેઝ, આઈ એમ લવેબલ ગર્લ્લ', 'કર્ન,

આઈ રીસ્પેક્ટ આર્ટિસ્ટ્સ, આઈ વુડ લાઈક ટુ વિઝિટ યોર સ્ટુડિયો', 'ઈફ યુ લાઈક ટુ વિઝિટ, યુ કેન', 'ધીસ ઈઝ માય કાર્ડ, યુ આર વેલકમ ટુ માય પ્લેસ ઈફ યુ લાઈક', 'થેન્ક યુ ફોર યોર લાઈવ કંપની', 'સ્ટિલ આઈ એમ એન આર્ટિસ્ટ, નોટ પોલીસ', 'ટેક ઈટ ઈઝી માય બોય', 'બી કામ, કૂલ એન્ડ સ્પોટી', 'ડુ યુ સ્મેલ સમથિંગ રોંગ ?', 'નો જસ્ટ ફોર પ્રિકોન્સન્સ, ડોન્ટ વરી' વગેરે જેવા વ્યવહારિક રીતે વપરાતા ઘણા એવા અંગ્રેજી શબ્દો તેમ જ વાક્યોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ અન્ય ભાષા એટલે કે અંગ્રેજી ભાષાનું વલણ પણ અહીં જોવા મળે છે.

## મર્યાદા :

નવલકથાની શરૂઆતમાં ત્રીજા પ્રકરણમાં અર્થ કથક બની તેની અને લિપીની મુલાકાત, દોસ્તી વિષયક વાત કર્ણને કરે છે. ત્યારે અચાનક અર્થ કર્ણને કહેનાર કથક મટી, જે-તે સમયમાં પહોંચી લિપીને કહેનાર કથક બની જાય છે. "એક વરસાદી સાંજે લિફ્ટ આપતા તારી દોસ્તી થઈ...તારી દોસ્તી મને ફાવી ગઈ."[૧૫]

આ રીતે ક્યાંક એકાદ મર્યાદા ધરાવતી 'અર્થ' નવલકથા કળાકૃતિની દૃષ્ટિએ ખરી ઉતરે છે. આ નવલકથા ભલે 'ઓથાર', 'પીળા રૂમાલની ગાંઠ' જેવી લોકપ્રિય નવલકથાની હરોળમાં ન આવે પરંતુ તે પોતાના સ્થાન પર યોગ્ય ગણાવી શકાય તેવી લોકપ્રિય નવલકથા છે. લેખકની મથામણ, તેમની મહેનત, કસાયેલું મન આદિ તેમના પ્રસ્તુતિકરણમાં પ્રગટ થાય છે. આમ, આ નવલકથા લોકપ્રિય નવલકથા તરીકે સફળ નીવડે છે.

## પાદટીપ :

૧. 'અર્થ', પ્રિયકાન્ત પરીખ, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ/અમદાવાદ, પુનઃમુદ્રણ : ઑક્ટો. ૧૯૯૯, પૃ. ૦૫
૨. એજન, પૃ. ૦૭
૩. એજન, પૃ. ૧૩૫
૪. એજન, પૃ. ૧૮૫
૫. એજન, પૃ. ૧૮૫
૬. એજન, પૃ. ૦૬
૭. એજન, પૃ. ૫૭
૮. એજન, પૃ. ૬૩
૯. એજન, પૃ. ૧૨૮

૧૦. એજન, પૃ. ૧૦૦
૧૧. એજન, પૃ. ૧૨૫
૧૨. એજન, પૃ. ૧૧૦
૧૩. એજન,  પૃ. ૦૭
૧૪. એજન,  પૃ. ૧૧૩
૧૫. એજન, પૃ. ૨૫

## ૩.૬ : 'ગ્રહણરાત્રી'

**- મોહમ્મદ માંકડ**

૧૯૮૪ થી ૧૯૯૦ સુધી ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય તેમજ ૧૯૮૨ થી ૧૯૯૨ સુધી ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રથમ પ્રમુખ મોહમ્મદ વલીભાઈ માંકડ લોકપ્રિય નવલકથાકાર તરીકે જાણીતા છે. નવલકથા, વાર્તા, ચિંતન, વગેરે સ્વરૂપોમાં તેમનું યોગદાન ગુજરાતી સાહિત્યક્ષેત્રે રહેલું છે. તેમણે ઘણી લોકપ્રિય નવલકથાઓનું સર્જન કર્યું છે. તેમાંથી 'ગ્રહણરાત્રી' નામની કૃતિને લોકપ્રિય કૃતિ તરીકે તપાસવાનો ઉપક્રમ અહીં રહેલ છે.

- **સાહિત્ય સર્જન**

**નવલકથા**

- વહેમ
- અંજામ
- સપનું પાછલા પહોરનું
- આથમતા સૂર્યનાં સોગન
- મંદારવૃક્ષ નીચે
- એક પગ ઊંબર બહાર
- હવામાં કોની સુગંધ
- રાતવાસો
- દંતકથા
- ખેલ
- તમે કેમ રહ્યાં અબોલ ?
- નામ ધીમેથી લેજો
- ઘૂમરી
- હજી ચાંદમાં ડાઘ છે.
- ગ્રહણરાત્રી
- આગની આરપાર

- ધુતારા
- મોરપીંછના રંગ
- અજાણ્યા બે જણ
- ભૂખરી ભૂખરી સાંજ
- વેળાના વછૂટ્યાં
- તેરસ
- હીરની ગાંઠ
- કાયર
- માટીની ચાદર
- મનોરમાં
- ધુમ્મસ
- વંચિતા
- બંધનગર ભા.-૧,૨
- અનુત્તર
- ઝંખના
- અશ્વદોડ

**<u>વાર્તાસંગ્રહ</u>**

- વળાંક
- તપ
- ક્યારે આવશો ?
- વાત વાતમાં
- ના
- ચોટ
- મનના મરોડ
- ઝાકળના મોતી
- માટીની મૂર્તિઓ
- સંગાથ

## સંકલન

- મોહમ્મદ માંકડની વાર્તાઓ ભાગ-૧,૨
- કેટલીક વાર્તાઓ : મોહમ્મદ માંકડ

## ચિંતન

- કેલીડોસ્કોપ ભા : ૧-૪
- નિરાશા સામે
- સુખ એટલે
- ચાલતા રહો, ચાલતા રહો
- આજની ક્ષણ
- ઉજાસ
- આપને માણસ ભા : ૧-૨

મોહમ્મદ માંકડકૃત લોકપ્રિય નવલકથા 'ગ્રહણરાત્રી'ની પ્રથમ આવૃત્તિ ૧૯૯૧માં પ્રગટ થઈ હતી. ૩૦૮ પૃષ્ઠ સંખ્યા ધરાવતી આ નવલકથામાં ૩૨ પ્રકરણ સમાવિષ્ટ છે. જેમાં અનેક રહસ્ય જોવા મળે છે. અને કથાના હેતુ સુધી પહોંચતી આ કથા તેના કેટલાય લોકપ્રિય તત્વોને કારણે રસપ્રદ રહી છે. 'ગ્રહણરાત્રી' નવલકથાને લોકપ્રિય કથા તરીકે તપાસતા પહેલા તેના કથાનક વિશે વાત કરીએ.

## કથાનક :

ત્રીજા પુરુષ એકવચનમાં કહેવાતી આ નવલકથામાં નંદલાલ અને કિસનને કથાનાયક ગણાવી શકાય. આ બે મુખ્ય પાત્રોના જીવનમાં ઘટતી ઘટનાઓની આસપાસ કથા ગુંથાયેલ છે. લેખક સ્થાનાક્પુર નામના ગામનું વર્ણન કરી, ગામનો પરિચય કરાવી કથાની શરૂઆત કરે છે. આ ગામનો ભૂતકાળ વર્તમાન પરિસ્થિતિથી કેવો જુદો રહી ચૂક્યો છે. તે વિષયક માહિતી લેખક આપે છે. એટલે ભૂતકાળને વાગોળતા વર્તમાન પરિસ્થિતિ નો ઉલ્લેખ અહીં જોવા મળે છે. પ્રથમ પ્રકરણમાં જ નાયક કિસનના મુખ્ય ઉદ્દેશ ની સ્પષ્ટતા કરી તેનો પરિચય કરાવવામાં આવે છે. નંદલાલને મોત ને ઘાટ ઉતારવો- એ જ કિસનના જીવનનો મુખ્ય ઉદ્દેશ હતો. મોહન પંડ્યા નો વારસ નટવર પંડ્યા. તેમનો દીકરો શાંતિલાલ પંડ્યા. અને આ શાંતિલાલ પંડ્યા તેમજ માલતીનો દીકરો મુકુંદ કિસનના નામનું

મુખડું પહેરીને નંદલાલને ત્યાં નોકરી કરે છે. અને આ શાંતિલાલ પંડ્યાના ભોળપણનો ફાયદો ઉઠાવી તેની બધી જ મિલકત પડાવી લીધી હતી. જેણે કારણે શાંતિલાલ પંડ્યાને રઝડપાટભર્યું જીવન જીવવું પડે છે. અને છેવટે તે મૃત્યુ પામે છે. તેથી પિતા પર થયેલ અન્યાયનો બદલો લેવા માટે અને પિતાને આપેલ વચન પૂર્ણ કરવા માટે જ પોતાનું નામ બદલી કિસન નંદલાલાને ત્યાં છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરે છે. અને તે નંદલાલ ને વફાદાર રહે છે, તે ફક્ત તેનો નોકર જ નહીં, તેનો જમણો હાથ બની જાય છે. અને એક દીકરા તરીકેનું પોતાનું સ્થાન ઉભું કરે છે. રૂપા નંદલાલની પૌત્રી છે. મા-બાપ વિનાની આ દીકરી સાથે કિસનને પ્રેમ થઈ જાય છે. અને આ પ્રણય સંબંધને કારણે કિસનને પોતાના ઉદ્દેશ્યને પૂરો કરતા મનમાં ઘણો ખચકાટ થાય છે. કિસનની મનોસ્થિતિનું વર્ણન જોતા તે ખૂબ ડામાડોળ સ્થિતિમાં જીવતો હોય તેમ લાગે છે. હંમેશા, કરું ? ના કરું ? શું થશે ? આવા પ્રશ્નો તેના મન-મસ્તિસ્કને કોરી ખાય છે. ઘણીવાર તો તેને એવા ભ્રમ પણ થાય છે. કે શું ખરેખર નંદલાલને મારવાનું વચન તેને પોતાના પિતાને આપ્યું હતું ? નંદલાલનો સૌથી મોટો દીકરો એટલે કે રૂપાના પિતા અમૃતલાલના મૃત્યુ પછી નંદલાલના બીજા ત્રણ દીકરા જગદીશ, અનંતરાય અને મનસુખ આ ત્રણેય નંદલાલની મિલકતના ભૂખ્યા હતા. મિલકતના કારણે ત્રણેય ભાઈ એક બીજાના પગ ખેંચતા હતા. અને અનંતરાય તો નંદલાલની હત્યા કરી શકે તેવા સ્વભાવનો જણાય છે. એક બાજુ મિલકતના લાલચી આ ત્રણ દીકરા બીજી બાજુ પોતાના પિતાની મોતનો તેમજ તેની અધોગતિનો બદલો લેવા તત્પર મુકુંદ ઉર્ફે કિસન અને ત્રીજી બાજુ નંદલાલાના ગામનો-જે વર્ષોથી તેના ખૂનનો તરસ્યો હતો એ જીલુ ખાચર. આખરે અંતે જ્યારે નંદલાલ ખરેખર મૃત્યુ પામે છે. ત્યારે શંકાના વમળો રચાય છે. એ ખ્યાલ નથી આવી શકતો કે નંદલાલની હત્યા કોણે કરી ? આ તકનો લાભ લઈ લેખક કથાને વધુ રસપ્રદ બનાવે છે. એકબાજુ કિસને જ નંદલાલને ગોળી મારી- આ વાતની સ્પષ્ટતા થાય છે. બીજીબાજુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ કહે છે, કે નંદલાલનું મૃત્યુ ગોળીના કારણથી નથી થયું, તેનું મૃત્યુ તો ગોળી વાગતા પહેલાં જ ઝહેરના કારણે થઈ ચૂક્યું હતું. હવે પ્રશ્ન એ ઊભો થાય છે. કે આ ઝહેર નંદલાલે જાતે પીધું કે કોઈએ તેને આપ્યું ? અને અંતુ જમૈયો લઈને ત્યાં શું કરતો હતો ? આ બધા રહસ્ય કથાના અંતભાગ સુધી વાચકને જકડી રાખવામાં ખૂબ જ મદદ કરે છે. હવે કિસન સિવાય નંદલાલને મારનાર ઘરનું કોઈ સભ્ય જ હોય. આ પ્રકારની ગણતરી કરનાર તેમજ અનેક જાતની અટકળો કરનાર ભાવક સામે લેખક નંદલાલનો એક પત્ર મૂકી આપી રહસ્ય પરથી પળદો હટાવી આપે છે. જેથી સ્પષ્ટ થાય છે કે- નંદલાલ ને મારનાર બીજું કોઈ નહીં નંદલાલ પોતે જ છે. કેન્સરના રોગથી પીડાઈને પાંગળું મોત આવે તે નંદલાલ ને મંજૂર ન હતું તે વટથી, સ્વાભિમાનથી આખુય જીવન જીવ્યો હતો. અને મોતના રસ્તા પર એ જ રીતે જવા માંગતો હતો. તેથી નંદલાલ ઝહેર પીને જાતે જ પોતાનું જીવન ટૂંકાવી નાખે છે. આ મુખ્યકથાને અડી ને જીલુખાચરના પાત્રને ઉપસાવવા લેખક એક આડકથા પણ ચલાવે છે. જેમાં જીલુખાચર અને વાસ્કૂર વચ્ચેની લડતનો નિર્દેષ છે. વર્ષો

પહેલાં સારંગપુર ગામ છોડી ગયેલો વાસ્કૂર અચાનક પોતાની માતા આઈબાને મળવા માટે આવે છે. પરંતુ ત્રણ ટક રાનીછાપના રૂપિયા, રૂપાની પાટિયું, સોનાની લંગડિયું જેવી કેટલીક મિલકત આઈબા પાસે છે. વાસ્કૂર આઈબાનો દીકરો હોવાનો દાવો કરી બધી જ મિલકત પડાવી લેશે એવા ડરથી જીલુખાચર પોતાની ફઈબા અને તેના દીકરા વાસ્કૂરનું મિલન થવા દેતો નથી. છેવટે કોર્ટ કેસ સુધી વાત પહોંચે છે. પરંતુ જીલુખાચર આઈબા ફુઈના બદલે પૂતળી કોળણને વાસ્કૂર સામે લાવવાનું ષડયંત્ર રચે છે. જેમા તે સફળ થઈ જાય છે. છેવટે વાસ્કૂર હાર માની પાછો ફરી જાય છે. જોકે જીલુખાચરના આ રહસ્યની સ્પષ્ટતા પણ લેખક અંતભાગમાં કરે છે. આમ, લેખક ઘણીવાર અચંબિતતા તથા અધુરી વાતનો નિર્દેશ કરી ભાવકને જકડી રાખવા માટે મથે છે.

**પાત્રપરિચય :**

આ નવલકથામાં મુખ્ય ભૂમિકા ભજવનાર નંદલાલ અને કિસન (મુકુંદ) છે. આ ઉપરાંત કિસનનો મિત્ર મહેન્દ્ર અને ઘનશ્યામ, જગદીશ-અનસુયા તથા તેમની છોકરી સાવિત્રી, અનંતરાય-માધુરી, મનસુખ-પ્રભા તથા તેમનો દીકરો ગૌતમ, મોહનપંડ્યા, નટવરપંડ્યા, શાંતિલાલ પંડ્યા, માલતી, ગૌરીશંકરનો દીકરો ઘનશ્યામ, વાસ્કૂર, જીલુખાચર, જીલુની ફોઈ આઈબા, સુરગ ધાધલ, રામુ કણબણ, કાળી રબારણ, દેવુ ચારણ, મોંઘી કોળણ (મરણ પ્રસંગે રોવાવાળી બાઈ), જંબુ (જીલુ ખાચરની કામવાળી), બાવકો, ઠાકરશીભગત, રતન, ફતેહસિંહ, ફોજદાર, કાસમ જમાદાર, લાભશંકર, ઇન્સ્પેક્ટર પાઠક, ડો.ત્રિવેદી, નગીનદાસ વકીલ વગેરે જેવા ઘણા પાત્રો નો ઉલ્લેખ થયો છે. જેમાં સાવિત્રી, ગૌતમ, અમૃતલાલ, મોહનલાલ પંડ્યા, નટવર પંડ્યા, વગેરે જેવા પાત્રો નો ફક્ત ઉલ્લેખ જ છે તેમનો કોઈ અભિનય કથામાં પ્રત્યક્ષ રીતે જોવા મળતો નથી. બાકીના પાત્ર અહીં કોઇને કોઇ રીતે મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમની કડી પણ કથા સાથે જોડાયેલ છે. આમ કેટલાંક પાત્ર પરિચય પૂરતા જ મર્યાદિત ભાગ ભજવે છે તો કેટલાક પાત્ર માત્ર ભૂતકાળની ઘટનાઓના વર્ણન માટે મદદરૂપ થયા છે. તેમાં બાવકો જેવા ક્ષણીક પરંતુ મહત્ત્વના પાત્રો પણ જોઈ શકાય છે. જેની બાતમીને કારણે કિસન હથિયાર ચોરી કરવાના ષડયંત્રમાં સફળ થઇ શક્યો. અહીં, પ્રત્યક્ષ કરતા પરોક્ષપાત્રોનો વધુ ઉલ્લેખ જોવા મળે છે.

નંદલાલ જાતે બ્રાહ્મણ હતો. પણ એની ટક્કરનું આખાય ગામમાં બીજું કોઈ ન હતું. તેણે ગામના કાઠી-દરબારોને પણ સીધા કરી નાખ્યા હતા. જેથી તે ‘બંકડો’ તરીકે ગામમાં ઓળખાતો હતો. સ્થાનકપુર ગામમાં તેને અનેક જમીનો પચાવી પાડી હતી. નંદલાલ એક કાંકરે ત્રણ નિશાન તાકવામાં માહિર હતો. ક્યારે શું કરવું અને ક્યારે શું ન કરવું તે સમજણ નંદલાલે કેળવી હતી. કેટલીક મહેનતથી તો કેટલીક દાદાગીરીથી નંદલાલે પોતાની ઘણી મિલકત ઊભી કરી હતી. તેના

દુશ્મનો પણ ઘણા હતા. નંદલાલને મારી નાખવા માટે ઘણા ષડયંત્ર રચાયા પણ દર વખતે તેનું નસીબ તેને ઉગારી લેતું હતું. નંદલાલ રિવોલ્વર, બંદૂક, કારતૂસવાળી, કેપવાળી, તમચો વગેરે જેવા હથિયારનો શોખ ધરાવતો અને જરૂર પડે તો તેનો ઉપયોગ પણ કરી શકતો. આમ, ખૂબ ઠાઠથી તે પોતાનું જીવન જીવતો અને મૂછ ઉપર હાથ ફેરવીને હંમેશા કહેતો - "નંદલાલના મારનારને હજી એની માં જણવાની છે હજી કોઈ જનમ્યો નથી."[૧] આવા નંદલાલને મારી નાખવાનું કાવતરું કિસન ઘડે છે. ઉપરાંત રૂપા સિવાય ઘરના દરેક સભ્યો તેના મોતની જ ઈચ્છા ધરાવે છે. કિસન તો તેને મારવા માટે પાંચ વર્ષથી તેની નોકરી કરીને તેનો વફાદાર બનીને રાહ જોઈને બેઠો છે. અને એ સમયે આવી પણ જાય છે છતાં કિસનના હાથે તો નંદલાલનું મૃત્યુ નથી થતું અને જે વટથી તે મૂછો પર હાથ ફેરવીને કહેતો કે નંદલાલ ને મારનાર હજુ જન્મ્યો નથી આ વાત ઉપર તે ખરો ઉતરે છે. તે જાતે જ મોતને આવકારે છે.

કિસન મનમાં ગુસ્સો અને પોતાને થયેલ અન્યાય સામેનો બદલો લેવા ઘણી મહેનત કરી નંદલાલને મારવા માટેના ષડયંત્ર રચ્યા કરે છે. કિસન પાસે આ માટેની તક પણ સાંપડે છે. હત્યા કરવા માટેની બધી સગવડ પણ થઈ જાય છે. પરંતુ ઘડી ઘડી તેનું મન તેને આ ખરાબ કૃત્ય કરતાં અટકાવે છે તે દુવિધામાં પડે છે. સાચું શું ? ખોટું શું ? તેની વારંવાર ચકાસણી કરવા માંગે છે. પિતાને આપેલું વચન પણ ભ્રમ લાગવા માંડે છે. વળી આવા વિચારો કરવામાં રૂપાનો પ્રેમ ઉમેરો કરી આપે છે. તે પ્રેમ ને ખાતર વેરને ભૂલી જવા ઘણા પ્રયત્નો કરે છે. નવલકથામાં એક આડકથા પણ છે. જેઠૂર-મોહિનીની વાર્તા : જેમાં જેઠુર નવાગઢ ગામના રાજા લક્ષ્મણજીને મારવા માંગતો હતો. તે ગામની નાચનારી સાથે પ્રેમ કરી બેસે છે અને તેની બદલો લેવાની આખી વાતમાં પલટો આવે છે. આ વાર્તાનું કથન લેખક કિસનના મિત્ર મહેન્દ્રના મુખે કરાવે છે. પોતાની સ્થિતિ આ વાર્તા સાથે સરખી લાગતા કિસન આ વાર્તા ત્યાં જ અધૂરી મૂકીને ચાલ્યો જાય છે. અને મનમાં વિચાર્યા કરે છે. જેઠુરે લક્ષ્મણજીને માર્યો કે નહીં ? તેનું શું થયું ? મોહિનીનું શું થયું ? શુ મારા કામમાં પણ રૂપા નો પ્રેમ આડો આવશે ? હું જેને પ્રેમ કરું છું એના દાદાને હું મારી શકીશ ? આ વિચારોની ધમાસણ તેના મગજમાં ચાલ્યા કરતી હોય છે. એ જ રીતે વિરજી-કણબી ની વાર્તા : જેમાં હીરજી ઘેલાનું ખૂન કરી પોતે જ બેભાન થઇ જાય છે. ઉપરાંત પરષોત્તમ નામનો વ્યક્તિ તેની પત્નીને મારી ઓરડામાં નાટ ઉપર ચડી ધ્રૂજે છે. આવા પ્રકારના કિસ્સા કિસન પોતાના મિત્રો પાસેથી સાંભળે છે. ત્યારે તેનું મન પણ વિચલિત થઇ જાય છે. ચિંતા ઘેરી વળે છે. અને ગભરાઈ જાય છે. કિસન અવઢવમાં મુકાઇ જાય છે. તેને પોતાની જાત પર શંકા થાય છે કે હું ખૂન જેવો ગુનો કરી શકીશ ? ઘાતકી બની શકીશ ? અને જો હું નંદલાલનું ખૂન કરી શકું, તોય ત્યારબાદ હું સ્વસ્થ રહી શકીશ ? આ રીતે કથામાં નાની-નાની વાર્તાઓ (કિસ્સાઓ) દ્વારા કિસનની મનોસ્થિતિનું વર્ણન લેખક ખુબ સરસ રીતે કરી શક્યા છે. આટલા બધા મનોમંથન બાદ કિસન પોતાના નબળા વિચારોને માત આપીને છેવટે નંદલાલને ગોળીથી

વીંધે છે. અને તેના હાથે ન થવાનું કામ થઈ જાય છે. પરંતુ આ ઘટના પછી લાગેલા આઘાતનો માર્યો રૂપાની સામે આવવા નથી માંગતો. અને પોતે કરેલ ગુનાની સજા ભોગવવા તે ગોમા નદીમાં આપઘાત કરવા પહોંચી જાય છે. પરંતુ ત્યાં પણ રૂપાનો વિચાર આવતાં તેના આપઘાત કરવાનો નિર્ણય ડગી જાય છે. પછી કિસન વિચારે છે અને નક્કી કરે છે કે આપઘાત કરવા કરતા સામી છાતીએ લડવું જોઈએ. એટલે તે પોતે કરેલા ગુના બદલ મળવાપાત્ર સજાઓ ભોગવવાનું નક્કી કરે છે. અને પોલીસ સ્ટેશન જઈ પોતાનો ગુનો કબૂલ કરે છે. છતાં પણ ઇન્સ્પેક્ટરને લાગે છે કે તેને મૃત્યુનો આઘાત લાગ્યો છે એટલે જ આવું ગાંડપણ કરે છે. અને કિસન ને છોડી દેવામાં આવે છે. ત્યારબાદ નંદલાલની આત્મહત્યા પુરવાર થાય છે. હકીકતની જાણ થયા છતાંય કોઈપણ ભોગે તે પોતાના ગુનાની સજા ભોગવવા ઈચ્છે છે તેથી મુંબઈમાં રૂપાને બંદૂક શીખવાડવા ને બહાને પોતાના જમણા હાથનું બલિદાન આપે છે.

માતા-પિતા વિનાની દીકરી હંમેશા પ્રેમને ઝંખતી રૂપા કિસનના પ્રેમમાં પડે છે. નંદલાલ સિવાય ઘરમાં ખાસ કોઈ તેને પ્રેમ કરતું ન હતું. કે કોઇને તેની એટલી ચિંતા પણ ન હતી. હા, નવલકથાના અંત ભાગમાં અનંતરાયના પાત્રમાં રૂપાનો પિતા નજરે પડે છે. કિસનની વફાદારી અને તેની નિષ્ઠા જોઈને રૂપા તેના તરફ આકર્ષાય છે. રૂપા આમ તો ભોળી છતાં તરત ચોરી પકડી પાડે તેવી ચાલક પણ છે. જ્યારે કિસન સાથે વાત કરવા આવે ત્યારે કેટલીકવાર એમ બને કે 'તમારું મગજ આજે બીજે ક્યાંક છે'- એમ કહીને રૂપા ત્યાંથી ચાલી જાય. અને ખરેખર કિસનનું મગજ મોટાભાગે નંદલાલને મારવાના ષડયંત્રમાં જ પરોવાયેલ હોય જ્યાં સુધી પૂરી રીતે કિસન રૂપા કે રૂપા ની વાત માં ધ્યાન ન આપે ત્યાં સુધી તે કોઈ પણ વાત માંડતી નહિ. લાગણીશીલ તેમજ ભોળાપણ ધરાવતું છતાંય જુદી પ્રકારનું રૂપાનું પાત્ર કથામાં નિર્દેશિત છે. જેની મીઠી જીદ અને મીઠી (નાની) તકરાર ભાવકને આનંદ અપાવે છે.

અનંતરાય રૂપાના પ્રિય કાકા છે. જે ગુંડા જેવો છે જ્યારે ત્યારે કોઇપણ ઝઘડામાં હથિયાર લઈને દોડી આવે છે. પોતાના પિતા સામે પણ તે ચાકુ લઈને ઊભો થઈ જનાર વ્યક્તિ છે. મિલકતની વાત કરવા પિતા પાસે જમૈયો લઈને પણ જાય છે પરંતુ નવલકથાના અંતમાં રૂપા અને કિસન માટેની તેની ચિંતા અનંતરાયનાં ઋજુ હૃદયનો પરિચય કરાવે છે. જગદીશ ફક્ત દલીલબાજી કરી શકે છે. મનસુખ ને તો તેની પત્ની પ્રભા દ્વારા 'બાયલા'નું બિરુદ મળે છે. જોકે તેનું વ્યક્તિત્વ પણ એ જ પ્રમાણે પુરવાર થાય છે. ચાહે પત્ની હોય કે ચાહે પિતા મનસુખ પોતાની વાત કે પોતાના તર્કનો ઉપયોગ કરતો જ નથી. બંનેથી તે ભયભીત થઈને જ રહે છે.

આ ઉપરાંત નંદલાલનો સૌથી જૂનો દુશ્મન જીલુ ખાચર હંમેશા નંદલાલના મોતને ઝંખતો હોય છે. ગામનો ગુંડો હોવા છતાં તે નંદલાલનું કશું બગાડી શકતો નથી. તેના બધા પ્રયત્નો હંમેશા નિષ્ફળ જાય છે. અહીં નંદલાલ અને તેના પરિવારની કથા સાથે જીલુ ખાચરની પણ એક સ્વતંત્ર કથા

આલેખી છે. તે પોતાની ફોઈ આઈબાને સાથે રાખે છે. જેનો પતિ મૃત્યુ પામ્યો છે અને છોકરો ગુમ થયેલ છે. બાળપણમાં ગુમ થયેલ એ છોકરો વાસ્કૂર વર્ષો પછી ગામમાં પરત ફરે છે. ત્યારે એક ષડયંત્ર રચી તેને ભગાડી મૂકે છે. જેથી આઈબા અને વાસ્કૂરનો મેળાપ શક્ય બનતો નથી. આ રીતે જીલુ ખાચરનો મૂળ સ્વભાવ, તેની દાદાગીરી, તેના કાવતરા જોઈ શકાય છે. અને તેના પરિચય પ્રમાણે તેનું ચરિત્ર-ચિત્રણ યોગ્ય રીતે ઊપસી આવે છે.

રૂપા, અનસુયા અને પ્રભા જેવી સ્ત્રી પાત્રો એ પણ કથામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. રોજિંદા જીવનમાં સાસરીમાં રહેતી મોટાભાગની સ્ત્રીઓના વર્તનને અનુરૂપ બેસે તેવું પ્રભાનું પાત્ર આ કથામાં જોવા મળે છે. જે વાચકોને આકર્ષિત કરવામાં ઘણું મદદરૂપ બને છે. નંદલાલના ચાર પુત્રોમાંથી મનસુખ અને પ્રભા તેમની સાથે રહેતા હતા. અને દીકરો પણ ફક્ત પ્રભાને જ હતો. તેથી નંદલાલની આખી મિલકતનો વારસદાર પોતાનો દીકરો ગૌતમ જ બનશે. તેવા સપના જોતી પ્રભા નંદલાલના બદલાયેલ વર્તનથી ચિંતિત થઇ ગઇ હતી. નંદલાલ અચાનક પત્ર લખી જગદીશ અને અનંતરાયને ઘરે બોલાવે છે. ત્યારે પ્રભા આકુળ-વ્યાકુળ થઈ જાય છે. તે અનસુયા અને જગદીશને નંદલાલના વિરુદ્ધ ભડકાવવાના પ્રયત્નો કરે છે. થોડી રાજ-રમત રમવા ના પ્રયત્નો કરે છે. પરંતુ નંદલાલના ન્યાયી સ્વભાવના વ્યક્તિત્વને કારણે તેના નાના-મોટા ષડયંત્ર વ્યર્થ રહે છે. નંદલાલ સમાનભાવે મિલકતના ભાગ પાડે છે. અને કોઈને પણ ઓછું-વધારે ભાગ આવે તેમ ઈચ્છતા નથી. તે રૂપા અને કિસનના લગ્ન તેમજ તે માટેની વ્યવસ્થા પણ કરીને મૃત્યુ પામે છે. ઘરની સામે પડી રહેલું ખંડેર અને કિસનના ભાગનું છીનવી લીધેલું નસીબ તેને સુપરત કરવાના ઉલ્લેખ પણ પોતાની વસિયતમાં કરે છે. તેથી જ પ્રભા તેના ઇરાદામાં નિષ્ફળ રહે છે.

આ ઉપરાંત કોઈનું મૃત્યુ થતા છાજીયા લેવા જતી મોંઘી કોળણ જેવી સ્ત્રીએ કથામાં કોઈ ભાગ ભજવ્યો નથી, પરંતુ તેમના ઉલ્લેખ માત્રથી લેખક આગળ ધટવાની ઘટનાઓના સંકેત આપે છે. કે, ગામમાં કોઈ મોટી હસ્તી નું મૃત્યુ થવાનું છે. આમ આ પાત્ર દ્વારા લેખક નંદલાલના મૃત્યુનો સંકેત આપી દે છે.

## 'ગ્રહણરાત્રી'માં લોકપ્રિય તત્ત્વો :

આ નવલકથામાં લેખકે ઘણા લોકપ્રિય તત્ત્વનો ઉપયોગ કરી કથાને રસપ્રદ બનાવવાના પ્રયત્નો કર્યા છે. કથામાં ચોરી, ષડયંત્ર, રહસ્ય, ખૂન, આત્મહત્યા, પ્રણય વિસ્તૃત વર્ણન, સંઘર્ષ, આદી લોકપ્રિય તત્વો જોવા મળે છે. જેને કારણે વાચકની ઉત્સુકતા જળવાઈ રહે છે કેટલીક જગ્યાએ લેખકની ઉતાવળ કથાને કંટાળાજનક બનાવી મૂકે છે. પરંતુ નંદલાલના મૃત્યુની ઘટનાને રસપ્રદ બનાવી તે ભાવકના રસમાં વધારો કરી શક્યા છે. આ કથામાં એક પછી એક ઘટતી રહસ્યમય

ઘટનાઓ આ લોકપ્રિય નવલકથા નું મુખ્ય લક્ષણ બની રહે છે. આ નવલકથામાં અનેક નાના-મોટા રહસ્યમય પ્રસંગોની સાથે-સાથે કથાનું શીર્ષક 'ગ્રહણરાત્રી' પણ રહસ્યમય જણાય છે. કોઈપણ લોકપ્રિય નવલકથામાં તરત જ કોઈ રહસ્ય છતું ન થઈ જાય તેની લેખક તકેદારી રાખે છે. કારણ કે વાચકની રૂચિ જળવાઇ રહે. ટી. વી. સિરીયલના નવા એપિસોડની રાહ જોવાય તેમ વાચક પણ આગળનું પ્રકરણ આવવાની કાગડોળે રાહ જોતો બેઠો હોય. ઉપરાંત કથા વાંચતી વખતે વાચકના મનમાં અનેક પ્રશ્નો ઉભા થાય તેવી ઘટનાઓનું નિરૂપણ કરવામાં આવે છે. વાચકની ઉત્કંઠાની પરાકાષ્ટાનું ધ્યાન રાખવામાં આવે છે. પરંતુ, અહીં લેખક વાચકના મનમાં અનેક રહસ્યમય પ્રશ્નો ઊભા તો કરી શક્યા છે. પણ તરત જ તેના જવાબ આપી ભાવકની જિજ્ઞાસા ને સંતુષ્ટ કરી દીધી છે.

## રહસ્યો :

અહીં કથાનો અંત કહીને કથાનો આરંભ કરવામાં આવે છે. જે ઘણી રસપ્રદ બાબત જણાય છે. કથાના આરંભમાં જ કિસન વિશે વાત કરી સીધી નંદલાલના મૃત્યુની વાત કરવામાં આવે છે. અને 'નંદલાલ મૃત્યુ પામ્યો' - આ વાક્ય પ્રશ્ન ઊભો કરે છે કે કોઈથી ન મરનાર નંદલાલ 'બંકડો' કેવી રીતે મૃત્યુ પામ્યો ? શા માટે માનીતા દીકરા જેવા કિસનને હત્યા કરવી પડી ? આ રીતે રહસ્યમય પ્રશ્ન મુકી આપીને લેખક ભૂતકાળમાં જઈ કથાની શરૂઆત કરે છે. ત્યારબાદ જેઠુર-મોહિનીની વાર્તા અધવચ્ચે જ છોડી કિસન ચાલ્યો જાય છે. પછી તેની મનોવાણી કહે છે કે, હવે મોડુ શા માટે ? હમણાં જ કામ પતાવી દઉં. અહીં ફરી પ્રશ્ન ઊભો થાય છે. અચાનક કિસનને કયુ કામ પતાવી દેવાની ઉતાવળ આવી છે ત્યાં ભાવક કલ્પી શકે છે. અને એ કલ્પના સાચી પણ નીવડે છે. નંદલાલની હત્યા કરવાના વિચારો જ કિસનને ઢંઢોળી રહયા હતા. અહીં જેઠુર-મોહિનીની વાર્તા પણ નિરર્થક બની રહેતી નથી. તેમાં જેમ જેઠુરની દુખતી નસ મોહિની બને છે. તેમ અહીં કિસનની દુખતી નસનું કારણ રૂપા બને છે. કિસન કોણ છે તે નંદલાલને કેમ મારવા ઈચ્છે છે ? આ રહસ્યસ્ફોટ લેખક તરત જ બીજા જ પ્રકરણમાં કરી આપે છે. જેને કારણે આગળ શું થશે ? તે જાણવાની વાચકની તીવ્ર ઈચ્છા સમી જાય છે. જો લેખકે આ રહસ્ય અંત સુધી છુપાવી રાખ્યું હોત તો આ રહસ્યપણ કથાનું સૌથી મોટું અને રસપ્રદ રહસ્ય બની શકત. જેથી કથાની રોચકતામાં પણ વધારો થાત. અન્ય નાના રહસ્યો પણ કથામાં આલેખિત છે. નંદલાલની મેડીની સામેના ખંડેરને રહસ્યમય સ્થળ તરીકે દર્શાવવામાં આવે છે. કિસન એ ખંડેરને જોયા કરે છે. અને ખંડેરને જોતા જ તેની આંખોમાં વમળ સર્જાય(રચાય) છે. આ ખંડેર સાથે કિસનનો શો સંબંધ હશે ? એવો રોચક પ્રશ્ન ઊભો થાય છે. પરંતુ શાંતિલાલના ભૂતકાળનું પૂરેપૂરું ઉલ્લેખન કરી લેખક તેનો ઉત્તર પણ તરત જ ભાવકને પ્રસ્તુત કરી આપે છે. ઉપરાંત, નંદલાલનું તો વ્યક્તિત્વ જ રહસ્યમય રહ્યું છે. તે શું વિચારે છે ? શું કરવા માંગે છે ? શા

માટે કરે છે ? તેનો ખ્યાલ વાચકને, તેના પરિવારના સભ્યોને કે ગામ લોકોને પણ આવી શકતો નથી. બીજા પ્રકરણમાં જ નંદલાલ પોતાના પુત્ર મનસુખને કોઈ ખાનગી કામ માટે બોલાવે છે. આ ખાનગી કામ કયું હશે ? તેની ધારણા ઘરનું કોઈ અન્ય સભ્ય કે ચોવીસ કલાક નંદલાલ સાથે કામ કરતો કિસન પણ કરી શકતો નથી. કથામાં આગળ વધતા અંતુનો કાગળ, તેનું ઘરે પરત ફરવું, નંદલાલના વિચારોનું વમળ, બધાને સરખે ભાગે મિલકત આપવાનો નિર્ણય, રૂપા અને કિસનને પરણાવવાનો નંદલાલ નો વિચાર - આ દરેક ઘટનાઓ જોવા મળે છે. નંદલાલ એક પછી એક તેણે લીધેલા નિર્ણયની સ્પષ્ટતા કરે છે. પરંતુ અચાનક નંદલાલ આવા નિર્ણયો કેમ કરી રહ્યો છે ? તે રહસ્ય તો કથાના અંત સુધી અંકબંધ રહે છે. આ ઉપરાંત જીલુ ખાચર અને વાસ્કૂરની લડતમાં જીલુ ખાચરનો દુશ્મન સુરંગ ધાધલ નંદલાલ સમક્ષ વાસ્કૂરનો પક્ષ રાખી તેને ન્યાય આપવાની રજૂઆત કરે છે. ત્યારે પણ નંદલાલ સ્પષ્ટ 'ના' કહી દે છે. "આમાં મને માફ કરો....હું કુટુંબના ઝગડામાં પડવા નથી માગતો...આ તો અંદરો-અંદર નો ઝઘડો છે. આમાં તો વડીલ જ સલાહ આપી શકે."[૨] તેના આટલા વિવેકભર્યા જવાબમાં અસલ નંદલાલનું તો વ્યક્તિત્વ દેખાતું જ નથી, બધી મોહ-માયા છોડી દીધી હોય, સન્યાસી થઈ જવું હોય એ મુજબ તો વર્તન-વ્યવહાર જણાય છે. આખરે કથાના અંતે પોસ્ટમોર્ટમનો રિપોર્ટ તથા તેણે લખેલો પત્ર જ તેના બદલાયેલ વર્તનનો કોયડો ઉકેલી આપે છે. નંદલાલની કેન્સરની બીમારીએ તેના સ્વભાવને અને તેના જીવનને બદલી નાખ્યું હતું. આમ, નંદલાલના પત્ર તેમજ તેમાં તેની આ ભયંકર બીમારી ની સ્પષ્ટતા દ્વારા ભાવક અને તેના પરિવારના સભ્યો સમક્ષ નંદલાલના બદલાયેલ વર્તન પાછળના કારણને સાથે સાથે તેના મોતના અસલ કારણ પરથી પણ પડદો ઊઠે છે. આ રીતે આ કથામાં શું ખરેખર નંદલાલ ગોળી વાગ્યા પહેલાં જ મૃત્યુ પામ્યો હતો ? તેને કેવી રીતે મારવામાં આવ્યો હતો ? જો કિસનની ગોળીથી તેનું મૃત્યુ થયું ન હોય તો તેણે કોને માર્યો હતો ? આ રહસ્ય કથાનું મુખ્ય તેમજ રોચક રહસ્ય બની રહે છે. અંતે નંદલાલની આત્મહત્યા તેના રિપોર્ટ અને તેનો લખેલો અંતિમ પત્ર વગેરેનો ઉપયોગ કરી લેખક ભાવકને કથાને અંતે સંતુષ્ટ કરી શક્યા છે.

નંદલાલનો દીકરો અનંતરાય પણ નંદલાલ જેવો થોડો ભેદી જ છે. ગામલોકોની કે નંદલાલના ઘરના વ્યક્તિઓની વાતોથી જાણ થાય છે. કે અનંતરાય ઘર અને સ્થાનકપુર છોડીને ગયો ત્યારે તેણે પિતા સાથે ઝઘડો કરી તેમની(નંદલાલ) સામે છરી ઉગામી હતી, અંતુએ કયા કારણોસર નંદલાલને મારવા છરી ઉગામી હતી. અંતુ વર્ષો પછી કઈ વાતનો ફેસલો કરવા ઘરે પાછો આવ્યો છે? નંદલાલ રાજગઢ જઈ શું જાણી આવે છે ? અંતુનું રાજગઢમાં એવું કયું રહસ્ય છુપાયેલું હતું ? તેણે કયું પરાક્રમ કર્યું હતું કે જેના કારણે નંદલાલનું નાક કપાયુ હોય તેમ નંદલાલ અનુભવે છે. જમૈયો લઈને પિતા પાસે ફેંસલો કરવા ગયેલ અંતુ અચાનક શું જોઈને પાછો ફરી જાય છે ? અંતુના જીવનના આ દરેક પ્રશ્નોના ઉત્તર લેખક તેના ભૂતકાળનું વર્ણન કરી મેળવી આપે છે. અસંસ્કારી ગુંડા જેવો અંતુ જ્યારે સ્થાનકપુર ગામ છોડીને જાય છે ત્યારે અનેક ખરાબ કામ, ખરાબ સોબતો પછી અંતુ માધુરી

નામની છોકરી સાથે પ્રેમમાં પડે છે. માધુરી ટી.બી.થી  પીડાતા અંતુની સેવા કરી તેને આ રોગથી મુક્તિ અપાવે છે. પરંતુ પોતે આ રોગને આમંત્રણ આપી બેસે છે. જો કે તેને ટી.બી. જ છે. તેનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ નથી. મરણ પથારીએ પડેલ પોતાની પત્ની માધુરી માટે અંતુ પિતા પાસે પૈસા માંગે છે. પરંતુ પિતા તેની કોઇ વાત પર વિશ્વાસ કરતા નથી, તેમજ અંતુને માધુરી સાથે મોજ કરવા પૈસા જોઈએ છે તેમ માની બેસે છે. તેથી જ અંતુનો જુનો તામસી સ્વભાવ ફરી ડોકિયું કરવા તત્પર થાય છે.

નવલકથાના શીર્ષકમાં જ કથાની મુખ્ય ઘટના તેમજ મુખ્ય રહસ્ય નિરૂપિત થયું છે. 'ગ્રહણરાત્રી' એટલે નંદલાલના મૃત્યુ વખતની અંધારી રાત્રિ. આ એક રાત્રીની ઘટના જ ખૂબ રોચક રહી છે. આ વરસાદી રાતે રૂપાએ જોયેલું આ સપનું વાસ્તવિક ઘટના સાથે જોડાયેલ છે. બંદૂકનો અવાજ તેને સપનામાં સાંભળ્યો કે ખરેખર બંદૂકમાંથી ગોળી છુટી હતી તે તપાસ કરવા રૂપા સફાળી બેઠી થઈ નંદલાલના ખંડ તરફ આગળ વધે છે. બંદૂકની ગોળી નો એક કડાકો અને વીજળીનો એક કડાકો તેમજ ઘોર અંધકારથી રાત્રી ભયંકર બને છે. આ ભયંકર રાત્રે નંદલાલના ખંડ તરફ જતી રૂપાએ પડછાયો જોયો હતો ? તેને એવું તે શું જોયું કે તેનાથી ચીસ પડાઈ ગઈ ? આ રાત્રે મૂંઝાયેલ અંતુ પિતા પાસે જતા પહેલા કોનો પડછાયો જોઈને પાછો ફરી ગયો ? અંધારી રાત્રે જગદીશ કોને જોઈ ને ડઘાઈ ગયો ? અંતુ, જગદીશ, કિસન, મનસુખ અને રૂપા આ પાંચેય કોઇના ને કોઇના પડછાયા જોઈ ગભરાઈ જાય છે. નંદલાલના મૃત્યુની આ ઘેરી અંધારી રાતમાં જગદીશ, કિસન, મનસુખ, અને અંતુ ચારેય કોઇને કોઇ અર્થે નંદલાલ ને મળવા ઉપડ્યા છે, જેમાં ગોળીનો અવાજ દરેકના હ્રદયમાં ધબકારા વધારી દે છે. આમ, આ રાત્રિ અને ઘટનાનું વર્ણન ખૂબ રોચક અને રહસ્યમય નીવડે છે. અંતે ભાવકને દરેક પરિસ્થિતિના ગૂંચવાડા લેખક ઉકેલી આપે છે.પરંતુ કિસન નંદલાલ ને ત્યાં નોકરી શું કામ કરતો હતો ? તથા નંદલાલે જીલુ ખાચર સાથેના બધા કેસ કેમ માંડી વાળ્યા ? આ બે રહસ્ય ગામલોકો માટે તો રહસ્ય જ રહે છે. તે આ હકીકત જાણી શકતા નથી.

## 'ગ્રહણરાત્રી'માં  ખૂન, આત્મહત્યા, મારામારી, ચોરી, ષડયંત્ર, છળ-કપટ, સંઘર્ષ :

આ નવલકથામાં સ્થાનકપુર ગામનો નિર્દેશ થયેલો છે. અને લેખક જણાવે છે. તે પ્રમાણે સ્થાનકપુર ગામમાં  મારામારીની ઘટનાઓની તો કોઈ નવાઈ જ નથી. સામાન્ય રીતે ખૂન-મારામારીનો પ્રસંગ બને તો આશ્ચર્યજનક સ્થિતિ સર્જાય પરંતુ આ ગામમાં આવી કોઇ ઘટના ન ઘટે તો ગામ લોકો આશ્ચર્યચકિત થઇ જતા. અલબત્ત, આવી ઘટનાઓ કે પ્રસંગો માત્ર વર્ણન પૂરતા જ મર્યાદિત છે. જે કિસ્સા તરીકે ભૂતકાળમાં ઘટી ગયેલ ઘટનાઓમાં કહેવાય છે. કથા દરમિયાન આવી કોઈ ઘટનાનો નિર્દેશ થતો નથી.

નવલકથાની શરૂઆતમાં જ એભલ બોરીચા, દેહા, લઘરો, તળશી-શેઠ વગેરે વ્યક્તિઓના ખૂનના કિસ્સા સાંભળવા મળે છે. આ ઉપરાંત હીરજીએ કરેલ ઘેલાનું ખૂન તેમજ પરસોતમે કરેલું તેની પત્નીનું ખૂન પણ કિસ્સાઓમાં સમાવિષ્ટ છે. લેખક એ જ રીતે સ્થાનકપુર ગામનો પરિચય કરાવે છે કે-સ્થાનકપુર ગામ આખું ખોપી ગામ હતું. ત્યાં ખૂન-ખરાબા, મારામારી, ચોરી-લૂંટફાટ ચાલ્યા જ કરતું. 'સ્થાનકપુરમાં તો જાગે એ જીવે, ઊંઘે એ મરે' આ પ્રકારની કહેવત પડી ગઈ હતી. કોઈ જમીન બાબતે, કોઈ ચોરી કરવા, કોઈ ધંધા માટે એકબીજા સામે મારામારી પર ઉતરી આવે અને ખૂન પણ થઈ જાય.

નંદલાલનું ખૂન થયું છે. તેના ખૂન પાછળના અનેક કારણો અને પાત્રોને લેખક ઊભા કરે છે. પરંતુ અસલમા તે આપઘાતની ઘટના બની રહે છે. નંદલાલ કેન્સરની બીમારી સામે ઘૂંટણ ટેકવા માંગતો નથી. અને જાતે જ ઝેર પી આત્મહત્યા નો રસ્તો અપનાવે છે. આ ઉપરાંત નંદલાલને પોતે ગોળી મારી છે, તેમજ રૂપાના દાદા ને મોતને ઘાટ ઉતારી રૂપા સાથે જીવન કેવી રીતે વિતાવું. આવા વિચારો કરતો કિસન રૂપા સાથે દગો કરવાની ભાવના અને ખૂન કર્યાની સજા ભોગવવા નદીમાં ઝંપ લાવી આત્મહત્યા કરવા જાય છે. પરંતુ પાણીમાં તેને પોતાનો બીજો પડછાયો દેખાય છે જે તેને કહે છે કે 'તારી પાછળ રૂપા પણ આપઘાત કરશે'. અને આમ, રૂપાનો વિચાર આવતા તે આત્મહત્યા કરવાનો નિર્ણય ત્યાગી પોલીસ સ્ટેશન ગુનો કબૂલ કરવા પહોંચે છે.

નવલકથામાં ઘણાય કાવતરા-ષડયંત્રો પણ જોવા મળે છે. પ્રકરણ-૯ માં કિસન જીલુ ખાચરના હથિયારો ચોરવાનું ષડયંત્ર રચે છે. જેમાં તેની યોજના સફળ પણ રહે છે. ષડ્યંત્રો રચવામાં મનસુખની પત્ની પ્રભા આગળ રહે છે. અંતુ પાછો ફરે તો મિલકતમાં આઘા-પાછી થઇ જાય તેથી સસરાની સેવા કરવામાં તે કોઇ કસર રાખતી નથી. કારણ કે અંતુ ઘર છોડીને જતો રહ્યો છે, જગદીશને નંદલાલે રાજકોટ મોકલી દીધો છે. અને તેને કોઈ પુત્ર પણ નથી. પ્રભા એમ માને છે કે પોતાનો પુત્ર ગૌતમ એકલો જ આ બધી જ મિલકતનો હકદાર છે. અચાનક અનંતરાયને પાછો ફરતો જોઈ તેના વિરુદ્ધ જગદીશના કાન ભરે છે. જેથી સામે મિલકત બાબતે જગદીશ દલીલ કરી શકે. અને જગદીશ પિતાનું અપમાન કરે તથા પિતાની આજ્ઞાનું પાલન ન કરે એટલે નંદલાલ તેને પણ મિલકતમાંથી બાકાત કરે. તે અનસૂયા ને પણ ચડાવે છે. તેથી એ અસંસ્કારી વહુ સાબિત થાય. અલબત્ પ્રભાના આ ષડયંત્ર સફળ થઇ શકતાં નથી. જીલુ ખાચર પણ ફોઈ આઈબાની મિલકત ગુમાવી ન બેસે તે માટે વાસ્કૂરની મુલાકાત નકલી આઈબા સાથે કરાવી વાસ્કૂર તેનો પુત્ર નથી એમ સાબિત કરાવી, તેની સાથે છળ-કપટ કરે છે. અને તેને ગામડામાંથી ભગાડી મૂકવાનું આ રીતે ષડયંત્ર રચે છે. અને આ યોજના સફળ પણ થઈ જાય છે. કિસન દ્વારા રચાયેલ નંદલાલને મારવા માટેનું ષડ્યંત્ર તો કથાનું મુખ્ય કેન્દ્ર બની રહે છે.

અહીં ચોરી જેવા સાહસભર્યા ગુનાહિત કાર્યો પણ જોવા મળે છે. શરૂઆતમાં સ્થાનકપુર ગામના પરિચયમાં હરિચંદ શેઠના ત્યાંથી ચોરીના પ્રસંગથી માંડીને કથામાં જીલુ ખાચરને ત્યાં કિસને કરેલી હથિયારની ચોરીનો ઉલ્લેખ જોવા મળે છે. જીલુ ખાચરને ત્યાં કિસન દ્વારા હથિયારની ચોરીની ઘટના રસપ્રદ રહી છે. કિસને સાડી પહેરી હોવાથી તેને જીલુ ખાચરની કામવાળી જંબુ સમજી ગોથો ખાઈ જાય છે. અને આ 'જબૂડી'ને 'સાળીને નિરાંત જ નથી.' - તેમ કહી વાત પડતી મુકાય છે. છેવટે કિસન ચોરી કરવામાં સફળ રહે છે. આ રીતે આ ઘટનાઓનું આલેખન રસપ્રદ બની રહ્યું છે.

આ કથામાં સંઘર્ષનું તત્ત્વ પણ જોઈ શકાય છે. બાહ્ય સંઘર્ષની સાથે આંતરિક સંઘર્ષ પણ એટલી જ તીવ્રતાથી રજૂ થયો છે. કિસન રૂપાને ખરા હૃદયથી ચાહે છે. પરંતુ પિતા સાથે થયેલા અન્યાયનો બદલો લેવા ઘણીવાર તે પ્રેમથી દૂર રહેવા માગે છે. તો કેટલીકવાર પ્રેમ ખાતર બદલો લેવાની ભાવનાને ભ્રમ સમજવા મથે છે. પ્રેમ અને વેર વચ્ચે તેનું મન સંઘર્ષ કરે છે. છેવટે નબળી ક્ષણ આવી જાય છે. અને તે નંદલાલને ગોળી મારવાનું સાહસ કરી બેસે છે. નંદલાલના મનનો સંઘર્ષ પણ અંતે તેને જ લખેલા પત્રમાં જોઈ શકાય છે. તે ઘરના દરેક સભ્ય માટે વિચારે છે. સરખે ભાગે મિલકત આપે છે. અન્યાયનો ભોગ બનેલા કિસન ઉર્ફે મુકુન્દ ને પણ ન્યાય કરે છે. પરંતુ રૂપા ને બાદ કરતા ઘરનું કોઈ પણ વ્યક્તિ નંદલાલને સમજી શકતું નથી. બધા તેની મિલકતના ભૂખ્યા છે. આ ઉપરાંત નંદલાલ અને જીલુ ખાચરની તકરાર દર્શાવાઈ છે. તેમાં જીલુ ખાચર નંદલાલને બે વખત મારવાના પ્રયત્ન કરી ચૂક્યો છે. નંદલાલ અને અંતુ વચ્ચે પણ માધુરી બાબતે, પૈસા બાબતે ઉગ્ર બોલા ચાલી થાય છે. તે પહેલાં પણ અંતુ પિતા સાથેના ઝઘડામાં તેને મારવા માટે તૈયાર થઈ જાય છે. તથા જગદીશની નંદલાલ સાથેની મિલકત અંગે દલીલબાજી વગેરે જેવા પ્રસંગોમાં બાહ્ય સંઘર્ષ પણ જોવા મળ્યો છે.

## 'ગ્રહણરાત્રી'માં પ્રણય :

આ કથામાં વધુ નહીં પરંતુ થોડું ઘણું પ્રણયનું તત્ત્વ પણ વણી લેવામાં આવ્યું છે. કિસન અને રૂપાનો પ્રણયસંબંધ અહીં નિર્દેશિત છે. પરંતુ આ પ્રેમ કથામાં ઉપસી આવતો નથી. છતાં કિસનની માનસિક પરિસ્થિતિમાં તેમજ તેના ઈરાદાઓના બદલાવમાં ક્યાંક ને ક્યાંક રૂપા સાથેનો તેના પ્રેમ કારણભૂત બને છે. નંદલાલને ન મારવાના વિચારો. રૂપાને કારણે જ આવે છે. નંદલાલને ગોળી માર્યા પછી આપઘાત કરવાના વિચારો રૂપાને કારણે જ આવે છે. અને આપઘાત કરવાનું માંડી વાળવાનું કારણ પણ રૂપા જ બને છે. નંદલાલ રુપાના દાદા છે. અને તેની પર ગોળી ચલાવવાના ગુનાહિત કાર્ય નો ડંખ તેને સતાયા કરે છે. છેવટે ગામલોકોને  કહેવા પ્રમાણે પશ્ચાતાપ રૂપે તે જાતે જ હાથ પર ગોળી ચલાવી પોતાનો જમણો હાથ ગુમાવી સજા ભોગવે છે.

આ ઉપરાંત અંતુ અને માધુરીના પ્રેમનું આલેખન પણ અંતુનાં ચરિત્ર-ચિત્રણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ગામ છોડીને ગયેલા વ્યસની અને ગુંડા અંતુ સાથે માધુરી પૂરેપૂરી વફાદારી નિભાવે છે. માધુરી જેવી કેટલીય છોકરીઓ સાથે અંતુએ મોજશોખ કર્યા છે. દારૂ-સિગરેટ પીને આડા-અવળા કામ કરતાં અંતુને માધુરીનો પ્રેમ સારા રસ્તે ચડાવે છે. માધુરીનું પ્રેમ તેનું જીવન બદલી નાખે છે. ટી.બી. જેવા ભયંકર રોગ સામે અંતુ કરતા વધુ માધુરી લડે છે. રાત-દિવસની સેવા કરી તેને સ્વસ્થ કરે છે. આખરે અંતુ લગ્ન કરી માધુરીને પોતાની પત્ની બનાવે છે. પરંતુ માધુરી જ્યારે મરણ પથારીએ પડે છે ત્યારે તેના ઈલાજ માટે પોતાનું સ્વાભિમાન, અહંકારને ત્યાગી અંતુ પણ તેના પિતા નંદલાલ પાસે પૈસા માંગવા આવે છે. નંદલાલનો નકારો સાંભળી તે માધુરીની ચિંતાને કારણે તેની સામે લડવા પણ તૈયાર થઈ જાય છે. આમ, માધુરી અને અંતુનો પ્રેમ પણ કથામાં નોંધપાત્ર બની રહે છે.

આ ઉપરાંત પથુભાના પરિચય અને કાસમ જમાદારની વાતો પરથી તેની હવસવૃત્તિ નજરે પડે છે. નંદલાલના મૃત્યુ કેસ વખતે રૂપાની પૂછપરછનો સમય આવતા કાસમ રૂપાનું રૂપ જોઈને કહે છે - "આ રૂપા.... અમથી તો પોલીસવાળા ને જોવાય ન મળે..... પણ અત્યારે જો પથુભા હોત !"[૩] આમ અહી પરોક્ષ પાત્ર પથુભા ફોજદારના વ્યક્તિત્વનો ઉલ્લેખ કરતાં કહે છે. પથુભા મોટી ઉંમરનો પણ રસિયો જીવ હતો. લક્ષ્મી ખૂન કેસમાં તેની જુવાન દીકરી સવિતાની પુછપરછ માટે તેને થાણે ઉપાડી લાવ્યો હતો. આમ, રૂપાના રૂપને જોઈને પથુભાનું ચરિત્ર જાણે કાસમમાં પ્રવેશી જાય છે. આ બાબતમાં નંદલાલ પણ પોતાની જવાની ખૂબ જ રંગીન જીવન જીવ્યા છે. અંતુ અને માધુરીની વાત વખતે નંદલાલના ભૂતકાળના આલેખનમાં તેની જવાનીના રંગીન મિજાજને પણ વર્ણવવામાં આવ્યો છે. નંદલાલ અને ટપુ ખાવડ વરસાદી તોફાનને કારણે રતન નામની વિધવા સ્ત્રી ના ખેતરમાં એક રાત રોકાયા હતા. "પણ એ એક રાત નો સ્વાદ એવો તો દાઢમાં રહી ગયો કે, નંદલાલ પછી કેટલી વાર રાત્રે એકલો ઘોડી પર ત્યાં પહોંચી જતો હતો. અને રતન નંદલાલ ની જિંદગી માં જડાઈ ગઈ હતી..... એના માટે એના દીકરાઓ માટે તો નંદલાલે નવું ગામ વસાવ્યું હતું-માનગઢ."[૪] જોકે તેની ઈચ્છા તો ગામનું નામ રતનગઢ રાખવાની હતી. નંદલાલ સ્ત્રી-પુરુષના આડસંબંધોને ખોટા નથી માનતો પરંતુ તેની જાહેરાત ન થવી જોઈએ તે માનતો હતો. તે કહે છે કે "પુરુષ અને સ્ત્રી, એ તો જાણે સંતાકૂકડીની રમત છે."[૫]

આમ, અહીં અમુક પુરુષ પાત્રોના રંગીન મિજાજ અને તેમની હવસવૃતિ તથા એવા જ વિચારો નો નિર્દેશ પણ થયો છે.

## 'ગ્રહણરાત્રી'માં વર્ણન :

મોટાભાગની લોકપ્રિય નવલકથાઓમાં વિસ્તૃત વર્ણન જોવા મળે છે. કોઈ પણ સ્થળ, પાત્ર, કે વાતાવરણનું વર્ણન એવી વિસ્તારિત રીતે દર્શાવાય છે કે વાચક તેને કલ્પી અને અનુભવી શકે છે. પરંતુ અહીં લેખક ફક્ત સ્થાનકપુરના વર્ણનો વિસ્તારિત રીતે રજૂ કરે છે. કથા થોડીક રસિક બની હોય તેવામાં વારંવાર સ્થાનકપુરના લાંબા વર્ણનોને કારણે થતો હસ્તક્ષેપ કથાની ગતિને અવરોધે છે. અને કથા કંટાળાજનક લાગવા માંડે છે. તેઓ વારંવાર આ ગામ વિશે તથા તેના રહીશો વિશે તેમજ ભૂતકાળમાં બનેલી ઘટનાઓ વિશે એકની એક વાત શબ્દો બદલીને કહ્યા કરે છે. શરૂઆતમાં જ ગામના બદલાયેલ રૂપનું વર્ણન જોઈએ : "ગામની આથમણી દિશા એ અત્યારે ત્રણ સોસાયટી થઈ ગઈ છે. ત્યાં હરિયાળી વાડીઓ હતી. મોહના વાઘરીના ઢીકવા ને ઘમરોળીને અત્યારે રાજકોટની સડક અજગર જેમ ચાલી જાય છે. એનું નામો-નિશાન એ વખતે ન હતું. ગ્રીડના થાંભલા ન હતા, વાડીઓમાં એન્જિન ન હતા, મહેતા એન્ડ સન્સનું જીન ન હતું. ગામની આથમણી દિશા એ વખતે હરીભરી હતી. પણ મૂંગી હતી. આટલો કોલાહલ નહોતો."[૬] ઉપરાંત, રૂપાનું સપનું 'બંદૂક-કિસન-બંદૂકનો અવાજ, અંધારી રાત' તેને લેખક હકીકત સાથે જોડીને નંદલાલના મૃત્યુની એ રાત માં થયેલો બંદૂકનો અવાજ, વીજળીના ઝબકાર, પગલાઓની આહટ, માણસના પડછાયા, ચૂપચાપ થતી દોડાદોડી નંદલાલના ઓરડાનું દ્રશ્ય અને રૂપાની ચીસ. આ દરેક બાબતને ઘટના રૂપ આપી લેખક વિસ્તૃત અને રોચક રીતે વર્ણવી શક્યા છે.

આ ઉપરાંત પાત્રની મનોસ્થિતિ તેમના શારીરિક હાવભાવ પરથી વર્ણવવામાં આવી છે. રૂપા પોતાના મનની મૂંઝવણ કિસન સમક્ષ રજૂ કરવા જાય છે. ત્યારે તે વધુ બોલી શકતી નથી. પરંતુ તેના મનની ગભરાહટ તેના હાવભાવ પરથી ખ્યાલ આવે આવી શકે છે. "હું જાઉં છું પણ એક વાત સાંભળી લો. એ વાત કહેવા જ હું સવારે આવી હતી. રૂપા આવેશથી કંપવા લાગી એના હોઠ ધ્રુજવા લાગ્યા. નાક ફૂલી ગયું. અવાજ તરડાઈ ગયો. 'તમે......તમે હવે મને આંખમાં આંસુ ઉભરાઈ ગયા અને ગળું રુંધાઈ ગયું."[૭]

## 'ગ્રહણરાત્રી'માં ભાષા :

આ નવલકથામાં સીધી સરળ અને સ્પષ્ટ ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેથી સામાન્ય ભાવક સરળતાથી કથાને સમજી શકે છે. અહીં ફિલસૂફી વાક્યો પણ ઘણીવાર જોવા મળે છે. જેમકે કિસન અને મહેન્દ્ર વચ્ચેની મુલાકાત સમયનું એક વાક્ય જોઈએ : "માણસ જ્યારે એકલો હશે, ત્યારે ઘણીવાર એ રડવાનું છુપાવી રહ્યો હોય છે."[૮] "ફૂલ તે વળી આમ ખીલતું હશે ? મંદમંદ હવા આવતી

હોય, ઝાકળની ભીની ભીની ફૂંક લાગતી હોય, સવારનાં સૂર્યકિરણોનો આછો આછો સ્પર્શ થતો હોય, ત્યારે અર્ધભાનમાં અર્ધઘેનમાં ફૂલની પાંખડીઓ ખીલે છે."[૯] આ વાક્યમાં ફિલસૂફીની સાથે સાથે પ્રતિકાત્મકતા પણ જોવા મળે છે. અહીં ફૂલના સંદર્ભ દ્વારા દિલની વાત કરવામાં આવી છે.

આ ઉપરાંત પ્રતિકાત્મક ભાષાના અન્ય ઉદાહરણ જોઈએ : પ્રથમ પ્રકરણમાં કિસન નંદલાલના ચહેરાનું વાંચન કરે છે. "એ ચહેરો ગૂંચળું વળેલા નાગ જેવો કરડો લાગતો હતો."[૧૦] તથા ખંડેરના વર્ણન સમયે લેખક કહે છે."ખંડેરની આજુબાજુ બધે જુના બંધ મકાનો હતા. વચ્ચે વિધવાના લલાટ જેવું કોર, નિસ્તેજ ખંડેર ઉજ્જડ પડ્યું હતું."[૧૧]

પ્રકરણ  છમાં રૂપા પોતાની મૂંઝવણ અને તેની કફોડી હાલત કિસન સામે વ્યક્ત કરતાં કહે છે.- "પાણી ઉપર તણખલા જેવી હું છું. આમથી હડસેલાઉ છું અને આમથી પણ હડસેલાઉ છું."[૧૨]

પ્રકરણ સાતમા લેખક રૂપાને કિસનની કલ્પના દ્વારા કલામય પ્રેમની દેવીની મૂર્તિનું પ્રતીક બતાવે છે. મહેન્દ્ર દ્વારા કહેવાયેલી વાર્તામાં રાતના અંધકારમાં શિલ્પી યુદ્ધના દેવની ભયાનક મૂર્તિ બતાવે છે. પરંતુ દિવસના પ્રકાશમાં શિલ્પીને કમનીય, કલામય, પ્રેમની દેવીની મૂર્તિ નજરે પડે છે. આ પરિસ્થિતિને લેખક કિસનની પરિસ્થિતિ સાથે પ્રતીકાત્મક રીતે સરખાવી આપે છે. તે પણ નંદલાલની હત્યાનું ભયાનક કામ કરવા માંગે છે. પરંતુ રૂપા સાથે પ્રેમ કરી બેસે છે.

આ નવલકથામાં અલંકારયુકત શબ્દો, વાક્યનું પણ આલેખન જોઈ શકાય છે.

"સ્થાનકપુર, બખોલમાં લપાઈ ગયેલ કુતરા જેમ (ઉપમા અલંકાર), ચૂપચાપ ભીંજાતું હતું."[૧૩]

"કેટલીક આંખો એકસાથે નંદલાલ ઉપર ખીલા જેમ જડાઈ ગઈ."[૧૪]

"સ્થાનકપુરની ધરતી જાણે (ઉત્પ્રેક્ષા) હાલકડોલક થઈ ગઈ."[૧૫]

"નંદલાલના ખૂનની વાત વીજળીના કડાકા જેમ (ઉપમા) સ્થાનકપુરમાં ગગડી ઉઠી."[૧૬]

આ ઉપરાંત અમુક પ્રકારના સંવાદ રોજિંદા જીવનમાં વપરાતા હોય તેવા રસપ્રદ જણાય છે. નંદલાલ જ્યારે અંતુ સહિત બધાનું વિચારીને મિલકતની વાત કરે છે. ત્યારે પ્રભા તેના પતિ સાથે ઝઘડો કરે છે.- "તમને તો કશો વાંધો દેખાતો જ નથી કારણ કે તમારામાં કોઈ દમ નથી, પણ બાપાએ આ જ બધું મેદાન મોકળું કરી નાખ્યું, સમજ્યા ? પણ તમને નહીં સમજાય. ક્યાંથી સમજાય? પણ સાંભળી લો, હું આવો અન્યાય સહન કરવાની નથી. તમારે તમારા બાપા ની ગુલામી કરવી હોય તો કરો હું મારા પિયર ચાલી જઈશ."[૧૭]

"તમારા જેવા સાથે મને પરણાવી એના કરતા કો'ક કૂવામાં નાખી દીધી હોત તો સારું હતું. ત્યારથી આખા ઘરનો ઠસરડો કરું છું. જગદીશભાઈને અનસુયા ભાભી રાજકોટમાં ગાડીમાં ફરે છે. અંતુભાઈ આજ સુધી.......જવા દો, તમારામા બાપા સામે ઊંચું ઉપાડીને જોવાની ત્રેવડ નથી."[૧૮]

આ નવલકથામાં ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય એટલે કે અંગ્રેજી ભાષાના શબ્દો તથા વાક્યો પણ કોક ઠેકાણે જોવા મળે છેઃ કોર્ટ, હાઈ કોર્ટ, ડાયરેક્ટ, રીક્રુટ, ચાર્જ, રિવોલ્વર, ઇન્સ્પેક્ટર, સ્ટેટમેન્ટ,

પોઝિશન, લાઇસન્સ, રિપોર્ટ, એલર્ટ, વાઈન વગેરે... તેમજ ઉપરાંત, "મેમોરેન્ડમ ઓફ અ પોસ્ટમોર્ટમ એકઝામીનેશન હોલ્ડ એટ સ્થાનાક્પુર ડિસ્પેન્સરી ઓન ધ ડેડબોડી ઓફ... જેવા વાક્યપ્રયોગ આલેખિત છે.

અંગ્રેજી ભાષા ઉપરાંત હિન્દી, મરાઠી, બંગાળી અને ઉર્દૂ-ફારસી શબ્દો પણ જોઈએ :

ભાગ જાના, લે ગયા, કામ કરવાયા (હિન્દી)

કાઇ ઝાલા, કુઠે ગેલા (મરાઠી)

જખન રાબો ના....આમી દિન હોલે અબશાન (બંગાળી)

ખોજો, તમન્ના, ખૂન, ઉલઝન (ઉર્દુ-ફારસી)

અહીં કહેવતો તથા રૂઢીપ્રયોગો પણ ખપમાં લેવાયા છે :

રૂઢીપ્રયોગ-આભા બની જવું, ભીનું સંકેલાઈ જવું.

કહેવત : રૂપિયો લોદો એમાં ગાંધીનો શું વાંક ?

: સાઠી બુદ્ધી નાઠી

: જેની બીક હોય તે સામે આવી ને ઉભો રહે ?

: કૂટવામાં ભગલો અને જમવામાં જગલો

: ભેંશ ભાગોળે, છાશ છાગોળે

: પ્રારબ્ધ સામે પુરુષ લાચાર

: બધી વસ્તુ એક ત્રાજવે ન તોળાય

ટૂંકમાં એમ કહી શકાય કે નવલકથા લોકપ્રિય બને તેમજ કથાને લોકો સરળ, સહજ અને પ્રવાહી રાખી છે.

**મર્યાદા :**

લેખકનો વારંવાર થતો હસ્તક્ષેપ એ મોટી મર્યાદા સમાન છે. તે વારંવાર સ્થાનકપુર ગામ વિશે તથા તેના રહીશો વિશે એક જ વાત શબ્દો, વાક્યો બદલીને કહ્યા કરે છે. સ્થાનકપુર ગામ ખોપી છે. અહીં મારામારી ને ઝઘડા જ થતા હોય, અહીં સુવે તે મરે, આ ધરતીને શ્રાપ છે, અહીં કોઈનું ભલું ન થાય, અંતિમ પૃષ્ઠ પર પણ- "અહીં સગ ચડશે, ને મોરાશે.... પોતાના હશે એ જ પછાડશે...." વગેરે જેવી સ્થાનકપુર ગામ વિષયક વાતો કથાની વચ્ચે વચ્ચે ચાલુ જ હોય છે. જે કથાને કંટાળાજનક બનાવે છે.

## ઉપસંહાર :

આમ, લેખકના મુખે કહેવાતી આ કથામા રહસ્ય, ખૂન, ચોરી, ષડયંત્ર, સંઘર્ષ, પ્રણય જેવા રોચક લોકપ્રિય તત્ત્વો રહેલા છે. પરંતુ તેની સાચવણી કે માવજાત કરવામાં થોડી કચાસ જણાય છે. એક નંદલાલના વ્યક્તિત્વ અને તેના મૃત્યુના રહસ્યને કારણે નવલકથાનો અંત ખૂબ રસપ્રદ રીતે આલેખિત થયો છે. બાકી આરંભ અને મધ્યમાં લેખકની ઉતાવળને કારણે ભાવકની ઉત્સુકતા જળવાઇ શકી નથી. તેથી આ નવલકથા સમય પસાર કરવા માટેની લોકપ્રિય નવલકથા બની રહે છે. 'ઓથાર' કે 'પીળા રૂમાલની ગાંઠ' જેવી અતિપ્રિય તેમજ વાચકને કથામય બનાવનારી આ કૃતિ જણાતી નથી. છતાં તેના શીર્ષકની સાર્થકતા કરતો કથાનો અંત વાચકને જકડી રાખવામાં સફળ થયો છે. તેમ કહી શકાય.

## પાદટીપ :

૧. 'ગ્રહણરાત્રી', મોહમ્મદ માંકડ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ : ૨૦૦૫, પૃ. ૧૦૭
૨. એજન, પૃ. ૮૬
૩. એજન, પૃ. ૨૦૦
૪. એજન, પૃ. ૧૫૬
૫. એજન, પૃ. ૧૫૭
૬. એજન, પૃ. ૦૩
૭. એજન, પૃ. ૬૩
૮. એજન, પૃ. ૪૮
૯. એજન, પૃ. ૨૩
૧૦. એજન, પૃ. ૧૨
૧૧. એજન, પૃ. ૧૫
૧૨. એજન, પૃ. ૬૩
૧૩. એજન, પૃ. ૧૭૯
૧૪. એજન, પૃ. ૧૮૯
૧૫. એજન, પૃ. ૧૯૧
૧૬. એજન, પૃ. ૧૯૧
૧૭. એજન, પૃ. ૭૯
૧૮. એજન, પૃ. ૪૧

## ૩.૭ : 'શોધ-પ્રતિશોધ'

- **મહેશ યાજ્ઞિક**

લોકપ્રિય લેખક તરીકે ઓળખાતા તેમજ એલ.આઇ.સી.ઓફ ઈન્ડિયા સાથે શ્રેણી સહાયક તરીકે સંકળયેલા અમદાવાદના મહેશ યાજ્ઞિકની લેખન કારકિર્દી ટૂંકીવાર્તાઓથી પ્રારંભ થઇ હતી. તેમણે ૧૯૯૮માં 'ખેલંદો' નામની પહેલી નવલકથા લખી. 'શોધ-પ્રતિશોધ' એ તેમની બીજી નવલકથા છે. આ ઉપરાંત તેમણે 'રેશમ ખંડ ૧-૨', 'છળકપટ ૧-૨', 'પ્રેમપ્રપંચ', 'વેરશિખર ૧-૨' તેમજ 'વંશવિચ્છેદ' વગેરે જેવી અન્ય નવલકથાઓ પણ આપી છે. તેમની પહેલી નવલકથા 'ખેલંદો' એ સતત ૫૭ હપ્તા સુધી લાખો વાચકોને જકડી રાખવામાં સફળ રહી .

મહેશ યાજ્ઞિકકૃત 'શોધ પ્રતિશોધ'ને લોકપ્રિય નવલકથા તરીકે તપાસવાનો ઉપક્રમ અહીં રહેલો છે. જેની પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર ૨૦૦૨ માં પ્રગટ થઇ હતી. ૫૧ પ્રકરણ ધરાવતી આ નવલકથા ૫૧ હપ્તામાં સુરતના દૈનિક 'ગુજરાતમિત્ર'માં પ્રકાશિત થયેલી એક ધારાવાહિક નવલકથા છે. જે બે ભાગમાં તેમજ ૯૦૩ જેટલી પૃષ્ઠ સંખ્યામાં વિસ્તાર પામી છે. પ્રસ્તુત નવલકથાને લોકપ્રિય નવલકથા તરીકે તપાસતા પહેલા તેનું કથાનક જોઈએ.

### કથાનક :

૩૧ વર્ષની ઉંમર ધરાવતો અને ૨૫ વર્ષીય દેખાવ ધરાવતો આકાશ જરીવાલા આ નવલકથાનો કથાનાયક છે. દિવાળીની રાત્રે તે સુરત એટલે કે પોતાનું ઘર છોડે છે. રાજા જેવી સાહેબી છોડીને આકાશ ગૃહત્યાગ કેમ કરે છે ? એ પ્રશ્નનું રહસ્ય કથાના અંતભાગ સુધી લેખકે જાળવી રાખ્યું છે. વાર્તાનાં આરંભ દક્ષિણ ભારતના ઊટાકામંડ-ઊંટી તરફથી થાય છે. કથાનાયક આકાશની માતા લેડી-લીલાવતી જેવું જાજરમાન પાત્ર જાણે લેખકની સામે પડકાર ફેંકીને ઊભું છે. તેમને પાંચ સંતાનો છે. વિશાલ, સાગર, શ્યામ, તન્વી અને આકાશ. આકાશ સૌથી નાનો પરંતુ દરેક મુશ્કેલીઓનો સામનો કરી શકે, દરેક પડકારને પહોંચી વળે તેવો સમર્થ નાયક છે.

ઊંટીની વાત કરીએ તો ત્યાના મહારાજા ઇન્દ્રદેવ વડિયારની પુત્રી ચિત્રા વડિયાર અને પતિ રાજારાવ સિંધિયા છે. આકાશને સૌથી વધુ મદદરૂપ થનાર પાત્ર કાર્તિક મુદલિયાર છે. જેની નાની

દિકરીને કથાના આરંભમાં  જ આકાશ બે ખતરનાક ગુંડાઓથી બચાવે છે. આવા મુખ્ય તેમજ અન્ય ઘણાય ગૌણ પાત્રોના ટેકે લેખક  પોતાની મુખ્ય કથાને એટલે કે આકાશ શા માટે ગૃહત્યાગ કરી ચિત્રા વડિયાર પાસે જવા માગે છે ? આ મુખ્ય રહસ્યને ઘણાય નાના મોટા રહસ્યો, ઘટનાઓ, પાત્રો સાથે સાંકળીને ઇચ્છિત આકાર(રૂપ) આપે છે.

## પાત્ર પરિચય :

નવલકથાના દરેક પાત્રને લેખકે બરાબર ચમકાવ્યા છે. લીલાવતીના ઘરજમાઈ પરેશ, તુષાર જેવા ડફોળ પાત્રો પણ કથા આગળ વધારવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે રાજેશ રાણાના મૃત્યુ અને આકાશના ગૃહત્યાગના કારણના અંદાજ સુધી તો પહોંચી જ શકે છે. લીલાવતી અને ચિત્રા આમ જોવા જઈએ તો મુખ્ય સ્ત્રીપાત્રો છે. તેમની સુજબુજ, શક્તિ, સમજદારી, ઠસ્સો, રૂઆબ દર્શાવવામાં લેખકે જરાય નમતું નથી મૂક્યું. લીલાવતીનું પાત્ર જાજરમાન દર્શાવ્યું છે. હા, અંતે લેખક તેને બે પળ માટે નીચી કલાનું બતાવે છે. પરંતુ એ જ ઘટનાની આજુબાજુ એક નાનો ખુલાસો ગૂંથીને ફરી એ પાત્રને ઉચ્ચ સ્થાને મૂકી આપે છે. લીલાવતીના એક ઈશારે તેના પાચેય છોકરા શ્યામા, વિશાલ, સાગર, તન્વી અને આકાશ કામ કરતા. તેની એક આંખ ઘરમા તો બીજી બિઝનેસ પર રહેતી. અને બંને ઠાઠથી ચલાવતી. અમુલખ દેસાઈથી થયેલ એક ભૂલની સામે તેની દીકરી શ્યામાના લગ્ન યોજનાપૂર્વક તેના પુત્ર પરેશ સાથે ડીલ કરી દે છે અને તેને ઘરજમાઈ બનાવે છે. પતિ અનંતરાય જરીવાલાના મૃત્યુ પછી પણ તે ડગતી નથી. પરેશની ચોરીઓ પણ તે સહેલાઈથી પકડી પાડે છે.

આ ઉપરાંત લક્ષ્મી જે કથાનું ગૌણ પાત્ર હોવા છતાં ઘણું ઉપસી આવે છે. પોતાની પત્ની અને દિકરીને બચાવી એ આભાર સાથે કાર્તિક મુદલિયાર આકાશને ઘરે રહેવા તો સહેલાઇથી લઈ આવે છે. પરંતુ. તેના વાણી-વર્તન, તેના હાથની વીંટી અને ઘડિયાળ પરથી લક્ષ્મી પકડે છે કે આ કોઈ સામાન્ય માણસ નથી. ચાકોનું પણ એવું જ એક પાત્ર છે. પોતે લીલાવતીના સંપર્ક પણ છે તે વાતની જરાય જાણ આકાશને તેમજ ભાવકને પણ અંત સુધી થવા દેતો નથી. તે હોશિયાર અને ચતુર પાત્ર ઠરે છે. જરીવાલા પરિવારની વહુઓ એટલે કે માનસી, વીણા, સરિતા, તન્વી તુષાર, શ્યામાપરેશ આ પૂરો જરીવાલા પરિવાર, આ બાજુ ચિત્રા વડિયારનો પતિ રાજારાય તેની સાવકી મા સાવીત્રીદેવી, સાવકો ભાઈ જીરાવ, સગી અને લાડકી બહેન વસુધા, કામ કરતા નોકરો જેમકે રસોઈઓ જયરાજ,

ક્લાર્ક રાહુલ વર્મા તેમજ ઇન્સ્પેક્ટર સુબ્બારાવ અને ગોપાલન, નાગરાજ, સેલ્વમ જેવા ગૌણ પાત્રો, પેલી બાજુ આતંકવાદની દુનિયાના ભયંકર પાત્રો ટીંબાલુ, તીર્થરાજ પ્રભાકરન, રંગરાજન તેમજ એશ્વર્યા રાય, કમલકાંત અને નગ્માનો પણ ઉલ્લેખ થયો છે. જૂની મિલમાં કામ કરતો ચાર હજાર બસો એકાવન પગાર લેતો વોચમેન જે નાનામામાનું પાત્ર છે પણ કથાને આગળ વધારવા માટે ઘટનાઓ સાથે તે જોડાયેલ છે.

## 'શોધ-પ્રતિશોધ'માં લોકપ્રિય તત્ત્વો :

આ નવલકથામાં લોકપ્રિયતાના ઘણા તત્ત્વો એવા છે જેને કારણે લેખક વાચકને અંત સુધી જકડી રાખવામાં મહદ્અંશે સફળ રહ્યાં છે. અહીં રોચકતા, કુતૂહલ, જીજ્ઞાશા તેમજ રહસ્યો, સંબંધોની માયાજાળ, લાગણી, પ્રણય, છળ-કપટ, આત્મહત્યા, મારામારી, ખૂન, ચોરી લૂંટફાટ, અપહરણ આ દરેક તત્ત્વોનું મિશ્રણ કરી એક પછી એક નાની મોટી ઘટનાને એકબીજા સાથે સહેલાઈથી જોડી કથાને મુખ્ય ઘાટ આપતા જાય છે. આ ઉપરાંત આ નવલકથા ધારાવાહિક હોવાથી દરેક પ્રકરણનો અંત કુતૂહલભર્યો કરે છે. જેથી વાચકને આગળના પ્રકરણને વાંચવાની, કથામાં હવે શું થશે ? તે જાણવાની તાલાવેલી રહે છે. જેના કારણે નવલકથાની રોચકતા જળવાઈ રહે છે. ઉપર્યુક્ત દરેક લોકપ્રિય તત્ત્વોને કારણે વાચક જ્યારે કથા વાંચે ત્યારે જાણે એની આંખ સામે એક ચલચિત્ર પ્રસ્તુત થઈ રહ્યું હોય તેવો અનુભવ કરે છે. વિસ્તૃત વર્ણનો પર લેખક વધુ ભાર મૂકે છે. જેના કારણે વાચક જે-તે સ્થળ, વાતાવરણ, પરિસ્થિતિ અને સમયનો સાક્ષાત અનુભવ કરી શકે છે. આમ, લેખકની પોતાની અને ભાવકની કલ્પનાશક્તિને આધારે એક વાતાવરણ(વિશ્વ) ઉભું થાય છે.

## 'શોધ-પ્રતિશોધ'માં પ્રતીત થતા રહસ્યો :

નવલકથાના ભાગ-૧ માં આરંભે જ આકાશ કોણ હશે ? ક્યાંથી આવ્યો હશે ? કોની શોધમાં છે ? તેને ઉટીના મહારાજા ઇન્દ્રદેવ વડિયારની પુત્રી ચિત્રા વડિયારને કેમ મળવું હશે ? આ અને આવા અનેક રહસ્યોથી કથા ગૂંથાયેલી છે. દરેક રહસ્ય વાચકના મનમાં અનેક પ્રશ્નો ઉભા કરે છે. જેના જવાબ શોધવા વાચક નવલકથામાં ડૂબતો રહે છે. જોકે, રહસ્યની ગૂંથણી એ રીતે થયેલ છે કે,

વાચક ફક્ત જવાબ શોધવામાં જ નહીં પોતે કરેલી ધારણા સાચી છે કે નહીં તે અંગે પણ આવતા અંકની રાહ જોઇને બેઠા હોય છે. આમતેમ નોકરી શોધતો સામાન્ય હોવાનો દેખાવ કરતો આકાશ, કાર્તિક, મુદલિયાર સાથે શબ્દો ગોઠવીને વાત કરે છે, ત્યાં જ શંકાના બીજ વવાય છે અને આકાશના મનમાં કઈક જુદા જ ષડયંત્રો રચાઇ રહ્યા છે. તેનો અણસાર આવે છે. અને બીજી જ ક્ષણે રહસ્યનો નાનો પડદો ખુલે છે. બે ટંક રોટી અને સુવા માટે જગ્યા માંગનાર આકાશ સુરતમાં અને ગુજરાતમાં જરીવાલા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝની જુદી-જુદી બાવીસ કંપનીઓના કુલ મળીને સાડા ચાર હજાર માણસોના પગારબીલના ચેક ઉપર સહી કરનાર આકાશ જરીવાલા છે. આ સત્ય આંખો પહોળી કરી દે તેવુ એટલે કે આશ્ચર્યજનક છે. આકાશ કયા ઈરાદાથી વડિયાર પરિવારમાં ઘૂસ મારવા માંગે છે. તે રહસ્ય છેક કથાના બીજા ભાગના અંતમાં ઊઘડે છે. આકાશ તેની માતા લીલાવતીના ચારિત્ર્યની શોધમા ગૃહત્યાગ કરે છે. વાચકને તથા પરિવારને લેખક એવો વિશ્વાસ બંધાવે છે કે તેનો માનસી સાથે ઝઘડો થયો તેથી ગૃહત્યાગ કર્યો છે. પરંતુ, ખરેખર આકાશ અસલ પિતાની શોધમાં નીકળ્યો હતો. સૌથી મોટું મુખ્ય અને આંચકો આપે તેવું રહસ્ય - આકાશ અનંતરાય જરીવાલાનો નહીં પરંતુ ઈન્દ્રદેવ વડિયારનો પુત્ર છે. જોકે લીલાવતીનું પાત્ર લેખકની ઉપર જઈને આ બાબતને ખોટી પાડે છે. જેની કબૂલાત લેખકે પ્રસ્તાવનામાં પણ કરી છે. સૌથી મોટા અને મુખ્ય આ રહસ્ય સુધી પહોંચવા માટે ઘણા નાના-મોટા રહસ્યનો પણ સાથ સહકાર નવલકથામાં લેવામાં આવ્યો છે. જેના કારણે કથાવસ્તુ શક્ય બને છે. જેમાં ડોન ટી.બાલુ સાથે આકાશની પહેલી મુલાકાત કથાને વળાંક આપે છે.

કથામાં કાર્તિક મુદલિયારની પત્ની લક્ષ્મી એક બુદ્ધિશાળી પાત્ર સાબિત થાય છે. આકાશની વીંટી અને ઘડિયાળ માટેનું તેનું જે નિરીક્ષણ છે તેના દ્વારા જ તેનો ભાવકને પરિચય થાય છે. અને ભાવક જાણી શકે છે કે આકાશ જે દેખાય છે તે નથી. લક્ષ્મીનું સીધું જ આકાશને પૂછવાથી આકાશ અને તેના પરિવારની થોડી ઘણી માહિતી મળે છે. પરંતુ “તમને એક વિનંતી કે હું મારી આ વાત જ્યાં અટકાવું ત્યાં પ્લીઝ, મને કોઈ પુછતા નહીં.”[૧] આ પ્રકારની આકાશની શરત પુનઃ તેના રહસ્યને સીમિત બનાવી દે છે. આખરે વૃંદાવન જરીવાલા પરિવાર અને વ્યવસાય વિષયક જ માહિતી પ્રાપ્ત થાય છે.

આ નવલકથામાં સૌથી મોટુ, આકાશથીએ વધારે રહસ્યમય પાત્ર જ્હોન ચાકોનું છે. તે એક ન્યૂઝ ચેનલ જેવું કામ કરે છે. દરેક ઘટનાના યોગ્ય સમયે લેખક ચાકો દ્વારા ઘણા બધા પડદા ખોલે છે. એક રાજા થઈને ઇન્દ્રવડિયાર કેમ ઇંગ્લેન્ડ ભાગી ગયો ? એલ.ટી.ટી.આઈ. સાથે તેમનો શો સંબંધ

છે ? કેમ તે લોકો ઇન્દ્રદેવને બ્લેકમેલ કરે છે ? આ દરેક રહસ્યોને વફાદાર ડ્રાઈવર પાસે લેખક એક પછી એક રહસ્ય ઉકેલાવે છે. અપંગ હોવા છતાં ઘરે બેઠા ઝીણામાં ઝીણી માહિતી તેમને પ્રાપ્ત થતી હતી. એલ.ટી.ટી.ઈ.વાળા માણસોમાં ફસાવાનું કારણ ઇન્દ્રદેવની ભ્રમરવૃત્તી હતી. એક વિધવા નાગમતી અને તેની બે દીકરીઓ સાથે તેના બીભત્સ ફોટા અને વિડિયો રંગરાજન નામક પાત્રએ તૈયાર કર્યા હતા.

આ ઉપરાંત, આકાશને જેની જગ્યા મળવાની હતી તે રાહુલ વર્માનું ખૂન, લીલાવતીની દાસી હંસાનો દીકરો ફક્ત ૧૫ વર્ષીય વય ધરાવતો રાજેશ રાણાની આત્મહત્યા પાછળનું કારણ વગેરે રહસ્યમય ઘટનાઓ છે. તેમાં રાહુલ વર્માનું ખૂન અને તેની પાછળની કથા કંટાળાજનક જણાય છે. પરંતુ તેની પાછળ ગોપલરામનું નામ અને રાજા રાવની બેન મારી દેવાનું કાવતરું જોડાય છે. ત્યારે તેની યોગ્યતા સમજાય છે. કથાને એક નવો વળાંક અપાય છે અને તે ફક્ત ઘટના બની રહેતી નથી. રાહુલ વર્માના ખૂનના કેસમાં પણ આકાશ પર શંકા, તેનું પ્રેમ પ્રકરણ, મલ્ટિપ્લેક્સની ભેદી પ્રવૃત્તિ વગેરે જેવી શંકા, રાહુલની ઓરડીમાં મળેલા પાંચ લાખ ક્યાંથી આવ્યા ? રાહુલ રાજા રાવને એકાંતમાં મલ્ટિપ્લેક્સ પર બોલાવવા શું કામ માગતો હતો ? આવા નાના સાસ્યમય પ્રશ્નોની સફર કરાવી લેખક ખરેખરી હકીકત પાસે લઈ જાય છે. આવા નાના-નાના રહસ્યમય પ્રશ્નો પણ વાચકના રસમાં વધારો કરે છે.

લેખક દરેક પ્રકરણના અંતે કંઈક એવી રહસ્યમય ઘટના મૂકી આપે છે. જેથી આગળના પ્રકરણ વાંચવાની તાલાવેલી વાચકને રહે છે. જેમકે, નવલકથાના ભાગ-૨, પ્રકરણ ૨૮ જે રાજારાવની બહેન વસુધાના જીવન આધારિત છે. આકાશ અચાનક રાત્રિના સમય દરમિયાન વસુધાના રૂમમાં બે વ્યક્તિઓના પડછાયા જોવે છે. કોઈને વ્યક્તિઓના હાથ દ્વારા ઝપાઝપી થતી હોય તેવું પ્રતિબિંબ જણાવ છે. આકાશ પોતાની શંકાને વિચારમાં બદલી શકે તે પહેલા તો અચાનક જ એક ચીસ, ગોળીનો અવાજ - ધડામ..., બીજી જ પળે બીજા ધડાકાનો અવાજ બારીના કાચનો ખણણ-ખણણ અવાજ. આકાશ તુરંત જ એ તરફ દોડે છે. ત્યાં જ પ્રકરણનો અંત આવે છે જેથી રૂમમાં શું થયું હશે? કોણે, કોને ગોળી મારી હશે ? કોનું ખૂન ? કોન ગુનેગાર ? વગેરે જેવા રહસ્યો જાણવા માટે જેટલું આકાશનું મન આતુર અને ગંભીર બંને છે તેટલો ભાવક પણ બધુ જાણી લેવા માટે ઉત્સુક બને છે. આટલેથી ભાવકને જકડી રાખવાની તેની તાલાવેલી વધારવાની લેખકની કળા અટકતી નથી. હવે

પ્રકરણ ૨૯ માં લેખક સીધુ જ જરીવાલા પરિવારમાં શરદપુનમની ઉજવણીનો પ્રસંગ શરૂમાં બતાવી વસુધાની રૂમનું રહસ્ય અકબંધ રાખે છે. જેથી ભાવકની તડપ વધે છે. તે રહસ્ય જાણવા, ઘટના જાણવા, વધુ ને વધુ ઉતાવળો બને છે. છેવટે પ્રકરણના અંતે રહસ્યસ્ફોટ થાય છે કે ગોળી ચલાવનાર વસુધા અને ખભા પર ગોળી ઝીલનાર તેનો પતિ વિલાસરાવ હોલ્કર હતો. વળી પાછું એમ થાય કે એવું તો શું બની ગયું હશે કે વસુધાએ ગોળી ચલાવવી પડી ? તેની સ્પષ્ટતા પણ લેખક વાસુધાના મુખે કરાવે છે. તે વાતનો સ્ફોટ કરી વિલાસરાવની માતાની સાથે સાથે ભાવકને પણ લેખક ચોકાવી મૂકે છે. પ્રકરણ ૧૧ માં પણ ચાકો દ્વારા એક બીજું રહસ્ય કહેવડાવાય છે. પરંતુ તે રહસ્ય જ બની રહે છે. આગળ જતાં તે શું હતું તેની સ્પષ્ટતા કરવાનું લેખક કદાચ ભૂલી જાય છે. “રોજ સવારે મહેલમાંથી બેબી અમારા હાઉસ ઉપર દોડતી આવતી હતી. એ વખતે તો....”[૨] આગળના શબ્દો ચાકી ગળી જાય છે. પણ ક્યાં ? તેની જાણ આગળ જતા પણ થતી નથી. ભાગ-૨ પ્રકરણ ૩૫ ના અંત ભાગમાં પણ લીલાવતી માનસીને તાત્કાલિક સુરત કઈ વાત જણાવવા બોલાવે છે ? અને જો એ જાણે છે કે આકાશ ક્યાં છે, તો તેને પરિવારને જણાવ્યું કેમ નથી. વગેરે જેવા રહસ્યમય પ્રશ્નો ઊભા થાય છે.

સૌથી નાનું દેખાતું પણ સૌથી મોટા કાવતરાનો પાયો જ્યાં ઘડાય તે મુખ્ય રહસ્ય ગોલ્ડન બીચ પર નોંધાય છે. ટી.બાલું જ્યારે બીચ પર કબજો કરી લે છે ત્યારે ખતરનાક રિસ્ક ઉઠાવીને આકાશે ટી.બાલું જેવા ભયંકર માણસ સાથે પાંચ મિનિટ સુધી શું વાત કરી ? કથામાં આગળ વધતા ખ્યાલ આવે છે કે આકાશે ટી.બાલુના એક નાનકડા કામમાં મદદ કરી પોતાના મોટા કાવતરાના પરિણામ સુધી પહોંચાડે છે. અને તે મોટું કાવતરુ એટલે ઈન્દ્રદેવ વડિયારને બ્લેકમેલિંગના કારણમાંથી હંમેશ માટે મુક્ત કરાવવા આકાશે. રાજા રાવના ત્યાંથી ૧૩ કરોડ જેવી મોટી ચોરીનું જોખમ કેમ ખેડ્યું ? તે રહસ્ય પણ ટી.બાલુ સાથેની ૧૦ કરી ડની ડિલ વખતે સમજાય છે.

આમ, ઘણાં નાના-મોટા રહસ્ય ઉપર કૂદકા મરાવી લેખક મુખ્ય રહસ્ય સુધી ભાવકને પહોંચાડે છે.

## 'શોધ-પ્રતિશોધ'માં ખૂન, આત્મહત્યા, મારામારી, ચોરી, લૂંટફાટ, એક્શન, ક્રૂરતા, કાવતરા(ષડયંત્રો), છળકપટ, અપહરણ, બ્લેકમેલિંગ :

નવલકથાના ભાગ-૧ માં આરંભમાં જ ઉટીમાં એક નાની છોકરીને બે બાઈક સવારથી બચાવવા માટે આકાશે કુદકો માર્યો. કૂદકો મારતી વખતે તેને પોતાના હાથની બેગ મોટર સાઈકલ ચલાવનાર યુવાનના મુખ(મોં) પર વીંઝી. અહીં લેખક ફુલ એક્શન ઘટનાનું ચિત્રણ કરે છે. આવી ઘટનાઓને કારણે ફિલ્મોની જેમ અહીં પણ વાંચતી વખતે નાયક માટે વાચકના મુખમાંથી 'વાહ...' જેવા શબ્દો નીકળે છે અને વધુ આકર્ષિત થાય છે. આ ઉપરાંત, પ્રકરણ ૧૭ (ભાગ-૧)માં રાજારાવનો ઓરમનભાઈ ગોપાલરાવ જીરાવ રાઇફલના બળે તેમની પાસે સહી કરાવવા માગે છે. ત્યારે આકાશ ધીમે રહીને પાછળના ઓરડામાંથી ડોકિયું કરે છે. વળી, ત્યાં જ પાછો પ્રકરણનો અંત આવે છે. અહીં કુતૂહલ જાગે છે. રાઇફલ માથા પર ટાંકવી, ધમકી આપવી, આકાશનું જ હીરો બની હોકીસ્ટીક દ્વારા જીરાવના માથામાં મારવું વગેરે જેવા એક્શન (ફિલ્મી) સીન કલ્પનાના બળે ઉભા કરવામાં આવ્યા છે. આવી ઘટનાઓમાં વાસ્તવિકતા ઓછા પ્રમાણમાં હોય છે, છતાંય જેમ ફિલ્મ જોવાની લોકોને મજા પડે છે. તેમ નવલકથામાં પણ તેમને આનંદ મળે છે, મજા પડે છે. કથાની વચ્ચે વચ્ચે આવતા પ્રકાશના વાસ્તવિક જીવનના વર્ણનમાં આકાશ અને તેની પત્ની માનસી વચ્ચેના ઝઘડાઓનો નિર્દેશ કરાયો છે. એ પણ કોઈ એક્શનથી ઓછા અંકાય તેવા નથી. જુઓ, થોડો મસાલો, "યુ કાવર્ડ" જેવા ગોલવાડના શબ્દો વાપરતી માનસી અચાનક મહાકાળીમાં પરિવર્તિત થઇ જાય છે અને અણધારી જ આકાશ ઉપર જંગલી બિલાડીની જેમ કુદી, એને લીધે આકાશને ધક્કો લાગ્યો. "....આકાશે તેને શાંત કરવાનો પ્રયત્ન કર્યો પણ માનસી હવે આ પાર કે પેલે પારના મૂડમાં હતી. તેના નખ આકાશની છાતી ઉપર ઉઝરડાય છે. માનસી કહે છે કે 'હું તારું લોહી પી જઈશ' માનસીનો અવાજ ફાટી ગયો હતો. આકાશ એનો હાથ પકડીને રોકે એ અગાઉ સટાક આકાશના ગાલ ઉપર માનસીના આંગળીઓની છાપ અંકાઈ ગઈ."[3] આ પ્રકારે માનસી અને આકાશના ઝઘડાના વર્ણન પણ એક્શનના પર્યાયી રહ્યાં છે.

ચેન્નઈ ગોલ્ડન બીચ ઉપર કમલકાંત - નગમાંનું શુટીંગ અચાનક ધસમસતી બે જીપનું આવવું - ૪૦૦ જેટલા માણસોનું ટીબાલું - અને તેના માણસો દ્વારા અપહરણ - તીર્થરાજ બાલુને છોડાવવા સાથે, સરકાર સાથે ડીલ, બ્લેકમેલિંગ, આ ઘટનાઓને પણ લેખકે અદ્‌ભુત રીતે વર્ણવ્યું છે.

ષડયંત્રોની વાત કરીએ તો અહીં ઘણા બધા કાવા-દાવા ખેલાયા છે. રાજારાવનો સાવકો ભાઇ તેમનો ખૂનપિયાણો બન્યો છે. બધી મિલકત પચાવી પાડવાનો તેનો ઇરાદો છે. તે બે થી ત્રણ વાર રાજારાવ પર હુમલો કરે છે. રાજારાવના ત્યાં જ ટીએસ્ટેડમાં કામ કરતા રાહુલ વર્મા સાથે પાંચ લાખની ડિલ કરી તેને મારી નાખવાનું ષડયંત્ર રચે છે. આ સિવાય એક હુમલામાં તો આકાશ જ તેમને બચાવે છે. વસુધા અને વિલાસ હોલ્કરની ઝપાઝપી, ચાકો પર થયેલો તમિલોનો હુમલો જે સૌથી વધુ ધાતકી અને દર્દનાક જણાય છે. વાચકના રૂવાડા ઉભા કરી દે તેવી ચાકોની ચીસ જાણે ખરેખર વાચકના કાને સંભળાય છે. ગોલ્ડન બીચ ઘટનાનો આકાશ પૂરેપૂરો ફાયદો ઉઠાવે છે અને તે પણ તેના મગજમાં એક મોટા ષડયંત્રની ગોઠવણ કરી દે છે. તે ઘણી ચાલાકીથી ટી.બલુની બહેનનું અપહરણ કરવાનું સાહસ કરે છે અને દસ કરોડમાં ઇન્દ્રદેવને હર હંમેશની મુક્તિના પરિણામ સુધી પહોંચે છે.

શરૂઆતમાં જ પન્નામાં થયેલી ૧ લાખ ૧૦ હજાર હીરાની ચોરી, પરેશ દ્વારા થયેલી ૬૫૧ જેટલી નાનામાં નાની રકમથી માંડી આકાશની ૧૩ કરોડ રૂપિયાની ભવ્ય ચોરીની આજુબાજુ પણ કથાની મુખ્ય ઘટનાઓ ઇચ્છિત આકાર પામે છે. જીવનના અંતિમ સમયે પણ હંસા જેવી સામાન્ય સ્ત્રી ષડયંત્ર રચતી જાય છે. જે કથાનું મધ્યબિંદુ બની રહે છે.

ખૂન અને આત્મહત્યાનો પ્રસંગોનો પણ અહીં નિર્દેશ જોવા મળે છે. રંગરાજનના નાના ભાઈ તથા તેની સાથેના પાંચ માણસોનું શ્રીલંકન સૈનિકો દ્વારા થયેલી હત્યા - તેમાં પણ આતંકવાદીઓના હુમલાઓ જેવું ચિત્રણ થયેલ છે. ત્યારબાદ સી.બી.આઈ.ની રેડ પડતા સાઇનામાઇડની કેપ્સુલ ગળી રંગરાજનની આત્મહત્યા, ઇન્દ્રદેવને જાણતા ઓફિસરનું કાર અકસ્માત દ્વારા કરાયેલું રહસ્યમય ખૂન, ૧૫ વર્ષીય રાજેશ રાણાનું અગ્નિસ્નાન ગ્રહણ કરીને આત્મહત્યા, માનસીનું પ્લેન અકસ્માતમાં થયેલું અનાયાસે કરુણ મોત વગેરે જેવી મૃત્યુ વિષયક કરુણ ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં અમુક ઘટનાઓ તો હૃદયસ્પર્શી બની રહે છે. જેમકે ચાકોના પગ કાપ્યાના પ્રસંગનું વર્ણન હૃદય વલોવી નાખે તેવું કરુણ અને કમકમાટીભર્યું, આંખમાંથી આંસુ વહાવે તેવું છે.

## 'શોધ-પ્રતિશોધ'માં પ્રણય - આકર્ષણ :

અહીં, વસુધા અને આકાશ વચ્ચે પ્રેમ કહો તોય અને આકર્ષણ કહો તોય એ બંને વચ્ચે થતા અમુક સંવાદો, અમુક ઘટનાઓ જેમકે, વસુધાના પગમાંથી કાંટો કાઢતી વખતે પગના સ્પર્શ માત્રથી આકાશ અડધી રાત સુધી તેના વિચારોમાં લીન રહે છે. ફોનની અદલાબદલી કરતા એકબીજાના હાથ અડતા વસુધાની કાયામાં એક ધ્રુજારી વધી જાય છે. પીળી, સફેદ, આસમાની, જાંબુડીયા, આછો ગુલાબી રંગની દરેક પ્રકારની સાડીમાં વસુધાનુ વર્ણન આકાશના મન દ્વારા કરવામાં આવ્યું છે. આવી નાની બાબતો પણ ઘણીવાર વાચકને રોચક લાગે છે, તેના મુખ પર હળવું સ્મિત ફરકી જાય છે, તેના મનને આનંદ મળે છે. કેમકે, મોટાભાગે તેમના વાસ્તવિક જીવનમાં પણ ક્યાંકને ક્યાંક આ રીતની અનુભૂતિ તેમણે કરી હોય છે. આવી પ્રણય - આકર્ષણની ઘટનાઓ બનતી હોય છે. અને ઘણીવાર એ વાંચતા વાંચતા તે પોતાની પાત્રો સાથે અદલાબદલી કરી, વિચારીને મલકાતો હોય છે. આકાશ અને વસુધા વચ્ચેના સંબંધને જે રીતે વર્ણવવામાં આવ્યો છે. એવું વાતાવરણ લેખક આકાશ અને તેની પત્ની માનસી વચ્ચે પણ બતાવી શક્યા હોત. પરંતુ એ બન્ને વચ્ચેના ઝઘડાનું કારણ લેખક પહેલાથી જ સ્પષ્ટ કરી આપે છે. અને જો એ બંને વચ્ચે ઝઘડા ન બતાવ્યા હોત તો પરિવારજનો તેમજ વાચકના મનમાં લેખક એ ભ્રમ ઉભો ન કરી શક્યા હોત કે આકાશના ગૃહત્યાગનું કારણ માનસી છે. અહીં, માનસીનું મૃત્યુ પણ આકાશ અને વસુધાનું મિલન થઈ શકે તે માટે આવેખવામાં આવ્યું હોય તેમ જણાય છે અને છેલ્લે તો એ જ સુખ ભર્યો અંત (Happy Ending) બની રહે છે.

આ સિવાય ઈન્દ્રદેવની સ્રી પ્રત્યેની નબળાઈ તેમજ પરેશનું તન્વી માટેનું આકર્ષણ, સાલી આધી ઘરવાલી જેવા દુષ્ટ (ખરાબ) વિચારો પણ દર્શાવવામાં આવ્યા છે. પણ એ પાત્રના અવગુણ પૂરતા સીમિત રહે છે.

## 'શોધ-પ્રતિશોધ'માં વર્ણન :

લોકપ્રિય નવલકથામાં આવતા વર્ણનો મોટે ભાગે તાદ્સ હોય છે. આ નવલકથામાં તેમજ મોટે ભાગે કોઈપણ નવલકથામાં જગ્યા, વસ્તુ, વ્યક્તિ કોઈપણનું વર્ણન એકદમ ઝીણામાં ઝીણું અને વિગતવાર કરવામાં આવે છે. ઘણીવાર તો ચિત્ર આબેહૂબ આપણી આંખ સમક્ષ ઊભુ થાય છે. અહીં,

ઊંટી છે, ચેન્નઈનો ગોલ્ડન બીચ છે, ત્યાંના રસ્તા, ત્યાંની ગાડીઓનું વર્ણન એવી રીતે કરવામાં આવેલ છે કે વાચક પોતે આપોઆપ રૂબરૂ જે તે સ્થળે પહોંચી - તેનો અનુભવ કરી શકે છે. દરેક પરિસ્થિતિની વિગતવાર માહિતી હોય છે. જેમકે, કથાની શરૂઆતમાં જ, "આકાશ આંખ ઊઘડી એના ઓરડાનું વાતાવરણ, તે કેવી રીતે રસોડામાં ગયો, કેટલું દૂધ પીધું, તેનો રૂમ કેટલા બાય કેટલાનો છે, ટોયલેટ કઈ બાજુ છે, અરે એના પલંગનું માપ પણ લેખક આપે છે. દરેક ઘટના, સમય-સ્થળ સાથે વર્ણવાય છે. જેથી વાચક કથાની દુનિયામા આપોઆપ પહોંચી જાય છે.

**વૃંદાવન દાસ જરીવાલાની કોઠીનું વર્ણન :**

"બારીઓ માટેના કાચ અને ઝુમ્મરો બેલ્જિયમથી આવ્યા. ઈટાલીથી માર્બલ આવ્યો. અઢી વર્ષ સુધી રાઉન્ડ ધ ક્લોક કામ ચાલ્યું. એ પછી જે મહેલ ઊભો થયો એનું નામ પણ 'વૃંદાવન' રાખવામાં આવ્યું. આજુબાજુના ગામથી લોકો દૂર ઊભા રહીને એની એક ઝલક જોવા માટે આવતાં. એકી સાથે બસો માણસ આરામથી બેસી શકે એટલો વિશાળ દીવાનખંડ. દીવાનખંડમાંથી ઉપરના રૂમોમાં જવા માટે પંદર ફૂટ પહોળી સીડી. ચોવીસે ચોવીસ રૂમમાં હવા-ઉજાસ મળી રહે એ માટે ડાયરે પોતાનું સમગ્ર કૌશલ્ય નિચોવી નાખ્યું હતું. આગળ રોડ ઉપરથી છેક મહેલના પ્રવેશદ્વાર સુધી જે બગીચો હતો એમાં ઈટાલીથી મંગાવેલા આરસનાં અદ્ભુત શિલ્પો ગોઠવવામાં આવેલાં. આખા મહેલનું ફર્નિચર બનાવવા માટે બર્માથી ટીકવૂડ મંગાવવામાં આવેલું. બ્લેક ટિવૂડમાંથી બનાવેલા વિશાળ ડાઇનિંગ ટેબલ ઉપર ત્રીસ ખુરશીઓ હંમેશા ગોઠવાયેલી રહેતી. લંબચોરસ ટેબલની કિનારી ઉપર હાથીદાંતથી બારીક ફૂલ-પાનની ડિઝાઇન કોતરવામાં આવેલી."[૪]

**વ્યક્તિ અથવા પાત્ર તરીકે માનસીના ચહેરાનું વર્ણન :**

"માનસીનો રૂપાળો ચહેરો એ વિરાટ પરદા ઉપર હસી રહ્યો હતો. તેના પાતળા હોઠ પર સ્મિત હતું. કાળા ભમ્મર વાળની બે-ચાર લટો પવનને લીધે લહેરાઈને ચહેરા પર છવાઈ ગઈ હતી - સ્મિત ભરેલા ચહેરા પરના ખંજન આકાશને પડકારી રહ્યા હતા. એની અણિયાળી લાંબી આંખમાં ઘુઘવતા સાગરની લહેરો આકાશને ભીંજવતી હતી."[૫] આ રીતે લેખકે વસ્તુ, સ્થળ, વાતાવરણ અને પાત્ર સહિત એ રીતે વર્ણન કરે છે કે તેને વાચક સહેલાઇથી કલ્પી શકે છે.

## ભાષા :

આ નવલકથામાં સાદી, સરળ અને કોઈપણ સ્તરનો વાચક સમજી શકે તેવી ભાષાનો ઉપયોગ થયેલ છે. જેથી ભાવકને સમજવામાં મુશ્કેલી થતી નથી. પ્રતીકો અને કલ્પનોની માયાજાળ નહિવત્ જોવા મળે છે. હા, ઘણા બધા ફિલસુફ વાક્યોનો પત્ર ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમ કે, "અમુક હકીકત હૈયામાં શૂળ બનીને ખૂચ્યા કરતી હોય એ પરિસ્થિતિમાં હું મૌન રહુ તો પ્લીઝ મને માફ કરજો."[૬]

"તમારી વાત સાચી છે..." આકાશે હસીને ચિત્રાની વાત માની સંમતિ આપીને કહ્યું '...પરંતુ... સમયના ઘાવની પીડા સહેવાના કેટલાકને શોખ થતા હોય છે....જે માણસ સાપ પકડવાના વ્યવસાયમાં હોય એણે સાપ કરડવાની તૈયારી પણ રાખવી પડે!..."[૭]

"એ સ્નેહના સરવાળા બાદબાકી, ગુણાકાર કે ભાગાકારમાંથી શું પરિણામ આવશે એની કોઈ ધારણા ન કરી શકાય."[૮]

"ઘરની દીવાલો વધુ મુલાયમ અને ચમકતી બને છે ત્યારે પરિવારના સભ્યો વચ્ચે લાગણીના રંગ સ્હેજ ઝાંખા થતા જાય છે."[૯]

ઉપરાંત, અમુક પ્રકારના સંવાદો પણ રોજિંદા જીવનમાં વપરાતા રસપ્રદ જણાય છે. જેમકે, માનસી અને આકાશ વચ્ચેનો સંવાદ : "માનસી પ્લીઝ...' '...હું સુરત છોડી ના શકું. આ વાત તું અત્યારે અને કાયમ માટે સમજી લે કે સુરત છોડવાની મારી તૈયારી નથી- ધેટ્સ ઓલ!"

'...તમે સાવ ઢીલા છો....' તમે બીકણ છો - બાયાના કૂવામાં ડૂબી મરવાની જ તમારામાં આવડત છે - મારે આ ઘરથી આઝાદી જોઈએ છે - તમે માવડીયા છો...' '...આઇ વોન્ટ ફ્રિડમ...' 'તારામાં હિંમત હોય તો મુંબઈ આવ - ત્યાં બધુ મળશે - મારો બાપ બાર વરસનો બેઠો છે!"[૧૦] (અહીં ૧૨ વર્ષની ઉંમર મર્યાદા છે.) આમ, જીવનના કકળાટમાં વપરાતા શબ્દોની મારામારી જોઈ શકાય છે.

આ નવલકથામાં 'ફરગેટ ઈટ', 'ડોન્ટ ટોક', 'નોનસેન્સ', 'એમ આઇ રાઇટ ?', 'થેંક્સ અ લોટ', 'શ્યોર', 'જસ્ટ અ મિનિટ', 'ડોન્ટવરી', 'યુ આર નોટ એન ઓર્ડિનરી મેન', 'આઇ વીલ ટ્રાય માય બેસ્ટ', 'ગોડ નોઝ!', 'પ્લીઝ ડોન્ટ ટચ', 'બાય ધ વે', 'ઇનફોર્મ ધ પુલિસ', 'ધેટ્સ ઓલ!', 'આઇ વોન્ટ માય ફ્રિડમ', 'આઇ એમ ધ લાસ્ટ મેન ટુ સ્ટોપ યુ! યુ કાવર્ડ!' વગેરે જેવા વ્યવહારિક રીતે વપરાતા અંગ્રેજી શબ્દો તથા વાક્યોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ, અન્ય એટલે કે અંગ્રેજી ભાષાનું પણ વલણ અહીં વર્તાય છે.

**મર્યાદા :**

૧) 'શોધ-પ્રતિશોધ' ભાગ-૧ ના આરંભમાં જ અમુલખ દેસાઈના કેસમાં હીરાની ચોરીનો પ્રસંગ આલેખાયેલો છે. જેના કારણે અમુલખ દેસાઈ આત્મહત્યાના વિચારો સુધી પહોંચે છે. એ જ પ્રકારની ઘટના કથામાં આગળ જતા પ્રકરણ ૨૪ માં ડાયમંડસના પેકેટ ચોરી થયાના પ્રસંગમાં જોવા મળે છે. જેમાં ૧૫ વર્ષીય રાજેશ અગ્નિસ્નાનનો ભોગ બને છે. આમ, અહીં પુનઃનિર્મિત ઘટનાઓને કારણે કથા અમુક જગ્યાએ કંટાળાજનક બને છે. એ જ રીતે વાક્યનું પણ પુનરાવર્તન જોવા મળે છે. જેમકે, પ્રોજેક્ટ મલ્ટિપ્લેક્સ ઘટનાના વર્ણન સમયે આકાશ દ્વારા બોલાયેલ વાક્ય – "રાજારાવ તો ત્રણ લાખ સુધી તૈયાર હતા હું ચાર સુધી લાવ્યો છું." (ભાગ-૨, પૃ. ૮) આ વાક્ય ત્રણથી ચાર વાર પુનરાવર્તિત થયેલું છે.

આ પ્રકારના પુનરાવર્તન ઘણીવાર ભાવકને વધુ પડતા અને કંટાળાજનક લાગે છે.

૨) ભાગ-૧, પ્રકરણ-૮, પૃષ્ઠ-૧૦૬ ઉપર રાહુલ વર્માના હત્યા કેસમાંના પોલીસ દ્વારા રાજારાવ સૌની પૂછપરછ દરમિયાન દરેક માહિતી ઘટનાવાર રાજારાવ પોલીસને આપી રહ્યા હોય છે. તેમાં કથક રાજારાવ છે. અચાનક જ ચાલુ વાતમાં જ કથકની બદલી થઈ જાય છે અને લેખક પોતે જ કથકનું સ્થાન ગ્રહણ કરે છે.

૩) નવલકથા ભાગ-૧, પ્રકરણ-૧, પૃષ્ઠ-૮ ઉપર ફુલ એક્શન પ્રસંગનું ચિત્રણ છે. જેમાં એક નાની છોકરી રમરમાટ આવતી બાઈક પરથી પડે છે, છતાંય તેને કોઈપણ પ્રકારની ઇજા થઇ હોય તેવો ઉલ્લેખ નથી, જે શક્ય જ નથી. અને જો એ પ્રકારનું વર્ણન કરવું હોય તો ત્યાં ફૂલોનું બજાર હતું. તેવો ઉલ્લેખ કરી શક્યા હોત કે છોકરી ફૂલોના ઢગલામાં પડી. આમ, અમુક વાતો એવી પણ છે જે ગળે ઉતરતી નથી.

૪) નવલકથા ભાગ-૨, પ્રકરણ-૨૭, પૃષ્ઠ-૦૩ ઉપર આકાશ અને ઇન્સ્પેક્ટર ગોપાલનની અઢળક મુલાકાત થયા પછી પણ આકાશની એક્સપેન્સિવ ઘડિયાળ અને વીંટી પર ગોપાલનની નજર નવલકથાના એક ભાગની પૂર્ણાહુતિ બાદ પડે છે. આ લેખકની અથવા તો પાત્રની નબળાઈ ગણાવી શકાય.

આ રીતે 'શોધ-પ્રતિશોધ' લોકપ્રિય નવલકથા બને છે. પરંતુ કળાકૃતિની દષ્ટિએ આ પ્રકારની થોડી મર્યાદાઓ દ્રષ્ટિગોચર થાય છે. જેથી તેને અશ્વિની ભટ્ટની લોકપ્રિય નવલકથાની જોડે મૂકી શકાય તેમ નથી.

## પાદટીપ :

૧. 'શોધ-પ્રતિશોધ : ભાગ-1', મહેશ યાજ્ઞિક, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર. પુનર્મુદ્રણ : ૨૦૧૧, પૃ. ૨૪

૨. એજન, પૃ. ૧૫૪

૩. એજન, પૃ. ૩૨૬

૪. એજન, પૃ. ૨૬

૫. એજન, પૃ. ૧૭૦

૬. એજન, પૃ. ૨૪

૭. 'શોધ-પ્રતિશોધ : ભાગ-2', મહેશ યાજ્ઞિક, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર. પુનર્મુદ્રણ : ૨૦૧૧, પૃ. ૨૨૪

૮. 'શોધ-પ્રતિશોધ : ભાગ-1', મહેશ યાજ્ઞિક, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર. પુનર્મુદ્રણ : ૨૦૧૧, પૃ. ૩૧

૯. એજન, પૃ. ૩૦

૧૦. એજન, ૧૦૦

## ૩.૮ : 'કૃષ્ણાયન'

### (માણસ થઈને જીવેલા ઈશ્વરની વાત)

**- કાજલ ઓઝા વૈદ્ય**

કાજલ ઓઝા વૈદ્ય ગુજરાતી ભાષાના લોકપ્રિય લેખિકા છે. નવલકથા, નવલિકા, કવિતા, નાટક, નિબંધો, લેખો, અનુવાદ, સંકલન, પત્રો, તેમજ વર્તમાન સમયમાં લોકપ્રિય એવા 'ઓડિયોબુક' ક્ષેત્રે પણ તેમણે સર્જન કર્યું છે. આ ઉપરાંત, વિવિધ સ્થળોએ સાહિત્ય અને જીવન ને લગતા પરિસંવાદોમાં તેઓ વક્તા તરીકે ભાગ લે છે, જેના વિડીયો યુટ્યુબ પર ઉપલબ્ધ છે. તેમને ઘણી બધી નવલકથાનું સર્જન કર્યું છે. જેમાંથી માણસ થઈને જીવેલા ઈશ્વરની વાત કહેતી કથા એટલે 'કૃષ્ણાયન' નવલકથાને અહીં લોકપ્રિય નવલકથા તરીકે તપાસવાનો ઉપક્રમ છે. 'કૃષ્ણાયન' વિશે વાત કરીએ તે પહેલા તેમનું અન્ય સર્જન જોઈએ.

**નવલકથા**

- યોગ-વિયોગ (ભા.-૧,૨,૩)
- મધ્યબિંદુ
- મૌનરાગ
- છલ
- પારિજાતનું પરોઢ
- એક સાંજના સરનામે
- તારા વિનાના શહેરમાં
- કૃષ્ણાયન
- પોતપોતાની પાનખર
- લીલું સગપણ લોહીનું
- દરિયો એક તરસનો
- સત્ય-અસત્ય

**નવલિકા**

- સંબંધ તો આકાશ
- કાજલ ઓઝા-વૈદ્યની વાર્તાઓ

## કવિતા

- શેષયાત્રા

## નાટક

- પરફેક્ટ હસબન્ડ

## નિબંધો-લેખો

- સર્ચલાઈટ
- એકબીજાને ગમતા રહીએ
- મન-માઈનસથી પ્લસ
- મનની ક્લોઝ સર્કીટ

## અનુવાદ

- પ્રેમની પાંચ ભાષા
- સંકલન
- પ્રેમ-ચુંબન-આંસુ-સ્મિત

## પત્રો

- વ્હાલી આસ્થા
- પ્રિય નમન

## ઓડિયોબુક

- તારા ચહેરાની લગોલગ
- પ્રેમપત્રો
- ત્રણ પેઢીની કવિતા

કાજલ ઓઝા વૈદ્ય લિખિત 'કૃષ્ણાયન' અત્યંત લોકપ્રિય નવલકથા છે. તેની પ્રથમ આકૃતિ ઈ.સ. ૨૦૦૬માં પ્રકાશિત થઈ ત્યારથી લઈને ઈ.સ. ૨૦૧૫ સુધી ૧૩ વાર તેનું પુનર્મુદ્રણ થઈ ચૂક્યું છે. ૨૪૧ જેટલી પૃષ્ઠ સંખ્યા ધરાવતી આ નવલકથા ગુજરાતી બેસ્ટસેસર થઈ ચૂકી છે. બેસ્ટસેલર નવલકથામાં સામાન્યતઃ જોવા મળતા પુસ્તક વેચાણની સંખ્યાનો આંકડો 'કૃષ્ણાયન' ના મુખપૃષ્ઠ પર જોઈ શકાય છે. 'કૃષ્ણાયન' નવલકથાની અઢાર હજારથી વધુ નકલો વેચાઈ ચૂકી છે. આ નવલકથાને લોકપ્રિય નવલકથા તરીકે તપાસતા પહેલા તેના કથાવસ્તુ પર એક નજર કરીએ.

**કથાવસ્તુ :**

આ કથાના માણસ થઈને જીવેલા ઈશ્વર 'કૃષ્ણ'ની વાત કરવામાં આવી છે. 'त्वदीयम वस्तु गोविन्द तुभ्यमेव समर्प्यते' કૃષ્ણને અર્પણ કરાયેલ આ પુસ્તકમાં આ પંક્તિની આસપાસ નવલકથા અને તેના પાત્રો આકાર લે છે. ઉપર્યુક્ત પંક્તિનો અર્થ થાય છે 'તે આપેલું સર્વ તને જ અર્પણ કરું છું.' ઈશ્વર તરીકે પૂજાતા કૃષ્ણનો જન્મ આખરે તો મનુષ્યયોનિ માં થયો હતો. એક મનુષ્ય તરીકે તે કેવી રીતે જીવ્યા હશે ? તેમને કરેલ કેટલાય સ્વીકારની સામે કેટલું જતું કરવું પડ્યું હશે ? તેમના મૃત્યુ સમયે થતી લાગણી કેવી હશે ? શુ દરેક મનુષ્યની જેમ કૃષ્ણ પણ મૃત્યુ વેળાએ એક વાર ફરી પાછો વળીને પોતાના ભુતકાળને જોતો હશે ? શું એ પણ અંતિમ સમયે સાચા- ખોટાની ગણતરી કરતો હશે? અને જો ગણતરી કરી હશે તો કેવી રીતે ? તે લેખિકા પોતાની કાલ્પનિક શક્તિનો ઉપયોગ કરી, કૃષ્ણના મનો-મસ્તિષ્ક સુધી પહોંચી કૃષ્ણના મનના વિચારોને આપણી સમક્ષ મૂકી આપે છે. આમ તો ઇતિહાસમાં કહેવાતી કથાઓ પ્રમાણે કૃષ્ણને સોળ હજાર એકસો નવ રાણીઓ હતી. પરંતુ તેના જીવનની ત્રણ મહત્ત્વની સ્ત્રીઓ પ્રેમિકા રાધા, રુકિમણી અને દ્રૌપદી સાથેના કૃષ્ણના સંબંધોની રસપ્રદ કથા 'કૃષ્ણાયન'માં કહેવાઈ છે. કેટલાય લોકોનું જીવન મૃત્યુ જોઈ ચૂકેલા કૃષ્ણ પોતાના જીવનની છેલ્લી ઘડીઓમાં વ્યતીત જીવનમાં બની ગયેલી ઘટનાઓને ફરી એકવાર પોતાના મનો-મસ્તિષ્કમાં વાગોળે છે. તેને અનુભવે છે. જીવનની છેલ્લી પળોમાં ફરી એકવાર આખુંય જીવન જીવી જાય છે.

નવલકથાની પ્રસ્તાવનામાં લેખિકા કહે છે કે "આ કથાની દ્રૌપદી, રુક્મિણી અને રાધા કદાચ હું જ છું! કૃષ્ણના સમયથી શરૂ કરીને આજ સુધી કૃષ્ણના જીવનનો ભાગ બનવાની મારી ઝંખના જ કદાચ મને 'કૃષ્ણાયન' સુધી દોરી ગઈ છે."[૧]

કુરુક્ષેત્રના યુદ્ધ પછી શ્રીકૃષ્ણને મળેલો શાપ જે તેમને ગાંધારીએ આપ્યો હતો - 'પશુના મોતે મરીશ, સાવ એકલો' એ સાર્થક થાય છે. તે બધા જાણે છે. પરંતુ પોતાની જ આંખ સામે પોતાના

કુળનો નાશ થતો જોવાનું છે. એ જાણતા હોવા છતાં તેને મળતા દરેક શાપનો કૃષ્ણ સ્વીકાર કરે છે. હસતે મુખે પીડા અને પ્રેમ બંનેનો સ્વીકાર કરતા કૃષ્ણની મૃત્યુ સમયની પીડા લેખિકાને કલ્પી છે. આ કલ્પીય પીડાનું આલેખન એ રીતે થયું છે. જાણે તે સાહજિક અને સત્ય જ લાગે. મનુષ્ય ધર્મમાં સમાવિષ્ટ પ્રેમ, મોહમાયા, અને સંબંધોના બંધનો કૃષ્ણએ જીવ્યા છે. સામાન્ય માનવીની સમજ કૃષ્ણને ઈશ્વર રૂપે જુએ છે. તેથી તેના દુ:ખનો, તેને થતી પીડાનો અનુભવ કરી શકવામાં અસમર્થ રહે છે. પરંતુ ઇશ્વર પણ જ્યારે મનુષ્યઅવતારે જન્મે છે ત્યારે એક મનુષ્યને કરવો પડતો સંઘર્ષ કૃષ્ણ પણ કરે છે. તેમના સંઘર્ષમય જીવન દરમિયાન એક સાચા પ્રેમી તરીકે કૃષ્ણ પુરવાર થયા. રાધા સાથેનો તેમનો પ્રણય એટલો પાક અને સાચો હતો કે, લગ્નેતર સંબંધ થી જોડાયેલ ન હોવા છતાં આજે પણ રાધા-કૃષ્ણ પૂજનીય છે. દ્રૌપદી સાથે મિત્રતાનો સંબંધ એટલો જ નિષ્ઠાથી નિભાવ્યો છે. દ્રૌપદીના સુખ દુ:ખના સાથી બન્યા છે. રુક્મિણી સાથેનું દાંપત્યજીવન તેમણે સમજદારીપૂર્વક સ્નેહ અને સન્માનના સમન્વયથી વ્યતિત કર્યું છે. છતાંય, લોક લાડીલો, લોકપ્રિય અને પૂજનીય કૃષ્ણ મૃત્યુ સમયે એકલો-અટૂલો છે. ત્યારે તેને દેહપીડા કરતાં મનની પીડા વધુ છે. અને આ જ પીડા વ્યક્ત કરતી કલ્પીય કથા અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.

## 'કૃષ્ણાયન'માં લોકપ્રિય તત્ત્વો ('કૃષ્ણાયન' લોકપ્રિય નવલકથા કરીકે)

આ નવલકથામાં નિરૂપિત કૃષ્ણ અને તેની રાજનીતિ, તેના શબ્દોની માયાજાળ, પ્રણય આધારિત સંબંધો, ચમત્કારીક અને દૈવીય પ્રસંગો, શ્રદ્ધા-વિશ્વાસ વગેરે જેવા તત્ત્વોને કારણે લોકપ્રિય કૃષ્ણની 'કૃષ્ણાયન' વધુ લોકપ્રિય બની શકી છે.

## કૃષ્ણ અને તેના શબ્દોની માયાજાળ :

આ નવલકથામાં સૌથી મોટું અને મુખ્ય લોકપ્રિયતાનું કેન્દ્ર કહી શકાય તેવું હોય તો તે કથાનું મુખ્ય પાત્ર કૃષ્ણ પોતે જ છે. એ કૃષ્ણ જે ભારતવર્ષનાં કોઈપણ યુગના, કોઈપણ વયના, સ્ત્રી હોય કે પુરુષ, બાળક હોય કે વૃદ્ધ, અભણ હોય કે ભણેલો સર્વના 'પ્રિય' પાત્ર રહી ચૂક્યા છે. આજે પણ તેમની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો થયો નથી. કહેવાતી કથાઓ એટલે કે ઐતિહાસિક કથાઓ પ્રમાણે કૃષ્ણ ઈશ્વરનું રૂપ હતા. અને તેમણે મનુષ્ય યોનીમાં માતા દેવકીના ખોળે આ પૃથ્વી પર જન્મ લીધો હતો. કૃષ્ણની પ્રચલિત ગાથાઓ, ગોકુળ-મથુરા ના પ્રસંગો, સાંદિપની આશ્રમમાં તેમનો અભ્યાસ કાળ,

કુરુક્ષેત્રનાં યુદ્ધમાં વિભૂતિ સ્વરૂપે દર્શન અને દ્વારકાધીશ તરીકે જીવેલ રાજનૈતિક જીવન આપણા નજર સમક્ષ રસપ્રદ અને પ્રેરણાજનક ગાથા સ્વરૂપે આવી જાય છે. કૃષ્ણ વિષયક માહિતી કે કથા શ્રીમદ્ભાગવત્, મહાભારત કે અન્ય કોઇ ગ્રંથમાં મળી આવે છે. પરંતુ આ નવલકથામાં લેખિકા કોઈપણ પુરાણ, ઇતિહાસ કે સંશોધનને અડ્યા વિના પોતાના મનમાં આકાર પામેલા કૃષ્ણ અને તેમના જીવનની મહત્ત્વની ત્રણ સ્ત્રીઓ : પ્રેમિકા રાધા, પત્ની રુક્મિણી અને સખી દ્રૌપદી સાથેના સંબંધોની કથા સર્જવામાં રસ ધરાવે છે.

આ કથામાં કૃષ્ણના વ્યવહારકુશળ શબ્દોની માયાજાળ ખૂબ રસદાયક નીવડી છે. નવલકથામાં અન્ય કોઇપણ પાત્ર દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના કૃષ્ણ દ્વારા અપાતા ઉત્તર ક્યાંથીય કોઈનેય બાંધી ન શકે તેવા છે. જેમકે - જ્યારે દ્રૌપદી કૃષ્ણભગીની સુભદ્રાની ઈર્ષા સાથે કૃષ્ણ સામે ફરિયાદ કરે છે. કે - ‘શા માટે આવી રીતે સુભદ્રાને....’ ત્યારે સુભદ્રાને સપત્ની તરીકે અસ્વીકાર કરતી દ્રૌપદીને કૃષ્ણ ઉત્તર આપે છે - “સખી ક્યાં ગયું તમારું જ્ઞાન, તમારી વિદ્વાનતા, તમારી વિચક્ષમતા, તમારી કુશાગ્ર બુદ્ધિ......સુભદ્રા તો બાળકી છે. તમે એની સાથે હરીફાઈ કરશો ?”[૨] ત્યારપછી પણ સુભદ્રાના રૂપને કારણે તેનો ફાલ્ગુની(અર્જુન) તેને ભૂલી જશે એવો ડર વ્યક્ત કરે છે. ત્યારે - “પુરુષ-સ્ત્રીમાં ઘણું બધુ ઝંખે છે. એક મા, એક પ્રિયતમા, એક પત્ની, એક મિત્ર, એક મંત્રી, અને ક્યારેય એક વિચક્ષણ શત્રુ પણ..... સુભદ્રા આમાનું કશું નહીં બની શકે. એ માત્ર સેવા કરશે એ સમર્પિત છે. તમે શક્તિ છો, સ્વયં....”

આમ, અવરિત ચાલતી આવી ચર્ચાને અંતે દ્રૌપદી સુભદ્રાને સ્વીકારી લેવાનો મનોમન નિર્ણય કરે છે.

રાધા સાથેની તેમની વાતચીત જોઈએ. કૃષ્ણ ગોકુળ છોડે ત્યારે રાધા કહે છે. “ઠાલા વચનો ન આપ કા’ના, હું ગોકુળ છોડવાની નથી ને તું ક્યારેય ગોકુળ પાછો આવવાનો નથી..... હવે આ યમુનાના પાણી, કદંબની ડાળી અને ગોકુળની ગલીઓ તને ભૂલશે નહીં, અને હું તને કદી સ્મરણમાં નહીં લાવું.” કૃષ્ણ : “રાધિકે! સ્મરણ એનું કરાય જે ભુલાઈ ગયું હોય.... તુ મને ભૂલી જાય એવું થશે નહીં. અને હું તને ભૂલી જવું તો શ્વાસ ક્યાં બળે લઈશ ?”[૩] આ ઉપરાંત, કથાના અંતભાગમાં સ્વયં રાધા ના મુખે જે વાક્ય કહેવામાં આવ્યું છે તે પ્રમાણેની કૃષ્ણની સંવાદ કરવાની છટા જોઈ શકાય છે. “કા’ના તું તો પહેલેથી જ ચતુર છે. શબ્દની રમત રમીને મને ભોળવી લેતા સારી આવડે છે તને.”[૪] આમ, જે રીતે કૃષ્ણ સુભદ્રા માટે દ્રૌપદીને ગોકુળ છોડવા બાબતે રાધાને પોતાના ફિલસૂફીભર્યા શબ્દોની માયાજાળથી મનાવી લે છે. એ જ રીતે સત્યભામા સાથે પોતાના લગ્ન સમયે રુક્મિણીને પણ ખૂબ સહેલાઈપૂર્વક રુક્મિણીનું સ્થાન ક્યાં છે. તે સમજાવીને મનાવી લે છે. “તમે અર્ધાંગિની છો મારી, મારુ અર્ધું અંગ શોકમાં, ક્રોધમાં હોય તો મારું બીજું અર્ધું અંગ સુખમાં કઈ રીતે હોઈ શકે ?”[૫]

આખરે લાંબા સંવાદને અંતે રુક્મિણી કૃષ્ણની ક્ષમા માંગે છે. ફક્ત રાધા, રુક્મિણી અને દ્રૌપદી જ નહીં ભાઈ બલરામ, કુંતી, કર્ણ દરેક સુધી પોતાની વાત પહોંચાડી શકવામાં કૃષ્ણ સક્ષમ રહ્યા છે. જોકે એક સત્ય એ પણ છે. કે કૃષ્ણ ફક્ત શબ્દોની માયાજાળ નથી ગોઠવતા તે પ્રમાણેનું તેમનું વર્તન અને કર્મ પણ હોય છે. જેથી વાચકોના લોકપ્રિય પાત્ર તરીકે શ્રી કૃષ્ણ સ્થાન પામી શક્યા છે. તેમના વ્યક્તિત્વમાં રોચકતા, પ્રેમાળતા તેમજ આકર્ષવાની શક્તિ રહેલી છે.

આમ તો કહેવાતા ઇતિહાસમાં એટલે કે મહાભારતમાં દરેક કૃષ્ણના રાજનૈતિક પાસા વિશે જાણે જ છે. પરંતુ આ રાજનૈતિક કૃષ્ણ 'કૃષ્ણાયન'મા થોડા પ્રમાણમાં જ પ્રાપ્ય છે. જેમ કે યુદ્ધ વિષ્ટિ પ્રસંગ. આ પ્રસંગમાં પણ લેખિકા કૃષ્ણના પાત્રને એ જ રીતે પ્રસ્તુત કરે છે કે ખરેખર તો કૃષ્ણને વિષ્ટિ કરવી જ નથી અ જે રુક્મિણી સાથેના તેમના સંવાદમાં સ્પષ્ટ જણાય છે. "એ જાણતા જ હતા કે આ વિષ્ટિનો કોઈ અર્થ નથી.... અને છતાં, પોતાનું અપમાન થશે એમ જાણીને પણ એ પાંડવોનો સંધિનો પ્રસ્તાવ લઈને હસ્તિનાપુર ગયા હતા."[૬] ફક્ત ઐતિહાસિક નોંધ લેવાય અને ભવિષ્યમાં કોઇ એમ ન કહી શકે કે આટલું મોટું યુદ્ધ સર્જવાની શી જરૂર હતી, કૃષ્ણ ઇચ્છતા તો તેને રોકી શકતા. આ ઉપરાંત કર્ણ પાંડુ પુત્ર છે. આ સત્ય જણાવતો કૃષ્ણ તેના કવચ-કુંડળ ઉતારવાની યોજના કરે છે વગેરે જેવી રાજકીય બાબત આલેખિત થઈ છે.

**પ્રણય :**

એકથી વધુ કે નૈતિક - અનૈતિક સ્તરોની વચ્ચે ગૂંચવાતા પ્રેમસંબંધો એ લોકપ્રિય નવલકથાઓમાં જોવા મળતું મહત્ત્વનું લક્ષણ છે. રાધા અને કૃષ્ણએ સાથે વિતાવેલી પળો, યાદગાર પ્રસંગો આ નવલકથામાં જોવા મળે છે. કૃષ્ણ અને રાધાનો સંબંધ પ્રણયનો તો ખરો પણ ખૂબ મસ્તીભર્યો પણ હતો. જેના કારણે તેમના સંબંધમાં વધુ મીઠાશ જોવા મળતી. યશોદા માતા જમવા બોલાવે ત્યારે ગુસ્સે થયેલા કૃષ્ણને ચીડવીને વધારે ગુસ્સે કરવો, રાધા અને અન્ય ગોપીઓના નદીએ સ્નાનવેળાએ કૃષ્ણ વસ્ત્રો ચોરી લેતો, તેમની માટલીઓને કંકર મારી ફોડી દેવી અને આડોશ-પાડોશમાં જઇને માખણ ચોરીને ખાઈ લેવું. આવો બાળપણથી જ નટખટ કાનુડો કૃષ્ણ બન્યો તોય તેની લોકપ્રિયતામાં કે તેને પ્રેમ કરતા લોકોમાં ઘટાડો નહોતો થયો. રાધા-કૃષ્ણ હંમેશા આવું મસ્તીભર્યું જીવન જીવતા અને અચાનક કૃષ્ણની ગોકુળ છોડીને જવાની વેળા આવે છે ત્યારે રાધાની વઢ -"તારે જવું જ છે. એમ ને ?..... આટલા બધાનો પ્રેમ છોડીને તારે પેહલા લુચ્ચા કંસ પાસે જવું છે, ખરું ને?" હા.... હા...હા....જતો રહે અને ફરી ક્યારેય પાછો નહીં આવતો..."[૭] આવી કેટલીય મીઠી કરુણ ફરિયાદના અંતે કહેવાતા રાધાના વચનને પણ કૃષ્ણ 'તથાસ્તુ' કહે છે. રાધા પાસેથી વિદાય લેતી

વેળાએ “ન જા કા’ના હું શું કરીશ, તારા વિના ?” અને કૃષ્ણનો સહજ ઉત્તર - “દૂધ વેચવા જજે, દાણ ભરજે અને.....અને. ...અનયને સાચવજે.”[૮] તેમના આવા આંસુથી પલળેલા શબ્દો કરુણ વાતાવરણ સર્જે છે. ભાવકની આંખો પણ આ વિદાય જોઈ શકતી નથી. ગુસ્સે થયેલા કા’નાને નહીં રોકવાનું નક્કી કરતી રાધા દૂર જતા પગલા સહી શકતી નથી. અને તેની પાછળ “કા’ના.....એ કા’ના... કા’નાઆ આ આ.... એ કા’નાઆ આ આ !” કરતી દોડી રહી છે.”[૯] આ દશ્ય દેવદાસની ફિલ્મમાં પારોની બુમો, ‘દેવા ઓ દેવા’ની યાદ અપાવે છે. રાધાનો આ મીઠો સ્વર કૃષ્ણને તેના જીવનની અંતિમ ક્ષણોમાં પણ સંભળાય છે. લાગણીવશ થતાં આ કૃષ્ણની આંખોમાં આ લાગણીમય પ્રસંગનું ચિત્ર ભજવાઇ જાય છે. ત્યારે ભાવક પણ તેનો અનુભવ કરે છે. આમ કૃષ્ણની રાધાથી છુટા પડતી વખતની વેળા(વિદાય) અને કૃષ્ણના જીવનથી છુટ્ટા થવાની વેળાને આ રીતે સરખાવી લેખિકા કૃષ્ણની મનોદશા વ્યક્ત કરે છે.

કૃષ્ણનો રાધા સાથેનો સંગાથ ફક્ત પ્રણયભર્યો જ નહિ વિરહભર્યો પણ રહ્યો છે. જે ભાવક માટે હૃદયસ્પર્શી બની રહ્યો છે.

કૃષ્ણને જેમ હસતી, રમતી, ઉછળતી ક્યારેક કૃષ્ણથી રિસાતી ક્યારેક કૃષ્ણને મનાવતી પ્રેમિકા રાધા મળી હતી. તો રુક્મિણી જેવી અત્યંત સમજુ, વિદુષી અને રાજનીતિના શાસ્ત્રોથી પરિચિત એવી પત્ની પણ પ્રાપ્ય હતી. જેના પ્રત્યે કૃષ્ણને પણ બીજી પત્ની એ કરતાં વધુ પ્રેમ-આદર હતો. અને આ આદર તથા પ્રેમ ઘણાં પ્રસંગોમાં જોઈ શકાય છે. જેમકે રુક્મિણી સત્યભામા અને કૃષ્ણના લગ્નજીવનની પહેલી રાત્રી સમયે કહે છે - “જાવ, સુખેથી સિધાવો.......હું જરાય ક્રોધિત નથી..... મારા ક્રોધ કે શોકથી તમને શું ? કૃષ્ણ : ‘મને ? તમે અર્ધાંગિની છો મારી મારું અર્ધું અંગ શોકમાં, ક્રોધમાં હોય તો મારો બીજો ભાગ સુખ માં કઈ રીતે હોઈ શકે ?..... ‘તમે તો પટરાણી છો આ નગરની મહારાણી, આર્યાવતની, રાજલક્ષ્મી, યાદવની ભાગ્યલક્ષ્મી.”[૧૦] આ ઉપરાંત રુક્મિણી પોતાના હક, પ્રેમ, સમય માટે ફરિયાદ કરે છે. તેમજ યાદવ સ્થળી માટેના પ્રયાણ જેવા અનેક પ્રસંગો નોંધનીય બની રહે છે.

આમ, કૃષ્ણ-રુક્મિણીના માન-સન્માનને આદરભર્યો પ્રેમ ભાવકના મનમાં પણ પાત્રો પ્રત્યે આદરભાવ જન્માવે છે.

નવલકથાનું ત્રીજું નારીપાત્ર દ્રૌપદી છે. તેમના સાથેના શ્રી કૃષ્ણના સંબંધો આ નવલકથામાં જુદા સ્વરૂપે જોવા મળે છે. પોતાના મનમાં જે છબી છે, તે છબીને પ્રસ્તુત કરનાર લેખિકાએ નવલકથામાં કૃષ્ણ અને દ્રૌપદીના સંબંધને મિત્રતાથી થોડો વધુ આગળનો બતાવ્યો છે. જે ચાહનાની લગોલગ છે. પાંચ પતિઓ સાથે વિભિન્ન રીતે વર્તતી દ્રૌપદી કહે છે : “ એ પાંચેય સ્ત્રીઓ આજે એક થઈને સમર્પિત થાય છે. એક એવા પુરુષને જે મારા માટે સૌથી ઊંચા અને અનન્યને સ્થાને છે. એ

મિત્ર છે, બધું છે, સખા છે અને....."[૧૧] આ શબ્દો અને એ પછીનો અવકાશ એ દ્રૌપદીના જીવનમાં કૃષ્ણનું સ્થાન છતુ કરી આપે છે.

ઉપર્યુક્ત અને એવા અન્ય સંવાદો દ્વારા દ્રૌપદી અને કૃષ્ણ વચ્ચેનો સંબંધ વધુ ઉઘડે છે. આમ તો, શ્રીકૃષ્ણને સખા સંબોધતી દ્રૌપદીના મનમાં કૃષ્ણ માટે તે યુગની કોઈ પણ સ્ત્રીને હોય તેઓ અપાર પ્રેમ છે. સ્વયંવરના, યુદ્ધ પૂર્વના મિલનમાં તેમજ આવા અન્ય મિલન પ્રસંગે દ્રૌપદી રોમાંચ અનુભવે છે. સાથે સાથે આજના યુગની કેટલીય ભાવક તરીકેની દ્રૌપદીને પણ વધુ રોમાંચ આપે છે. તેમના ભીતર રહેલી મૂંઝવણ તે(ભાવક) દ્રૌપદીનાં પાત્રમાં જોઈ શકે છે. શ્રીકૃષ્ણ પણ પોતાને ચાહે છે. તેવો વિશ્વાસ દ્રૌપદીના મનમાં છે. તે વિશ્વાસ ની ખરાઇ કરવા તે આડકતરી રીતે કૃષ્ણને પ્રશ્ન કરે છે : "હું એવું વિચારતા જ રોમાંચિત થઇ ઉઠું છું કે મેં તમને ક્યારેય એવું પૂછ્યું હોત કે તમે મને ચાહો છો કે નહીં? તમારા જીવનમાં મારું સ્થાન શું છે ? અથવા તમે મને ઝંખી છે કદીયે એક ક્ષણ માટેય.... તો તમે શું ઉત્તર આપો ?" તે આ પ્રશ્ન બાદ તરત જ ઉમેરે છે : "ઉત્તર નહીં આપતા સખા, મેં હજી પૂછ્યું નથી કારણ કે ઉત્તર સાંભળ્યા પછી મન અને તન એક જ દિશામાં ન પણ રહે."[૧૨] આમ, દ્રૌપદી માત્ર મનથી જ નહીં તનથી પણ કૃષ્ણને ઝંખે છે. તેને પામવાની ચાહના ધરાવે છે. જેનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરતા તે જરાય ખચકાતી નથી. જયારે શ્રીકૃષ્ણનો ઉત્તર વ્યવહારકુશળ બની રહે છે. જે ઉત્તર તમારા મનમાં અખંડ વિશ્વાસ થઈને પ્રજવળી રહ્યો છે. એ પ્રશ્ન નો ઉત્તર બહાર શોધવો પડે તો મને તમારા 'સખા'ના સંબોધન વિશે પ્રશ્ન થાય."[૧૩]

દ્રુપદપુત્રી દ્રૌપદીને કૃષ્ણ પ્રત્યે પ્રેમ હતો. એ વિવિધ પ્રસંગે જોઈ શકાય છે. પોતાને માટે જ્યારે પણ 'શ્યામા' કે 'કૃષ્ણા' તરીકે સંબોધન થતું ત્યારે તે રોમાંચિત થઈ ઊઠતી. કુરુક્ષેત્રના યુદ્ધ પૂર્વે મનની સાંતવના માટે કરાતાં ખુલાસા માં દ્રૌપદી કહે છે : "મારા પિતા મને જ્યારે કૃષ્ણા કહીને બોલાવતા ત્યારે મને કલ્પના ન હોતી કે 'કૃષ્ણ' શબ્દ મારા જીવન નો પર્યાય બની જશે!"[૧૪]

દ્રૌપદીને કૃષ્ણ માટે ભલે તન-મનથી પ્રેમ હોય, આકર્ષણ હોય, પણ કૃષ્ણ માટે પ્રેમનો અર્થ જુદો જ છે. તે સૌ જાણે જ છે. માનવરૂપે જીવતા ઈશ્વર કૃષ્ણ પોતે દ્રૌપદીને અંતની ઘડીઓમાં સમજાવે પણ છે. કે ચાહવું એ પામવું નથી. અન્યના સુખ માટે પ્રાર્થના કરવી એ પણ પ્રેમ છે. અને આવો જ પ્રેમ કૃષ્ણ સૌને કરે છે. દ્રૌપદીને સ્પર્શવું એ શ્રીકૃષ્ણ માટે પ્રેમ નથી. એ તો દ્રૌપદી દ્વારા પોતાના હાથના ઘા પર બંધાયેલા તેના વસ્ત્રના નાના ટુકડાના બદલામાં પણ એક વચન આપે છે. કે આમાં સમાયેલ જેટલા રેશા છે. એટલા હું તમને સુદ-સમયે પરત કરીશ. જયારે દ્રૌપદી એક સ્ત્રી તરીકે પોતે કૃષ્ણના મિત્રની પત્ની છે. એ ભૂલી જઈને કૃષ્ણ પાસે તેમનો પોતાના પ્રતિ પ્રેમનો ઉત્તર મેળવવા માંગે છે. મરણની લગોલગ આવેલ કૃષ્ણ અને ફિલસૂફીની રીતે પ્રેમની વિભાવના સમજાવે છે.

છેવટે, કલ્પનાના કૃષ્ણને છોડીને દ્રૌપદી સાચા પ્રેમ તરફ ઉર્ધ્વગતિ પામે છે. અને કૃષ્ણને પોતાનાથી અને પોતે કૃષ્ણ થી મુક્ત થાય છે.

અંતે કૃષ્ણના જીવનની મુખ્ય ત્રણેય સ્ત્રીઓ કૃષ્ણએ આપેલું સ્વર્ગ કૃષ્ણને સમર્પિત કરે છે. આ સમર્પણભાવભર્યા પ્રેમ માટે દરેક ભાવકને પણ પ્રેમ તેમજ નવલકથામાં નિરૂપિત પ્રણયસંબંધો માટે આદરભાવ ઉદ્ભવે છે.

## ચમત્કારિક અને દૈવીય પ્રસંગો :

આ નવલકથામાં ઈશ્વર કહેવાતા કૃષ્ણની કથા કહેવાઈ છે. જેમાં ચમત્કારિક અને દૈવીય પ્રસંગોનો ઉલ્લેખ જોવા મળે તે સ્વાભાવિક છે. માનવી જયારે પોતાના કાર્યક્ષેત્રે કે અન્ય કોઈપણ ઇચ્છા પૂરી કરવામાં અસમર્થ રહે ત્યારે કંઈક ચમત્કાર થવાની આશા સેવતો હોય છે. અને તેથી જ આવા પ્રસંગો મોટાભાગના ભાવકને પસંદ પડે છે. નવલકથાની શરૂઆત માં જ તીર વાગતા કૃષ્ણને યાદ આવેલો માતા ગાંધારીનો શાપ જોઈએ : "પશુના મોતે મરીશ, એકલો, અસહાય અને પીડિત."[૧૫] બીજો શાપ દુર્વાસા ઋષિનો છે : પીંડારતીર્થમાં તપ કરતા દુર્વાસા ઋષિએ કૃષ્ણા અને જાંબુવતીના પુત્ર સાંબને શાપ આપ્યો હતો કારણકે સાંબના મિત્રો અને સાંબ મદિરાપાન કરી, સાંબને સ્ત્રી વેશે તેના મિત્રો દુર્વાસા ઋષિ પાસે લઈ જાય છે અને કહે છે કે તે બભ્રુ યાદવની પત્ની છે અને પુત્રની ઝંખના ધરાવે છે. તેને પેટે કોણ અવતરશે ? આવો મશ્કરીભર્યો પ્રશ્ન કરતા અકળાયેલ દુર્વાસા ઋષિ શાપ આપે છે કે તેને પેટે મૂશળ અવતરશે.! આ મૂળશનો કૃષ્ણના ડરથી ભૂકો કરીને સાંબ તેના મિત્રોની મદદથી સમુદ્રમાં વહાવી દે છે. જે વહીને પ્રભાસ નામના સ્થળે જઇ 'એરકા' નામનું ઘાસ થઈને ઊગે છે. આ ઘાસ તીક્ષ્ણ હથિયાર જેવું છે. જેના દ્વારા મિજબાની કરવા ગયેલા યાદવોનો નાશ થાય છે. સમુદ્રમાં વહાવેલ એ ભુક્કામાંથી એક ટૂકડો માછલી ગળી જાય છે. એ માછલી માછીમાર પકડે છે અને તેના હાથમાં આ તીક્ષ્ણ ટૂકડો આવે છે. પરંતુ તેના માટે એ નકામો હોવાથી માછીમાર 'જાર' નામના શિકારીને તે ટૂકડો આપે છે. શિકારી તેને પોતાના તીર પર બાંધે છે. અને હરણની મુદ્રાનો ભાસ થતા શિકારી બાણ ચલાવે છે. જે કૃષ્ણના પગના અંગુઠે વાગે છે. અને કૃષ્ણના મૃત્યુની પળ આવી પહોંચે છે. આ ઉપરાંત, કર્ણનો પ્રાયોગિક સ્થિતિમાં જન્મ, તેના ચમત્કારિક કવચ-કુંડલ, ભગવાનનું ચતુર્ભુજ-વિભૂતિ સ્વરૂપે દર્શન, દ્રૌપદીના ચીર પૂર્યાનો પ્રસંગ વગેરે જેવા કેટલાક ચમત્કારિક અને દૈવીય ગણાતા પ્રસંગોનો સમાવેશ આ કૃતિમાં કરવામાં આવ્યો છે. તેમજ કૃષ્ણના મૃત્યુ પ્રસંગે આકાશમાંથી થયેલા મંત્રોચ્ચાર પણ અહીં સમાવિષ્ટ કરી શકાય. જેમાં 'મમૈવાંશો જીવલોકે', 'નૈનમ છીંછતી શરસ્ત્રાણી' 'ઓમ પૂર્ણમદં....' જેવા ઘણા શ્લોકો સમાવિષ્ટ છે.

આમ આવા ચમત્કારીક અને દૈવીય પ્રસંગો તો યુગોથી ભાવકોને મોહિત કરતુ તત્ત્વ બની રહ્યું છે. જો સૌપ્રથમ ટી.વી પર પ્રસ્તુત રામાયણ, મહાભારત જોનાર વ્યક્તિઓને મળીએ તો આ બાબતનો ખ્યાલ આવી જાય. કે આવા તત્ત્વો કેટલાક રોચક અને કૂતુહલભર્યા હોય છે. આ તત્ત્વોને કારણે કથા વધુ રસપ્રદ બને છે.

## ઈર્ષ્યા :

નવલકથામાં આવતા સ્ત્રીપાત્રો વચ્ચેની ઈર્ષ્યા પણ આ કથાના વાચકને આકર્ષે તેવું તત્ત્વ છે. જે સ્વાભાવિક અને વાસ્તવિક જણાય છે. રુક્મિણી-રાધા, રુક્મિણી-સત્યભામા, રુક્મિણી-દ્રૌપદી, દ્રૌપદી-સુભદ્રા વગેરે પાત્રો વચ્ચે કૃષ્ણ અને પોતાના પતિનો સંપૂર્ણ પ્રેમ પામવાની ઈચ્છાને કારણે સ્ત્રી ઈર્ષ્યાના પ્રસંગો જોવા મળે છે. જેમાંથી ચૂંટાયેલ અમુક પ્રસંગ અહીં પ્રસ્તુત છે.

રુક્મિણીને અમુક પ્રસંગ સ્મરણ થતાં મનોમન ઈર્ષ્યા દર્શાવતી સ્વગતોક્તિ : “હું યાદવોની ભાગ્યલક્ષ્મી, દ્વારિકાની સિહાસનહાસિની, પટરાણી ખરી, પણ કૃષ્ણપ્રિયા નહીં હું, એ તો રાધા ! સખી પણ હું નહીં, એ દ્રૌપદી ! ઘડી ઘડી રીસાતી, ખીજે ભરાતી અને જેને કૃષ્ણ- આળપંપાળ, અનુનય-વિનય કરીને મનાવે એ સત્યભામા પણ હું નહીં : કૃષ્ણનો સ્પર્શ પામી સુંદર બનતી કુબ્જા, કે સર્વાંગ સુંદરી બનતી ત્રિવક્રા પણ હું તો નહીં જ ને ? ચારુહાસિની શૈલ્પા કે જાંબવાનની પુત્રી રોહિણી જે શ્રીકૃષ્ણ માટે જીવ આપી શકે એ પણ, હું તો નહીં જ.”[૧૬]

કૃષ્ણ બહેન સુભદ્રાના લગ્ન અર્જુન સાથે કરાવે છે. ત્યારે દ્રૌપદી કહે છે : “સુભદ્રા માટે શ્રેષ્ઠ પુરુષ શોધવા સામે વિરોધ નથી મારો, પણ દુર્ભાગ્યે એ મારા પતિ છે......સખા, ઉલૂપી, ચિત્રગદા અને બીજી સ્ત્રીઓ વિશે ક્યારેય વિચલિત નથી થઇ, પણ સુભદ્રાનું રૂપ જોઈને મારી અંદર ઈર્ષ્યાનાં સર્પો સરવળે છે. ફાલ્ગુની(અર્જુન) મને ભુલી જશે....”[૧૭]

આમ રાધાનું નામ આવતા હૃદયનો એક ધબકારો ચૂકી જતી રુક્મિણી, સત્યભામાના સૌંદર્ય તેમજ ચંચળતાથી અને કૃષ્ણના તેના પ્રત્યેના અનુનય-વિનયથી સપત્નીને આવકારતા ઈર્ષ્યા પામતી રુક્મિણી, દ્રૌપદી અને કૃષ્ણ વચ્ચે લાંબા અને પારદર્શક વાર્તાલાપથી દુભાતું રુક્મિણીનું હૃદય, કૃષ્ણની પત્ની ન બની શકી હોવાથી, વારંવાર સ્વયંવર પ્રસંગને યાદ કરતી, રુક્મિણી સાથે તુલના કરતી દ્રૌપદી, અર્જુનને પ્રિય એવી કૃષ્ણની અતિસુંદર અને નિર્દોષ બાળક સમકક્ષ સ્વભાવ ધરાવતી બહેન સુભદ્રા સાથે અર્જુનના લગ્ન સમયે ઈર્ષ્યાના ભાવથી તપતી દ્રૌપદી, રુક્મિણીના સ્થિર મનથી ઈર્ષ્યા પામતા કૃષ્ણને તન-મન અને સંવેદનો દ્વારા સંપૂર્ણપણે પોતાના બનાવી લેવાની જીદ ધરાવતી સત્યભામા-આવા અનેક ઉદાહરણો સ્ત્રીપાત્રો એકબીજા પ્રત્યેની ઈર્ષ્યાને છતી કરી આપે છે.

કથામાં નિરૂપિત પુરુષપાત્રમાં પણ ઈર્ષ્યાના ભાવ જોવા મળે છે. તેમાં બે પાત્રની વાત મુખ્ય રીતે ગણાવી શકાય. અર્જુન અને બલરામ. અર્જુનને પણ આ નવલકથામાં કૃષ્ણ અને દ્રૌપદીના સંબંધ વિશે જાણ છે. તે ક્યારેક ઈર્ષ્યા પણ અનુભવે છે. અને દ્રૌપદીને કહે છે : "પરંતુ તમારી એમને માટેની આશક્તિ જોઈને ક્યારેય વિચલિત થઈ જાઉં છું. અમસ્તોય, હું તમને તમારા ચાર ભાઈઓ સાથે વહેંચુ છું...... એ પછી...."[૧૮] અન્ય એક પ્રસંગ પણ કૃષ્ણને છૂરી વાગતા દ્રૌપદી ચિંતિત થઈને કૃષ્ણનો હાથ પકડી લે છે. અને તુરંત જ શરમાઈ જાય છે. અર્જુનને આ ચોરી દેખાઈ આવે છે. કૃષ્ણ સાથે તે વિષયક વાત કરતાં તે કહે છે : " ચોરી તો ખરી જ ને, પાંચ પાંચ પતિ હોવા છતાં એક સખાનો હાથ પકડીને આમ જાહેરમાં..."[૧૯] આ ઉપરાંત, "સખા, તમે જાણો છો, સત્યને અને સંવેદનાને કુરુક્ષેત્રના યુદ્ધની પૂર્વસંધ્યાએ જો હું બધું સત્ય કહી દઈશ તો યુદ્ધ અહી જ રચાશે..... અને આજે જો નિષ્ઠામાંની નાની સરખીય તિરાડ દેખાશે તો...."[૨૦] આ તિરાડ અર્જુનને વિચલિત કરી મૂકે છે.

કૃષ્ણના મોટા ભાઈ બલરામને પણ નાનાભાઈની યશગાથા, રાજગાદી, તેમનું માન-સન્માન જોઈને ઈર્ષ્યા થઈ આવે છે. આવા તો બે ભાઈઓ વચ્ચે સમાન-અસમાનતા ના ભાવો, ઈર્ષ્યા, તકરાર વગેરે જેવી ઘટનાઓ તો રોજબરોજના જીવનમાં ઘટતી જ હોય છે. ભાવક તેનાથી પરિચિત હોય છે. અને આ તો ઈશ્વરની વાત. તેમાં પણ આવા સાહજિક પ્રશ્નો ભાવકની રોચાકતામાં વધારો કરે છે. કૃષ્ણને સંસ્મરણ થતા બાળપણના પ્રસંગોમાં જ જોઈ શકાય છે કે, બલરામને એ સહેજ પણ સહ્ય ન હતું કે, તેની ગદા અને મા રોહિણી આ બે માં કોઈ ભાગ પડાવે. ત્યારબાદ સમય જતાં ઉંમરમાં બલરામથી નાનો હોવા છતાં કૃષ્ણ જ્યારે રાજા બને છે. ત્યારે બલરામના આ સ્વભાવના મૂળમાંથી કૂંપળો ફૂટે છે કંઈક આ રીતે : "કા'ના, આ તું બોલે છે ? સુવર્ણનગરી દ્વારિકાનો રાજા, છપ્પન કોટી નો પાલક...... જે પૃથ્વી પર મૃત્યુ, જરા દુઃખ અને રોગ નથી, એવી પૃથ્વીના સર્જનહાર..... સમય, તારા કહ્યા પ્રમાણે ચાલે છે. દિશાઓ તારા કહ્યા પ્રમાણે ઉગે અને આથમે છે. ઋતુઓ તારા કહ્યા પ્રમાણે રંગ બદલે છે....."[૨૧] બલરામની આંખોમાં મદિરાના કેફની સાથોસાથ ગર્વનો-અભિમાનનો-અહંકારનો કેફ પણ છલકાતો હતો.

## 'કૃષ્ણાયન'માં કરુણતા :

નવલકથાની મોટાભાગની ઘટનાઓમાં કરુણતા હંમેશા હૃદયસ્પર્શી તત્ત્વ રહ્યું છે. આ નવલકથામાં પણ કેટલાક પ્રસંગોમાં, સંવાદોમાં કરુણતા જોવા મળે છે. જેમકે નવલકથાના આરંભે જ ગાંધારીની પીડા કોઈપણ 'મા' કે ભાવક સમજી શકે છે. પુત્ર ગમે તેટલો દુષ્ટ હોય પરંતુ તેનું મૃત્યુ કોઈપણ મા ખમી શકતી નથી. ગાંધારી પણ તેના દરેક પુત્રોના અને ખાસ દુર્યોધનના મૃત્યુને ખમી શકતી નથી. પુત્રવિયોગની પીડા ભોગવી રહેલી ગાંધારી કૃષ્ણને કહે છે : "નવાણું પુત્રને ખોયા છે મેં.

દુર્યોધનની જાંઘ માંથી નીકળતું રક્ત આજે પણ મારા પગ પલાળે છે..... થાકી જાઉં છું મારા ચરણ ઘોવડાવી ધોવડાવીને......દુઃશાસનનો ધડમાંથી છૂટો પડેલો હાથ ક્યારેક અડધી રાત્રે બોલાવે છે મને.... કૃષ્ણ, તમે ઠીક નથી કર્યું !" અહીં, હૃદય વલોવી નાખે તેવી પીડાનો અનુભવ થાય છે.

આ ઉપરાંત ગોકુળથી દૂર જતાં કાના પાછળ દોટ મૂકતી રાધા અને તેના કાનાઆ આ આ ... કાનાઆ આ આ....શબ્દોમાં રહેલી પીડા, પોતાની સહધર્મચારિણી રુક્મિણીને જીવનના અંતિમ સમયે કૃષ્ણ દ્વારા કરાયેલું વિદાયનું ચુંબન, કૃષ્ણના મૃત્યુના સમયે એક અંતિમ ભેટ કરવા ઈચ્છતી દ્રૌપદી અને રુક્મિણીનું અધીરાપણું, પડતા-અથડાતા, બેભાન થઈ જતી દ્રૌપદીની મનોસ્થિતિ અને અંતે રાધા પાસે મુક્તિ માંગતા કૃષ્ણ- આ દરેક પરિસ્થિતિઓમાં એવી કરૂણતા પ્રગટે છે. જે હૃદયને સ્પર્શ્યા વિના રહેતી નથી. કૃષ્ણના આંખમાંથી પડતા આંસુથી ભાવકની આંખો પણ ભીની થઇ જાય છે. આ સિવાય, થનાર યુદ્ધની જાણ હોવા છતાં કૃષ્ણના મક્કમ મન પાછળની પીડાનો પણ અહીં ઉલ્લેખ છે. કૃષ્ણને પીપળા નીચે મરણતોલ સ્થિતિમાં પણ પાંચજય વગાડતી વખતે થયેલી પીડા સાંભળી આવે છે. એમની નિર્દોષ પત્ની જ્યારે કૃષ્ણને વાંસળીની ભેટ આપે છે. ત્યારે તેમની મનોવાણી કહે છે. "પણ, એ વાંસળી સાથે જોડાયેલી રાધાની સ્મરણની પીડા નહોતી એ. એ પીડા આવનારા મહાયુદ્ધની હતી."[૨૨] આમ, કૃષ્ણને દેખાતું મહાસંહારનું દ્રશ્ય અને તે સાથે જોડાયેલ યાતનાનો અનુભવ કૃષ્ણ મનોમન એકલા જ કરી રહ્યા છે. લેખિકા દ્વારા આ કરૂણતાના ભાવ ભાવક નિહાળી રહ્યો છે. કથામાં સૌથી કરુણપાત્ર પણ કૃષ્ણ છે. અને સૌથી મજબૂત તેમજ ઘણું બધું શીખવાડી જાય તેવું સશક્ત અને દઢતા ધરાવે તેવું પાત્ર પણ કૃષ્ણ જ છે. પીપળા નીચે બેઠેલા જીવનની અંતિમ ક્ષણો ગણી રહેલા કૃષ્ણ ફક્ત તનની પીડા જ નહિ તેનાથી કેટલાય ગણી વધુ મનની પીડા પણ ભોગવી રહ્યા છે. તેમને પ્રિયજનોના વિરહની વેદના તો વેઠવાની જ હતી. પરંતુ આવનારી મહાસંહારની નાચતી ભૂતાવળના સાક્ષી બનવાનું હતું. યુદ્ધમાં કેટલીય મરણચીસો તેમને સાંભળી હતી. જેના કારણે ફક્ત ગાંધારીની જ નહીં તેમની પણ કેટલીય રાત્રીઓ નિદ્રાવિહોણી બની હતી. કેટલીય રાત્રીઓ તેમને ઝરુખે સ્થિર થઇ, બેસી રહીને પસાર કરી હતી. તેમને કેટલીક સ્ત્રીઓને વિધવા અને કેટલાય બાળકોને અનાથ થતાં જોયા હતા. આ દરેક કરૂણ ઘટનાઓના સાક્ષી બન્યા બાદ પણ તેમણે પોતાના જ કુળનો નાશ થતા જોયો હતો. આમ, જગતકલ્યાણ અર્થે જે કઈ કરવાથી પહોચેલી કૃષ્ણની પીડાનો ભાગીદાર ભાવક આપોઆપ બની જાય છે. તે રીતે કૃષ્ણના મનોમસ્તિષ્કની ધમાસણ લેખિકા વ્યક્ત કરે છે.

રાધા માટે જેમ શુભ્રા અરીસો બને છે. તે શુભ્રામાં પોતાને નિહાળે છે. તેમ કેટલાક વાચકપાત્રો કથાના કોઈને કોઈક પાત્રને અરીસો બનાવે છે. અને ક્યાંય કઈક છૂટેલું ક્યાંય કઈક રહી ગયેલું, કંઈક દુભાઈ ગયેલું એકવાર ફરી તે જીવી જાય છે. અને કથાની લોકપ્રિયતામાં પણ આપોઆપ વધારો કરે છે.

## <u>'કૃષ્ણાયન'માં શ્રદ્ધા-વિશ્વાસ</u> :

આ નવલકથામાં દ્રૌપદી, રાધા, રુક્મિણી, બલરામ, ગાંધારી , કુંતી, અર્જુન, કર્ણ વગેરે જેવા દરેક પાત્રને કૃષ્ણ સામે ઘણી ફરિયાદો રહી હશે. ઘણા રીસામણા-મનામણાના પ્રસંગ થયા હશે. પરંતુ દરેકને કૃષ્ણ પર પુરી શ્રધ્ધા અને વિશ્વાસ છે. જે એ યુગના માણસોનેય હતો અને આ યુગના માણસોને પણ છે. બાકી પત્ની સિવાય અન્ય સ્ત્રીઓ સાથેના સંબંધને તુચ્છ અને અમાન્ય રાખનાર સમાજ રાધા-કૃષ્ણની પૂજા ન કરતા હોત. આખરે તો તક્ષત પાસેથી કૃષ્ણને વરદાન પ્રાપ્ત હતું- 'માણસ સાથે તેનો(કૃષ્ણનો) પ્રેમ અખંડ રહે.'

કથામાં રાધાની કૃષ્ણ સામેની ફરિયાદ તો આલેખિત છે જ. પરંતુ રાધા અને શુભ્રાના સંવાદમાં રાધાનો કૃષ્ણ પ્રત્યેનો વિશ્વાસ પણ જોઈ શકાય છે : "જો એણે મને વિસારે પાડી હોત, તો મનેય ઝાઝો સમય ન લાગ્યો હોત, એને ભૂલતા.....આ તો અગ્નિ જેવું છે. જો ઇંધણ ન નાખો, તો તરત જ ઠરી જાય.....પણ મને જાણ છે. એને પ્રત્યેક પળે ઇંધણ નાખ્યા કર્યું છે. અને એટલે જ, અગ્નિ આટલો પ્રચલિત છે."[૨૩] આમ, દૂર રહેલા કૃષ્ણ પર રાધાને પૂરો ભરોસો છે. કે તેને કૃષ્ણ ભુલ્યો નથી. તેનો પ્રેમ અવરિત છે. અનંત છે. કૃષ્ણ રાધાની જેમ એમના પ્રતિ શ્રદ્ધા અને વિશ્વાસ રાખનાર વ્યક્તિનો પ્રેમ-વિશ્વાસ રૂપી અગ્નિમાં ઇંધણ નાખવાનું કામ કરે છે. સત્યભામાના આગમન સમયે વિચલિત રુક્મિણી, સુભદ્રા ના આગમન સમયે વિચલિત દ્રૌપદી, પોતાની પત્ની દ્રૌપદીના સખાના સાથેના સંબંધથી વિચલિત અર્જુન, નાના ભાઈથી ઈર્ષ્યા કરતો બલરામ આ દરેકને કૃષ્ણએ સાચવવાના પ્રયત્ન કર્યા છે. જ્યારે જ્યારે કૃષ્ણ પ્રતિ ફરિયાદ, કે વિશ્વાસ ડગે તેવી સ્થિતિ સર્જાય ત્યારે કૃષ્ણ તેમનો આધાર બન્યા છે. તેમના વિશ્વાસ પર ખરા ઉતરી તેમની શ્રદ્ધા અને વિશ્વાસને કાયમી બનાવવામાં સફળ રહ્યાં છે.

## <u>'કૃષ્ણાયન'માં વર્ણન</u> :

દરેક લોકપ્રિય નવલકથાની જેમ આ કથાનું વર્ણન પણ વિસ્તૃત રીતે થયું છે. આ કથાના વર્ણન થકી વાચકની આંખ સામે એક કલ્પિત ચિત્ર ઊભું થઈ શક્યું છે. રાધા, રુક્મિણી, દ્રૌપદી હોય કે પછી સ્વયં કૃષ્ણ હોય કોઈ પણ પાત્રને સ્થળ, સમય અને વાતાવરણ પ્રમાણે આલેખિત કર્યા છે. જેથી તેમનો દેખાવ, વાણી-વર્તન દરેકની કલ્પના વાચક કરી શકે છે. તેના કેટલાંક ઉદાહરણ જોઈએ :

દ્રૌપદી જ્યારે વહેલી સવારે કૃષ્ણના કક્ષમાં પ્રવેશે છે ત્યારે સ્નાન કરીને તરત પૂજા સમયના કૃષ્ણ : "હમણા જ પૂજામાંથી ઉઠેલા કૃષ્ણના ચહેરા પર અદ્વિતીય તેજ હતું. કપાળમાં ચંદનની અર્ચા કરી હતી. ઉત્તરીય વગરનું એમનું શરીર જાણે આરસપહાણમાંથી કંડાર્યું હોય એટલું સુંદર અને સુદૃઢ

હતું. સિંહ જેવી કટી, વિશાળ ખભા અને પહોળી છાતી..... છાતી પર અલંકારો વગર માત્ર એક જનોઈ.... મોરમુગટ વગરનું મસ્તક, તાજા ધોયેલા કાળા ચમકતા વાળ, કાન પાસે સહેજ સફેદી...... અને આંખોમાં વિશ્વભરની કરુણા અને વાત્સલ્ય...."[૨૪]

આમ, હંમેશા રેશમી વસ્ત્રો અને અઢળક અલંકારો સમેત જોયેલા કૃષ્ણ સ્નાનાદી પછી વહેલી સવારમાં પૂજા સમયે કેવા લાગતા હશે.....? તે ભાવસહિત વાચક જોઈ શકે છે.

સબાના મૃત્યુનો ભાસ થઈ જતા મૂર્છિત થયેલ દ્રૌપદી : "અર્જુને મૂર્છિત.....તંદ્રામાં અસ્ફુટ બડ્બડી રહેલી દ્રૌપદીને બે હાથમાં ઉપાડી. એનો અંબોડો ખૂલી ગયો હતો. એનું ઉત્તરીય અને વાળ જમીન પર ઘસડતા હતા. બંને હાથ નિષ્પ્રાણ થઈને લટકી રહ્યા હતા. કચૂકી સહેજ નીચે ઉતરી જવાને કારણે સ્તનોની વચ્ચેની કંદરા વધુ સ્પષ્ટ થઈ ગઈ હતી.......એના ગળામાં પહેરેલી સુવર્ણ અને મોતીની માળા ગળાની પાછળ ચાલી ગઇ હતી. અને વાળની સાથે એ પણ લટકી રહી હતી. એના પગ નિષ્પ્રાણ થઈ ને ઘૂંટણમાંથી વળી ગયા હતા....."[૨૫]

આમ, મૂર્છિત દ્રૌપદીનું વર્ણન તો ખરું, પણ અર્જુને જ્યારે તેને બે હાથમાં ઉપાડી તો કેવી આકૃતિ રચાઈ હશે તે પણ ભાવક જાણે રૂબરૂ નિહાળી શકે છે.

આ ઉપરાંત, ગોકુળમાં ગોમતી નદી, માતા યશોદા નું ઘર, દ્વારિકાનો મહેલ, ત્રિવેણીસંગમ, પ્રભાસક્ષેત્ર દરેક જગ્યાએ ભાવક પહોંચી શક્યો છે.

લોકપ્રિય નવલકથાને વધુ લોકપ્રિય બનાવવા માટે ઘણા લેખકો જાતીય વર્ણનો વધુ અને સ્પષ્ટ આલેખે છે. તેવી માન્યતા રહેલી છે. જોકે અમુક અંશે તે સાચી પણ છે. પરંતુ અહીં દેહના સ્પષ્ટ વર્ણનો બે જ  પ્રસંગે જોવા મળે છે. એક તો કૃષ્ણની અંતિમ પ્રયાણની વિદાય વેળાએ રુક્મિણી પાસે મુક્તિ માટે જતાં કૃષ્ણ અને રુક્મિણી વચ્ચે પ્રગાઢ ચુંબનનો પ્રસંગ અને દ્રૌપદીના શૃંગાર વિશેનું આ વિધાન : "કચુકી સહેજ નીચે ઉતરી જવાને કારણે સ્તનોની વચ્ચેની કંદરા વધુ સ્પષ્ટ થઈ ગઈ હતી."[૨૬] આ ઉપરાંત, સત્યભામા સાથેની કૃષ્ણની પહેલી રાત્રી સમયે પણ 'આલિંગન' શબ્દથી લેખિકા મર્યાદા બાંધે છે. અને આ મર્યાદિત વર્ણન કરી વિસ્તૃત વર્ણન કરવાનું અહીં ટાળે છે. જે બાબત શિષ્ટ સાહિત્યના લક્ષણો માં મૂકી શકાય તેવી છે.

## 'કૃષ્ણાયન'માં ભાષા :

બાયોફોકલ કહી શકાય તેવી આ નવલકથામાં નિરૂપિત ભાષા સ્પષ્ટ અને સાહિત્યિક જણાય છે. તેમાં તત્સમ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંસ્કૃત ભાષાનો ઉપયોગ અહીં નોંધનીય છે.

'त्वदीयम वस्तु गोविन्द तुभ्यमेव समर्प्यते' - 'તે આપેલું સર્વ તને જ અર્પણ કરું છું'

"નિયતં કુરુમ કર્મ ત્વં કર્મ જયાયો હ્યકર્મણઃ ।

શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધયેદકર્મણઃ ॥

નિયત એટલે નિમાયેલુ કર્મ તું કર, કારણ કે કર્મ ન કરવા કરતાં કર્મ કરવું સારું જ છે. કર્મ ન કરવાથી તો શરીરનો નિર્વાહ પણ ચાલશે નહીં..."[૨૭]

"અંતરિક હી શાંતિઃ... વનસ્પતયઃ શાંતિઃ,

પૃથ્વી શાંતિઃ, દેવા શાંતિઃ... હવે હવે બધે જ શાંતિ હતી અંદર અને બહાર... ભીતર અને ચારે તરફ... હવે મન અને શરીર બંને શાંત થઈ જવાનાં હતાં!"[૨૮]

"કાલોઽસ્મિ લોકક્ષયકૃત્ પ્રવૃદ્ધો

લોકોન્સમાહર્તુમિહ પ્રવૃતઃ,

ઋતેઽપિ ત્વાં ન ભવિષ્યન્તિ સર્વે

યેઽવસ્થિતાઃ પ્રત્યનિકેષુ યોધાઃ"[૨૯]

"પ્રભુ, આપે આપનું કાર્ય પૂરું કર્યું છે. તેમ છતાં પૃથ્વીલોકમાં આપને આનંદ હોય તો ખુશીથી રહો. હું સેવક, સમયનું સ્મરણ અપાવવા આવ્યો છુ !"

"યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।

તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥

(જે મને બધે જુએ છે, અને મારામાં બધું જુએ છે તેને માટે હું કદી દૂર નથી અને તે મારાથી કદી દૂર નથી.)"[૩૦]

"યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।

તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્ભાવ ભાવિતઃ ॥

(જે ભાવનું સ્મરણ કરતો મનુષ્યદેહ ત્યાગે એ જ ભાવને નિઃસંદેહ બીજા અવતારમાં પામે છે...)"[૩૧]

"સર્ગાણામાદિરં તશ્ચ મધ્યં ચૈવાહમર્જુન ।

અધ્યાત્મવિદ્યા વિદ્યાનાં વાદઃ પ્રવદતામહમ્ ॥

અક્ષરાણામકારોઽસ્મિ દ્વંદ્વસામાસિકસ્ય ચ ।

અહમેવાક્ષયઃ કાલો ધાતાહં વિશ્વતોમુખઃ ॥

દંડો દમયતામસ્મિ નીતિરસ્મિ જિગીષતામ્ ।

મૌનંચૈવાસ્મિ ગુહ્યાનાંજ્ઞાનં જ્ઞાનવતામહમ્ ॥"[૩૨]

"(હે અર્જુન! આકાશ વગેરે સૃષ્ટિનો આદિ, મધ્ય તથા અંત હું જ છું, અર્થાત્ ઉત્પત્તિ, સ્થિતિ, તથા પ્રલયને મારી વિભૂતિ જાણવી. વિદ્યામાત્રમાં હું આત્મવિદ્યા છું અને વાદ કરનારાઓનો વાદ પણ હું છું.)

(અક્ષરમાં હું આકાર છું, કારણ કે આ સર્વશાસ્ત્રમાં વ્યાપક છે. સમાસોમાં હું ઉભયપદ પ્રધાનવાળો દ્વંદ્વ સમાસ છું, કાલમાં પ્રધાનરૂપ અક્ષયકાલ પણ હું છું, તથા કર્મનાં ફળ આપનારાઓમાં સર્વત્ર વ્યાપક સર્વ કર્મનું ફળ આપનાર હું છું.)

(દમન કરનારાઓમાં હું દંડરૂપ છું કે જેથી નિયમ વિનાના પણ નિયમમાં રહે છે. વિજયેચ્છુ મનુષ્યોની સામ, દામ આદિક નીતિ હું છું, ગુહ્ય રાખવા યોગ્ય વસ્તુઓમાં ગુહ્ય રાખવાનું સાધન જે મૌન તે પણ હું છું, અને તત્ત્વજ્ઞાનીઓનું જે જ્ઞાન છે તે પણ હું છું.)"[૩૩]

"નહિ પ્રપશ્યામિ મમાપનુધાયચ્છોકમૂચ્છોષણમિંદ્રિયાણામ્ ।
અવાપ્ય ભૂમાવસપત્નમૃદ્ધંરાજ્યં સુરાણામપિ ચાધિપત્યમ્ ॥

(આખી ભૂમિનું પૂર્ણ સમૃદ્ધિથી ભરેલું રાજ્ય અથવા સ્વર્ગનું પણ આધિપત્ય મળે તો પણ ઈંદ્રિયોને શોષણ કરનારો શોક દૂર થાય એવો ઉપાય હું દેખતો નથી.)"[૩૪]

"ઓમ્ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણ મુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥"[૩૫]

"ઉદ્ધરેદાત્માનાત્માનં નાત્માનમવસાદયેત્ ।
આત્મૈવ હ્યાત્મનો બંધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥

(મનુષ્યે પોતાની મેળે જ પોતાનો ઉદ્ધાર કરવો, પોતાના આત્માને કદી અવસાદ થવા દેવો નહિ, કારણ પ્રત્યેક મનુષ્ય પોતે પોતાનો બંધુ એટલે મદદ કરનાર છે, અને પોતે જ પોતાનો શત્રુ છે.)''[૩૬]

"...મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।
મનઃષષ્ઠાનીંદ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥

(મારો જ સનાતન અંશ આ મૃત્યુલોકમાં જીવ બનીને પ્રકૃતિમાં રહેલી પાંચ ઇંદ્રિયો તથા છઠ્ઠું મન પોતાનામાં ખેંચી લે છે.)"[૩૭]

આ ઉપરાંત 'આપણાં ત્યજવાથી કે અસ્વીકાર કરવાથી નિયતિમાં કોઈ ફેર નથી પડતો.', 'ચાહવું એ પામવું નથી.', 'માર્ગ તો અવિરત ચાલવાને છે સતત પ્રવાસ એ જ નિયતિ છે...' વગેરે જેવા કૃષ્ણ દ્વારા કહેવાતા ઘણા ફિલસૂફીભર્યા વાક્યો તેમજ પ્રેમની ફિલસૂફીભરી પરિભાષા જોવા મળે છે. "આ તો દ્રષ્ટિનો ભ્રમ છે. કોઈ ક્યારેય સ્નેહ કરવામાં મણા નથી રાખતું, આપણું મન જ વધુ ને વધુ માગ્યા કરે છે. પ્રિયે!" "પણ વરસાદના બધાય વાદળો ધરતીના એક જ ટુકડામાં કેવી રીતે વરશે ? એને અતિવૃષ્ટિ કહેવાય, પ્રિયે!"[૩૮] આ સિવાય શુભ્રા રાધા ને કહે છે : "મા, પહેલા

વરસાદમાં પલળેલો મનનો એક ખૂણો જિંદગીભર ભીના રહે, ગમે તેટલો તાપ, ગમે તેટલો તડકો એને ચૂકવે નહીં, એમાં કોઈ શું કરે ?"[૩૯]

આ કથામાં પ્રતિકાત્મક ભાષાનો પણ ઉપયોગ થયો છે. જેમ કે "ત્રણેય નદીઓ આખરે સમુદ્રમાં સમાઇ જતી હતી."[૪૦] "રાધાએ શુભ્રા સામે જોયું.....અરીસામાં જોતી હોય એમ!"[૪૧]

## ઉપસંહાર :

આમ, આ કૃતિ શ્રીકૃષ્ણના મુખે જીવન, મૃત્યુ, સંબંધ, પ્રેમ, ધર્મ અને રાજકારણ જેવા ઘણા વિષયોની ચર્ચાને આ નવલકથામાં આવરી લે છે. ભરપૂર સંવાદો દ્વારા સમાવિષ્ટ કરાયેલા આ ફિલસુફીભર્યા વિચારો નવલકથાના સ્ત્રીપાત્રોને અને અંતે વાચકને શુદ્ધ પ્રેમ વિશેની વિભાવના સમજાવે છે. ઉપર ઉપરથી સંબંધોની જે ગૂંચવણ નજરે પડે છે. તે અંતે ઊંડે ઉતરતા શુદ્ધ પ્રેમ સુધી ગતિ કરાવે છે. આ નવલકથાનો કૃષ્ણ વધુ માનવીય હોવાથી, માણસને પોતાની વધુ નિકટ લાગતો હોવાથી આ કૃતિ લોકપ્રિય બની છે. ઈશ્વરના માનવ તરીકેના ખુલેલા આયામો, તેમના વિચારો, તેમણે આચરેલ આંટી-ઘૂંટી, પાત્રોનો સાધ્ય તરીકે ઉપયોગ અને છેવટે આ સર્વેને પરમ પરમાત્માની ઈચ્છા કે ધર્મ માટે રચાયેલ નિયતિ તરીકે ઘટાવીને આ નવલકથા ઘણું રસપ્રદ ચિત્ર ઉભું કરી આપે છે. આ નવલકથાનું હાર્દ એ તેના સંવાદો જ છે. જેનો ઉપયોગ વાચક પોતાના વાસ્તવિક જીવનમાં કરી શકે તેવા છે. સર્વાંગી રીતે કૃષ્ણાયન મોટી સંખ્યામાં 'લોકસમુદાય'ને સંતોષતી સફળ લોકપ્રિય નવલકથા છે.

## પાદટીપ :

૧. 'કૃષ્ણાયન', કાજલ ઓઝા વૈદ્ય, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પુનર્મુદ્રણ : ૨૦૧૫, પૃ. ૦૭
૨. એજન, પૃ. ૧૦૪
૩. એજન, પૃ. ૨૭
૪. એજન, પૃ. ૨૩૧
૫. એજન, પૃ. ૧૧૪
૬. એજન, પૃ. ૧૦૧
૭. એજન, પૃ. ૫૧
૮. એજન, પૃ. ૫૦
૯. એજન, પૃ. ૫૧
૧૦. એજન, પૃ. ૧૧૪
૧૧. એજન, પૃ. ૦૭

૧૨. એજન, પૃ. ૨૭
૧૩. એજન, પૃ. ૨૮
૧૪. એજન, પૃ. ૪૫
૧૫. એજન, પૃ. ૦૪
૧૬. એજન, પૃ. ૩૭
૧૭. એજન, પૃ. ૧૦૫
૧૮. એજન, પૃ. ૮૮
૧૯. એજન, પૃ. ૧૫૭
૨૦. એજન, પૃ. ૧૪૫
૨૧. એજન, પૃ. ૭૩
૨૨. એજન, પૃ. ૩૬
૨૩. એજન, પૃ. ૨૮
૨૪. એજન, પૃ. ૦૯
૨૫. એજન, પૃ. ૧૫૫
૨૬. એજન, પૃ. ૧૫૫
૨૭. એજન, પૃ. ૧૯
૨૮. એજન, પૃ. ૨૩
૨૯. એજન, પૃ. ૩૦
૩૦. એજન, પૃ. ૮૨
૩૧. એજન, પૃ. ૮૩
૩૨. એજન, પૃ. ૧૭૬
૩૩. એજન, પૃ. ૧૭૭
૩૪. એજન, પૃ. ૧૯૯
૩૫. એજન, પૃ. ૨૦૭
૩૬. એજન, પૃ. ૨૦૮
૩૭. એજન, પૃ. ૨૪૦
૩૮. એજન, પૃ. ૧૧૧
૩૯. એજન, પૃ. ૧૭૧
૪૦. એજન, પૃ. ૨૬
૪૧. એજન, પૃ. ૧૭૧

## ૩.૯ : '64 - સમરહિલ'

**- ધૈવત ત્રિવેદી**

પત્રકાર અને લેખક એમ બંને પ્રકારની છબી ધરાવતા ધૈવત ત્રિવેદી તેમની લોકપ્રિય નવલકથાઓ દ્વારા લોકપ્રિય લેખક તરીકે જાણીતા છે. '64 સમરહિલ', 'મેકલિન એસ્ટેટ', 'રમેશાયણ', 'લાઈટહાઉસ' જેવી રસપ્રદ નવલકથાઓ તેમની પાસેથી પ્રાપ્ત થઈ છે. અત્યારે પણ તેઓ ધારાવાહિક નવલકથા તેમજ અન્ય પ્રકારના લોકપ્રિય લખાણોમાં કાર્યરત છે. એક પછી એક રહસ્ય ઊભા કરી, રહસ્યમય હેતુ સિદ્ધ કરતી કથા પ્રસ્તુત કરી વાચકને જકડી રાખવામાં ધૈવત ત્રિવેદી પારંગત જણાય છે. તેમની આ ખૂબી 'લાઈટ હાઉસ' નવલકથામાં પણ જોવા મળે છે.

અહીં તેમની '64 સમરહિલ' નવલકથાને લોકપ્રિય તત્ત્વોને આધારે તપાસવાનો હેતુ રહેલો છે. '64 સમરહિલ' અત્યંત રોચક, રહસ્યમય અને કૂતુહલ તેમજ જિજ્ઞાસા જગાવે તેવી કથા રહી છે. આ કથાને લોકપ્રિય તત્ત્વોને આધારે તપાસીએ તે પહેલાં આપણે તેની કથાવસ્તુ જોઈએ.

**કથાવસ્તુ :**

એપ્રિલ, ૨૦૧૨ના કોઈ એક દિવસની એક ઘટનાને આધારે લખાયેલ આ કથા કાલ્પનિકરૂપે આકાર પામી છે. જેમાં લેખક અને મૂર્તિચોર છપ્પનસિંઘની મુલાકાત કારણભૂત બની છે. નવલકથાના અંતે લેખક નોંધે છે તેમ કથાનો છપ્પનસિંઘ અને વાસ્તવિક છપ્પનસિંઘમાં વધુ સામ્ય નથી. એનું નામ અને તેની મૂર્તિ ચોરવાની રીતનો જ અહીં ઉપયોગ થયો છે. કથાની શરૂઆત મૂર્તિચોર છપ્પનસિંઘ કરે છે. પરંતુ કથાનો અંત મૂર્તિ ચોરાવનાર દૂબળી એટલે કે પ્રોફેસર નિલાંબરરાયના ઉદ્દેશ્ય પાર પાડવાની સફળતાથી આવે છે. વર્ષો જૂની-પુરાણી, જર્જરિત મૂર્તિઓ ચોરવાથી કોઈને શું લાભ થતો હશે? તેની પાછળ કોનો અને કેવો ઉદ્દેશ્ય હશે? આવા કોઈ પણ વિચારો કર્યા વગર ફક્ત પૈસાની લાલચે મૂર્તિ ચોરનાર છપ્પનસિંઘને પણ ડૉ. ત્વરિતના કારણે આ પ્રશ્નોનાં જવાબ શોધવામાં રસ પડે છે. એ જ રીતે ઈન્સ્પેક્ટર રાઘવ મૂર્તિ ચોરનારને પકડવા માટે રસ દાખવે છે. આટલી જૂની જર્જરિત મૂર્તિ ચોરાવનાર દૂબળી કોણ હશે? જેની પાછળ તે લાખો રૂપિયા ખર્ચી રહ્યો છે તે આ મૂર્તિનું શું કરતો હશે? આ રહસ્યમય પ્રશ્નો કથાને વધુ રસપ્રદ બનાવે છે. પહેલા તો લેખક અને મૂર્તિઓનો

અભ્યાસી ડૉ. ત્વરિત કૌલ તેની આતુરતા અને ઉત્સુકતાને વશ થઈને છપ્પનસિંઘ સુધી પહોંચે છે. ત્યારબાદ ડૉ. ત્વરિત કૌલને મૂર્તિચોર તરીકેની શંકા રાખનાર ઈન્સ્પેક્ટર રાઘવ મહિયા ત્વરિતનો પીછો કરતા અને ઝુંઝારસિંઘની મદદ દ્વારા પહોંચે છે. આ બધાની શોધખોળને કારણે ક્યારેય સામે ન આવનાર દૂબળી સામે આવે છે. દૂબળીએ તેની દીકરી હીરનની મદદ દ્વારા ૬૪ વામપંથી મૂર્તિઓ ચોરવાનું મિશન ઝડપ્યું છે. તેમાં વારંગલની મૂર્તિની ચોરી વખતે આતંકવાદીઓ તેમજ તેમને પકડવા માટેની બી.એસ.એફ.ની ટીમ તથા મૂર્તિ ચોરવા આવેલ છપ્પનસિંઘ અને ડૉ. ત્વરિત કૌલ અજાણ રીતે કંઈક અલગ જ ધીંગાણામાં ફસાય છે. અને આ ધીંગાણાને કારણે દૂબળી પર છેવટે પ્રકાશ પડે છે. દૂબળી જ્યારે તેનો મૂર્તિ ચોરવા પાછળનો ઉદ્દેશ્ય જાહેર કરે છે. ત્યારે જુદા જુદા ઈરાદાથી બધા જ તેમાં જોડાય છે. અને છેલ્લી મૂર્તિ ચોરાયા પછી હતાશ થઈ ગયેલા દૂબળીને સાથ આપવાનું નક્કી કરે છે. દૂબળીનો ઉદ્દેશ્ય દુનિયાને સાબિતી આપવાનો હતો. એ વાતનો પુરાવો તે આપવા માંગતો હતો જેના કારણે તે હાસીનું પાત્ર બન્યો હતો. માણસ કોઈ પણ ટેક્નીકલ સાધનોના ઉપયોગ વગર અન્ય માણસની આંખમાં આંખ પરોવીને કે ગમે તેટલી દૂરી પર હોવા છતાંય તે તેના મગજમાં ચાલતા વિચારો જાણી શકે છે. અને એકબીજાનો સંપર્ક ફોન વગર પણ કરી શકે છે. અને આવી પ્રાચીન વિદ્યાઓની ખોજમાં તે આ પ્રકારનું બીડું ઝડપે છે. રાઘવ ઈરાદાપૂર્વક આ ટીમમાં જોડાય છે. પરંતુ, બાકીના ફક્ત આ વાતની રોચકતા અને આશ્ચર્યને કારણે જોડાય છે. આમ જુદાં ઈરાદાઓ સાથે પણ એક જ ઉદ્દેશ્ય માટેની એક જ ટીમ તૈયાર થાય છે. અને હીરનની યોજના હેઠળ પ્રોફેસર, છપ્પનસિંઘ, ડૉ. ત્વરિત, રાઘવ માહિયા, ઝુંઝારસિંઘનો કાફલો અત્યંત મુશ્કેલ તેમજ લગભગ અશક્ય મિશનનું બીડું ઝડપી ૬૪ ગ્રંથો અને હસ્તપ્રતોની શોધમાં તિબેટ જવા રવાના થાય છે. જેમાં મુક્તિવાહિનીનો લીડર કે.સી. અને તાન્સી તેમની મદદ અર્થે આવી પહોંચે છે. ત્યારબાદ કથામાં રાઘવના ષડયંત્ર અને દગાખોરીને કારણે એક ઘમસાણ રચાય છે. જે ખૂબ રોચક રીતે લેખકે આલેખી છે. તિબેટ પહોંચવાનો આ કટોકટીનો સમય અને આ સમય દરમિયાન ઘટતી જતી ઘટનાઓને લેખકે ખૂબ જ રસપ્રદ રીતે આલેખી છે. શું થશે ? હવે શું થશે ? એવા ધ્રાસકા સાથે ભાવક એકી બેઠકે કથામાં આગળ વધે તેવા આશ્ચર્યજનક પ્રસંગો અને હૃદયનો એક થડકારો ચૂકી જવાય તેવી ઘટનાઓ સાથે તિબેટ પહોંચવું અને કેટલાંક દુઃખદ પ્રસંગો, સંઘર્ષ અને કેટલાંક સ્વજનોના જીવ ગુમાવ્યા પછી સફળતા સાથે તિબેટથી ભારત પાછા ફરવું ત્યાં સુધીના સુખદ અંત સાથે કથા પૂરી થાય છે. જેમાં ભાવકનો હાશકારો અને તેની ઉત્સુકતા સંતોષાય છે.

## પાત્રાલેખન :

મુખ્ય પાત્ર છપ્પનસિંઘને કારણે રચાયેલ આ કથામાં અનેક પાત્રોનો સમાવેશ થયો છે. પ્રોફેસર નિલાંબરરાય ઉર્ફે 'દૂબળી'ને કથાનો તારણહાર કહી શકાય. આખીય કથાની ઘટના તેના મુખ્ય ઉદ્દેશ્ય પર નિર્ભર છે. નવલકથાની શરૂઆતમાં છપ્પનસિંઘને મુખે તેની ચપળતા અને બુદ્ધિનો પરિચય થાય છે. પરંતુ જેમ જેમ કથા આગળ વધે છે, તેમ તેમ દૂબળીનો ખરેખરો પાત્ર પરિચય થાય છે. દૂબળી છપ્પનસિંઘ નામના ભેજાબાજ ચોરને હાથે વામપંથી મૂર્તિઓની ચોરી કરાવે છે. આ બાબતે છપ્પનસિંઘનો સંપર્ક સાધવો, મૂર્તિ વામપંથી છે અને કઈ-કઈ જગ્યાએ છે તેની જાણકારી આપવી, છપ્પનસિંઘની એક-એક હરકત પર દરેક ક્ષણ ધ્યાન રાખવું, મૂર્તિ ચોરાયા પછી છપ્પનસિંઘને પણ ખબર ન પડે એ રીતે તેની પાસેથી મૂર્તિ પ્રાપ્ત કરવી, અને બદલામાં તેની કિંમત ચૂકવવી- આ બધી જ પ્રક્રિયાને દૂબળી કઈ રીતે પાર પાડતો હશે? તે જાણવા માટે ઉત્સુકતા વધતી જ જાય છે. રહસ્યમય પાત્ર દૂબળીના દરેક કામ ચોંકાવનારા હોય છે.

આ કથામાં મોટાભાગના પાત્રો બુદ્ધિશાળી અને હોનહાર જણાય છે. દરેક પાત્રની કોઈક ખાસ વિશેષતા એ તેઓની આવડત છે. ડૉ. ત્વરિત કૌલ પણ પોતાના વિષયમાં પારંગત છે અને પોતે નક્કી કરેલા ધ્યેયને વળગી રહેનારું પાત્ર છે. ડૉ. ત્વરિતનું આગમન કથામાં રહસ્યમય રીતે થયું છે. તેથી વર્ષોથી ચોરીમાં માહીર જણાતા આ છપ્પનને પકડનાર આ કોણ હશે?- એ જાણવાની તાલાવેલી સાથે આ પાત્રનો પ્રવેશ થયો છે. મૂર્તિ વિષયક ઘણી જાણકારી અને વામપંથી મૂર્તિને ઓળખવાની અનોખી આવડત ધરાવનારનો પરિચય પણ એક પુસ્તક દ્વારા આકર્ષક રીતે થયો છે. ડૉ. ત્વરિતનું પાત્ર લેખકની અન્ય નવલકથા 'લાઈટ હાઉસ'ના અભિ સાથે સરખાવી શકાય તેવું છે. અભિ જેમ પત્રકારની ફરજ અને પોતાના મનની ઉત્સુકતાને કારણે મોટા ધિંગાણામાં ફસાય છે. તેમ મૂર્તિ અને ચોરીના ઉદ્દેશ્ય જાણવા તત્પર ત્વરિત પણ મૂર્તિ ચોરીમાં ખચકાટ સાથે સંડોવાય છે. અને કેટકેટલીય ભયંકર મુશ્કેલીઓનો સામનો પણ કરે છે. ડૉ. ત્વરિત પોતે નિર્ધારિત કરેલ ધ્યેયને વળગી રહેનાર વ્યક્તિ છે. લોભામણું, લચકદાર સુંદર શરીર ધરાવતી છોકરીઓને જોઈને પણ તે પોતાના મનને સ્થિર રાખી શકવામાં સફળ નીવડે છે. તિબેટના અત્યંત સંઘર્ષમય પ્રવાસ દરમિયાન પણ ડૉ. ત્વરિત સૂઝ-બૂઝ અને હિંમતથી કામ લેતા નજરે પડે છે. ઈન્સપેક્ટર રાઘવે પોલીસની ટીમને બોલાવીને જે ભૂલ કરી છે, તેને ઢાંકે છે અને રાઘવના માથે જ્યારે મોત ઘુમરાય છે. ત્યારે એક મિત્ર તરીકેની ફરજ

પણ તે અદા કરે છે. અને તિબેટથી જ્ઞાનનો ખજાનો ભારત પાછો લાવવાના મિશનમાં પૂરી વફાદારી અને નિષ્ઠાવાન ફરજ નિભાવે છે.

કથાનું મુખ્ય પાત્ર છપ્પનસિંઘ જેના કારણે કથા રચવાની લેખકને પ્રેરણા મળી છે. તે ત્વરિત કે દૂબળી જેવો ભણેલો-ગણેલો હોશિયાર નથી. પરંતુ પોતાના કામમાં ઘડાયેલો અને પાવરધો છે. મૂર્તિને તેના મૂળથી જરાય નુકશાન થયા વગર છૂટી કરીને તેની ચીવટથી ચોરી કરી શકે છે. અને એની પાછળની જે તરકીબોનો તે ઉપયોગ કરે છે, તે આંખો પહોળી થઈ જાય તેવી હોય છે. આ વિદ્યા તેને પોતાના પિતા ગુંગાસિંઘ પાસેથી વારસામાં મળે છે. પિતા ગુંગાસિંઘ કથામાં ક્યાંય પ્રત્યક્ષ નથી, પણ તેમને આપેલી શિખામણો પરોક્ષ રીતે તેમની આવડત અને શાર્પ મગજની સાક્ષી પૂરે છે. કથાની શરૂઆત જ છપ્પનસિંઘની ચોરી કરવા માટેની અનોખી તૈયારીઓથી થાય છે. ક્લાસમેટ્સના કંપાસ, બૂક્સની ઊંઠાતરીથી હોસ્ટેલથી માંડીને છપ્પનસિંઘ મોટો થતામાં તો એક કુશળ ચોર બની ગયો હતો. અને બમણું કમાવવા લાગ્યો હતો. તથા છેલ્લા કેટલાંક સમયથી તો ફક્ત વામપંથી મૂર્તિઓની ચોરીથી ઘણાં રૂપિયા પાડતો હતો. ચૂનો, લાપી, રાખ, પાણી, ચીભડાનો રસ, પિસ્તોલ- આ બધી વસ્તુઓનો અનોખો ઉપયોગ અને સાંજ ઢળે એ પહેલા ખેલ પાડી દેવાનો મનોમન કરેલો નિશ્ચય કથાની શરૂઆતમાં કુતૂહલમાં વધારો કરે છે. છપ્પનસિંઘનો સીધો પરિચય ન આપતાં લેખકે ધીમે ધીમે તેના નામ અને કામ ઉપરથી પડદો ઊઠાવ્યો છે. જેના કારણે ઘટના અને પાત્રોનો મેળાપ ભાવકને આકર્ષે છે. દૂબળીએ જ્યારે ડેરા સુલતાનખાંનું ટાર્ગેટ જણાવ્યું ત્યારે ત્વરિતની ધમાલને કારણે કેકવો વહેમાય છે. જેની પરખ છપ્પનને તરત થઈ જાય છે. કેકવાના સવાલોના જવાબ પણ તે ઘુમાવીને આપે છે. અને ત્વરિત વિશે એક અલગ જ વાર્તા ઘડી નાખી કેકવાને બોલતો બંધ કરી નાખે છે. આમ, પોતાના ધંધાની ગંધ કોઈને જ ન આવે એ રીતે તેનું મગજ કામ કરતું હોય છે. જે જગ્યા પર ચોરી કરવાની હોય એ જગ્યા પ્રમાણે પહેરવેશ, નવી ઓળખ, નવું પ્લાનિંગ તેની ચપળતા દર્શાવે છે. જેમાં તે ફાતિમા, મંદા અને મરિયમ જેવી સ્ત્રીઓનો પણ ઉપયોગ કરે છે. જેના કારણે તેનું રંગીન મન પણ પોષાતું રહે છે. હવે ત્વરિત તેનો કાયમી સાથીદાર થયો હતો. અને આ બાબતમાં એ આમ પણ સંકોચ ન'તો અનુભવતો. તે ત્વરિતને પણ ઑફર કરતો. પરંતુ, ત્વરિત છપ્પનનાં પરાક્રમો દરમિયાનના પલંગના કિચુડાટી જેવા અવનવાં અવાજો સાંભળી મનને સ્થિર રાખી સૂઈ રહેતો. તિબેટ જવાના જુસ્સાએ છપ્પનના વ્યક્તિત્વમાં પણ પરિવર્તન કર્યું. ફક્ત પૈસાથી મતલબ રાખનાર છપ્પન, બાપ-દાદાઓએ જેની જાળવણી માટે પોતાના જીવ ગુમાવ્યા છે, તેના માટે તે પોતાની પણ ફરજ

સમજતો થયો હતો. તિબેટનો પ્રવાસ અને ભારતની સંપત્તિને પાછી લઈ આવવા માટેના ઝૂનુને એક ચોરમાં રહેલા ઋજુ હ્રદયને ઢંઢોળ્યું હતું. છપ્પનસિંઘની મૂર્તિ ચોરવાની રીતમાં જે કેમેસ્ટ્રી રહેલી છે. તેના માટે લેખક પણ કહે છે કે, "છપ્પનસિંઘને અચાનક એવો સવાલ કરો કે કેમેસ્ટ્રીના સ્પેલિંગમાં સી આવે કે કે? તો કદાચ તેને ફાંફા પડી જાય પણ, પોતાના કામ પૂરતો એ હરતી-ફરતી યુનિવર્સિટી હતો."[૧] મૂર્તિ ચોરી કરવા માટે બોડી સ્પ્રે, આલ્કોહોલ, રાખ, ચૂનાની લૂગદી, હેર રીમૂવર ક્રિમ વગેરેનો ઉપયોગ ખૂબ રસપ્રદ હતો. આ ઉઅપરાંત પણ ગંધકના પાઉડરમાંથી એસિડ બનાવીએ હસ્તપ્રતોના બંચ પર લગાવી તેને છૂટા કરી પાછા ઘાસમાંથી બનાવેલા વાયરોથી બાંધી હસ્તપ્રતોને સેરવી લીધી હતી. ત્યારે પણ છપ્પન 'વાહ!' ચરિત્ર પૂરવાર થાય છે.

નિલાંબરરાય એટલે કે દૂબળીની દીકરી હિરન તેમજ તિબેટ પહોંચવા માટેનો ટીમ લીડર કેસી તથા તાન્સી જેવા પાત્રો પણ અત્યંત બહાદુર અને હોશિયાર રહ્યા છે. હિરન તો આખાય મિશનની જાણે કર્તા-હર્તા છે. તેની અને દૂબળીની મનથી મન વાતચીત કરવાનું આકર્ષક મિથ લેખકે અદ્ભૂત આલેખ્યું છે. અન્ય પાત્રોની જેમ આ પાત્રોનો પણ સીધો પરિચય નથી. રહસ્યમય ઘટનાઓ કે સ્પર્શી જાય તેવું તેમનું કથામાં આગમન થયેલ છે. તિબેટ જવા માટે જરૂરી તાલીમમાં હિરન સૌથી પહેલો પડકાર ઝીલતી અને જોખમી હોવા છતાં તે નિર્ભય થઈને કેસીએ ચિંધેલ ફોલ પાર પાડતી હતી. તેની સામે રાઘવના રજાના રીપોર્ટ દરમિયાન પડછાયાની જેમ તેની સાથે રહી હતી. એક ઈન્સપેક્ટર હોવા છતાં રાઘવને પરસેવો છૂટી ગયો હતો. પરંતુ તેની એક નજરચૂકે રાઘવને પણ હોશિયાર સાબિત કર્યો હતો. હંમેશા પોતાની ફરજને વફાદાર રાઘવ આખી પોલીસ ટીમને નોતરું દઈને આવે છે. જેનાથી તિબેટ જવાના રસ્તે ભારે તોફાન ઊભું થાય છે. પરંતુ રાઘવને તેની ભૂલ સમજાતા એ પોતે જ મૃત્યુને ભેટી પડે છે.

મુક્તિવાહીનીના લીડર તરીકે ફરજ બજાવતો કેસી પણ ફિલ્મી હિરોથી કમ આંકી શકાય તેવો નથી. તિબેટ પહોંચવા માટેનું તેનું ષડયંત્ર, ટીમની તાલીમ, અને તેના હેંગસુન મદદનીશો તેમજ તેની ભેજાબાજી કારીગરી અદ્ભૂત છે. અસલી ચહેરા પર નકલી મહોરા પહેરાવવા, વધારાની પરમિટ, નકલી રૂક્કાઓ, હથિયારો અને બનાવટી ચલણી નોટોની વ્યવસ્થા કરી તેનો તિબેટમાં પ્રવેશ કરાવવો વગેરેમાં નિષ્ણાત કેસી સિગ્મુડ ત્સેમ્પાનું નામ ધારણ કરીને તિબેટમાં પ્રવેશે છે. એનેરોગ ત્સોરપેનો દીકરો એ જ કેત્સાંગ ત્સોરપે તરીકેની ઓળખ ખૂબ જૂજ લોકો જાણતા હતા. મળેલી હસ્તપ્રતોના

આધારે દલાઈલામાના મહેલમાં જ્યારે મુક્તિવાહિનીની ટીમ પહોંચે છે ત્યારે પણ અત્યંત ઝૂનુન અને બહાદુરી સાથે કે.સી. લડે છે. મોઢામાંથી લોહીના ઘળકા નીકળી રહ્યા છે, શરીરમાં કેટલીય ગોળીઓ ખૂપી ગઈ છે, છતાંય ચીનકાઓને મહેલનો ચકરાવો કરાવવામાં તે સફળ રહે છે. અને આ પાત્ર પ્રબળ જીજીવિષાના જોરે જ હિરનને ગુપ્ત રસ્તાની જાણકારી આપી જાણે શહીદી વ્હોરે છે.

કેસીનો હરહંમેશ સાથ આપતી તાન્શી પણ હિંમતવાન છોકરી છે. કેસે જેટલી જ પારંગત આ છોકરી ધ્યેય સુધી પહોંચવા માટે કંઈ પણ કરી છુટવા તૈયાર હોય છે. ચીની ફોજીઓનું ધ્યાન ભટકાવવા તેમને સંતુષ્ટ કરવા, એ જ્યારે પોતાના દેહની કુરબાની આપી દે છે ત્યારે તેની આ ખતરનાક હિંમત દાદ માંગી લે છે.

કથામાં કૂતુહલ સાથે સમયાંતરે ઝુંઝાર નામક પાત્રની આડકથા ચાલે છે. ઊઘરાણી કરવી, નવા હરીફોને ધમકાવવા, સરકારી અધિકારીઓને દબડાવીને શેઠના ટેન્ડર પાસ કરાવવા- વગેરે જેવા લફૈતી કામોમાં માહીર ઝુંઝારસિંઘ એક સમયે રાઘવ માટે પણ કામ કરતો હતો. તે પણ મુક્તિવાહિનીની ટીમમાં જોડાઈ જાય છે. અને તેના જીવનની આડકથા પણ રસપ્રદ રહી છે. ક્યારેક મૂર્ખાઈ કરતો પરંતુ ભીતરની દબાયેલી લાગણીમાં બળતો ઝુંઝાર તિબેટમાં નાના બાળક ઉપર થતા અત્યાચારને સહન નથી કરી શકતો. મેજર ક્વાંગ યુન પણ ભારે ભેજાબાજ વિરોધ પક્ષ રહ્યો છે. એ તેની ફરજ અત્યંત નિષ્ઠાપૂર્વક નિભાવે છે. અને તેને મુક્તિવાહિની ટીમને અંત સુધી ઝુંઝાવી નાખી હતી. તેની પૂર્વની તૈયારીઓ અને ભારે જહેમતના કારણે જ કેસી અને દૂબળીના પ્રાણ જાય છે.

આ ઉપરાંત, અહલાવત બિરવા, અભિનવ બોહરા, રામબિલાવન, મિઠ્ઠુમિયાં, બસંતકુમાર, મલ્હાન, કેપ્ટન ઉલ્હાસ, દોરજી, લ્હાસાનો ચીફ ઓફીસરશીન લાઈને, રિન્દેમ, યુતાંગ વગેરે જેવા ગૌણ પાત્રોએ પણ કથાને તેના ઉદ્દેશ્ય સુધી પહોંચાડી છે. મુખ્ય પાત્રોએ  અને મુખ્ય ઘટનાઓ સુધી પહોંચાડવા સુધીના સેતુરૂપ બન્યા છે.

**રહસ્ય :**

કથાની શરૂઆત જ રહસ્યમય પ્રશ્નોથી થાય છે. કોઈ ષડયંત્ર ઘડી રહેલું આ પાત્ર કોણ હશે? તે કયો ખેલ પાડી દેવાની વાત કરી રહ્યો છે? વારંવાર ગુંગાસિંઘની શિખામણો જે તે પાત્રને કયા ઉદ્દેશ્ય

સુધી પહોંચાડવા માંગે છે? આ બધા જ જવાબો છપ્પનસિંઘનો પાત્રપરિચય આપે છે. એટલામાં જ આ મૂર્તિચોર છપ્પનસિંઘ પર કોઈ હુમલો કરે છે. ત્યારે એ કોણ હશે જે છપ્પનસિંઘની આટલી ચીવટભરી ચોરીને પકડી પાડે છે. આ પ્રશ્નો છપ્પન માટે પણ રહસ્યમય જ હોય છે. પાત્ર અને ભાવક બન્ને છપ્પનસિંઘને પકડનાર વ્યક્તિ કોણ હશે? કોઈ ઈન્સપેક્ટર હોય તો તેને જેલમાં લઈ જવાને બદલે કોઈ પર્સનલ જગ્યાએ કેમ લઈ આવ્યો હશે? આ જાણવાની તાલાવેલી છે. એટલી જ તાલાવેલી છપ્પનસિંઘને પકડનાર ત્વરિતને ફક્ત વામપંથી મૂર્તિ જ કેમ ચોરાય છે એ જાણવા પાછળની ઉત્સુકતા છે. વામપંથી મૂર્તિનું મહત્વ અને તેની અનોખાઇનું વર્ણન કરતી ત્વરિતની વાતો અત્યંત રસપ્રદ વિષય બનીને સામે આવે છે. વામપંથી મુર્તિઓની ખાસિયત તેની ચોરી પાછળના કારણને જાણવામાં વધારે ઉત્સુકતા જન્માવે તેવી છે. મૂર્તિવિધાન શાસ્ત્ર આશ્ચર્ય અને કુતૂહલ જગાડે તેવું છે. વામપંથીનો અર્થ જોઈએ “દક્ષિણ એટલે જમણું અને વામ એટલે ડાબું. વામપંથ એ શંકરના વિધ્વંસક સ્વરૂપને પૂજે છે. આ માર્ગના સાધકો માંસ, મદિરા એટલે કે શરાબ, મૈથુન એટલે કે સંભોગ જેવી જાતીય ક્રિયા વડે ઈશ્વરને ભજે છે... આપણે તુલસીની માળા ફેરવીને મંત્રો જપીએ છીએ ત્યારે વામમાર્ગીઓ મનુષ્યની ખોપરીના પોલાણમાં પોતાનું જ લોહી ભરીને સાધના કરતા હોય છે.”[૨] ત્વરિત અને છપ્પનસિંઘના સંવાદમાં આવતો ‘ઈંટરેસ્ટિંગ’ શબ્દ. ઘણા રહસ્યમય પ્રશ્નો લઈને આવે છે. વામપંથી મૂર્તિઓ ક્યાં-ક્યાં છે? એ છપ્પન પાસે કામ કરાવનાર વ્યક્તિને ખબર છે. તેને આ માહિતી કેવી રીતે પ્રાપ્ત કરી હશે? અને આટલી મોંઘી કિંમત મૂર્તિ માટે ચૂકવી તેનું શું કરી રહ્યો હશે? આ રસપ્રદ પ્રશ્નો સાથે કથા આગળ વધે છે. કથામાં સૌથી વધુ અને રહસ્યમય તેમજ રસપ્રદ જણાય તેવું કામ મૂર્તિ ચોરાવનારનું રહ્યું છે. કેશાવલિ માતાના મંદિરમાં મૂર્તિ ચોરવાનો પ્રશ્ન જ્યારે છપ્પન પાસે આવે છે. ત્યારે તેમાં લખેલું વાક્ય “પહેલી મૂર્તિ ચોરવામાં તું ગોટે ચડી જઈશ એવો મને ડર છે, પણ ડૉ. ત્વરિત કૌલ એ મૂર્તિ આસાનીથી ઓળખી જશે.”[૩] પત્રમાં આ વાક્ય વાંચી ત્વરિતના પેટ પર જાણે ગરોળી ફરી જાય છે. એટલું જ આશ્ચર્ય ભાવકને પણ થાય છે. અને પ્રશ્ન ઉભો થાય છે કે ત્વરિત છપ્પન સાથે છે તેની જાણ દૂબળીને કઈ રીતે થઈ? ત્વરિત અને છપ્પનની એકસૂત્રતા બંધાયા પછી ‘કુછ પ્લાન કરના પડેગા’ કરીને છપ્પન તેના પ્લાનની રચના ઘડવા નીકળી પડે છે. ત્યારે ત્વરિત પાસે એક રૂપાળી છોકરી આવે છે. આ છોકરી કોણ છે? છપ્પનના મગજમાં કયું ષડયંત્ર ગોઠવાઈ રહ્યું છે? આ પ્રશ્નો ત્વરિતની સાથે ભાવકને પણ મૂંઝવી રહ્યા છે. રણ વિસ્તારમાં તેમની વિલીઝ ગાડી પ્રવેશે છે. ત્યારબાદ મૂર્તિની ચોરીનું કાર્ય પૂરું કરતી વખતે છપ્પન જણાવે છે કે સાથે લીધેલી સ્ત્રીઓનું કામ શું

છે. પહેરવેશ અને ઓળખ બદલ્યા તેથી એક સ્ત્રી ત્વરિતની પત્ની અને એક સ્ત્રી તેની સાસુ તરીકે આમ ગોઠવણ થઈ હતી. પછી તો ધીમે-ધીમે છપ્પને રચેલાં ષડયંત્રોનો રહસ્યસ્ફોટ થાય છે. પરંતુ છપ્પનની ચોરી માટેની પ્રક્રિયાની સાથોસાથ એ વિસ્તારમાં આતંકવાદીઓના પણ ગોરખધંધા થઈ રહ્યા હતા. અને એ મિશન પાછળ કમાન્ડન્ટ વિશ્વનાથ પરિહાર પોતાની અલગ-અલગ ચાલ રમી રહ્યા હતા. આ મોટા રહસ્યથી છપ્પન અજાણ હતો. જેના કારણે આગળ થતા યુદ્ધમાં ખ્યાલ નથી આવી શકતો  કે કોણ કોને કેમ મારી રહ્યું છે.

અહીં, ભવિષ્ય વિશે નિયતિના નામે જે-તે પાત્રના જીવનમાં કે કથામાં કશુંક નવું ઘટવાનું છે. એવા એંધાણ આપી લેખક ભાવકના મનમાં તાલાવેલી જીવંત કરે છે. જેમ કે, ૩૨ કલાકના સતત ડ્રાઈવિંગ પછી ત્વરિત ડેરા સુલ્તાનખાં પહોંચી હોટલ પર આરામ કરી રહ્યો હતો. ત્યારે વિશ્વનાથ પરિહારનો કાફલો પણ ત્યાં જ ષડયંત્ર રચી રહ્યો હતો. ત્યારે લેખકે કહે છે, “જાનલેવા કળણમાં ત્વરિતને વધુ જોરથી દબાવતો નિયતિનો એ બીજો યોગાનુયોગ છદ્મવેશે આકાર લઈ રહ્યો હતો.”[૪] અહીં અજાણ ત્વરિતના નિયતિમાં કયું સંઘર્ષમય પાનું ફરી રહ્યું છે તે જાણવાની ઉત્સુકતા ભાવકને જાગે છે. લેખક કહે છે, “કમાન્ડન્ટના ગિન્નાયેલા મિજાજથી બેખબર એ જવાનની આ રોજિંદી બેદરકારી આજે તેને ભારે પડવાની હતી...”[૫] ત્યારબાદ ગાડીઓની અને તેમાં સવાર લોકોની તપાસ કરનાર દેવુસિંઘની પૈસાની લાલચ અને કામ પ્રત્યેની બેદરકારી તેને કઈ કિંમત ચૂકવવાની હતી એ જ રીતે ત્વરિત મંદિર શોધવા નીકળે છે. ત્યારે ત્વરિતને મંદિરનો રસ્તો ચીંધનાર ઊંટ સવાર કોણ હશે? જે પરોક્ષ ભાષામાં કંઈક કહેવા માંગે છે, “ઈહા જો સામને દીખાઈ દેતા હૈ વો હોતા નહીં હૈ.” ત્યારે “ત્વરિત એ ઊંટસવારનો આભાર માનીને ગાડી રીવર્સ વાળી ત્યારે તેને ખબર ન હતી કે તેની તકદીર પણ રીવર્સમાં ચાલી રહી છે.”[૬] એ પછી છપ્પને મૂર્તિચોરીનું જડબેસલાક ષડયંત્ર રચ્યું હતું. તેને પોલીસથી બચવાનું હતું પણ દૂબળીને પણ ચકમો આપવો હતો. ત્યારે, “પણ ખાંખતિયા દિમાગના છપ્પનને જરાકેય અણસાર ન આવે, એ રીતે નિયતિ સંજોગોનું ચક્ર બડી શાતિરતાથી ઘુમાવી રહી હતી.”[૭] અહીં પણ શું ઘટશે તે જાણવાની આતુરતા વધતી જ જાય છે. છપ્પન અને ત્વરિતની મૂર્તિ ચોરી કરવાના ષડયંત્ર સિવાય મંદિરમાં ઘણું એવું અવનવું ઘટી રહ્યું હતું. તેમના સિવાય ત્રણ વ્યક્તિ અને બી.એસ.એફ.નો જવાન જુદી જ રચનામાં હતા.

“છપ્પન ઊભો થયો ત્યારે તેને બીએસેફના જવાનની હાજરીની ખબર ન હતી. બીએસેફનો જવાન ઊભો થઈને મંદિરની પછીત ભણી ગયો ત્યારે તેને ટીંબા પર ઊભેલા અલાદાદ વિશે ખબર ન

હતી. અલાદાદે જીપ જોઈને ગમછો લહેરાવતો સંકેત આપી દીધો ત્યારે તેની જીપની પાછળ આવી રહેલા બાઈકસવાર જવાનની ખબર ન હતી. બાઈકસવાર જવાનને એ ખબર ન હતી કે તે જીપને ફોલો કરી રહ્યો છે એ જીપને જોઈને અહીં કેવી-કેવી સમજણો આકાર લઈ રહી છે...."[૮] આમ એક સાથે અનેક ઘટનાઓ કામ કરી રહી હતી. અને ચોરીવાળા આતંકવાદી ષડયંત્રમાં તેમજ આતંકવાદીઓ ચોરીના ષડયંત્રમાં અજાણતા પરોવાઈ ગયા હતા. ક્યારે શું થશે? કોઈને જ ખબર ન હતી. ભાવક પણ ફક્ત કલ્પના કરી શકતો. આ રીતે લેખકે ઉત્સુકતા જાળવી રાખી છે.

આ ઉપરાંત, વામપંથી મૂર્તિની ઓળખ થયા પછી ત્વરિત જ્યારે પગથિયા ચડી રહ્યો હતો ત્યારે જ અલાદાદ પહેલી ગોળી છોડે છે. અને તેનું પરિણામ ત્વરિત ભોગવશે તેમ કહી લેખક ઘટના અધુરી મૂકે છે. આ ગોળી કોને વાગી હશે એની ચિંતામાં કથા આગળ વધે છે. ત્યારપછી પણ ભોયરાના પગથિયા પર કોણ ઝીકાયુ? કોની કારમી ચીસ સંભળાઈ? વગેરે રોચક પ્રશ્નો ઉદ્ભવે છે. આગળ જતા અલાદાદ પટકાયો હતો. અને ત્વરિત ઈજાગ્રસ્ત હાલતમાં હતો. મૂર્તિ સલામત હતી. આ દરેક રહસ્યસ્ફોટ થાય છે. પરંતુ આ અંધાધુંધ ગોળીબાર હજુય છપ્પન અને ત્વરિતની માટે રહસ્યમય હતું. મૂર્તિ જોયા પછી "સ્વરૂપમ્ ત્વદિયમ્ ન વિદન્તિ દેવ..." આ પંક્તિ અને ત્વરિતના ચહેરાના બિહામણા ભાવ રહસ્યમય મૂર્તિ વિષયક માહિતી જાણવા માટેની ઉત્સુકતા વધારે છે.

અંધાધુંધ ભાગદોડમાં છપ્પન દોડીને વિલીઝ સુધી પહોંચે છે. ત્યારે એને પાછળ ફરી શું જોયું કે તેની કાળજે ધગધગતો સળિયો પરોવાઈ ગયો? એકવાર ફરી છપ્પનના જીવનમાં પુનરાવર્તન થાય છે. કથાની શરૂઆતમાં એ ત્વરિતના હાથે ઝડપાયો ત્યારે કોઈ રૂમ પર એની આંખ ઊઘડી હતી. ફરી એ જ રીતે તેને કોઈ હોટેલ રૂમમાં લાવ્યું છે. ત્વરિત એક ઊંટ પર લટકીને ફસાઈ ગયો હતો. અને એટલે જ છપ્પનના મોંમાંથી ચીસ નીકળી હતી. આ રહસ્યસ્ફોટ થયા પછી છપ્પનને હોટેલના રૂમ સુધી પહોંચાડનાર બીજું કોઈ નહીં પણ દૂબળી જ હતો. તે ચોંકાવનારી બાબત બને છે. તેનું પણ લેખક સીધું નામ જાહેર કરતા નથી. 'કઈસન હો છપ્પન બાદશાહ ?' આટલું જ કહીને વાચકને એંધાણ આપી આશ્ચર્યજનક અને રસપ્રદ આગમન કરાવે છે.

કથામાં દરેક બાજુથી પાત્રો પોતાના મનની શંકાઓ ઉકેલવામાં રચ્યા પચ્યા છે. દરેક માટે જુદા-જુદા રહસ્યો જુદી-જુદી રીતે કામ કરી રહ્યા છે. રાઘવને મૂર્તિચોર સુધી પહોંચવું છે. મૂર્તિચોર અને ત્વરિતને મૂર્તિ ચોરાવનાર સુધી પહોંચવું છે. અને મૂર્તિ ચોરાવનાર દૂબળી અને હિરનનો તો ઉદ્દેશ્ય જ

જાણે અસંભવ હોય એવું જણાય છે. ત્વરિતની પાછળ રાઘવ ઘણો નજીક પહોંચ્યો પરંતુ તે હરવખતે બે ડગલાં પાછળ રહેતો. લેખક પણ "રાઘવે ઊંડો શ્વાસ લઈને નિર્ણય લીધો, જે ખરેખર તેને લેવા જેવો ન હતો."[૯] જેવી અધૂરી માહિતી આપીને રોચકતામાં વધારો જ કરે છે. ખુબરા જંગમાં થયેલા ભીષણ ફાયરીંગ, બે ભેદી વ્યક્તિની બેહદ ચબરાક હાજરી, ગમે ત્યારે ગમે ત્યાં દેખાતી અને તરત જ અલોપ થઈ જતી છોકરી... રાઘવ માટે એક રહસ્ય બની રહ્યું હતું. પરંતુ લેખક ખૂબ સરસ રીતે નાની ઘટનાઓનો પ્રવાહ મોટા રહસ્યસ્ફોટ સુધી લઈ જાય છે. અને આ મૂર્તિપુરાણ પાછળ ભાગતા દરેક વ્યક્તિ એક ટીમ બનીને કામ કરે છે. ત્યારબાદ જ્યારે તિબેટ પહોંચવા માટેની તૈયારીઓ થાય છે ત્યારે એક શંકામય હોડી નજરે પડે છે. ખતરાનો ખ્યાલ આવતા જ આફતોથી ટેવાયેલા પોતાની પોઝિશન લેવા માંડે છે, અને યુદ્ધ થવાના અણસાર આવે છે. ત્યાં સામે પક્ષેથી સન્નાટાને ચીરતો ભક્...ભક્...ભક્... અવાજ વાચકના પણ શ્વાસ થંભાવી દે છે. અને હવે શું થશે એ જાણવા કથા ઉતાવળે વંચાય છે. જંગ છેડાયા પછી ફાયરીંગ દરમિયાન "પોતે (રાઘવ) ફાયર કરવાને બદલે કે નીચે ધગધગતી ભોંય પર ફસકાયા પછી ય ફાયરીંગ કરી રહેલા ઝુંઝારને ટેકો આપીને ઉપર ખંચવાને બદલે એ કેમ આગળ ઓવારા તરફ ધસવા મથતો હતો ?"[૧૦] અહીં રાઘવને કારણે આ ધીંગાણુ રચાયું હોવું જોઈએ તેવી શંકા ઊભી થાય છે. પરંતુ આગળ જતાં આ રહસ્યસ્ફોટ ફક્ત ત્વરિત સામે જ થાય છે અને રાઘવના અફસોસ તેમજ તેની કુરબાનીને માન આપી ત્વરિત અંત સુધી મૈત્રી સંબંધ નિભાવે છે. અને આ રહસ્યને પોતાની પાસે જ અકબંધ રાખે છે.

રાઘવ દ્વારા જ સંકેતો પહોંચાડી બોલાવવામાં આવેલ ઉલ્હાસની પોલીસ ટીમ અને તિબેટ ટીમ વચ્ચે જે જંગ છેડાઈ તેમાં રાઘવનું વર્તન અને સામેથી વ્હોરી લીધેલું મોત પાછળનું રહસ્ય ઉલ્હાસ માટે પણ અકબંધ જ રહ્યું. રાઘવ સરેન્ડર થઈ અન્યને પકડાવી શકતો. એ તક હોવા છતાં રાઘવે એક કલાક સુધી ઉલ્હાસ અને તેમની ટીમને કેમ રોકી રાખી બધાને ત્યાંથી છટકવાનો મોકો આપ્યો હશે? કથાના અંતમાં રિન્દેમના મઠમાં ધ્યાનમગ્ન અવસ્થામાં બેઠેલા રિન્દેમ નામલિંગે ખરતો સિતારો જોઈ શાક્ય મુનિને કહે છે : "આ પવિત્ર ભૂમિની મુક્તિનો વધુ એક પ્રયાસ રોળાઈ રહ્યો છે...વેદી રાતભર જલતી રાખજે."[૧૧] આ રહસ્યમય વાક્ય હવે શું અનહોની થશે એ જાણવા માટે તત્પર કરે છે. અને મુક્તિવાહિનીની ટીમ પોતાના કાર્યમાં સફળતા તો મેળવે છે પરંતુ કેસી, રાઘવ, દૂબળી જેવા લોકોની તેમા બલિ ચડી જાય છે. ઝુંઝાર પણ જ્યારે ટીમથી વિખુટો પડે છે ત્યારે પણ નિયતિના નામે લેખક મૃત્યુ વિષયક જાણે ભડકાવે છે. પરંતુ અહીં ભાવકની ધારણા ખોટી પડે છે. કથાના અંતે ઝુંઝાર મઠમાં

જ રોકાયો છે. તેવી સ્પષ્ટતા મળે છે. જોકે આખી મુક્તિવાહિની ટીમને માટે તે ઝુંઝારનું શું થયું એ વાત રહસ્યમય જ રહે છે.

આમ તાલાવેલી અને રોચકતાનું સ્તર સચવાય અને ભાવક કથા સાથે ધ્યાનપૂર્વક જકડાઈ રહે તે રીતે અનેક નાના મોટા રહસ્ય મૂકી આ કથાને પૂર્ણતા તરફ લેખક લઈ ગયા છે.

## '64 સમરહિલ'માં લોકપ્રિયતાનાં તત્ત્વો :

આ કથામાં ચોરી, ષડયંત્ર, એક્શન, કરૂણતા, સંઘર્ષ જેવા તત્ત્વો દર્શિત થયાં છે. કથામાં નિરૂપિત પાત્રો દરેક પોતાની આવડતમાં અદ્ભૂત કુશળતા ધરાવે છે. કથાની શરૂઆતમાં આ કુશળતા અલગ રીતે કામ કરે છે. પરંતુ એક ટીમ બન્યા પછી રચાતા વ્યૂહની રચના તો અદ્ભૂત રહી છે.

કથાની શરૂઆતમાં જ છપ્પનની મૂર્તિ ચોરી કરવા માટેની તૈયારી બે વાર વાંચી જવાય એવી રોચક રહી છે. તેના પિતાની શિખામણ પ્રમાણે ચાલતો છપ્પન કોઈ પણ ચોરીનું ષડયંત્ર એટલી સિફતથી રચે છે કે ક્યારેય કોઈના હાથે ઝડપાયો નથી. દરેક ચોરી વખતે અલગ વેશ ધારણ કરવો, પહેલા જે-તે જગ્યાના રસ્તા અને નડી શકતા ઉપકરણોને તપાસી લેવા અને દરેક કામ એકલા હાથે કરવાની તેની આદતને કારણે તેને રચેલ કાવતરાનો કોઈ ભાંડો ફોડી શકતું ન હતું. ડેરા સુલ્તાનખાંમાં ચોરી દરમિયાન પણ પોતે વેશપલટો કર્યો અને ત્વરિતને કરાવ્યો અને ફાતિમા, ચંદા અને મરિયમ નામની ભાડુતી સ્ત્રીઓની પણ ગોઠવણ કરી દીધી. ફાતિમા અને ચંદાને ત્વરિત સાથે મોકલી મરિયમને 'પ્લાન બી' તરીકે ગોઠવી હતી. ચેકપોસ્ટ પર બતાવવા માટેના ખોટા ઓળખપત્ર પણ તૈયાર કરી દીધા હતા.

રાઘવની બુદ્ધિ પણ વધુ દાદ માંગી લે તેવી જણાય છે. રાઘવની એક એક હરકત પર નજર રાખતી ચબરાક હિરનને પણ ગોથુ ખવડાવી દે તેવું ષડયંત્ર તે રચે છે. મૂર્તિ ચોરવા પાછળનો હેતુ બહાર પડ્યા પછી રાઘવને બળજબરી એ ટીમમાં જોડાવવું પડે છે. પરંતુ રજાનો રીપોર્ટ મૂકવા જ્યારે તે હીરન સાથે પોલીસ સ્ટેશન આવે છે ત્યારે રીપોર્ટ લખતી વખતે તેમા એ પણ જણાવી દે છે કે હું એક બહુ મોટા સ્કેન્ડલનો પીછો કરી રહ્યો છું અને ખરાબ રીતે ફસાયો છું. તે જ્યારે પત્રમાં પોતાના યુરીન સેમ્પલ મૂકીને જવાની વાત કરે છે ત્યારે તેની પાછળના કારણને જાણવાની આતુરતા જાગે છે.

આગળ જતાં તેના ષડયંત્રનો ખ્યાલ આવે છે કે, "આઈપીએસ અફસર તરીકેની તાલીમ દરમિયાન એ ફોરેન્સિક સાયન્સમાં ભણ્યો હતો કે, ભૂખ્યા પેટે કરેલા પેશાબમાં એસિટોનની માત્રા વધારે હોય, એથી ગંધની તીવ્રતા વધી જાય. જમીન પર કરેલા પેશાબની ગંધ સ્નિફર ડોગ ત્રણ કે ચાર દિવસ સુધી પારખી શકે, પરંતુ ઝાડના થડ પર થોડીક છાલ ખોતરીને કરાયેલ પેશાબની ગંધ તાલીમબદ્ધ કૂતરાંઓ મહિના પછી ય પારખી કાઢે. વળી, પોતે પેશાબ કરતો હોય એમાં કોઈને કશી શંકા પણ ન જાય."[૧૨] ત્યારપછી એ જે રસ્તે વળાંક લીધો હોય ત્યાં ઝાડની છાલ ખોતરી પેશાબ કરતો જેથી તે પોતાના રસ્તાની જાણ કરી શકે. ત્યારબાદ નોતરેલી ટીમ અને મુક્તિવાહિનીની ટીમ વચ્ચે થતાં સંઘર્ષમાં તેનું હૃદય પરિવર્તન થાય છે. અને એ ઉલ્હાસને છેતરવામાં સફળ રહે છે. જુદી-જુદી જગ્યાએથી ફાયર કરીને ટીમને મૂંઝવણમાં નાખે છે. અને એક કલાકની મથામણ પછી તે પોતાને કુરબાન પણ કરી દે છે. આમ, તેની આડમાં મુક્તિવાહિનીની આખી ટીમ ઉલ્હાસની નજરમાંથી છટકી જાય છે.

મૂર્તિઓનો જાણકાર અને વામપંથી મૂર્તિઓ વિશે અદ્‌ભૂત જ્ઞાન ધરાવતો દૂબળી અને તેની દીકરી હિરન પણ ખતરનાક પ્લાનિંગ સાથે આગળ વધે છે. દરેક મૂર્તિમાંથી તેમેને ક્લૂ (નિશાની) મળી રહી છે. પરંતુ, રાઘવ, ત્વરિત, છપ્પન આ બધાને એક જ જગ્યાએ જ્યારે ભેગા કરવાનો વારો આવી ચડે છે ત્યારે એક વેનીટી વાનમાં કોઈ, કોઈને જોઈ ન શકે તે રીતે વારંગલનો પ્રવાસ કરાવે છે. મૂર્તિઓ ચોરવાથી માણસ મટીને ઈન્ટરનેટ કેવી રીતે થઈ જવાય, માણસ મનથી મન વાત કેવી રીતે કરી શકે તેની આ રસપ્રદ વાતો કાલ્પનિક છે પણ કથામાં રોચક ફેન્ટસી લઈને આવે છે. છપ્પન સુધી મૂર્તિઓનું ઠેકાણું પહોંચાડવું, ચોરીની મૂર્તિ તેની પાસેથી લેવી, તેની કિંમત આપવી, સતત છપ્પન પર નજર રાખવી, એ પણ છપ્પનને ખ્યાલ ન આવે; એની સામે ઓળખ છતી ન થઈ જાય તે રીતે તેની પ્લાનિંગ કરવાની રીત બિરદાવવા લાયક છે. આખીય કથામાં દરેક ષડયંત્રનું મુખ્ય કારણ ચોરી રહ્યું છે. મૂર્તિ ચોર છપ્પનની આવડત એક વાત સાબિત કરતી હતી કે જુદી જુદી જગ્યાએ મૂર્તિ ચોરનાર વ્યક્તિ એક જ છે. નાની-સૂની ગણાતી આ વાતને ઈન્સપેક્ટર રાઘવ ગંભીર રીતે ઉંચકે છે અને આ ચોરને પકડવાના કામમાં લાગી પડે છે. બે જગ્યાની ચોરી ઉપર તપાસ કામ પછી ડૉ. ત્વરિતની વાત રાઘવને યાદ આવે છે. "થાળામાંથી મૂર્તિ ઉખાડવાની આ કોઈ વૈજ્ઞાનિક કે પ્રચલિત રીત તો ન હતી."[૧૩] ત્યારપછી ડૉ. ત્વરિતનું ડીટેઈલ્ડ ઈંટ્રોગેશન યાદ કરે છે અને ત્વરિત દુર્ગાશંકર શાસ્ત્રીને મળ્યો હોવા છતાં રાઘવ સાથે કરેલી આખીય વાતચીત દરમિયાન તેનો ઉલ્લેખ નથી કરતો. ત્યારે તેને ત્વરિત પર

શંકા જાય છે. ત્યારબાદ ધીમે-ધીમે આ નાની-નાની શંકા-કુશંકા સાથે નિયતિ રાઘવને પણ ચોરીના મોટા મિશનમાં સંડોવી દે છે. તિબેટમાંથી જરૂરી હસ્તપ્રતો અને જ્ઞાનનો ભંડાર ચોરી કરવાનો ઉદ્દેશ્ય ભારે ષડયંત્રો, મુશ્કેલીઓ અને જીવના જોખમે આગળ વધે છે. પરંતુ દલાઈ લામાનો મૂકુટ અને પદચિહ્ન ચોરવાનું કેસીનું સ્વતંત્ર ષડયંત્ર ભારે હોનારત સર્જે છે. જેમાં કેસી પોતાનો જીવ પણ ગુમાવે છે.

આમ, આખીય કથામાં મૂળ ઉદ્દેશ્ય ચોરી પાછળ જ દરેક તત્ત્વો અને ઘટનાઓનો જન્મ થયો છે. જેમાં ફિલ્મોમાં ચાલતા હોય તેવા એક્શન ચિત્રો પણ આલેખાયા છે. અને રોચક સર્જકતાથી પણ કથામાં સ્થિરતા પકડાય છે.

કથાની શરૂઆતમાં છપ્પનની જાસૂસી કરી તેના સુધી પહોંચનાર ડૉ. ત્વરિત પાસેથી મૂર્તિ વિષયક અનોખી માહિતી મળ્યા પછી બન્નેની દૂબળી સુધી પહોંચવાની મથામણ, ત્વરિતની વાતો પર શંકા જતા તેને ચોર સમજી તેની પાછળ ભાગતો રાઘવ, અને આ દરેક ઉપર ચાંપતી નજર રાખતા દૂબળી અને હિરન કથામાં ક્યાંકને ક્યાંક એક જાસૂસ જેવો અભિનય ભજવે છે. રાઘવના સંકેતો દ્વારા ઉલ્હાસ અને તેની ટીમ પણ એ રીતે જ મુક્તિવાહિનીની ટીમ સુધી પહોંચે છે. તિબેટ પહોંચ્યા પછી તેમની પાછળ લાગેલી ટીમ પણ મળતા જતા પ્રૂફ દ્વારા તેમની શોધખોળમાં જ લાગ્યા છે. ટૂંકમાં એકબીજાના ષડયંત્રોના તારો ઉકેલવાની મથામણ અને ક્યારેક સફળ તો ક્યારેક નિષ્ફળ થતા આ પાત્રો સીઆઈડીનો કોઈ એપિસોડ ચાલતો હોય તેવી અનુભૂતિ કરાવે છે.

આ ઉપરાંત, કથાની શરૂઆતથી અંત સુધી ફિલ્મી એક્શન દશ્યો રસપ્રદ રહ્યા છે. કથાની શરૂઆતમાં જ છપ્પન ઉપર અચાનક અજાણ્યો હુમલો થાય છે. "છપ્પને છલાંગ મારીને છરી હુલાવવા હાથ ઘુમાવ્યો એટલે બન્ને વચ્ચેનું અંતર ઘટ્યું અને એ પેલા માણસના હાથની રેન્જમાં આવી ગયો. એ જ ઘડીએ આદમીએ ગનનું બેરલ હથોડાની માફક તેના જડબાં પર ઠોક્યું અને પોતે ચપળતાથી બાજુ પર ખસી ગયો. છરીનો બીજો ઘા છપ્પનને હોશ આવે એ પહેલાં રાઠોડી પંજાની નાગચૂડમાં તેનો છરી પકડેલો હાથ ભીંસીને તેણે ફરીથી ગનનો વજનદાર કુંદો છપ્પનના લમણે ફટકાર્યો."[૧૪] ડેરા સુલ્તાનખાંની ચોરી દરમિયાન ત્વરિત મૂર્તિ ઓળખીને બહાર આવતો હતો ત્યારે અચાનક થયેલો ધડાકો, એકબાજુ અલાદાદનું ફાયરીંગ, બીએસએફના માણસોનો હુમલો, સામસામે ગોળીબાર, ગભરાયેલા અને ઘવાયેલા ઊંટોની અણધારી દોડાદોડ, સામાન્ય માણસોની ભાગમભાગ,

મંદિરનો ઘંટારવ, ત્વરિત અને છપ્પનના જીવ બચાવવા માટેનાં પ્રયાસો, સ્ટેનગન ધણધણાવી રહેલા આતંકવાદીઓ, છપ્પનનો વિલીઝ લઈને ભાગવાનો પ્રયાસ, એજ દરમિયાન ત્વરિતનું ઊંટના સકંજામાં આવવું, અને ત્યારપછી તે રણમાં ઊંટથી છૂટવાના તેના અથાક પ્રયત્નો આ દરેક ઘટનાઓ અને અનાયાસે છેડાયેલ જંગના દશ્યો એક શ્વાસે વાંચી જવા પડે તેવી રીતે વર્ણવાયા છે.

કથાના મધ્યભાગમાં ઝુંઝાર, રાઘવ અને દૂબળી સાથે ઝપાઝપીમાં ઉતરે છે ત્યારે - "તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં ઝુંઝારે અજબ સ્ફૂર્તિ દર્શાવી નાંખી હતી. કાચી સેકંડમાં તેણે ચારપાઈની ઈંસ નીચે ખભા ભેરવીને ત્વરિત સહિતનો આખો ખાટલો ખભા પર એક ફૂટ અદ્ધર કર્યો હતો. એ જ ક્રિયાની સમાંતરે બેય પગ દૂબળીના પગમાં નાગચૂડની માફક ભેરવીને તેને પટક્યો હતો અને પછી તરત ઊંચકાયેલા ખાટલાના પાયામાંથી ગાળીયો સેરવી નાખ્યો હતો."[૧૫] રાઘવ દ્વારા બોલાવેલ સંકટ સામે લડવાનો વખત આવે છે. ત્યારે નારી પાત્ર તાન્સી અને હિરન પણ પોતાની કરામત બતાવે છે. "તાન્શીએ એકસાથે ત્રણ ક્રિયા કરી નાંખી હતી. સૌથી પહેલાં તો તેણે પોલાણમાંથી સીધી આગળની તરફ છલાંગ લગાવી દીધી હતી, ડાબા હાથે હિરન અને ઝુંઝારનેય પાછળ આવવા સંકેત કરી દીધો હતો અને જમણાં હાથે ધડાધડ ગન ચલાવવા માંડી હતી."[૧૬] મુક્તિવાહિનીની ટીમની આ જંગ ઘણી લાંબી ચાલી. તેમાં અંધકારમાં ફક્ત અટકળના આધારે થતા ગોળીબાર, ગેસના સિલિન્ડર દ્વારા બનેલા હથિયારનો પ્રચંડ ધડાકો, નદીના વહેણ વચ્ચે રબ્બરની ડીંગીઓનો ઊછળાટ અંતે રાઘવ અને ઉલ્હાસ રોચક દશ્ય ઊભું કરે છે, જેની પૂર્ણાહુતિ રાઘવના મૃત્યુથી થતા ભારે દુઃખની લાગણી સાથે થાય છે.

કથાના અંતમાં દલાઈ લામાનો મૂકુટ અને પદચિહ્ન ચોરવાનું અતિ જોખમભર્યું બીડું જે કેસીએ એકલે હાથે ઉપાડ્યું હતું તે સમયની જંગ પણ સ્તબધતા સ્થાપે તેવી છે.

## ઇતિહાસ :

લોકપ્રિય કથાઓમાં જૂના ઈતિહાસને પ્રગટ કરવાની અનોખી રીત જોવા મળે છે. સીધો અને સચોટ ઈતિહાસ દર્શિત કરવાનું લેખક અવગણે છે. અને જે-તે ઈતિહાસમાં કાલ્પનિક ઉમેરણ કરી તેને રસપ્રદ બનાવે છે. જોકે તેના હેતુમાં સત્ય રહેલું હોય છે. આ નવલકથામાં પણ ઐતિહાસિક

માહિતી જોવા મળે છે. જેમાં કેટલીક સત્ય ઘટનાઓનો પણ સમાવેશ જોવા મળે છે. ડેરાં સુલ્તાનખાનામાં છપ્પનની ચોરી, આતંકવાદીઓની ગેરસમજ અને બીએસએફની મૂંઝવણ ભેળસેળ થતા ઊભી થયેલ જંગની ઘટના પહેલા એ વિસ્તારની માહિતી લેખક આપે છે. આઠમી સદીના આરંભ વખતની સ્થિતિ, ધર્મ પરિવર્તન માટે કરવામાં આવતાં જુલમો વગેરેનો ઉલ્લેખ થયો છે. તેમજ સલાહુદ્દીનને મદદ કરવા બદલ સિંધના પશ્ચિમ છેડાથી બિકાનેર સુધીનો રેગિસ્તાનનો પ્રદેશ સુલ્તાનખાનને મળ્યો તેને ડેરો સ્થાપ્યો અને એ રીતે 'ડેરા સુલાતનખાં' નામથી આ વિસ્તાર ઓળખાયો. આ રીતે વિસ્તારિત રીતે માહિતી દ્વારા ઐતિહાસિક સ્પષ્ટતા આપી છે. આ ઈલાકામાં આતંકવાદનો છેડો કેવી રીતે જોડાયો તે જણાવી, ઊંટને બેહોશ કરી શરીરમાં સર્જરી દ્વારા અફીણ અને હેરોઈન અરસ-પરસ કરવામાં આવતા હતા તેવી આશ્ચર્યજનક ઘટનાઓનો ઉલ્લેખ પણ મળે છે. અહીં તેમનું સફળ પત્રકારત્વ ઉપકારક નીવડે છે.

મૂર્તિઓ પાછળના ઉદ્દેશ્ય સુધી પહોંચતા પહેલા અને પહોંચ્યા પછી પણ પ્રાચીન મહાઋષિમુનિઓ પાસેથી ભારતને મળેલા જ્ઞાન વારસા વિષયક પણ રસપ્રદ વાતો કરી છે. તૈતરીય સંહિતા મંત્રના ઉલ્લેખ પછી જાણવા મળે છે. "મહર્ષિ વેદવ્યાસે પોતાના ચાર શિષ્યોને ચાર વેદ શીખવ્યા. જેમાં વૈશમ્પાયનને યજુર્વેદ શીખવ્યો હતો. વૈશમ્પાયને આ જ્ઞાન પોતાના શિષ્ય યાજ્ઞવલ્ક્યને આપ્યું. એક વખત કોઈ કારણસર યાજ્ઞવલ્ક્ય સાથે તેમને ઝઘડો થઈ ગયો એટલે ગુસ્સે થયેલા વૈશમ્પાયને પોતે શીખવેલું બધું જ જ્ઞાન ઓકી નાંખવા શિષ્યને આદેશ કર્યો. ગુરુની આજ્ઞા સ્વીકારીને યાજ્ઞવલ્ક્યે શીખેલો યજુર્વેદ ઓકી તો નાંખ્યો, પણ એ વખતે તેમના શિષ્યોએ તરત તેતર પક્ષીનો સ્વાંગ લીધો અને વમન કરેલો યજુર્વેદ ચણી ગયા. એ રીતે સચવાયેલું યાજ્ઞવલ્ક્ય ઋષિનું દર્શન તૈતરીય સંહિતા તરીકે ઓળખાય છે."[૧૭] આ ઉપરાંત આદ્ય શંકરાચાર્યએ રચેલા શાંકરભાષ્ય, વેદના ભેદના ઉકેલ, હજારો સ્તોત્રોની તેમને કરેલી રચના અને પ્રાચીનતમ મહાવિદ્યાઓની તેમના દ્વારા થયેલી સાચવણીનો ઉલ્લેખ જોવા મળે છે. વારંગલના પ્રાચીન મંદિર વિશે ચિત્ર સાથે માહિતી આપી છે. "અગિયારમી સદીમાં વારંગલ કાકતીય વંશના રાજા પુષ્પદેવની રાજધાની હતું. પુષ્પદેવ શૃંગેરી મઠનો પરમ અનુયાયી હતો એટલે શંકરાચાર્યના આદેશથી તેણે અહીં મંદિર બાંધવાનો આરંભ કર્યો. ૨૪ વર્ષ સુધી મંદિર બાંધવાનું કામ ચાલ્યું અને છેવટે ઈ.સ. ૧૧૬૩માં પુસઃપદેવનો દીકરો રુદ્રદેવ ગાદીઓ હતો ત્યારે તે પૂર્ણ થયું."[૧૮] એ જ રીતે કાશ્મીરના ડોગરા વંશના સ્થાપક ગુલાબસિંઘ

ડોગરાએ બંધાવેલ 'રઘુનાથ' મંદિર વિષયક પણ વિસ્તારિત ચર્ચા કરેલ છે. જેમાં ૧૮૫૭ના સંગ્રામની નિષ્ફળતાનો પણ સમાવેશ થાય છે.

ત્યારપછી જે સંપર્કવિજ્ઞાનની આકર્ષિત કરે તેવી ફેન્ટસી રચવામાં આવી છે. તેના પ્રેરણામૂલક બે ગ્રંથો- સૌભાગ્યભાસ્કર અને ચંદ્રલામ્બા મહાત્મ્ય જેના રચયિતા ભાસ્કરાચાર્ય છે. જેમને ચંદ્રલામ્બા મહાત્મ્યમાં ૬૪ વિદ્યાઓ દર્શાવી છે. તેના ઉલ્લેખ દ્વારા પણ ભારતના જ્ઞાનવારસાની સ્મૃતિ ઉલ્લેખિત થઈ છે. આ જ રીતે મૂર્તિ અને હસ્તપ્રતોના જ્ઞાન તથા ઈતિહાસથી અજાણી આ ટીમને દૂબળી ઈ.સ. ૧૮૮૧માં બખ્શાલી ખાતે લાશની શોધખોળ કરતા મળેલી હસ્તપ્રતની વાત કરે છે. ભોજવૃક્ષની છાલ પર લખાયેલી અત્યંત જર્જરિત આ હસ્તપ્રત હાલ રોયલ એશિયાટિક સોસાયટીમાં છે. અને તેમાં વર્ગમૂળ, ઘનમૂળ તથા ક્ષેત્રફળ અને ઘનફળ કાઢવાની રીત નિર્દેશિત છે. જેનો રચયિતા શ્રીધર હોવાનું મનાય છે. વગેરે જેવી રોચક ઐતિહાસિક વાતો ચિત્ર સાથે લેખક કથામાં લઈને આવે છે.

આ પ્રકારના જ જ્ઞાનગ્રંથો તેમજ ભારતના શ્રેષ્ઠતમ વિદ્વાનો ધરાવતી નાલંદા વિદ્યાપીઠનો પણ ઈતિહાસ જાણવા મળે છે. ખિલજીના આક્રમણના ત્રણ મહિના સુધી ભડભડતી આગમાં રાખ થતી નાલંદા, તેમાંથી બચેલો જ્ઞાનનો વારસો, રઘુનાથ મંદિરમાં તેની સાચવણી, જ્ઞાન ગ્રંથોને પાછો લાવવા મથતો અલગારી માણસ મહાપંડીત રાહુલ સાંકૃત્યાયનના અદ્ભૂત પ્રયત્નો અને સોયના ટપકાં જેટલી તેને મળેલી સફળતા- આ આખીય કથા વાચકના રૂંવાળા ઊભા કરી દે તેવી અદ્ભૂત રહી છે. જે દેશ માટે ખરેખરી લાગણી ધરાવે છે, તે દરેક વાચકને દેશના અદ્ભૂત વારસાને ગુમાવવાનું પારાવાર દુઃખ થાય છે. તે રીતે લેખક હ્રદયસ્પર્શી વર્ણનો કરી શક્યા છે. એ સિવાય હેનરિક હેરરની વિશ્વાસ ન થાય તેવી શક્તિઓ વિશેના ઉલ્લેખ અને થોન્ડુપ નોરબુ જેવા સંગીતમાં માહીર સાધુઓની ચર્ચા પણ થઈ છે. તાન્શીના કારનામાઓમાં વિષકન્યાઓ દ્વારા રચવામાં આવતા ષડયંત્રો થકી સદીઓ પહેલા થતા આવા કારનામાઓ ધારણા પ્રગટ કરે છે. ભારતમાં ઘુષણખોરી માટે ચીનની ચાલાકીની વાત પણ અહીં ઉલ્લેખિત છે. "બે દાયકા સુધી ભારતે સરહદનો આ પટ્ટો ચુસ્ત બનાવ્યો ત્યાં ચીને ત્સે-લા અને પોસિંગ-લાના નિર્જન પહાડોમાં છીંડા પાડી દીધાં. ૧૯૯૩માં દેશ જ્યારે બાબરી મસ્જિદ ધ્વસ્ત થયા પછીનાં રમખાણોમાં ગરકાવ હતો ત્યારે ચીને ત્સે-લા અને પોશિંગ-લાના રસ્તે સૈન્ય મોકલીને અરુણાચલનો વિસ્તાર દબાવવા માંડ્યો."[૧૯] તિબેટ પર નજર બગાડનાર ચીને કેવી રીતે તેને બરબાદ કરવાની શરૂઆત કરી. તે જોઈએ "પોતાની જ દુનિયામાં મશગૂલ રહેતા નિર્દોષ તિબેટીઓની આ

સાંસ્કૃતિક પ્રણાલી પર પહેલો કુઠારાઘાત થયો ઈ.સ. ૧૮૯૨માં. યન્નાનના રસ્તે ચીની આક્રમણકારીઓ દક્ષિણ તિબેટમાં ઘૂસ્યા ત્યારે તેમનું પહેલું નિશાન હતા બૌદ્ધ મઠ. હાન વંશના સૈનિકો પોતે ય બૌદ્ધ હતા, પણ જાણે તિબેટના બૌદ્ધ જુદા અને ચીનના બૌદ્ધ ચડિયાતા હોય તેમ બર્બર સૈનિકોએ રસ્તામાં આવતાં કેટલાંય વિહારોનો સફાયો કરી નાંખ્યો."[૨૦] સાથે સાથે બૌદ્ધ ધર્મની સાંસ્કૃતિક રીતો, તેમના શોટોન મહોત્સવનું મહત્વ વગેરે વિષયક પણ ચર્ચા કરવામાં આવી છે. દૂબળી દ્વારા કહેવાયેલ આ દરેક ઐતિહાસિક વાતોને લેખક ખૂબ સરસ રીતે મુખ્ય કથાના હેતુ સાથે જોડી શક્યા છે. દશનામીઓ, એકદંડીઓ, કૌંઢ્યોવગેરેના માધ્યમોથી પ્રસારિત થતી વિદ્યાઓ, ગુપ્તવિદ્યાઓ, જાળવણી માટેની અનોખી તરકીબો, અવળી બુદ્ધિના વ્યક્તિઓને હાથે તે ન ચડી જાય તે માટે રચાયેલ અને સંકેતો , કોયડા અને ઉકેલો વગેરે જેવી રોચક વાતો કહ્યા પછી દૂબળીએ પોતે કેવી રીતે મૂર્તિઓ ઊઠાવી તે જણાવે છે. "દીર્ઘ દ્રષ્ટિના સાક્ષાત અવતારસમા આદ્ય શંકરાચાર્યે તેનો ય વિકલ્પ વિચારી રાખ્યો હતો. એ માટે તેમણે મૂર્તિવિધાનની કલા અને સંકેત-સાપેક્ષ પ્રતિમાઓની તરકીબોનો ઉપયોગ કર્યો. ભાસ્કરાચાર્યનાં સૂત્રોએ મને બખ્શાલી હસ્તપ્રત સુધી દોર્યો અને બખ્શાલી હસ્તપ્રતમાં ગણિતનાં સૂત્રોમાં વણાયેલો ભેદ ઉકેલીને હું મૂર્તિઓ સુધી પહોંચ્યો. એક મૂર્તિએ મને બીજી મૂર્તિનું ઠેકાણું ચીંધ્યું અને એમ મેં કુલ ૬૪ મૂર્તિઓ ઉઠાવી."[૨૧]

અંત ભાગમાં રિન્દેમ તેમાં સંગ્રહિત હસ્તપ્રતો, ભોજપત્રો અને તામ્રપત્રો તેમજ આ વિદ્યાનું પદ્ધતિસર શિક્ષણ તથા દલાઈ લામા, કેલ્ઝામ ગ્યાત્સો, રિન્દેમ યુતાંગ, રિન્દેમ નામલિંગ વગેરે જેવા વિદ્વાનો અને તેમની મહાનતાના ઉલ્લેખ થયા છે. જેની સાથે કે.સી.ની કથા જોડાય છે અને તેના ઉદ્દેશ્યને સ્પષ્ટતા આપે છે.

## '64 સમરહિલ'માં ધર્મ અને વિજ્ઞાન :

કથામાં 'ધ તાઓ ઑફ ફિઝિક્સ'નું એક વાક્ય નિર્દેશિત થયું છેઃ "Science does not need mysticism and mysticism does not need science, but man needs both."જેમ વિજ્ઞાનના વિદ્યાર્થી તરીકે ઈશ્વર, મંત્ર-તંત્ર, પ્રાર્થના વગેરેથી જોડાયેલ પ્રશ્નો અને પરિણામો ત્વરિતને સતાવે છે.

એમ આખીય કથામાં પણ ટેક્નોલોજીના યુગનો માનવી વિદ્યાઓ અને તેની અસર જાણીને સ્તબ્ધ થઈ જાય છે. અને વિજ્ઞાન તેમજ આ વિદ્યાઓ વચ્ચે એક ભીષણ માનસિક યુદ્ધ ચાલે છે.

આ મૂંઝવણનો થોડોક ફિલોસોફિકલ, પણ લોજીકલ અને સંતોષકારક ઉકેલ ભારતીય પુરાત્ત્વ, લિપીશાસ્ત્ર જાણવા એપીગ્રાફી અને ગૂઢવિદ્યાઓમાં રસ ધરાવતા દૂબળી પાસેથી મળે છે. ઝાડ પરથી સફરજન પડ્યું ... સિદ્ધ કરવી અઘરું હોય છે.

આમ, લેખકના આવા શોધખોળ કરવા પાછળના મગજનો અંદેશો અહીં આવે છે. ભાવકના મનને કેવી રીતે અવઢવમાં નાખી વિચારતું કરી દેવું તે રીતમાં તે નિપુણ છે. અને તે માટે તેમને પણ ઘાટ-ઘાટના પાણી પીધા હશે તેમ જણાય છે. અહીં થર્મોડાયનેમિક્સના ત્રીજા નિયમના સૂત્રને પણ ઉપયોગમાં લેવાયું છે. "ડેલ્ટા ઈઝ ઈક્વલ ટૂ ડેલ્ટા એચ માઈનસ ડેલ્ટા જી ડીવાઈડેડ બાય ટી."[૨૨]

આમ, મૂર્તિમાં રહેલા ઊભા લીટા, કાપા, કઢંગા ચિતરામણ, એક સાંકેતિક ભાષા ઊભી કરે છે. અને ભૌતિકશાસ્ત્રના વિજ્ઞાન અને તેના નિયમો, સૂત્રો સાથે દૂબળી તેને સમજાવે છે. આ રીતે જ હિરન પણ પોતાની મનથી મન બોલ્યા વગર એકબીજાને સંદેશો પહોંચાડી શકાય તે તકનિક અને મૂર્તિ પાછળના કોયડા ઉકેલી લોકો સામે સાબિતી સાથે મૂકી આપવાની વાત દરેકના ગળે ઉતરે તે માટે પચ્ચીસ વર્ષમાં બદલાયેલ દુનિયાની વાત કરે છે. "પચ્ચીશ વર્ષમાં જ આપણી આસપાસની આખી દુનિયા બદલાઈ ગઈ... થેંક્સ ટુ આઈટી રીવોલ્યુશન. પણ એ વખતે જો કોઈએ આવું થશે એવી આગાહી કરી હોત તો આપણે માન્યું હોત? હું જે વાત કહેવા જઈ રહી છું એ આવતાં પંદર વીસ કે પચ્ચીશ વર્ષ પછીની ક્રાંતિની છે."[૨૩] આ બધાને વિચારે ચડતા કરીને વ્હોટ્સએપ જેવી એપ્લિકેશને કેટલી કમાણી કરી તેને આકડા સાથે મૂકી આપીને ઉદાહરણ પૂરું પાડે છે. અને ૧,૧૪,૦૦૦ કરોડ રૂપિયાનો આંકડો વાંચીને અન્ય પાત્રોની જેમ મોટે ભાગે સામાન્ય જ્ઞાનથી વંચિત હોય એવા ભાવક પણ સ્તબ્ધ થઈ ફાટી આંખે સ્થિરતાની પરિસ્થિતિમાં મૂકાય છે.

કથાના અંતભાગમાં ધર્મ અને વિજ્ઞાનનો મેળાપ કરે તેવું તિબેટના સાઠ વર્ષના કેલેન્ડરની વાત કરવામાં આવી છે. "સાઠ વર્ષના કેલેન્ડરમાં વાઘ-અગ્નિ, સાપ-અગ્નિ, ડ્રેગન-અગ્નિ, એવા કુલ પાંચ વર્ષ એવા હતા જ્યારે વર્ષના ચોક્કસ મહિનામાં સવારના સમયે સૂરજના કિરણો સીધા જ બુદ્ધની ૫૦ ફૂટ ઊંચી મહાકાય પ્રતિમા પર પડતા હતા અને એ ઉજાસમાં કંઈક અજબ રીતે બોધિવૃક્ષ અને બુદ્ધની પ્રતિમા ધગેલ તાંબાની માફક લાલચોળ થઈ જતા હતા. ધાર્મિક તિબેટની પરંપરા એ દશ્યને

સૂર્યનારાયણે બુદ્ધને આપેલી અંજલિ ગણતા હતી."[૨૪] આમ, ધાર્મિક ચમત્કારો પાછળની માનસિકતામાં વૈજ્ઞાનિક કારણો પણ જવાબદાર છે. તેવું કહેવાના પ્રયત્નો પણ લેખકે કર્યા છે.

**કરૂણતા :**

ડેરા સુલ્તાનખાંની ચોરી દરમિયાન છેડાયેલ જંગમાં ત્યાંના ઊંટ પણ તેનો ભોગ બન્યા હતા. તેમાં ત્વરિત જે ઊંટમાં ફસાયો હતો. એ ઊંટની હાલતનું વર્ણન કરૂણ અને હૃદયસ્પર્શી રહ્યું છે. પોતાના છૂંદાયેલા મોં સાથે કારમી પીડા વેઠતું ઊંટ આમથી તેમ વલખા મારતું રેગિસ્તાનમાં ઘણો સંઘર્ષ કરે છે. આખરે તે રેતીમાં ફસકાઈ પડે છે. અને પ્રાણ ગુમાવે છે. તેના છૂંદાયેલા મોંમાંથી નીકળેલો છેલ્લો અવાજ, પગનો લથડાટ અને છેલ્લો શ્વાસ દયનીય અને કરુણતાના ભાવ જન્માવે છે. આ જ ઊંટ સાથે ઘસડાઈ આવેલા ત્વરિતની હાલત પણ ખૂબ જ દયનીય રહી છે. રણમાં સાવ નિસ્તેજ શરીર સાથે જીવનની જાણે છેલ્લી ક્ષણો ગણતા ત્વરિત પર ગીધનો હુમલો અને પ્રતિકારમાં કંઈ જ ન કરી શકવાની ત્વરિતની હાલત અરેરાટી ઉપજાવે તેવી દર્દનાક આલેખાઈ છે.

આ ઉપરાંત, મુક્તિવાહિની અને રાઘવની ટીમ વચ્ચે થયેલા ઘર્ષણમાં ગ્રેનેડના ધડાકા અને ફાયરીંગ મુક્તિવાહિનીના ચાર ગેરિલાઓને ચીસ નાંખવાની પણ તક મળતી નથી અને તેમનું દયનીય મોત નીપજે છે. વામપંથી મૂર્તિના પુરાણમાં પછીથી હૃદયપૂર્વક સંડોવણી કરતા રાઘવનું મોત તેને જ કરેલા ભૂલનું પરિણામ હતું. પરંતુ શહીદી વહોરીને પોતાની ભૂલ સુધારતો રાઘવ ચહેરા પર સ્મિત સાથે મૃત્યુ પામે છે. છતાંય તેનું મોત ભાવકના હૃદયમાં અફસોસ સાથે કરૂણતા ઊભી કરે છે. અને તેમાંય રાઘવના મૃત્યુથી અત્યંત દુઃખી વ્યક્તિ ત્વરિતનું રૂદન વધારો કરે છે. રણની ભીષણ આંધી અને ગીધના પ્રહાર જેને તોડી નો'તા શક્યા એ વ્યક્તિ હિરનને વળગીને ધ્રુસકેને ધ્રુસકે રડે છે. ત્યારે ભાવકની પણ આંખો ભીની થયા વગર રહેતી નથી.

આ ઉપરાંત, મુક્તિવાહિનીની ટીમના ઉદ્દેશ્ય આડે જ્યારે બે ચીની ફોજી આવવાના સંકેતો મળે છે. ત્યારે તેમનું ધ્યાન બીજે દોરવા માટેનું બીડું તાન્શી પોતાને માથે ચડાવે છે. રૂપાળી છોકરીઓને ભોગવવાની લત ચીની ફૌજીઓની દુખતી નસ હતી. અચાનક આવી ચડેલા આ બે ફૌજીઓ માટે તાન્શી તૈયાર થઈ જાય છે. પરંતુ ફૌજીઓ પ્રતિ ગિન્ન ચડે તેવું ખુલ્લું વર્ણન કર્યા પછી લેખક તાન્શીનું નામ બહાર પાડે છે. જેથી વાચકના રૂંવાડા ઊભા થઈ જાય છે. અને સ્ત્રીવાચકોને તો

કદાચ રડું જ આવી જાય તેવી સ્થિતિ સર્જાય છે. ચાઈનીઝ ફૌજનો વધુ એક અત્યાચાર કરુણ અને નોંધનીય છે. તિબેટમાં ચાઈનીઝ ફૌજના અત્યાચારથી અકળાયેલ ટોળાને કાબુમાં લાવવા માટે એક જંગલી અફસર અઢી-ત્રણ વર્ષના માસુમ બાળકના બરડામાં બેટન ઝીંકે છે. "સ્તબ્ધ ટોળું....બેબાકળો આઘાત."આ દશ્યના કલ્પના માત્રથી શરીરમાં કંપારી છૂટી જાય છે. અને આવા ઘાતક કૃત્ય ભાવકના મનમાં બાળક માટે કરૂણતા જન્માવે છે. ત્યારબાદ આ બાળકની હાલત જોઈ ગિન્નાયેલા ઝુંઝારનો ભૂતકાળ સામે આવે છે. અને બાળક માટેની તેની લાગણીનું કારણ પણ સામે આવે છે. ઝુંઝાર જે શેઠને ત્યાં કામ કરતો હતો એ શેઠે પોતાની ખામી છુપાવવા ઝુંઝારનો ઉપયોગ બાળક કરવા માટે કર્યો હતો. પરંતુ આ દરમિયાન ઝુંઝાર અને શેઠાણી પ્રેમના સંબંધથી જોડાઈ જાય છે. શેઠને આ વાતની જાણ થતા તે શેઠાણી અને ઝુંઝારના દીકરાને જીવતા સળગાવી દે છે. આ વાતની સ્પષ્ટતા પછી ભાવકને પણ ઝુંઝારના હ્રદયના ભારનો ખ્યાલ આવે છે. આ ઉપરાંત, કેસીના જીવનના અંતિમ સમય દરમિયાનની હાલત તથા દૂબળી જેવા જ્ઞાની વ્યક્તિનું મૃત્યું કથાના અંતમાં અફસોસ સાથેની કરૂણતા ઉભી કરે છે.

## '64 સમરહિલ'માં સંઘર્ષઃ

આ કથામાં જાણે-અજાણે, મને-કમને મૂર્તિપુરાણમાં જોડાઈ ગયેલા દરેક પાત્ર હેતુ સુધી પહોંચવા માટે ભારે સંઘર્ષ વેઠે છે. તેમાં રાઘવ મહિયા તો શરૂઆતમાં જ પોતાના પ્રાણ ગુમાવે છે. પણ તે પોતાની ટીમને બચાવવા ભારે સંઘર્ષ વેઠે છે. ત્યારબાદ ત્વરિત અને છપ્પનની હાલત કફોડી બને છે. એમાંય ત્વરિત તો અત્યંત પીડા સાથે મૃત્યુને હાથતાળી દઈને પાછો ફરે છે. તેમાંય જંગલી ગીધોનો હુમલો થયા પછી પણ જીવનની આશા સાથે તે શરીરની પીડા સહન કરે છે. કેટલાંય અઘરાચઢાણો અને હંફાવી મૂકે તેવા હુમલાઓ પાર પાડી મુક્તિવાહિની તિબેટ પહોંચે છે. ત્યાં અચાનક આવી ચડેલા ચેકિંગને કારણે 27 કલાક જેટલો સમય ગળા સુધીના પાણીમાં હિરનના પ્રોફેસર, ત્વરિત, છપ્પન અને ઝુંઝારને રહેવું પડે છે. ચામડી ફદફદી જાય છે. સાંધામાંથી કડેડાટી બોલે છે. ફેફસાંને પણ શ્રમ પડે છે. અને શ્વાસનળી પર સોજાને કારણે સૂકી ખાસી આવે છે. છતાંય સમયને માન આપી તે લોકો તરત જ હસ્તપ્રતો ઉકેલવા બેસી જાય છે. જંગલોમાં રહેવા, ખાવા-પીવા

જેવી તકલીફ તો પછી એ લોકો માટે સામાન્ય થઈ જાય છે. અજગર જેવા પ્રાણીઓનો પણ સામનો કરવો પડે છે. આમ, ફાયરીંગ અને ગ્રેનેડના ધડાકાઓ વેઠતા અંગતજનોની કુરબાની સાથે અત્યંત સંઘર્ષ વેઠીને સફળતાના આરે કથા પૂરી થાય છે.

## '64 સમરહિલ'માં વર્ણન :

લોકપ્રિય કથાઓમાં મોટે ભાગે વર્ણન વિસ્તારિત રીતે કરવામાં આવ્યા હોય છે. આ કથામાં પણ લેખકની વર્ણન કરવાની રીત સુવ્યવસ્થિત અને કલ્પી શકાય તેવી રહી છે. તથા વિસ્તૃત રીતે કોક ઠેકાણે તો ચિત્રો દ્વારા જે-તે પરિસ્થિતિ કે સ્થળ-ઘટનાને સમજાવવાના પ્રયત્નો લેખકે કર્યા છે. અહીં વસ્તુ-વ્યક્તિ, ઘટના કે સ્થળકાળનું વર્ણન એ રીતે થયું છે. કે ભાવક સ્થિતિને પારખી શકે છે. જગ્યાને અનુભવી શકે છે. વાતાવરણ અને સમયનો ખ્યાલ આવતા તે ઘટનાને પણ સમજી શકે છે.

કથાની શરૂઆતમાં જ જોઈ શકાય છે. સ્થળ અને સમયનો ઉલ્લેખ કર્યા પછી કાળા વાદળો અને બફારાની વાત કરી વાતાવરણનો પણ ખ્યાલ લેખકે આપી દીધો છે. ત્વરિત છપ્પનનું અપહરણ કરીને જે ઓરડામાં રાખે છે. એ ઓરડા માટેની તેની અટકળો તે કઈ જગ્યાએ છે તે સ્પષ્ટ કરે છે. “આ ઓરડો બીજા માળનો હોવો જોઈએ...છપ્પને બારીની બહાર જરાક અમથી નજર દોડાવીને અનુમાન બાંધવા માંડ્યા. સડક કાચી છે, વાહનનો ખાસ અવાજ સંભળાતો નથી, ઓરડાની બાંધણી-માવજત-ફર્નિચર જૂનવાણી છે.”[૨૫] ત્યારપછી ખુબરા જેવો નવો શબ્દ રસપ્રદ માહિતી લઈને આવે છે. “થર અને પારકર એવા સિંધના રણના બે હિસ્સાને જોડતો આ આખો વિસ્તાર આમ જુઓ તો કુદરતની અપાર લીલાનું અજાયબ પ્રતીક હતો. અલમસ્ત પહાડ જેવા રણના ઢૂવાઓ વચ્ચે ક્યાંક ક્યાંક છીણી-હથોડી લઈને માપસરનાં ચોસલાં કાપ્યાં હોય તેમ ઢૂવાઓ ઢાળ ઊતરતા સમથળ બનતા જાય. રેગિસ્તાનમાં ઉછરેલો આદમી તેને 'ખુબરા' તરીકે ઓળખે.”[૨૬] એ જ રીતે દૂબળીએ મૂર્તિ ચોરવા માટેના જે મંદિરો કહ્યા છે. તેનું ચિત્ર રચાય તેવું વર્ણન થયું છે. કઈ જગ્યાએ કેવી પરિસ્થિતિમાં મૂર્તિ સ્થાપિત છે. તે સાથે લેખક માહિતીસભર કરાવી આગળ વધે છે. વારંગલ મંદિરની ઓળખ તો ચિત્ર સાથે કરાવી છે. કુમબુમ મઠનું દેવળ રેકોર્ડરૂમનું ભોયરું વગેરે પણ માપણીસહ ચિત્ર સાથે આલેખન થયું છે.

પાત્રોના દેખાવનું પણ વર્ણન જોવા મળે છે. જેનાથી ભાવક પાત્રને કલ્પી શકે છે. રાઘવ માહિયાનું વર્ણન જોઈએ : "રેડચીફ લેધર સૂઝ, બ્લેક કોડ્રોય અને કોપર બ્રાઉન સ્કિન ફીટ શર્ટમાં એ જસ્ટ પાસ્ડઆઉટ કોલેજિયન જેવો લાગતો હતો. બાંધો એકવડીયો, શરીર પથ્થરમાંથી તરાશ્યું હોય તેવું તદ્દન સપ્રમાણ, પણ આકરી કસરતથી જમાવેલા સ્નાયુના ગઠ્ઠા કપડાં નીચે ઢંકાઈ જતાં અને બહાર દેખાતો તેનો કુમળો, ગોરો ચહેરો, ભાવવાહી આંખો, ટૂંકા વાળ..... તેને છોકરડો જ ગણાવી દેતા."[૨૭] ત્વરિત ચોરીનું ષડયંત્ર પાર પાડવા માટે બદલાયેલો હુલિયો- "જપાકુસુમ તેલની બોટલ તેને ખોલી અને માથા પર ટપલી મારો તો ય છાંટા ઊડે એટલું તેલ નાખીને વાળને ચિપકાવી દીધા. જાડી ફ્રેમના ચશ્માં પહેર્યા. ગળા ફરતો સિલેટીયા રંગનો મેલો ગમછો વીંટ્યો અને ખદડ સફેદ કાપડમાંથી બનેલા પહોળી મોરીના પાયજામા પર વાદળી રંગનું ઈસ્ત્રી વગર ચિમળાયેલું ખમીસ ચડાવ્યું. હવે એ અદ્દલ દેહાતી ખેડૂત લાગતો હતો."[૨૮] રેગિસ્તાનની કરાલ ધરતીનો પરિચય કરાવી ત્યાની હબ્બાર જાતિ વિશે પણ માહિતી આપે છે. એ જ રીતે દૂબળી હિરન તેમને બદલેલ વંશનું વર્ણન થયું છે.

ખુબરા જેવા નવા શબ્દો અને તેની વ્યાખ્યા પ્રાપ્ત થાય છે. તેમ શાંગરાનો અર્થ પણ લેખક કહે છે "નદી અને પહાડના અનંતકાળથી ચાલતા એ નૈસર્ગિક સંવનનનું સ્થળ એટલે શાંગરા."[૨૯] આ સિવાય સરુના પાન ભોંકાય તો ચીરો પડી જાય વગેરે જેવી અવનવી રોચક વાતો લેખક વર્ણવે છે. બોમ્ડીલા ઘાટી પરિચય દરમિયાન બ્રહ્મપુત્ર નદી અને અરુણાચલ પ્રદેશનો ઉલ્લેખ થાય છે. દરેક હથિયારોની પણ વિગતવાર માહિતી મળે છે. એક અવનવું હથિયાર તોપ પણ ન હોય, ગન પણ ન હોય તેવા હથિયારનો અહીં ઉલ્લેખ મળે છે. જે રીંછનો શિકાર કરવા માટેની કોઈ ગન તરીકે ઓળખાય છે. જે મુક્તિવાહિનીનું લેથલ વેપન પણ છે. તેમજ ગન અને સ્નાઈપરના આંકડા અને પોઝિસન પણ તેમને જણાવી છે. કથામાં આગળ વધતા જ્યારે કેપ્ટિવ બોટ ગનનો ઉપયોગ કરવાની જરૂરિયાત વર્તાય છે. ત્યારે તેની ખાસિયત દર્શાવતા એક પૃષ્ઠ જેટલું તેનું રસપ્રદ વર્ણન કરવામાં આવ્યું છે.

શોટોન મહોત્સવનું મહત્ત્વ અને તેને મનાવવાની રીત સાથોસાથ તેમાં ભજવાતા નાટકોમાં જે-તે પાત્રની વેશભૂષા વિશે પણ ઉલ્લેખ જોવા મળે છે. "નાક, હોઠ અને આંખ કોતરીને તેના આખાય ચહેરા પર પીળા રંગનું મહોરું બાંધ્યું હતું. જાંબલી, કિરમજી, પીળા અને કેસરી રંગના અતલસી પટ્ટા સિવેલો લાંબો, ઘેરદાર પાયજામો અને એવા જ કઢંગા રંગનું તેનું ખમીસ. શોટોન ઉત્સવમાં ભજવાતાં

પરંપરાગત નાટકોના વિદૂષકનો એ અસબાબ હતો."[૩૦] આ મહોત્સવના કેન્દ્ર ત્સાલિંગની વિગતવાર ચર્ચા તેમજ તેના ઈતિહાસની રજૂઆત થઈ છે. "ત્રણ બાજુ શુદ્ધ ધવલ પહાડો, ચોથી તરફ પ્રિયતમના બાવડે ચૂંટી ખણીને દોડી જતી મુગ્ધ કન્યા જેવી કૈલુ નદી અને બેયની વચ્ચે પથરાયેલી સમથળ લીલીછમ તળેટી."[૩૧] આગળ લેખક ત્સાલિંગની નિયતિ પ્રદર્શિત કરે છે. "લોબસાંગે સમાજજીવનને ય એટલું જ પ્રાધાન્ય આપ્યું અને તિબેટના દરેક છેડે બૌદ્ધવિહાર સ્થાપીને વર્ષભર વિવિધ સાંસ્કૃતિક મહોત્સવો શરૂ કરાવ્યા. અત્યંત દુર્ગમ પહાડોથી છવાયેલા દેશને એકજૂટ કરવા માટે તેમણે વર્ષના ચાર મુખ્ય ઉત્સવ માટે તિબેટની દિશામાં ચાર અલગ કેન્દ્રો સ્થાપ્યાં. એક કેંદ્ર યજમાન હોય તો બાકીનાં ત્રણ કેન્દ્રો મહેમાન બનીને એ ઉત્સવ માણવા માટે ત્યાં પધારે. લોબસાંગે અપનાવેલી આ પદ્ધતિએ સમગ્ર તિબેટી પ્રજાને એકત્વની પ્રચંડ ભાવનાથી પ્રેરિત કરી.

એ સમયે મહોત્સવનું એક મહત્વનું કેન્દ્ર હતું ત્સાલિંગ."[૩૨]

આ કથામાં સૌથી વધુ ઉલ્લેખ બૌદ્ધ ધર્મનો રહેલો છે. આ ધર્મની સ્થાપનાથી લઈને તેની તેના નિયમો વગેરેની વિગતવાર માહિતી ભાવક સુધી પહોંચાડી છે. જેથી ભાવક ધર્માનુસાર જે-તે સ્થળ, કથામાં નિરૂપિત પાત્રો અને ઘટતી જતી ઘટનાઓને વધુ સારી રીતે સમજી શકે છે. બૌદ્ધ ધર્મને લગતા વર્ણનના થોડા ઉદાહરણ જોઈએ. "ભગવાન ગૌતમ બુદ્ધે આપેલા ઉપદેશના કાળક્રમે બે ફાંટા પડ્યા હતાઃ મહાયાન અને હીનયાન. મહાયાન એટલે વિરાટ ચક્ર, જે અનેક લોકોને આ સ્થૂળ, ભૌતિક તેમજ નાશવંત મોહથી પાર કરીને સૂક્ષ્મ, શાશ્વત જ્ઞાન તરફ લઈ જાય. હીનયાન એટલે લઘુચક્ર, જે થોડાંક જ સુપાત્રોને જ્ઞાનની ચરમસીમા સુધી લઈ જાય."[૩૩]

"બૌદ્ધ સાધુઓના ત્રણ કે ચાર સ્તર હતા. સૌથી ઉપર લામા હોય. એક લામા બે-ચાર મઠનો મુખિયા હોય અને તેના શિષ્યો એન્ગ લામા કે નાયબ સાધુ કહેવાય. એન્ગ લામાઓ જેમને દીક્ષા આપે એ પૈકી જેમનો અભ્યાસ પૂર્ણ થાય તે સોહાંગ કહેવાય અને જેમનો અભ્યાસ જારી હોય તે દીમા (ભિખ્ખુ) કહેવાય. દીમાઓ મઠ છોડીને નગરચર્યા કરી શકે. સાધનામાં પરોવાયેલા લામા, સોહાંગ કે એન્ગ લામા માટે ભોજન કે અન્ય પ્રાથમિક આવશ્યકતાઓની વ્યવસ્થા કરવાની જવાબદારી તેમની ગણાય."[૩૪]

આમ વર્ષોથી ચાલતી આવતી વડવાઓની પરંપરાના પણ આલેખન અહીં થયા છે. કેસી જ્યારે યુદ્ધ લડવા જાય છે અને ફાયરીંગમાં ફસાયો હોવા છતાં તે પોતાની પરંપરા ભૂલતો નથી. આમ,

સાંપ્રત આધુનિકતામાં ઉછરેલો કેસીના વ્યક્તિત્વ દ્વારા લેખક પરંપરાને અનુસરવાના જૂનુનને વ્યક્ત કરી તેના વિશે વિગતવાર જાણકારી પણ આપે છે. આખીય કથામાં મૂર્તિપુરાણ ચાલ્યું છે. તેમાં વામપંથી મૂર્તિની ચર્ચા વધુ રહી છે. તેમાંય સાપેક્ષ અને સંકેત પ્રતિમા વચ્ચેના ભેદ વિશે પણ જાણવા મળે છે. "સંકેત પ્રતિમામાં રેખાઓ, લિપિઓ કે કશીક આકૃતિઓ વડે ગૂઢ સંકેત આપવામાં આવે જ્યારે સાપેક્ષ પ્રતિમા એકથી વધુ હોય, ક્યારેક આવી પ્રતિમાઓની આખી શ્રેણીય હોય. એવી દરેક પ્રતિમામાં છુપાયેલા અધકચરા કે અડધા સંકેતોને એકમેક સાથે જોડીને આખી કડી મેળવી શકાય."[૩૫] અહીં મૂર્તિવિધાન જાણે ભણવા મળ્યું હોય તેવી પ્રતિતી લેખકે કરાવી છે.

અહીં પરિસ્થિતિનો તાગ અપાવી વાતાવરણ પણ લેખક યોગ્ય રીતે દર્શાવી શક્યા છે. ઉલ્હાસની ટીમ અને મુક્તિવાહિનીની ટીમ આમને સામને જંગ શરૂ કરે છે. એ દરમિયાન ઉલ્હાસ ત્રણ અલગ અલગ દિશાએ મોરચો બાંધીને ગોળીઓ છોડવા માંડે છે. અને સામા છેડેથી ફાયરીંગ થવાની રાહ જોવે છે. એ જ રીતે શ્ત્સેબુલિંગ્કા તરફની પરિસ્થિતિનું જ્યારે લેખક વર્ણન કરે છે. ત્યારે "મંદિરની પાછળની તરફ લગભગ એક કિલોમીટર દૂર ઊંચા ઢૂવા પર કેમ્પ નાંખીને બેઠેલા પરિહારની નજર બાયનોક્યુલરમાં બરાબર ચોંટેલી હતી."[૩૬] જે-તે સ્થળ અને ત્યાં રચાતી જતી પરિસ્થિતિને હૂબહુ રૂબરૂ કરાવવાના પૂરેપૂરા પ્રયત્નો લેખકે કર્યા છે.

વસ્તુ વર્ણન પણ આ કથામાં યોગ્ય રીતે થયું છે. મૂર્તિઓના વર્ણન તેના સંકેતો અને અર્થ આ તો મુખ્ય જ રહ્યું છે. તદુપરાંત પણ કોઈ ગાડી, હથિયાર વગેરેનું વર્ણન જોવા મળ્યું છે. જેનું શ્રેષ્ઠ ઉદાહરણ દૂબળીની મોડીફાઈ થયેલ વાન છે. "ત્રણ કમ્પાર્ટમેંટમાં મોડીફાઈ કરેલી ટેમ્પો ટ્રાવેલર વાનના છેલ્લા કમ્પાર્ટમેન્ટમાં ત્રણ વિશાળ સોફા ચેર, ફ્રિઝ, સેટેલાઈટ ટી.વી. તેની પાછળ સામાન મૂકવા ત્રણેક ફૂટ પહોળા બે શેલ્ટર. વચ્ચેના કમ્પાર્ટમેન્ટમાં એક રીક્લાઈનર ચેર. તેની પાસે ડબલ સ્ટૂલ સાઈઝનું કિચન પ્લેટફોર્મ."[૩૭] આ સિવાય પણ છપ્પન ચોરી માટે જે ગાડીઓ કે વસ્તુઓનો ઉપયોગ કરે છે તેનું પણ વિસ્તારિત વર્ણન થયું છે. પર્વતો ઉપર આરોહણ અને અવરોહણ માટે એસેન્ડર અને ડીસેન્ડર નામના હૂક વિશે વાત કરી લેખક ટ્રેનિંગ માટેની દરેક તૈયારીઓથી ભાવકને પણ અવગત કરાવે છે.

આ ઉપરાંત, મોટાભાગે દરેક લોકપ્રિય સર્જક કોઈપણ પ્રકારનું ખુલ્લું વર્ણન કરતા ખચકાતા નથી. અહીં પણ જાતીયતાનું કે વાસનાનું ચિત્રણ થયું છે. ચોરી જેવા ભેજાબાજ કામો કરતો છપ્પન

સ્ત્રી સાથે શારીરિક સંબંધ બાંધી હળવાશ અનુભવતો હતો. અને તેની વ્યવસ્થા એ પોતે જ કરતો. ચોરીની પૂર્વતૈયારીઓ કર્યા પછી ત્વરિતની હાજરીમાં જ તે આ વ્યવસ્થા ગોઠવે છે અને ત્વરિતને પણ તક ઝડપી લેવા જણાવે છે. તેને બોલાવેલ સ્ત્રીનું શારીરિક વર્ણન કરતા લેખક લખે છેઃ "ભડકીલા ઓરેન્જ રંગની તંગ કેપ્રીમાં હાંફતા ચુસ્ત માંસલ નિતંબ અને ખૂલતા ગળાના સ્કિન ફિટ ટી-શર્ટમાં છલોછલ ભીંસાતાં સ્તનોનો લલચામણો ઉભાર."[૩૮] અને આવી છોકરી સાથે તૃપ્તિની અનુભૂતિ કરવા તત્પર છપ્પન જ્યારે ઓરડામાં જાય છે, "ઓરડામાં લોખંડના પલંગના કિચૂડાટ પર સવાર થઈને ફેંકાતા માદક ઊંહકારા બારી વાટે ત્વરિતના કાનમાં પડઘાતા હતા."[૩૯]

હિરન અને અન્ય પાત્રો વચ્ચે ચાલતી ગંભીર ચર્ચા દરમિયાન પણ હિરનના દેખાવના વર્ણનથી લેખક વાતાવરણમાં રંગીનતા ઊભી કરે છે. "ભીંતને અઢેલીને એ રાઘવ સામે તાકીને બોલી રહી હતી. અદબ વાળવાથી લૂઝ ટોપમાં ચસોચસ ભીંસાતો તેનાં સ્તનોનો ઉભાર, પગની આંટી વાળવાથી છલકાતો ભરાવદાર સાથળનો ચુસ્ત આકાર, ગોરા-રતુમડા ચહેરા પર ફરફરતો ભૂખરા વાળનો અંબાર અને કથ્થાઈ આંખોમાંથી છલકાતી આત્મવિશ્વાસ સભર બેપરવાઈ હિરનના રૂપના અંઘોળમાં અંજાયેલો ઓરડો સ્તબ્ધપણે તેને તાકી રહ્યો."[૪૦] ડેરા સુલ્તાનખાંના સફર દરમિયાન પણ ત્વરિતની બાજુમાં બેઠેલી સ્ત્રીનું મોહક વર્ણન દર્શિત છે. "ખભા પરથી સતત સરી જતી તેની કેસરી ચૂંદડી, લીલા રંગના અતલસમાંથી ધસી આવતા તેનાં ગોરાં સ્તનો, ગોરી સુંવાળી પીઠ પર કસની ભીંસને લીધે ઉપસી આવતા લોભામણાં ઢોરા અને ઘડીએ ઘડીએ હાથનાં બલોયાં ખખડાવીને ધ્યાન ખેંચવા મથતી તેની ગજબની કામણગારી આંખો."[૪૧]

આમ, આ પ્રકારના મોહક વર્ણનો દ્વારા લેખક ભાવકને થોડું મનોરંજન કરાવી આનંદિત વાતાવરણ સર્જે છે. વસ્તુ, સ્થિતિ, સ્થળ-કાળ, વ્યક્તિ-ક્યાંય ભાવકને કષ્ટ કરવાની જરૂર નથી પડતી. તે કથામાં પરોવાઈ જઈને કથાને પામી શકે છે. કેમકે, વિસ્તારિત વર્ણન કથાના વિશાળ પટમાં ભાવકને ભૂલો પાડ્યા વગર તેને પોતાનાથી પરિચિત રાખે છે.

## '64 સમરહિલ'માં ભાષા :

આ નવલકથામાં સામાન્ય માણસ સમજી શકે તેવી સીધી-સાદી અને સરળ ભાષાનો ઉપયોગ થયો છે. ક્યાંક અજાણ્યા શબ્દોનો ઉપયોગ થયો છે. પરંતુ તેની વિગતવાર સમજણ લેખક સ્પષ્ટ કરે

છે. સ્થળ અને વ્યક્તિ પ્રમાણે અહીં ભાષામાં બોલીનો ઉપયોગ પણ થયો છે. જે રસપ્રદ રહ્યો છે. જેમકે, કથાના શરૂઆતના ભાગમાં પરોક્ષ પાત્ર છપ્પનના પિતા ગુંગાસિંઘની શીખામણો ધ્યાનાકર્ષક બને તેવી છે. :

“હમરે કામમેં તીણ બાત ખ્યાલ મેં રખઉ : ઉઠૈયો, ભાગો ઔર ફેંકો. તીણ મેં સે એક મેં ભી દેર લગી તો સમજો વાટ લગી”[૪૨]

“તૌલિયા ઊઠૈયા તો ભી ચોરી, ગહેના ઊઠૈયા તો ભી ચોરી...તો ફિર ગહેના હી ક્યોં ન ઊઠૈયો??”[૪૩]

“ગાડી ઔર બોડી બિલકુલ ફિટ હોના મંગતા.”[૪૪]

આવા પ્રકારની ટપોરી બોલી થોડી ઘણી ત્વરિતના મુખે પણ સાંભળવા મળે છે. જેમકે :

“ઈધર ક્યા મૈં તેરે કો *** લગતા હૈ ? ગધા હૂં મૈં કિ તૂ જો કહેગા માન જાઉંગા ?”[૪૫]

“મૈં ક્યા અભી ચ પૈદા હુએલા લગતા હૈ તેરે કો ?”[૪૬]

અહીં ભોજપુરી હિંદીનું પણ મિશ્રણ જોવા મળ્યું છે. ડિંડોરીના દેવાલયમાં મૂર્તિચોરી વખતે દેવીલાલ ત્યાંના પુજારીને પૂછપરછ કરે છે ત્યારે,

“હોવ્વે... સબ કુછ જાનિયો ના...
... ઔ વક્ત ઇહાં તો બહોત ઘના જંગલ હુઆ કરતા થા. તો માલુમ હૈ, ભીમ ને ક્યા કિયા ? પિત્તલ કા લૌટા ઉલટા કર દિયા ઔર ઉપર મિટ્ટી ડાલ દી. અઈસન બના યે શિવલિંગ ઔર તબ સે યે કુંભનાથદાદા સાક્સાત હઈ ઈધર...”[૪૭]
“મઈ તો બસ ઈત્તા હી જાનિયો...કહત હઈ કિ યે સબ બહોત પૂરાની મૂર્તિ હઈ.”[૪૮]

છપ્પન પણ ક્યારેક અકળામણમાં ભૈયાલોકની ભાષાનો દેખાડો દઈ દેતો હતો જેમકે, “એક પિલાટ બર્ફ બગૈરા ભીજા ના.. નામ તો ઉસ સસૂરે કા કિસનકાંત હૈ... હમ ઉસકો કિસનવા બોલતે થે તો ઉસ સસૂરે કો મિર્ચી લગ જાતી થી તો ઓ કિસનવા સે બચને કે લિયે કિસનકાંત મૈં સે હો ગવા કે કે...અબ સસુરે કો કેકવા કહેકે બુલાત હૈ...”[૪૯]

કેકવો પણ આ જ બોલીનો ઉપયોગ કરે છે : "આખિર છપનવા દોસ્ત હે હમરા. એક દૂજે કી અઈસી બાતા મેં હમ જરૂરત સે જ્યાદા ઈન્ટ્રાસ નહિ લેતે..."[૫૦] કેકવો પોતાની અતરંગી બોલીથી થોડી રમૂજ પણ કરાવે છે. ભેદી છોકરી વિશે વધુ પૂછપરછ થતા તે કહે છે કે, "...હમ કા પૂછતાછ કરે ? હમ કા ઈ પૂછે કિ કોન્ડોમ લાઈ હો યા હમ દે ? ઓર કા પૂછતાછ કરે હમ ?"[૫૧] આ સિવાય પણ 'અપની હી આઈટમ હે... મૈં તો પચાસો બાર ચખ ચૂકા હૂં' આવા શબ્દો તથા વાક્યોનો ઉપયોગ કરવામાં લેખકને જરાય છોછ લાગ્યો નથી હા! ગાળની જગ્યાએ તેમને *** આ પ્રકારના ચિહ્નનો ઉપયોગ કરેલો છે.

અહીં અકળાયેલા પાત્રો કોક ઠેકાણે હાસ્ય રસની ઉત્પત્તિ કરી આપે છે. ભેદી દૂબળી કેટલીય જહેમતો પછી જ્યારે સામે આવે છે. ત્યારે મૂર્તિની જેમ સ્થિર નજરે છપ્પનને જોતો દૂબળીનું રૂપ જોઈ છપ્પન ડઘાઈ જાય છે. ત્યારે – "તેની મક્કમતાથી ડઘાયેલા છપ્પનથી અનાયાસે જ તેના ડાબા-જમણા હાથ ભણી જોવાઈ ગયું...ક્યાંક આ ભેદી દૂબળી પોતે જીવતી-જાગતી વામપંથી મૂર્તિ તો નથી ને ?"[૫૨] અકળાયેલ ઝુંઝાર પણ મનોમન ગાળ બોલીને કહે છે, "સાલા એક એકનું માથું ભાંગે એવા ચક્રમો વચ્ચે પોતે ક્યાં ભરાઈ પડ્યો તેનો તેને વસવસો થતો હતો"[૫૩] અહીં 'ચક્રમ' જેવો રોજિંદો શબ્દ રમૂજ ઊભી કરે છે. આ ઉપરાંત, 'કપાળ તારા બાપનું...' મનોમન બબડાતા વાક્યો ભાવકનું મનોરંજન કરાવે છે. સ્થળ પ્રમાણે અલ્પ સમય માટે આવતા પાત્રો જે-તે સ્થળની ભાષાનો ઉલ્લેખ કરે છે. તેમાં તેલેગુ ભાષાનું ઉચ્ચારણ પણ નિર્દેષિત છે,

"આન્ના ઓકા પેકેટ ક્લાસિક માઈલ્ડ ઈવુ...કેવેન્ડર ઊન્ડી આય...એવાલા ?"[૫૪]

આખીય કથામાં તિબેટ વિસ્તારિત ભાગરૂપે ઉલ્લેખિત છે. તો તિબેટી ભાષાના ઉલ્લેખો સ્વાભાવિક છે. 'ઝર્કા વેલા', 'હિક્કા તેથાનન્ન...', 'કેરિંગ્વા ત્યોટો', 'શોટોન સાંગ્વે', 'આજે ફૂર-બૂ' (ગુરુવાર), 'ત્સાર-વો' (ઘોડાર) વગેરે જેવા તિબેટી શબ્દપ્રયોગ પણ થયા છે.

મૂર્તિવિધાનને કારણે કેટલાક મંત્ર અને શ્લોકના ઉલ્લેખને કારણે સંસ્કૃત ભાષાનો પણ પ્રવેશ થયો છે :

"નાહં મન્યે સુવેદેતિ નો ન વેદતિ વેદ ચ...
યો નસ્તદ્વેદ તદ્વેદ નો ન વેદેતિ વેદ ચ...

અહં વૃક્ષસ્ય રેરિવા, કિર્તિ : પૃષ્ઠં ગિરેરિવ

ઉર્ધ્વપવિત્રો વાજિનિવ સ્વમૃતસ્મિ

દ્રવિણં સવર્ચસમ્

સુમેધા અમૃતોક્ષિતઃ

અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાક્યા...

ચક્ષુઃ ઉન્મિલિતં યેન તસ્મે શ્રી ગુરુવે નમઃ..."[૫૫]

અહીં કોક ઠેકાણે પરિસ્થિતિ અનુસારના ગીતોની બે પંક્તિઓ એક અલગ માહોલ રચે છે. ત્વરિતે જ્યારે છપ્પનનું અપહરણ કર્યું તે સમયે પોતે ક્યા છે. એ ખ્યાલ છપ્પનને આવતો ન હતો. અને બઘવાયેલો છપ્પન તેની ફક્ત ધારણાઓ કરે છે. ત્યારે, "ભૌંરા બડા નાદાન હૈ... બગિયન કા મહેમાન હૈ... કલિયન કી મુસ્કાન હૈ... ફિરભી જાને ના... જાને ના..."[૫૬] આ જ રીતે "સુરમઈ અખિયોં મેં નન્હા-મુન્ના એક સપના દેજો રે... નિંદિયા સે ઊડતે પાખી રે, સપનો મેં આજા સા..."[૫૭] "ગોરી તેરા ગાંવ બડા પ્યારા... મૈં તો ગયા મારા... આ કે યહા રે... આકે..."[૫૮] "કસ્તુરી કો ખોજતા ફિરતા મૈં હૂં એક બન્જારા હો બન્જારા આઆઆ..."[૫૯]

રણવિસ્તારની વાતો દરમિયાન એક હબ્બારી જવાન રાવણ હથ્થાના રાઠોડી સૂર વહેતા મૂકે છે. ત્યારે મ્હાડ રાગમાં એક ધૂન વાગે છે :

"તું રે દેસી રૂખડો.. મ્હેં પરદેસી લોગ

મ્હને અકબર તેરિયા... તું કટ આયો ફોગ

ડેરાવા... વાહ... ડેરાવા..."[૬૦]

રેગિસ્તાનના ભયંકર તોફાન વચ્ચે જિવવાની જિજિવિષા બુલંદ રાખતો ત્વરિત મૂર્તિ પકડીને મોટા અવાજે લયબદ્ધ રીતે ગાય છે :

"વિવાહે વિષાદે પ્રમાદે પ્રવાસે

જલે ચાનલે પર્વતે શત્રુમધ્યે

અરણ્યે શરણ્યે સદામાં પ્રપાહિ

ગતિસ્ત્વં ગતિસ્ત્વં ત્યમેકા ભવાનિ"[૬૧]

કથામાં ક્યાંક ફિલસૂફી નજરે પડે છે. તો ક્યાંક પ્રતીકાત્મકતાનો પણ ઉપયોગ થયો છે. અહીં ઝુંઝારના વ્યક્તિત્વ દ્વારા જોઈ શકાય છે. 'માણસ માત્ર કબાડાને પાત્ર' જેવી પોતાની બનાવેલ ફિલોસોફિકલ કહેવતને આધારે ઝુંઝાર પોતાના જીવન જીવવાના નિયમો નક્કી કરે છે.

કેસી અને હિરનની કોયડા ઉકેલની નોખી રીત પર ફિલસૂફીભરી ચર્ચા જોઈ શકાય છે. હિરન પોતાનો પક્ષ મૂકતા કહે છે, "હું હંમેશા કોયડામાં ઝંપલાવતાં પહેલા તેનો ઉકેલ વિચારી લઉં છું...' (કેસીનો ઉત્તર) – 'અને હું ઉકેલને બદલે કોયડા તરફ જ ધ્યાન કેન્દ્રિત કરું છું...' ... હું બહુ દઢતાપૂર્વક માનું છું કે દરેક કોયડાનો એક ઉકેલ તો હોવાનો જ..."[૬૨]

પ્રતીકાત્મક ભાષાની વાત કરીએ તો કથામાં એકધારી વિલિઝ ચલાવતો ત્વરિત જ્યારે ખરાબ રસ્તાથી કંટાળે છે ત્યારે, "બજારું ઓરતના ગાલ પર ઊઘડેલા સસ્તા પાઉડર જેવી, ભીતરની ખારાશની સફેદી ચહેરા પર છાંટીને દોડી જતી એ ઉબડખાબડ સડકમાત્ર હતી."[૬૩] આમ, રસ્તાની સરખામણી એક સ્ત્રીના ગાલ અને તેના મેક-અપ સાથે થઈ છે. એ જ રીતે સૂરજનું વર્ણન – "લાજ કાઢતી નવોઢા જેવો સૂરજ પહાડની વિકરાળ ચટ્ટાનોની ધાર પાછળ મોં છુપાવવા લાગ્યો હતો."[૬૪]

રાઘવની કફોડી હાલત અને ત્વરિતનું પારાવાર દુઃખ જોઈને દૂબળી માટે આલેખિત વાક્ય જોઈએ : "લક્ષ્ય પ્રત્યેનું અડીખમ સમર્પણ અનુભવીને કઠણ કાળજાનો પહાડ પણ રોઈ પડ્યો હોય તેમ ચોમેર ઝરણાં દદડાવી રહ્યો હતો."[૬૫] તિબેટ પ્રવાસ દરમિયાન અઘરો રસ્તો પાર કરવાનો હોય છે. ત્યારે એ રસ્તો કેવો હશે તેના આલેખન દરમિયાન સાંકડી થતી ટેકરીઓમાં આવતા ઢોળાવને જાણે હરખઘેલી છોકરીઓ દોડી આવતી હોય તેવા દશ્ય સાથે સરખાવ્યા છે.

અંગ્રેજોના શાસન પછી અંગ્રેજી ભાષાનો પગપેસારો આપણા દેશમાં હંમેશા માટે થઈ ચૂક્યો છે. સાવ અભણ વ્યક્તિ પણ તેમના રોજિંદા જીવનમાં સોરી, થેંક યું, વેલકમ, ફાઈન જેવા શબ્દોનો ઉપયોગ કરતા હોય છે. એ જ રીતે આ કથામાં પણ ઘણા અંગ્રેજી વાક્યો તથા શબ્દનો ઉપયોગ થયો છે. તેના કેટલાંક ઉદાહરણ જોઈએ : 'કમ ટૂ ધ પોઈન્ટ', 'એન્ડ યુ એક્સ્પેક્ટ', 'આઈ મીન, ઈટ', 'કમ ઓન યાર', 'યુ સીમ વેરી બિઝી ધેર...', 'એક્ચ્યુઅલી આઈ ફિલ ઈટ વેરી સ્ટ્રેન્જ સર', 'એન્ડ સર, થીવ્સ હેઝ યુઝડ સમ સ્ટ્રેન્જ ટેક્નિક', 'ઓહ કમ ઓન, ડોન્ટ પેનિક...', 'સમ સિક્સ એન્ડ હાફ મન્થ...' 'સી માય ડિયર...', 'ઈટ ડઝન્ટ મીન ધેટ', 'અધરવાઈસ્ આઈ વૂડ હેવ સેન્ટ સમ લોકલ પી આઈ', 'યુ નો...', 'એન્ડ ફરગેટ ઈટ...', 'આઈ વિલ હેવ ટૂ કોલ મિનિસ્ટર', 'ઓહ શટ અપ પ્લિઝ...', 'ઈન્વેસ્ટિગેશન', 'વી વીલ મેક અ ડીલ', 'લેટમી ટેલ યુ', 'બટ આઈ વિલ ટ્રાય ટુ એક્સપ્લેઈન ઈન ઈઝીએસ્ટ વે...', 'નાવ આઈ હોપ', 'ડોન્ટ વરી માય ડિયર', 'ઈટ્સ ટાઈમ ટુ પ્રૂવ યોરસેલ્ફ... બી કૂલ', 'હમ્મ્ મ્... રાઈટ... બટ એઝ એન એક્સપર્ટ', 'વોટ ડુ યુ થિન્ક', 'આઈ નીડ ફર્ધર સ્ટડી એન્ડ

ઇન્વેસ્ટિગેશન', 'બટ માય રફ આઈડિયા સેઝ...', 'ઓહ સ્યોર મિ. કૌલ, ડેફિનેટલી આઈ વિલ... બટ માય લાસ્ટ એન્ડ પરહેપ્સ મોસ્ટ ઈમ્પોર્ટન્ટ ક્યુરિયોસિટી ઈઝ...', 'અફકોર્સ, ઈટ્સ નન ઓફ માય બિઝનેસ બટ અલ્ટિમેટલી ઈટ્સ અ ડર્ટી જોબ, યુ નો...', 'યોર લાઈફ સીમ્સ ઈન્ટરેસ્ટિંગ...', 'આઈ એમ વેરી મચ પ્લિઝડ ટુ મીટ યુ...', 'ટાર્ગેટ ડિફિકલ્ટ', 'અધરવાઈસ', 'ડિટેઈલ્ડ ઈન્ટ્રોગેશન', 'આઉટ ઓફ વે', 'મોટ્સ ઓપરેન્ડી, એમ આઈ કીપિંગ ઈટ જસ્ટ ટૂ શો ઓફ...?', 'ડૂ યુ નો એનિથિંગ અબાઉટ વામપંથ ?', 'યુ મીન પોલિટિકલી લેફ્ટ ?', 'આઈ વોઝ ટોકિંગ અબાઉટ ઈન્ડિયન માયથોલોજી', 'અધર ઈક્વિવેલન્ટ એસયુવી લાઈક હિઝ ઓન ફોર્ડ ઈકોસ્પોર્ટ ?', 'વોટ ડુ યુ થિન્ક, નોટ એટ ઓલ, બટ ડોન્ટ બોધર... વી વિલ કેચ હિમ', 'હાઉ ડૂ યુ ફિલિંગ નાવ ?', 'હેલ વિથ માય ટેમ્પરેચર', 'રૂમ નોક', 'નોટ ધેટ ટારઝન ગર્લ, ઈન્વેસ્ટિગેશન', 'નાઈટશિફ્ટ'... આ ઉપરાંત ક્યાંક લાંબા અંગ્રેજી વાક્યપ્રયોગ થયા હોય તો કૌંસમાં અનુવાદ પણ લેખકે મૂકી આપ્યો છે. Science does not need mysticism and mysticism does not need science, but man needs both. (વિજ્ઞાનને રહસ્યવાદની જરૂર નથી અને રહસ્યવાદને વિજ્ઞાનની જરૂર નથી, પરંતુ માણસને તો એ બંનેની આવશ્યકતા છે.)

આમ, 'ગુજરાત સમાચાર'ની 'રવિપૂર્તિ'ના સંખ્યાબંધ વાચકો સમક્ષ એકસઠ અઠવાડિયા સુધી રજૂ થતી આ કથા વાચકને એકધારી વાંચી જવા માટે મજબૂર કરી શકે તેવી રોચક રહી છે. '64 સમરહિલ'ની આ કથા રહસ્યમય કથાની સાથોસાથ થ્રીલર પણ જણાય છે. ઇતિહાસ અને આધુનિકતાનું મિશ્રણ સખત ઉત્સુકતા જન્માવી શકી છે. ભાવકની ઉત્તેજનાને અંત સુધી જાળવી શકતી આ કથા મૌલિક પ્લોટ ઊભો કરે છે. હજારો વર્ષો પહેલાના ભારતનો જ્ઞાનવારસો અને તેનું મહત્ત્વ, ભારતીય ચિંતકોએ પ્રાપ્ત કરેલી સંપર્કવિદ્યા અને ઋષિમુનિઓની સંમોહન શક્તિ વગેરેનો અત્યારના ઈન્ટરનેટ, મોબાઈલ એપ્લિકેશન્સ અને ટેક્નોલોજી સાથે સુમેળ કરાવી અચંબિત વાતાવરણ અહીં ઊભું થયું છે. જેમાં માવજતપૂર્વક ઉલ્લેખિત થતી ભાષા પણ જોવા મળે છે. જેને કારણે ભાવક કંટાળો અનુભવ્યા વગર કથામાં એકધારો રસ દાખવી શકે છે. આમ, અનેક લોકપ્રિય તત્ત્વોનો આધાર તેમજ લેખકના ઘણા સંઘર્ષ પછી રચાયેલું સુવ્યવસ્થિત લખાણ લોકોના હૃદય સુધી કથાને પહોંચાડે છે.

**પાદટીપ :**

૧. '64 સમરહિલ', ધૈવત ત્રિવેદી, સાર્થક પ્રકાશન, અમદાવાદ, પુનર્મુદ્રણ : ૨૦૧૯, પૃ. ૧૬૯

૨. એજન, પૃ. ૩૩

૩. એજન, પૃ. ૫૪

૪. એજન, પૃ. ૮૪
૫. એજન, પૃ. ૮૪
૬. એજન, પૃ. ૯૦
૭. એજન, પૃ. ૯૨
૮. એજન, પૃ. ૯૫
૯. એજન, પૃ. ૧૬૭
૧૦. એજન, પૃ. ૨૭૭
૧૧. એજન, પૃ. ૪૦૦
૧૨. એજન, પૃ. ૨૮૭
૧૩. એજન, પૃ. ૫૬
૧૪. એજન, પૃ. ૧૨
૧૫. એજન, પૃ. ૧૭૩
૧૬. એજન, પૃ. ૨૭૬
૧૭. એજન, પૃ. ૧૪૯
૧૮. એજન, પૃ. ૧૯૪
૧૯. એજન, પૃ. ૩૧૬
૨૦. એજન, પૃ. ૩૩૭
૨૧. એજન, પૃ. ૩૯૧
૨૨. એજન, પૃ. ૧૮૯
૨૩. એજન, પૃ. ૨૩૬
૨૪. એજન, પૃ. ૪૩૩
૨૫. એજન, પૃ. ૧૭
૨૬. એજન, પૃ. ૭૩
૨૭. એજન, પૃ. ૨૫
૨૮. એજન, પૃ. ૪૪
૨૯. એજન, પૃ. ૨૭૩
૩૦. એજન, પૃ. ૩૫૭
૩૧. એજન, પૃ. ૩૩૫
૩૨. એજન, પૃ. ૩૩૬
૩૩. એજન, પૃ. ૩૯૨
૩૪. એજન, પૃ. ૩૬૭
૩૫. એજન, પૃ. ૩૯૦
૩૬. એજન, પૃ. ૧૦૧
૩૭. એજન, પૃ. ૧૮૨
૩૮. એજન, પૃ. ૬૭

૩૯. એજન, પૃ. ૬૭
૪૦. એજન, પૃ. ૨૩૫
૪૧. એજન, પૃ. ૭૨
૪૨. એજન, પૃ. ૦૨
૪૩. એજન, પૃ. ૦૩
૪૪. એજન, પૃ. ૦૯
૪૫. એજન, પૃ. ૧૪
૪૬. એજન, પૃ. ૧૯
૪૭. એજન, પૃ. ૨૩
૪૮. એજન, પૃ. ૨૪
૪૯. એજન, પૃ. ૪૬
૫૦. એજન, પૃ. ૫૦
૫૧. એજન, પૃ. ૫૦
૫૨. એજન, પૃ. ૧૪૧
૫૩. એજન, પૃ. ૧૮૪
૫૪. એજન, પૃ. ૧૯૭
૫૫. એજન, પૃ. ૨૭
૫૬. એજન, પૃ. ૧૧
૫૭. એજન, પૃ. ૪૯
૫૮. એજન, પૃ. ૫૪
૫૯. એજન, પૃ. ૬૨
૬૦. એજન, પૃ. ૭૭
૬૧. એજન, પૃ. ૧૩૭
૬૨. એજન, પૃ. ૪૦૩
૬૩. એજન, પૃ. ૮૪
૬૪. એજન, પૃ. ૨૬૩
૬૫. એજન, પૃ. ૩૨૫